પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક


કુમાર

જૂન ૨૦૦૪
અંક ક્રમાંક ૬

વર્ષ ૭૭મું
સળંગ અંક ૯૧૮

સં : ર.મ.રા.

તંત્રી
ધીરુ પરીખ



તસવીર] હિમાલય : બિસ્કેરી [ફાલ્ગુની પરીખ



ચિત્રકાર] ન્યૂ યૉર્ક [હેડા સ્ટર્ન

વિશ્વના એક વિરાટનગરનું આધુનિક શૈલીમાં તૈયાર કરેલું આ ચિત્ર કલાકારે ન્યૂ યૉર્ક નગરની જે ચૈતસિક આકૃતિ અનુભવી છે તેનો જાણે પ્રભાવવાદી શૈલીએ કરેલો આલેખ છે. આડા-ઊભા લીટાની જાળ પાછળ દેખાતા ચોરસ-લંબચોરસ આકારો એ વિરાટનગરની સંકુલતાને નિર્દેશે છે. ઇ.બી. વ્હાઇટ કહે છે તે પ્રમાણે ન્યૂ યૉર્ક કંઇ પૅરિસ જેવું નથી, એ લંડન જેવું પણ નથી સ્પૉકેન (Spokane)થી તે સાઠગણું નથી કે ડેટ્રોઇટથી ચારગણું પણ નથી. એ બધી જ વિષમતાઓ સમેત જગતનું વિરાટતમ આધુનિક નગર છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૭મું — અંક ૬

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ટ્રસ્ટીઓ
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ
ધીરુ પરીખ

સૂચના

- કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

જૂન ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૬

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૧૮

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

'કુમાર'માં પ્રકટ થતાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપિરાઈટથી સુરક્ષિત છે.

એપ્રિલ ૨૦૦૪નું 'કુમાર' મળી ગયું. રોજના વ્યસનની જેમ કવિતાના પાન ઉપર જોયું અને નીચે ઝીણા અક્ષરે આપે જે કાવ્યનોંધ આપી તે વાંચ્યા પછી કાવ્યને પામવાનો જે આનંદ આવ્યો તે પીરસનાર આપને હું મારા સાદર પ્રણામ પાઠવું છું. ત્રણ-ચાર હજાર જેટલી ગ્રાહકસંખ્યામાં મારા જેવા એક ગ્રાહકની વિનંતી આવી રીતે ફળશે તે કલ્પના ન હતી. ફરીથી આપની આ કૃપા બદલ વંદના.

હજી તો કાવ્યપૃષ્ઠે જ ઊભો છું. પણ 'કુમાર'ને મળતાં એક પોતાપણાનો ભાવ ઊભો થાય છે. ૮૨મું ચાલે છે. આંખોનું તેજ રહે ત્યાં સુધી આ સંબંધ ચાલુ રહે, ચાલુ રાખી શકું એ પ્રભુ પ્રાર્થના. - દિનુભાઈ શુક્લ *(વિવેકાનંદ હાઈ સ્કૂલ, ધોળકા - ૩૮૯૮૧૦)*

*

માર્ચ ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં 'અવલોકન' વિભાગને જે રીતે સજાવટ સાથે પ્રસ્તુત કરવામાં આવ્યો તે વાંચી-માણી આનંદ થયો. સચિત્ર પુસ્તક અવલોકન આ રીતે પ્રત્યેક અંકમાં નિયમિત પ્રકટ કરવા નમ્ર સૂચના. આથી પુસ્તકાલયમાં-ઘરમાં વસાવવાંયોગ્ય પુસ્તકો વિશે રુચિર માહિતી પ્રાપ્ત થાય છે. આજના ડિજિટલ યુગમાં ટી.વી. જેવાં માધ્યમોને કારણે વાંચનશોખને ઝાંખપ લાગી છે ત્યારે 'અવલોકન' જેવા પ્રેરક વિભાગો આપણી પુરાણી વાંચનપરંપરાને જાળવવા તથા વાંચનશોખને પ્રદીપ્ત કરવામાં પ્રેરક પાથેય સંપડાવશે.

કરણી અને કથની વચ્ચે અંતરને સાદૃશ્યતાપૂર્વક રજૂ કરતી વહેમ જેવા મુદ્દાને આકર્ષક પરિસ્થિતિ સાથે વાણીબળ બહેલાવીને લખાયેલી 'અપશુકન' મર્માળી-ચોટદાર લઘુકથા માટે કલ્પના જિતેન્દ્રને ધન્યવાદ. 'કુમાર' એટલે કુમાર જેનો કોઈ જોટો નથી. બાબુલાલ ગોર *(૯૫, ભાનુશાલી નગર, કર્મભૂમિ અપાર્ટમેન્ટની સામે, ભુજ (કચ્છ - ૩૭૦ ૦૦૧)*

*

'કુમાર'ની પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. આજના જમાનામાં આવું ઉચ્ચ કક્ષાનું વાચન પૂરું પાડીને આપ સમાજની સેવા કરો છો.

'કુમાર' ૯૧૬ એપ્રિલ ૨૦૦૪નું મુખપૃષ્ઠ Latin name: Sterculia Foetida એટલે કે જંગલી બદામ જે ગુજરાતમાં ક્યાંક ક્યાંક છત્રીને નામે ઓળખાય છે. તસવીર છે તે ડાળીની છે.



તસવીરની ડાબી બાજુ નીચેની બાજુએ હોવી જોઈએ અને ઉપરની બાજુ ડાબી બાજુએ હોવી જોઈએ. • ટાઈટલ 'જંગલમાં લાગી આગ ફાલ્યો કેસૂડો' એ આ ઝાડને લગતું ટાઈટલ નથી.

(માહિતી માટે આભાર. સરતચૂક બદલ દિલગીર છીએ- તંત્રી)

- રસિકા ગડા *(એ-૧૦૨, રાહુલ અપાર્ટમેન્ટ્સ, ૫૧, એસ. વી. રોડ, અંધેરી(વે), મુંબઈ - ૪૦૦ ૦૫૮)*

*

'કુમાર' માર્ચ ૨૦૦૪ અંકમાં ભાઈ અરવિંદ ગજ્જરનો 'બુદ્ધિ' લેખ નવો પ્રકાશ પાડે છે. જૂના ખયાલોને સ્થાને નવા ખયાલ રજૂ કરે છે. આજ સુધીના બુદ્ધિ-વિષયક વિવિધ ભ્રમોનું નિરસન કરે છે. 'બુદ્ધિ'નું શોધન કરે છે એટલે કે બુદ્ધિ વિશે નવેસરથી શોધી લાવે છે અને આજસુધી શોધાયેલું છે તેને શુદ્ધ કરે છે. અશુદ્ધિ અને ગલત ધારણાઓ દૂર કરે છે.

પ્રાચીન-અર્વાચીન, દેશ-વિદેશના કેળવણીકારો, શિક્ષણશાસ્ત્રીઓ, ચિત્તના ગુણધર્મો અને મગજમાંનાં કેન્દ્રો વિષયના ચિંતકો, મનોવિજ્ઞાનીઓ, શરીરશાસ્ત્રીઓ વગેરેએ બુદ્ધિ વિષે અને બુદ્ધિની કેળવણી અર્થે ઘણું ઘણું વિચારેલું મળી આવે તેમ છે. આ વિષય એટલો જટિલ અને અટપટો છે કે જેટલું ઊંડું ઉતરાય તેટલું વધુ વિસ્તૃત પણે વિચારી શકાય.

આપણા કિશોરલાલ મશરૂવાળાના ગ્રંથ 'કેળવણીના પાયા', 'જીવનશોધન' આદિમાંથી આ વિષયના પાયાની વાત મળી આવે તેમ છે. વારસો અને વાતાવરણ વચ્ચે આકર્ષણનો, રસનો, પ્રેમનો, સાક્ષાત્કારનો સેતુ રચાવો જોઈએ. અનુકરણ-પ્રેરિત મહાવરો-પ્રયાસો અને સાધના ઉપયોગી હશે પણ પ્રકૃતિદત્ત, જન્મજાત, વારસાગત પ્રેરણાથી થતી સાધના વધુ ઉપકારક નીવડે. અવલોકનને પ્રતાપે આત્મવિશ્વાસ જાગે એમાં વાતાવરણની હૂંફ ઉમેરાય તો વિકાસમાં વેગ આવે, સંગીનતા આવે.

કુદરતે માનવદેહને વિવિધ અવયવો આપેલા છે તેમજ માનવચિત્તને જિજ્ઞાસા, કુતૂહલ, અવલોકન, સક્રિયતા, ઊર્મિ, વિચારણા, આકર્ષણ, રસજ્ઞતા, બુદ્ધિ, સ્મૃતિ, પ્રયોગપરાયણતા આદિ ગુણોની બક્ષિસ આપેલી જ છે. તેને કેમ જાળવવી, સુષુપ્તાવસ્થામાંથી જાગ્રત કરી બહાર આણવી એ જ ખરી વાત છે.

સ્વશક્તિનો આમ, પરિચય-પ્રતીતિ પમાય છે તો આગળ વધી શકાય છે. સ્વશક્તિનો પરિચય થવો એટલે સ્વસાક્ષાત્કાર થવો. એ સાક્ષાત્કાર અને

અનુરૂપ-અનુકૂળ વાતાવરણના પ્રભાવે કરીને સિદ્ધિપ્રાપ્તિ માટે સાધના થઈ શકે. વર્તમાન માનવભવના સાંસ્કૃતિક જીવન-કલ્યાણની, જીવનવિકાસની અને તે દ્વારા સમાજ ઉત્થાનની, સમાજ-ઉત્કર્ષની આ બાબત છે. પુરુષાર્થથી આ પ્રાપ્ત થઈ શકે છે. - લલિત શાહ *(જલબિંદુ, ૫૪, સર્વોદય સોસાયટી, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧)*

*

'કુમાર'ના માર્ચ ૨૦૦૪ના અંકમાં પૃષ્ઠ ૨૦૩ પર વિધાન છે : 'દારૂગોળાની શોધ ઈ.પૂ. ૮૦૦૦માં સૌપ્રથમ ભારતમાં થઈ હતી.' વિધાનમાં મુદ્રણદોષ છે અને આ હકીકત-દોષ છે.

ક્યા સંદર્ભને આધારે પ્રસ્તુત વિધાન કરવામાં આવેલ છે ? શિકારી માનવ (જેવો કે મધ્યપ્રદેશમાં ભોપાલ નજીક ભીમબેટકા ગુફાઓનો શિકારી માનવ વર્તમાનથી દસેક હજાર વર્ષો પૂર્વેનો આદિમાનવ) કાળક્રમે ખેતી કરતો થયો, પશુપાલન કરતો થયો, કાચાં ઘર, વાંસ-ઝાડપાન, માટી, માટી-ઈંટ, ઈંટનાં ઘર બાંધતો થયો, કુટુંબકબીલામાં સ્થાયી થયો, દેહાતી વસાહતોમાં વસતો થયો, વેપાર કરતો થયો, પૈસા કમાતો થયો, નિકાસ-આયાત કરતો થયો.

૧૯૭૪માં ફ્રેન્ચ પુરાતત્ત્વવિદોએ બલુચિસ્તાનમાં સ્વાત ખીણમાં મેહરઘર-મેહરગઢમાં ઉત્ખનન કરતાં દેશની સંસ્કૃતિના અવશેષો સાંપડ્યા. પ્રસ્તુત દેહાતી સંસ્કૃતિ વર્તમાનથી નવ હજાર વર્ષો (ઈ.સ. પૂર્વે ૭૦૦૦) પ્રાચીન છે. તેનાથી અધિકતર પ્રાચીન સંસ્કૃતિના અવશેષો હજુ સુધી સાંપડ્યા નથી. ભારતમાં ઈ.સ. પૂર્વે ૮૦૦૦ વર્ષો પ્રાચીન (વર્તમાનથી દસ હજાર વર્ષો પૂર્વે) દેહાતી સંસ્કૃતિના અવશેષો સાંપડ્યા નથી. ભીમબેટકાનો આદિ-માનવ શિકારી હતો. તેને દારૂગોળો એટલે શું તેનું જ્ઞાન પણ નહોતું.

આથી દારૂગોળાની શોધ ઈ.સ. પૂર્વે ૮૦૦૦માં સૌપ્રથમ ભારતમાં થયેલ નથી, અસંભવ છે. મેહરગઢને લગભગ સમાંતર (૭૦૦૦-૬૦૦૦ ઈ.સ.પૂ.) સંસ્કૃતિનાં અવશેષો શેરિખાન તારાકૈ, રેહમાન ઢેરી, ગુમલા, કિલે ગુલ-મહમદ, કોરદાજી, કાલિબગન ઈત્યાદિ સ્થળોએ સાંપડેલ છે. પ્રસ્તુત સંસ્કૃતિ ભારતમાં પ્રાચીનતમ છે. પ્રસ્તુત સંસ્કૃતિમાં દારૂગોળાની હસ્તી હતી જ નહિ.

૧. (અર્લી ઈન્ડિયા ફ્રોમ ધી ઓરિજીન્સ ટુ ઈ. ૧૩૦૦ રોમિલા થાપર; ૨૦૦૨, નકશો નં. ૨ પૅંગ્વિ.)

૨. અ હિસ્ટરી ઑફ ઈન્ડિયા : જર્મન લેખકો : HERMANN KULKE. DIETMAR ROTHRMUND ૨૦૦૨.

૩. ઈન સર્ચ ઑફ ધ ક્રેડલ ઑફ સિવિલિઝેશન : ન્યૂ લાઈટ ઑન એન્શન્ટ ઈન્ડિયા - જ્યૉર્જ ફિવરસ્ટિન, સુભાષ કાક, ડૅવિડ ફ્રેનલી, ૨૦૦૧)

આ સંદર્ભ અનુસાર સંસ્કૃતિનાં પારણાં સૌપ્રથમ ભારતમાં બંધાયાં. મેહરગઢની દેહાતી સંસ્કૃતિથી; મેસોપોટેમિયા, સુમેર, ચીન, ઈજિપ્તથી. ઉપરોક્ત નવ-આઠ હજાર વર્ષો પૂર્વેની પ્રાચીન દેહાતી વસાહતોમાં ઘઉં-જવની ખેતી, માટી, ઈંટનાં ઘરો, અનાજઘર યા કોઠાર (?) ખાડાઓમાં દફન (ત્યારે કદાચ અગ્નિદાહ પ્રચલિત નહિ હોય યા ઉત્ખનનમાં અવશેષો સાંપડ્યા નહિ હોય), માટીની પૂતળીઓ, ટેરાકોટા પૂતળીઓ - ટેરાકોટા પૂતળીઓ, સુશોભન હારો-માળાઓ, કુંભારનાં ઘરવખરીનાં માટી-વાસણો સાંપડેલ છે; પરંતુ દારૂગોળાનું નામનિશાન સાંપડેલ નથી !

વર્તમાનમાં કચ્છમાં કાળાડુંગરના વિસ્તારમાં કુરન અને આજુબાજુના વિસ્તારમાં પુરાતત્ત્વીય અવશેષો સાંપડેલ છે, જે ધોળાવીરાની સંસ્કૃતિને સમાંતર કહેવાયા છે. (કચ્છ-ભૂજથી પ્રકાશિત દૈનિક ૧૩-૨-૨૦૦૪ના અંકમાં વિસ્તૃત વૃત્તાંત અને તંત્રીલેખ) પરંતુ ધોળાવીરાથી પર પ્રાચીનતર હોવા સંભવિત છે, મેહરગઢને સમાંતર હોવા સંભવિત છે.

પુરાતત્ત્વીય પુરાવાના આધારે અને અદ્યતનમાં અદ્યતન સાહિત્યના આધારે (ઈ.સ. ૧૯૯૫-૨૦૦૩; ૧૯૮૫ પૂર્વેના ભારતીય ઈતિહાસનાં ગ્રંથોમાં મેહરગઢનો નિર્દેશ સાંપડશે નહિ) સંસ્કૃતિનો ક્રમ આ પ્રમાણે છે :

નવ હજાર વર્ષો પ્રાચીન : મેહરગઢ અને ઉપરોક્ત સમાંતર વસાહતો - દેહાતી સંસ્કૃતિ, વિશ્વમાં અધિકતમ પ્રાચીન.

પ્રસ્તુત સંસ્કૃતિના વિલય પશ્ચાત્ વર્તમાનથી પાંચેક હજાર વર્ષો પ્રાચીન મોંહે-જો-દડો, હડપ્પા, ધોળાવીરા, સરસ્વતી, સપ્તસિંધુ સંસ્કૃતિ નગરસંસ્કૃતિ.

પ્રસ્તુત સંસ્કૃતિના વિલય પશ્ચાત્ કથિત આર્ય સંસ્કૃતિનો ઉદ્‌ગમ ૧૭૦૦ બીસી - વર્તમાનથી ૩૭૦૦ વર્ષો પૂર્વે (પુરાણો ભલે યુગોના યુગોની વાતો કરે, પુરાતત્ત્વીય સમર્થન સાંપડેલ નથી.)

ઉપરોક્ત તૃતીય સંદર્ભ અનુસાર સપ્તસિંધુ સંસ્કૃતિ એ જ આર્યસંસ્કૃતિ છે. પરંતુ પ્રસ્તુત મંતવ્ય અન્યત્ર સ્વીકારવામાં આવેલું નથી.

ખંભાતના અખાતમાં તળમાં વર્તમાનથી નવેક-હજાર વર્ષો પૂર્વેના પ્રાચીન સંસ્કૃતિના અવશેષો સાંપડ્યા હોવાનો દાવો કરવામાં આવેલો પરંતુ તેનો ધબડકો થયેલ છે. (ઈન્ડિયન એક્સપ્રેસ, રવિવાર, ૨૨-૨-૨૦૦૪) - *વી.બી.ગણાત્રા (૧૪૮, વસંત, માર્ગ નં. ૯, વડાલા, મુંબઈ-૪૦૦ ૦૩૧)*

ચિંતન

અહંકારનો અજગર અસ્તિત્વને ગળી જાય ત્યારે...

રાધેશ્યામ શર્મા

એન. બી .ટાર્કિંગટન નામનો તત્ત્વદ્રષ્ટા એક એવી વ્યક્તિની વાત કરે છે જે કર્તાપણાના અહંકારથી અનેક જોજન દૂર હોય ! વાંચો :

તે ખરેખર
કશું જ
કરતો નહોતો
હતી માત્ર
હોવાની
એક
અવસ્થા !

હવે હાથપગહૈયાવાળો, જીવતોજાગતો માણસ હોય અને જે કાંઈ કહેતાં કાંઈ ના કરતો જોવા મળે એ કૌતુક કેવું ?

આજના જગતમાં સવારથી ઊઠ્યા તે રાત સુધી, અરે, મધરાત લગી મનુષ્યોને મારંમાર દોડતાં ભાગતાં જ સતત ભાળીએ છીએ. માણસ જાણે હરણાં ! ભયથી ભાગતાં સસલાં ! કર્યા વગર કશું જ મળે નહિ-ની શીખ જનમનાળ તૂટ્યા પછી ગળથૂથીમાંથી જ મળી છે. કરો અને પામો. કર્મ કર્યા વિના ફળ ના મળે. કમાયા વગર ધન ના મળે, ધન વગર અન્ન ના મળે, અન્ન ના મળે તો મરણ મળે ! આ જડબેસલાક સિદ્ધાંત અને દૃષ્ટાન્ત સૌના અનુભવનો વિષય છે.

પણ જ્ઞાનની ચરમ અવસ્થાએ પહોંચેલા માને છે કે તમે કશુંક કરશો ને પામશો કે તરત જ 'હું કરું છું ત્યારે' એવો અહંકાર-અજગર તમારા સમગ્ર અસ્તિત્વને ગળી જાય છે. શુદ્ધ જ્ઞાન ગળી જાય છે ને બચે છે અહંકારભર્યું કર્તાપદ. કર્તાપણાના ભાવની રેખા અંડોળી શુદ્ધ અસ્તિત્વમાં શ્વાસ લેનારા વિરલા પણ હોય છે, જેમ કે -

બેત્રણ મિત્રો તળેટીમાં ફરવા ગયેલા. તમામની દૃષ્ટિ ટેકરીટોચે ઊભેલા એક શાન્ત જણ પર પડી. થયું કે આવો આ અહીં એકલો શું કરતો હશે ? કશું જ કર્યા વગર ઝાડની જેમ કેમ ખડો રહ્યો છે !

મિત્રોને ધારણા બાંધવાની મજા પડી. એક કહે, કદાચ એ બિચારાની ગાયબાય ખોવાઈ હશે! બીજો કહે, એની પ્રિયતમાની રાહ જોતો હશે ! ત્રીજો કહે, પરમાત્માનું ધ્યાન કરતો હશે ! મિત્રોને પોતાના જવાબોથી જ અસંતોષ વધ્યો એટલે ગયા ટેકરીની ટોચે ને પૂછવા માંડ્યા :

ગાય ખોવાઈ છે ? જવાબ : 'ના'

પ્રતીક્ષા કરો છો ? જવાબ : 'ના'

ધ્યાન ધરો છો ? જવાબ : 'ના'

'તો આ ગિરિશિખર પર શું કરવા ઊભા છો ?'

ઉત્તર : 'હું કશું કરવા માટે ઊભો નથી. માત્ર ઊભો જ છું !!'

હા-જી-હા કરનારાઓ માટે એવી કેટલીક સમસ્યાઓ હોય છે. જેમાં હા-ભૈ-હા કે હા...એ...હાનો વ્યવહાર ચાલતો નથી.

જગતમાં બે જાતનાં લોક પ્રચલિત છે : એક તદ્દન મગજમાં વાગે એવી 'ના' પાડનારો વર્ગ. બીજો ઘડીની રાહ જોયા વગર 'હા' ભણનારો વર્ગ. આમાં, 'ના' પાડનારો નાલાયક નથી. 'હા' ભણનારો સુપાત્ર નથી. ઉપરાંત, આ તો સાચું જ કે 'હા' ભણનારો દંભી અપાત્ર હોઈ શકે. 'ના' પાડનારો નાસ્તિક નિષ્ઠાવાન હોઈ શકે. એક બીજી બાબત. 'ના' પાડનારે હા ભણવી જોઈતી હતી પણ તે 'ના' જ માના સ્તનને બાઝેલા બાળકની પેઠે વળગી રહે છે.

હા-જી-હા કહેનારે 'ના' પાડી દેવી જરૂરી હતી. પણ હા-હા કરવાની આદતને બાપની આંગળી સજ્જડ પકડી ચાલતા છોકરા જેટલો જડ બની ઝાલી રહ્યો છે ! ત્યારે ઉસ્તાદો પેલાને એના જીહજૂરપણામાંથી મુક્તિ અપાવવા કેવાં કારસ્તાન કરે એ નીચેનો સંવાદ સમજાવશે.

ઉસ્તાદ કોકુશી પોતાના અંતેવાસી પરિચારકને સંબોધી બોલ્યા : 'ઓશીન' ઓશીન : 'હા'

કોકુશી : 'ઓશીન' ઓશીન : 'હા'

પુનઃ કોકુશી : 'ઓશીન' પુનશ્ચ ઓશીન : 'હા'

તર્યે કોકુશી બોલિયા : 'તારું નામ લઈ આમ વારંવાર બોલાવવા બદલ તારી માફી માગું છું. પરંતુ સત્યની ખાતર તારે મારી માફી માગવી ઘટે છે !!'

ઉસ્તાદ અને શાગિર્દ વચ્ચેના સંવાદના અંતે ઉસ્તાદનું કથન મર્માંકિત છે. શાગિર્દને તે કહે છે : 'તારું નામ લઈ તને વારંવાર બોલાવવા બદલ તારી માફી માગું છું.'

ક્યાંયે એવું જાણ્યું કે સાંભળ્યું જ્યાં ગુરુ ઊઠીને શિષ્યની ક્ષમા માગે ? પણ ગુરુનો પરમ વિનયનો પડછાયો શિષ્ય પર ગહન પ્રભાવ પાડ્યા વગર છોડે નહિ. વારંવાર નામથી સંબોધન કરી કરી બોલાવવામાં કિંચિત્માત્ર પણ અવિવેક આચરાતો હોય તો, અથવા આચરાયો હોય તો ઉસ્તાદ શાગિર્દની માફી માગવામાં વિલંબ નથી કરતો.

પણ વાત આથી ઊંડી છે. પરમ વિનયની સાથે અડીને જ ગુરુની દૃઢતા પણ પાકી છે કે શિષ્યને જો આત્મનિરીક્ષણથી સૂઝ પડી હોય તો ખરેખર હા-હા કરવાને બદલે ગુરુની માફી શિષ્યે જ માગવાની છે. અને માફી કેવી રીતે મંગાય એ તો ગુરુએ જ માફી માગીને બતાવી આપ્યું !!

વદે એક બાલા/*રાજેન્દ્ર શાહ*

(ભુજઙ્ગપ્રયાત•સૉનેટ)

ટકોરા ગણું કેટલા ? બાર વાગ્યા;
હતો કૉલ દીધો, છતાંયે ન આવ્યા.
પ્રતીક્ષા તણી કારમી શી કસોટી !
દગે ઊતરી આ રહી સાન્ધ્યછાયા.

હતાં આપણે લીન જ્યારે સમીપે,
ન જાણ્યું ગઈ વેળ ક્યારે વહી તે.
હવે કલ્પ જેવી જણાતી ક્ષણાર્ધ,
કહો, જિન્દગી શૂન્ય શી કેમ વીતે ?

ન તન્દ્રા, ન નિદ્રા, ન છે દ્વાર બન્ધ,
વસે કણ્ઠમાં ચક્રવાકી વિહઙ્ગ.
વહે બોલ એનો દિશા સર્વ વીંધી.
ચહે સૂર્ય-રશ્મિ, અને પદ્મ-ગન્ધ.

હવે કાય ઢીલી ઢળે આંખ મીંચી,
ઉઘાડો, ઉઠાડો સુધા-સ્નેહ સીંચી.

આદમી/*આશિત હૈદરાબાદી*

(ગઝલ)

જીવી રહ્યો છે આજ આ સપનામાં આદમી,
દેખાવથી જુદો જ છે, પડદામાં આદમી !

સાંધી શકાય કોઈ દિ' સંભવ નથી હવે,
કેવો વિભક્ત થઈ ગયો ટુકડામાં આદમી !

માણસનો અર્થ શોધવો મુશ્કેલ થઈ ગયો,
વરવો હવે છપાય છે છાપામાં આદમી !

કેવા વળાંક જિંદગી લેશે ખબર નથી,
સૂવે છે લઈ અજંપને પડખામાં આદમી !

જાગી જવાય ઊંઘથી તો રાતભર પછી,
વાતો કરે છે ભીંતથી કમરામાં આદમી !

આવે કશું ન હાથ ફક્ત ઝાંઝવા વિના,
શેની કરે તલાશ આ છાયામાં આદમી ?

શોધે છતાં કશોય કદી માર્ગ ના મળે,
'આશિત' મૂંઝાય 'આ' અને 'અથવા'માં આદમી !

...સાક્ષીભાવ.../*હરેશ 'તથાગત'*

(ગઝલ)

આગલું ને પાછલું લાગટ મરે,
માત્ર સાક્ષીભાવ ભીતર વિસ્તરે !

હર પળે ઘેરી ખડી એવી દ્વિધાઃ
ઉત્સવે આવ્યો હઈશ કે ખરખરે ?

'રામ' લખતાવેંત ડૂબી જાય છે.
ને લખું 'લંકેશ' તો પથ્થર તરે !

ભૂતિયાં છે કાળનાં ખંડેર સૌ,
કોણ આવી સ્વપ્નનો દીવો કરે ?

સાંજ એની ખૂબ ભારે હોય છે,
વાટ જેની કોઈ ના જુએ ઘરે !

એકસરખી બેયની હાલત હવે -
કોણ કોની પાસ જઈને કરગરે ?

મૃત્યુ બાબત આટલી અમને ખબર
કામ સોયનું તો કર્યું છે કાતરે !

સળગે છે વૈશાખ/*લાલજી કાનપરિયા*

(ગાન)

સળગે છે વૈશાખ સખીરી ! સળગે છે વૈશાખ;
નીતરે છે આ આંખ સખીરી ! નીતરે છે આ આંખ.
તડકા જેવું જીવતર લઈને
કિયા તે ઠામે ઠરવું ?
ધગધગતા સૂરજને લઈને
રાન-વેરાને ફરવું.
વળગણ વળગ્યાં લાખ સખીરી ! વળગણ વળગ્યાં લાખ;
સળગે છે વૈશાખ સખીરી ! સળગે છે વૈશાખ.
બાળકુંવારી લાગણીઓને
કિયા પટારે મૂકવી ?
અટકળની ધૂણીને આખર
ક્યાં લગી રે ફૂંકવી ?
ઊડે ઇચ્છાથી રાખ સખીરી ! ઊડે ઇચ્છાની રાખ !
નીતરે છે આ આંખ સખીરી ! નીતરે છે આ આંખ.

ફાંફાં મારે કવિ/*ધીરુ પરીખ*

માછીમાર જેમ મત્સ્ય પકડતો
જાળ ફેંકી સાગરમાં,
એમ કવિવર પકડે હરિવર
શબ્દઘડી ગાગરમાં.

'હરિવર લેવા ?' એમ બોલતી
લેખણ ચાલી વાટે,
વાણીનું એ બજાર વીંધતી
ફરતી હાટે હાટે;
કશું ન એની સમજ આવતું
ચિત્ત ન નટવર નાગરમાં.

થયું કવિને, 'ભૂલો પડ્યો શું
નહીં જવાના રસ્તે ?'
ફાંફાં મારે કવનગલીમાં :
'હરિ ઊંચક્યા છે હસ્તે ?'
નહિ કંઈ સાદી પદાવલીમાં
હરિ વસે શબ્દ-ઉજાગરમાં.

વદે એક બાલા : વિરહિણી કાવ્યનાયિકા પ્રિયતમની ચિરપ્રતીક્ષામાં કાળનિર્ગમન કરી રહી છે ત્યારે તેને એક એક ક્ષણ કલ્પ જેવડી લાગે છે. તેના કંઠમાં ચકવાકી છે તે અભિવ્યક્તિમાં વિરહવેદનાની તીવ્રતા છે. રાહ જોવામાં કાવ્યનાયિકા ઢીલી પડી ગઈ છે તેને સ્નેહસુધા સીંચી પુનઃ શક્તિમંત અને જાગ્રત કરવાની વિનવણી છે. સાક્ષીભાવ : કાવ્યનાયક આ જગત અને જીવનમાં જે સમ અને વિષમ બની રહ્યું છે તેને કેવળ સાક્ષીભાવથી અનુભવે છે તેની તાત્ત્વિક વાત આ ગઝલમાં કરી છે. આદમી : આજના સંકુલ વિશ્વમાં મનુષ્ય કેવી રીતે મુશ્કેલીઓ વચ્ચે જીવી રહ્યો છે તેનું પ્રત્યેક શેરે વેધક નિરૂપણ કરતી ગઝલના મક્તામાં 'આ' અને 'અથવા'ની દ્વિધાવૃત્તિમાં અટવાતા આજના માનવની ચિત્તાવસ્થાની ધાર નીકળે છે. સળગે છે વૈશાખ : વૈશાખના ધોમ ધખતા વાતાવરણને વિરહિણીની આંતરવેદનાના ઉદ્દીપક વિભાવ તરીકે ચીતરીને કાવ્ય-નાયિકાની મનઃસ્થિતિને ગીતને અનુરૂપ નજાકતથી નિરૂપાઈ છે. - ધી. પ.



માણેકશા બુહારીવાલા

-કાન્તિલાલ વ. રામી-

'કસવાવ ગામમાં નજીકની ઝાડીમાં એક મોટો ચિત્તો આવ્યો છે એ જાણતાં મેં મારી બંદૂક લીધી. છંછેડાયેલા ચિત્તાએ ઊભા થઈ ઝડપથી મારી તરફ દોટ મૂકી મારા ઉપર કૂદ્યો. એ હુમલો કરે તે અગાઉ મેં એને ગળાથી પકડ્યો ને મારો ડાબો હાથ એના મોંમાં ઘાલી દીધો. એને ગૂંગળામણ થતાં થોડોક છૂટો પડ્યો. ત્યાં ઊભેલા ટોળામાં એક ભાઈ પાસે તાજી ઘડાવેલી કુહાડી મેં જોઈ, તે ઊંચકીને ચિત્તાની આંખોની વચ્ચે માથા પર કારમો ઘા કર્યો. ચિત્તો નીચે પડ્યો. તેણે મને સખત રીતે જખમી તો કર્યો હતો, તેમ છતાં મારા ઘોડા પર બેસી મારે ઘેર આવ્યો.' આવું સાહસ કરનાર શ્રી માણેકશા આદરજી રુસ્તમજી બુહારીવાલાનો જન્મ ૨૦મી માર્ચ ૧૯૧૩ના રોજ નવસારીમાં (યઝદે ઝરદી ૧૨૮૨માં) થયો હતો. જન્મ-સમયે કુટુંબ નવસારીમાં, વાચ્છા મહોલ્લામાં, મલેસરમાં રહેતું હતું. તેઓ ત્રણ વર્ષના થયા ત્યારે તેમનાં માતુશ્રી ભીખાઈજી આદરજીનું પ્રસૂતિ-સમયે અકાળ અવસાન થયું, તેથી તેમના પિતાજી આદરજી રુસ્તમજીએ બીજી વાર લગ્ન કરેલાં. માણેકશાને બે મોટાં બહેનો અને એક મોટાભાઈ પિરોજશા હતાં. માણેકશા પાંચ વર્ષના થયા ત્યાં સુધી તેમની બહેનોએ તેમ જ ફોઈએ જે પ્રેમ અને મમતા તેમના પ્રત્યે દાખવ્યાં તેનો જોટો જડવો મુશ્કેલ છે. તેમનાં માસી સુતાબાઈને પૂનામાં દોરાબજી સાથે પરણાવી હતી, તેઓ માણેકશા અને પિરોજશા બંને ભાઈઓને પૂના પોતાની પાસે રહેવા લઈ ગયાં.

માણેકશાનાં માસી સ્વભાવે બહુ ગરમ મિજાજનાં હતાં. દોરાબજી સામાન્ય ધંધો કરી ઘર-નિર્વાહ ચલાવતા હતા. તેમને દસ સંતાનો હતાં તેમાં માણેકશા અને પિરોજશાનાં બંને બાળકો ઉમેરાતાં માસી પર ઘરકામનો બોજો ઘણો વધી ગયો. ઉપરાંત દોરાબજી માસાના ભાઈનાં પત્ની ગુજરી જવાથી તેમનાં ત્રણ સંતાનો પોતાને ત્યાં પૂના લાવીને રાખ્યાં એટલે કુટુંબ ઘણું મોટું થઈ ગયું. આટલા મોટા પરિવારને પાળવો-પોષવો તેની કલ્પના કરવી આજે બહુ મુશ્કેલ છે, અને તેથી તેમનાં ગરમ સ્વભાવનાં માસી વધુ ગરમ રહેતાં હતાં.

એક દિવસ સ્કૂલેથી માણેકશા ઘેર આવ્યા. એમનાં માસી-મા ઘરકામથી ઘણાં કંટાળેલાં હશે, એકાએક એમને વગરવાંકે ઠપકાર્યા. યુવાન-ઉંમરમાં કંઈ પણ ખોટું સહન કરવું મુશ્કેલ થઈ પડે છે. માણેકશાનો ગુસ્સો કાબૂ બહાર ગયો અને તેઓ માસી-માને અજુગતું બોલી ઊઠ્યા અને ઘણો મોટો ઝઘડો થઈ ગયો. માણેકશાને તેમનો બિસ્તરો-પેટી લઈને ઘરની બહાર ચાલ્યા જવાનો હુકમ થયો, એટલે તેઓ પહેરેલ કપડે ઘર બહાર નીકળી ગયા. ખિસ્સામાં ચાર ફદિયાં પણ ન હતાં. ક્યાં રાતવાસો કરવો એ હવે એમને યાદ આવ્યું. સદ્દભાગ્યે દસ્તુર મેહેર રોડના નાકા પર સરકારી બગીચો છે. ત્યાં ઘણાં ગરીબ લોકો રાતવાસો કરે છે ત્યાં તેઓ ગયા. એક બાંકડો ખાલી હતો તેના પર પોતાની પેટી મૂકીને તેઓ ખૂબ રડ્યા. રાત જેમતેમ પૂરી કરી. વહેલી સવારે સરસાહેબની અગિયારીના દરવાજે પ્રભુ-બંદગી કરતા ઊભા હતા ત્યાં એકાએક 'માણેક' એવો અવાજ આવ્યો. તેમનો મિત્ર મન્ચી ગોરવાલો ત્યાંથી પોતાની નોકરીએ જવા પસાર થતો હતો. માણેકશાની આવી હાલત જોઈ તેની પૂછપરછ કરી. એમણે બનેલી બધી હકીકત જણાવી. પેલા મિત્રે તેમને ચાર આના આપી નોકરી પરથી છૂટી તેમને એના પોતાના ઘરે લઈ જશે - એમ કહી એ મિત્ર પોતાની નોકરીએ ગયો.

આમ, રહેવાની મુશ્કેલી દૂર થઈ, પણ પૈસા વિના કરવું શું ? ઘણી મુશ્કેલી વેઠી બે ટંક ખાવાનું મેળવ્યું. મુશ્કેલીમાં પણ પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો. એમણે જે વેઠ્યું છે એવી મુશ્કેલીવાળી જિંદગી ભગવાન કોઈને ન આપે! આ મુશ્કેલીભરી જિંદગી વેઠી તેઓ ઈન્સાન બન્યા.

માણેકશા સ્કૂલમાં અભ્યાસમાં બહુ હોશિયાર હતા, એટલે શિક્ષકોના ઘણા માનીતા હતા. તેઓ મોટા થતા રમતગમતોમાં ઘણા નિષ્ણાત બન્યા, અને ઈ. ૧૯૩૦-૩૨ના ગાળા દરમિયાન સ્કૂલમાં 'વ્યાયામ શિક્ષક' તરીકે જોડાઈ ગયા. વખત જતાં માણેકશા અચ્છા ક્રિકેટર, હૉકી-પ્લેયર, ઍથલેટ,

ટેબલટેનિશ ચૅમ્પિયન બન્યા. અચ્છા સ્પૉર્ટ્સમૅન એટલે કૉલેજમાં પ્રોફેસરોનો પ્રેમ બહુ મેળવ્યો હતો, અને રમતગમતના ક્ષેત્રે ઘણી સારી નામના મેળવી લીધી.

માણેકશા કૉલેજમાં ઈન્ટરનો અભ્યાસ કરતા હતા ત્યારે ઈ. ૧૯૩૫માં તેમના પિતાશ્રીનું અવસાન થયું. વળી, પિતાશ્રીને ધંધામાં કુદરતી આપત્તિથી ઘણું વધારે નુકસાન થયું હતું. ઘરબાર અને ૮૦૦૦ વીઘા જમીન શાહુકારોને દેવામાં આપી દેવી પડી. તેઓ બીમાર પડ્યા અને અશક્ત થઈ ગયા. સમય જતાં લકવાની મહાબીમારી થઈ ગઈ. પિતાશ્રીએ ઘણી મિલકત વસાવી હતી. તે સમયે બરોડા સ્ટેટમાં પડતર જમીનોની હરાજી થતી હતી. તેમના પિતાશ્રીએ અને એમના અન્ય મિત્રોએ એક 'પેધોરા કંપની' ઊભી કરી; અને હરાજીમાં જમીનો ખરીદતા ગયા. આમ ઘણી જમીન ખરીદ કરી. વખત જતાં ભાગીદાર-મિત્રો છૂટા થયા અને માણેકશાના પિતાશ્રીને ભાગે ૮૦૦૦ વીઘાં જમીન અને ૧૦૦ ગામ આવ્યાં. માણેકશાના એક મોટાભાઈ કેકી પિતાશ્રીને ભાવે આવેલી જમીનનમાં ખેતી કરવા ઘેરિયાવાવ ગામમાં આવીને રહેવા લાગ્યો. ચાર વરસમાં તો એણે જમીનની રોનક ફેરવી નાખી.

માણેકશા પૂનાની વાડિયા કૉલેજમાં ઈન્ટરમાં અભ્યાસ કરતા હતા ત્યારે માણેકશાને પૂનાની કૉલેજ છોડીને મુંબઈ નોકરી માટે જવું પડ્યું. કૉલેજના પ્રોફેસરોએ એ માટે ઘણો વિરોધ કર્યો પરંતુ માણેકશાએ તેમની પાસે વચન લીધું કે, 'તેમનું નામ કૉલેજના રજિસ્ટરમાં વિદ્યાર્થી તરીકે ચાલુ રાખવામાં આવશે.' અને સામે તેમણે કહ્યું કે, 'ઑલ કૉલેજ ક્રિકેટ ટૂર્નમેન્ટમાં અને 'ડેવિસ કપ' ક્રિકેટમાં તેઓ રમવા જરૂરથી આવશે.' આમ, સમાધાન કરી તેઓ મુંબઈમાં આવ્યા.

હવે તેવામાં માણેકશાના ધર્મિષ્ઠ અને ઈમાનદાર ભાઈ કેકીનું અચાનક કરુણ અવસાન લગભગ ૧૯૪૦માં થયું. દિનબાઈ બચા નામની એક છોકરી સાથે મોટાભાઈ કેકીનાં એક મહિના પહેલાં જ લગ્ન નક્કી થયેલાં. એ અબળાએ પોતાના પ્રેમી કેકીનું મરણ સહન ન થવાથી નવસારીના દૂધિયા તળાવનાં પાણીમાં પોતાનો જીવ ગયો ત્યાં સુધી બેસી રહી, અને એણે પોતાના પ્રાણની આહુતિ આપી દીધી. આમ મોટાભાઈ-ભાભી બંનેનાં અવસાન થતાં કુલ ૩૦૦૦ વીઘાં જમીનના માણેકશા એકલા વારસદાર-ખાતેદાર ઈ. ૧૯૪૦માં હતા. મોટાભાઈના અવસાન સમયે માણેકશા મુંબઈમાં નોકરી કરતા હતા. મુંબઈમાં પણ ક્રિકેટક્ષેત્રે તેમણે ઘણી ઉચ્ચ નામના મેળવી હતી. ક્રિકેટની રમતમાં એમણે શતક નોંધાવ્યો. ત્રણ વરસ સામટા 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના શિલ્ડ જીત્યા. તેવામાં મોટાભાઈ કેકીના અચાનક અવસાનથી માણેકશા ઘેરિયાવાવમાં ખેતી કરવા રહેવા આવ્યા.

ગાયકવાડી હકૂમતમાં વ્યારા તાલુકો જંગલનો વિસ્તાર ગણાતો. ગીચ વનરાજીવાળાં સોનગઢ-વ્યારાનાં આ ગીચ જંગલોમાં શ્રી પ્રતાપસિંહરાવ ગાયકવાડ તેમના સાથીઓ સાથે અવારનવાર શિકાર કરવા આવતા. એમને ખબર પડી કે ક્રિકેટ-નિષ્ણાત માણેકશા મુંબઈથી અહીં રહેવા આવ્યા છે તેથી તેમણે એક ક્રિકેટ ટીમ ઊભી કરી અને માણેકશાને એ ટીમમાં રમવાનું આમંત્રણ આપ્યું. તેઓ વ્યારાની ટીમમાં ઘણી વખત રમ્યા હતા અને ક્રિકેટની રમતમાં માણેકશા પારંગત થયા હતા. માણેકશા નાનપણથી જ કસરત અને રમતગમતના શૉખીન હતા. ઘણા પ્રકારની અંગકસરતો તેઓ શીખ્યા હતા, અને પોતાના શરીરને એક સારા ખેલાડી જેવું બનાવ્યું હતું. તેમણે વિજય મરચન્ટની અને વિનુ માંકડની ક્રિકેટ ટીમોમાં પોતાની નામના મેળવી હતી.

ખેતીકામના માણેકશા બિલકુલ બિનઅનુભવી હતા. તેમની ઘણી જમીન ઝાડી-ઝાંખરાંથી છવાયેલી હતી, અને સાફસૂફી કર્યા વિનાની હતી. જંગલોનો વિસ્તાર, એટલે વાઘ-ચિત્તા પણ ક્યારેક આવી જાય. ક્યારેક પોતાનાં પશુઓને મારીને ઉપાડી જાય. વ્યાયામના શૉખીન અને કૃતનિશ્ચયી માણેકશાને એ કેમ પાલવે? એક વાર વાઘને પકડવાની યોજના કરી. વાઘ ફસાયો પણ એની ત્રાડોથી સાથે આવેલા બીજા માણસો ભય પામી નાસી ગયા. માણેકશાએ બંદૂકમાંથી ગોળી છોડી, પણ નિશાન ખાલી ગયું. વાઘે હુમલો કર્યો અને દૃઢ નિશ્ચય ને તાકાતથી એકલે પંડે સામનો કરી, માણેકશાએ સમયસૂચકતા વાપરી વાઘ પર બીજી ગોળી છોડી તેને ઠાર માર્યો હતો. અલબત્ત, વાઘે પણ માણેકશાને સારી પેઠે જખ્મી કર્યા હતા.

બિનઅનુભવી માણેકશાને ખેતીકામ માણસો પાસે કરાવવું મુશ્કેલ બન્યું. છતાં પણ આદિવાસી ખેડૂતોએ ઘણો સહકાર આપ્યો અને માણેકશા ખેતી કામ ઘણી સફળ રીતે પાર પાડવા માંડ્યા. ઘેરિયાવાવ આવ્યા તે અગાઉના આદિવાસી ખેડૂતો પર લગભગ રૂપિયા ૫૦,૦૦૦ના કરજનો બોજો હતો; એ બધા ખેડૂતોને કરજમુક્ત કરી દીધા અને થોડી થોડી જમીન નજીવી રકમે તેઓને ખેડવા આપી દીધી.

તે સમયે ભૂદાનયજ્ઞના પ્રણેતા શ્રી જયપ્રકાશ નારાયણ અને શ્રી વિનોબા ભાવે ઘેરિયાવાવમાં આવી પહોંચ્યા અને ભૂદાનયજ્ઞમાં માણેકશાએ શ્રી જયપ્રકાશજીને ૨૫૦ વીઘાં જમીન આપી દીધી. ત્યારે 'સિલિંગ એરિઆ'નો સરકારી કાયદો અમલમાં આવેલો એ મુજબ માણેકશાને ફક્ત ૯૦ વીઘાં જમીન આપવાની થતી હતી. પરંતુ નિર્ધન ખેડૂતોને આપવા માટે ૩૫૦ વીઘાંનું આખું જૂનવાણ ગામ એ કાયદાની રૂએ આપી દીધું. કાળા આંબા ગામમાં ૪૦ વીઘાં જમીન માણેકશાની માલિકીની

હતી તે જમીન તે સમયના ટેનન્સી મામલતદાર કે જેઓ માણેકશાને તેમની ભલાઈ માટે અને ચુસ્ત પ્રામાણિક માણસ તરીકે જાણતા હતા તેમના દ્વારા એ જમીન વ્યારાના નિર્ધન ખેડૂતોને માલિકી-હક સાથે લખી આપી. આજે ફક્ત ૧૦૦ વીઘાં જમીન ઘેરિયાવાવ ગામે તેમની માલિકીની છે, અને તે જમીનમાં માણેકશાના બે દીકરા - મોટો દીકરો નેવિલ (જન્મ ઈ.૧૯૪૧) અને નાનો પોરસ બંને સાથે મળી ખેતી કરે છે. મરઘાં-ઉછેર અને ઈંડાં તથા દૂધ વેચી આખા કુટુંબનું તેઓ ગુજરાન ચલાવે છે. પોરસ ઈ.૧૯૬૨માં ઍગ્રિકલ્ચર ગ્રેડ્યુએટ થયેલો છે.

ઘેરિયાવાવમાં માણેકશાએ પોતાનું ઘર બંધાવ્યું છે. તાવ, શરદી, ઉધરસ, ઝાડા-ઊલટી કે ગડગૂમડ જેવા વ્યાધિઓ માટે પોતાના ડૉક્ટરમિત્રો પાસેથી દવાઓ જાણી લાવી પોતાનાં ખેતીકામનાં માણસો તથા આસપાસનાં સૌકોઈને વિનામૂલ્યે દવાઓ પૂરી પાડે છે. નાતજાત કે ધર્મના ભેદભાવ વગર જનક સ્મારક હૉસ્પિટલ, મંદિર, મસ્જિદ, અગિયારી, બાલમંદિર વગેરેમાં આર્થિક મદદ કરતા રહે છે. ઉમરકૂઈ ગામનો તેમનો એક ખેતમજૂર બીમાર થતાં તેમના દીકરા પોરસે જનક હૉસ્પિટલ - વ્યારામાં દાખલ કર્યો. તેને માટે પોરસે પોતાનું લોહી આપીને એ મજૂરને બચાવી લીધો. એ મજૂર આજે માણેકશાને દુઆઓ આપે છે. માણેકશા કહે છે, 'ગરીબોનાં આશીર્વાદથી કદી હું બીમાર પડતો નથી. સ્વચ્છ જિંદગી જીવી જાણી છે અને મને જે ભારે અકસ્માતો થયા તેમાં મારો અણચિંતવ્યો ગેબી બચાવ થયો છે.'

પહેલી ઑગસ્ટ ૧૯૪૫ના રોજ સવારે કસવાવ ગામની નજીકમાં એક મોટો ચિત્તો આવ્યો છે એ જાણી માણેકશા પોતાની બંદૂક લઈ ચિત્તો જ્યાં હતો ત્યાં ગયા. છંછેડાયેલા ચિત્તાએ માણેકશા પર હુમલો કર્યો. તેઓ જમીન પર પડ્યા. ચિત્તો વળતો હુમલો કરે તે અગાઉ એને માણેકશાને ગળાના ભાગેથી પકડ્યો અને પોતાનો ડાબો હાથ એના મોંમા ઘાલી દીધો. ગૂંગળામણ થતાં ચિત્તો થોડોક છૂટો પડ્યો. ત્યાં ટોળામાં ઊભેલા એક ભાઈ પાસે તાજી જ ઘડાયેલી લોખંડની કુહાડી માણેકશાએ જોઈ. એ ઊંચકીને માણેકશાએ ચિત્તાની આંખો વચ્ચે માથામાં જોરથી ફટકારી અને બહુ સખત કારમો ઘા કર્યો. બૂમબરાડા પાડતો ચિત્તો નીચે પડ્યો અને રામશરણ થઈ ગયો. ચિત્તાના હુમલાથી માણેકશા સખત રીતે જખમી થયા હતા અને તેમના શરીરના મસલ્સમાંથીલોહી નીકળવા માંડ્યું હતું. માણેકશા ઘેરથી ઘોડા પર બેસી ત્યાં આવ્યા હતા, તેના પર બેસીને અડધા માઈલના અંતરે તેમના ઘરે આવ્યા. શરીર પર પાટાપિંડી કરી, લોહી નીકળતું બંધ થયું. તે વખતની બધી દવાઓ પરદેશી હતી, તેના ઉપયોગથી આઠેક દિવસમાં જ માણેકશા લગભગ સાજા થઈ ગયા. આમ તેમની જિંદગીમાં જનતાને હેરાન-પરેશાન કરતા ૪-૫ ચિત્તાઓને તેમણે સ્વધામ પહોંચાડ્યા છે.માણેકશાને એક દિવસ આંબાવાડિયામાં ખેતીકામ માટે જવાનું થયું. પાઈપલાઈનનું જાળું આખી વાડીમાં છે અને તેમાં એક નાળું છે. નાળા પરથી પેલે પાર જવા માટે તેઓ કૂદ્યા અને એક નાગ-સાપ ત્યાં ગૂંચળું વાળી ઊંઘતો હતો તેના પર પડ્યા. રબર જેવું પોચું લાગવાથી તેઓ સમજી ગયા અને તરત જ બીજો લાંબો કૂદકો લગાવીને તે ભાગ્યા. નાગે ડંખ મારવા પ્રયત્ન કર્યો પણ તેઓ સહેજમાં બચી ગયા.

ઈ. ૧૯૯૭ લગભગ માણેકશાને તેમના એક મિત્રના દીકરાના લગ્ન-પ્રસંગે નવસારી જવાનું થયું. બારડોલીથી છ-સાત કિલોમીટર દૂર હતા અને એક મોટર-ટ્રક પૂરઝડપે એમની જીપની સામે આવી અને જીપને જોરથી ટક્કર મારી. જીપ બાજુના ખેતરમાં ૫૦ ફૂટ દૂર જઈ પડી. આ અકસ્માતમાં માણેકશાને બહુ મોટી ઈજા થઈ ન હતી, પરંતુ તેમના દીકરા નેવિલને માથાના ભાગમાં સખત વાગ્યું અને લોહી નીકળવા માંડ્યું. પાછળ આવતી બીજી મોટરગાડીઓના દસ-બાર ગૃહસ્થો દોડી આવ્યા અને નજીકની હૉસ્પિટલમાં પહોંચાડ્યા, ત્યાંથી નેવિલને દાબુ હૉસ્પિટલ - નવસારી લઈ ગયા અને દસપંદર દિવસે નેવિલ સાજો થઈ ઘેર આવી ગયો.

માણેકશાના રહેવાના ઘરની બાજુમાં જ તેમના પિતાશ્રીએ ઢોરોને બાંધવા માટે મજબૂત ઘર બાંધ્યું હતું. તેના પર નવો બીજો માળ તેમણે બંધાવા માંડ્યો. એક દિવસ રાતના અગિયારના સુમારે તેઓ કંઈક લેખન કરી રહ્યા હતા અને કાચ ફૂટે તેવો અવાજ થયો. તેમણે જોયું તો નવા બંધાતા ઘરની અગાસીનો બધો ભાગ એક બાજુનો થાંભલો તૂટી પડવાથી નીચે પડતો દેખાયો. બારણું ખોલીને અંધારામાં બહાર નીકળવા ગયા કે માણેકશા કૉમ્પાઉન્ડમાં ગબડતા ૨૦ ફૂટ દૂર જઈ પડ્યા અને પડતા મકાનનો કાટમાળ તેમની ઉપર પડ્યો અને દટાઈ ગયા. આજુબાજુનાં પડોશીઓ દોડી આવ્યાં અને તેમને તેમના શરીરે ઘા પર મંચેરશા સુરાબીવાલાનું છોડું લગાવ્યું. ડૉક્ટર પાસે તપાસ કરાવતાં હાડકાંઓને ગુમ માર વાગ્યો હતો. પંદરેક દિવસનો આરામ અને દવાથી તેઓ સાજા થઈ ગયા.

માણેકશાની લગભગ ૩૧૦ વીઘાં જમીન ઘેરિયાવાવ, ઉંમરકૂઈ, કસવાવ, કાંજણ, અંબાચ, કેળકૂઈ વગેરે ગામોમાં હતી અને એ બધી જમીનમાં ખેતમજૂરો અને ખેતીનાં બધાં સાધનો વસાવી પોતાની જાતદેખરેખ નીચે ખેતી કરતા. ખેતી

વાર્તા એક વસ્તીની

મૂ. ઉર્દૂ લેખક : યુનુસ જાવેદ   અનુ. : પ્રફુલ્લ રાવલ

(ગતાંકથી પૂરી)

એક આફત હતી, જે ગામ પર પડી હતી... પાણી લેવા માટે ખાલી ટીનનું પીપ, માટલા અને ડોલોની વાંકીચૂંકી હાર સરકી રહી હતી. ટ્યૂબવેલ અવાજ કરી રહ્યો હતો. પ્રત્યેક જણ પોતાના વારાની પ્રતીક્ષામાં હતું. સૂકા હોઠ પર જીભ ફરી રહી હતી. ચહેરા ગુસ્સાથી પીળા પડી ગયા હતા. અને દૃષ્ટિ ક્ષિતિજ પર એમ જ ચોંટીને સ્થિર હતી, જાણે ત્યાં કોઈ સમુદ્ર હોય...

ત્યાંથી સો મીટર દૂર થોડાંક લોકો કોદાળી લઈને જમીન ખોદી રહ્યાં હતાં. એક માણસ કેદ સુધીના ખાડામાં કોદાળી ચલાવતો હતો.

જામિનશાહ છત પર ઊભો હતો. તેની સાથે તેના બંદૂકધારી રક્ષકો હતા. તે હસી રહ્યો હતો. આમ જાણે લૂંટાયેલા લોકોના પીળા પડી ગયેલા ચહેરા અને ખાલી માટલાંઓ જોઈને તેને આનંદ આવી રહ્યો હતો. તે ક્યાંય સુધી ઊભો રહીને એ જ દૃશ્ય જોઈ રહ્યો. પછી તેણે નૂરે ચમનને બોલાવીને કહ્યું : 'બધાંને નીચે જઈને કહી દો કે આજ રાતે અહીં બોલાવ્યાં છે. બસ, 'મગરિબની નમાજ' પઢીને જ અહીં આવી જાય. અને હવે ટ્યૂબવેલ બંધ કરી દો.'

નૂરેએ પહેલાં ટ્યૂબવેલ બંધ કર્યો. પછી જાહેરાત કરી. ટ્યૂબવેલ બંધ થતાં જ પાણીના બંબા પર લોકોની ભીડ ભમરીઓની જેમ ઉભરાઈ અને જોતજોતાંમાં બંબો એવો થઈ ગયો કે ચાટો તો જીભ ભીની ન થાય.

જ્યારે 'મગરિબની નમાજ' પછી બધા ભેગા થઈ ગયા, તો નૂરે ચમન જ મોટા અવાજે બોલ્યો: 'સાંભળો, લોકો સાંભળો. આ વાત પણ તમારી ભલાઈની છે.' અવાજનો ઘોંઘાટ સુસ્તીમાં બદલાઈ ગુમ થઈ ગયો. એક સન્નાટો હતો જે ચારે બાજુ ફેલાઈ ગયો હતો. નૂરેએ બંને હાથથી ભૂંગળું બનાવ્યું અને જોરથી બોલ્યો: 'બોલો, તમારે માટે પાણી જરૂરી છે કે દૂધ ?' પ્રત્યેકની જીભ પર આ શબ્દ થોડી વાર સુધી ચોંટી ગયો. પછી ખામોશી છવાઈ ગઈ. પછી ભીડમાંથી કોઈ વ્યક્તિ આગળ આવી અને બરાડીને બોલી: 'પાણી.'

'પાણી... પાણી... પાણી' બધાંએ જોર કરીને એ શબ્દો દોહરાવ્યા.

'બધાંને પાણી મળશે' હવે જામિનશાહ ખુદ બોલ્યો: 'તમને મરતાં હું જોઈ શકતો નથી. હું જરૂર તમારે માટે પાણીનો પ્રબંધ કરીશ. વધુ કૂવાઓ ખોદવામાં આવશે. પાણી મળશે અને તે તમારું હશે !'

અઠવાડિયા દરમિયાન જ બે નાના-નાના કૂવા ખોદાવાયા. પાણી દરેક ઘરમાં પહોંચવા માંડ્યું અને દૂધ શહેરમાં.

શરૂઆતમાં લોકોને ખયાલ ન આવ્યો પરંતુ થોડા દિવસ પછી જ સહુએ એ વ્યક્તિની શોધ શરૂ કરી, જેણે આગળ આવીને સહુથી પહેલાં દૂધ કરતાં પાણીને પ્રાથમિકતા આપી હતી. એ કોણ હતો ? એ કોણ હતો ? કોઈ એ ન જાણી શક્યું. પછી લોકોએ જોયું કે હવેલીની દીવાલો મજબૂત થઈ ગઈ છે અને એના પર ચાંદી જેવો રંગ લગાડી લીધો છે. છત ઉપર સોનેરી રંગો ઉભરાયા અને દૂધના બદલે આવનારા ગાલીચા અંદર પથરાવા લાગ્યા - ત્યાં સુધી કે મખમલી પડદાઓએ અંદરની સઘળી સુંદરતાને અને બધી ગંદકીને પોતાનામાં છુપાવી દીધી. પછી મોટી હવેલીના જમણી બાજુનો રસ્તો દ્રાક્ષના બગીચા તરફ જતો હતો, ત્યાં જામિનશાહના સાથીઓની હવેલી એમ ઉભરાવા લાગી, જાણે જમીનમાંથી ઊગી રહી હોય !

લીમડાવાળી મસ્જિદની જોડે જ, જ્યાં મૌલવી સાલેહ મોહમ્મદ પોતાનાં બે મોંએ કાયમ ભાષણ દેતો હતો, આજે પણ ચર્ચા ચાલી રહી હતી. મૌલવી સાલેહ મોહમ્મદ જોર દઈને કહી રહ્યા હતા: 'આ બધાં કષ્ટો અલ્લાહે મોકલેલાં છે. આપણા કર્મ તો બુરાં જ છે. નથી આપણે દિલ દઈને નમાજ અદા કરતા, નથી મસ્જિદમાં જતા. અને જકાત ! તોબા તોબા કોણ છે, જે એની પરવા કરે છે ?'

'સાચું છે.' જમીલ બોલ્યો: 'પણ માત્ર દુઆઓ શું કરી શકે. કશુંક રચનાત્મક કાર્ય થવું જોઈએ' એ એક પળ રોકાયો હશે. નવાબદીને એને ચૂપ કરવાની કોશિશ કરી, પરંતુ એ બોલી જ ગયો: 'મારી પાસે અઢી હજાર રૂપિયા છે, તમે લોકો થોડાક વધુ રૂપિયા જમા કરો તો ગામના આ હિસ્સામાં પણ ટ્યૂબવેલ લાગી શકશે ને તો પછી તમો જોશો કે કેટલાય ટ્યૂબવેલ લાગશે. અને જ્યારે પાણી તમારું થઈ જશે તો તમારું દૂધ પણ તમને મળશે અને ઘઉંની ખેતી થઈ શકશે, જેને તમે ભૂલી ગયા છો.' તે હજી બોલતો બંધ થયો નહોતો ત્યાં લોકો વીખરાવા લાગ્યાં હતાં. કેટલાંક આજુબાજુ ચાલ્યાં ગયાં અને કેટલાંક મૌલવી સાલેહ મોહમ્મદની સાથે મસ્જિદમાં ચાલ્યાં ગયાં.

રાત થઈ ને જામિનશાહની હવેલી પ્રકાશી રહી. મૌલવી સાલેહ મોહમ્મદ સિંહાસન પાસે બેસીને બધું બતાવી રહ્યો હતો. જ્યારે તે બધું જ કહી ચૂક્યો ત્યારે જામિનશાહે ત્રણ શબ્દો દોહરાવ્યા : 'જમીલ, ટ્યૂબવેલ, દૂધ'. તેને પાણી પરનું પ્રભુત્વ સમાપ્ત થતું દેખાયું અને તેની સાથે દૂધની તે નેહર પણ, જેનો હવે તે એકલો માલિક હતો. અત્યારે તે ખૂબ ચિંતિત અને હેરાન

હતો. વાતવાતમાં માથું હલાવનાર સાથીઓની વચ્ચે ઊંડા વિચારમાં બેઠો હતો.

ક્ષણવાર પછી તેણે મૌલવી સાલેહ મોહમ્મદને પૂછ્યુંઃ 'જમીલ પાસે પોતાની કોઈ બંદૂક પણ છે ?'

'છે... છે....' સહુએ કહ્યું.

જવાબમાં જામિનશાહે એક લાંબો હુંકાર ભણીને કહ્યું : 'નૂરે ચમન ક્યાં છે ?' નૂરો આવ્યો તો જામિનશાહે બધાને બહાર મોકલી દીધા. 'થોડું ખરાબ લોહી તારે વહેવડાવવું પડશે.' તે એક ક્ષણ રોકાઈને બોલ્યો : 'આમાં તારી પણ ભલાઈ છે અને મારી પણ.'

'મને ક્યાં ઈન્કાર છે !' નૂરા બેધડક બોલ્યો.

'બતાવીશ નહીં. બસ જે કંઈ કહું છું તે કરતો રહે. બધી વાત તો કાલે નમાજ ઈશાંની પછી થશે. તું એટલું કરી લે કે તારી બંદૂક જે દાટી દીધી છે, કાઢી રાખજે. અને સાંભળ કારતૂસ માત્ર એક જોઈએ. બસ ?'

એ જ વખતે મુનશી અજીઝે અંદર પ્રવેશ કર્યો. તે શહેરમાંથી બે મહિના પછી પાછો ફર્યો હતો અને જામિનશાહનો ખાસ માણસ હોવાથી કોઈ પણ સમયે રોકટોક વગર હવેલીમાં આવી શકતો હતો.

'શું સમાચાર છે ?' જામિનશાહ ઊભો થઈ ગયો.

'બધું બરાબર છે' મુનશી અજીઝે કહ્યું: 'બંને હવેલીઓના ઘઉં વેચાઈ ગયા છે અને અડધાથી વધુ ગાયો-ભેંસો મંડીમાં ઊભી છે અને ?'

'અને જમીનનું શું થયું ?' જામિનશાહે વાત કાપી.

'જમીન તો પહોંચીને જ ખરીદી લીધી હતી. બસ એ જ પ્રકારની હવેલીઓ થોડા દિવસોમાં ઊભી કરી દઈશ.'

'જગ્યા તો સારી છે ને ?'

'સારી...' મુનશીએ દાંત ભીડીને કહ્યું: 'તેના જેવી જમીન આખા શહેરમાં ન હોય. ચારે બાજુ વૃક્ષો છે હર્યાંભર્યાં.'

'તું બહુ કામનો માણસ છું મુનશી.' જામિનશાહે કહ્યું અને સંદૂકમાંથી બે થેલીઓ તેને આપતાં વાત આગળ વધારી, 'તું અત્યારે પાછો જતો રહે અને કામને જે ઝડપથી કરી શકે તેમ હો, પૂરું કર.'

મુનશી અજીઝ જે ઝડપથી ખંડમાં દાખલ થયો હતો, તે જ ઝડપથી બહાર નીકળી ગયો. બીજે દિવસે રાત ઠંડી થઈ તો જામિનશાહ નૂરે ચમન અને બંદૂક લઈને નવાબદીનના ખેતરમાં આવી ગયો. ખેતરના એક છેડે ઊભા રહીને જામિનશાહે નૂરેને બધી વાત સમજાવી. નૂરા પહેલાં તો થોડોક બેચેન થયો. પણ પછી સતેજ થઈ ગયો. તેઓ વિચારતા રહ્યા, કોણ બનાવે છે ? પછી જામિનશાહે ઘોડીને એક દૂરના વૃક્ષે બાંદી દીધી. નૂરાએ મન મક્કમ કર્યું. પછી બંનેએ એક લાંબો શ્વાસ લીધો. જામિનશાહ જીભને દાંત તળે દબાવીને બોલ્યો : 'હં' બંદૂક ચાલી તો સીસમના વૃક્ષ પરથી કોઈ પક્ષી ઊડ્યું અને સર્‌... સર્‌... સર્‌...ર કરતું તેમના માથા પરથી નીકળી ગયું. જામિનશાહ હવેલીએ પાછો ફર્યો.

ઘાયલ નૂરાને ઉપાડનાર પહેલેથી તૈયાર હતો, તેમણે પહેલાં નૂરાની ઘાયલ જાંઘ પર પાટો બાંધ્યો. પછી ચીસ પાડતાં એ જ સ્થિતિમાં ગલીઓમાં લઈને ફરતા રહ્યા. પછી ગાડામાં નાખીને શહેર બાજુ ચાલ્યા ગયા. સવાર થઈ તો પ્રત્યેકની જીભ પર જમીલનું નામ હતું.

નાની-મોટી ગવાહી તો હતી જ, પરંતુ જામિનશાહની સાક્ષી એ મામૂલી વાત નહોતી, જેણે જમીલનો પડકાર પણ સાંભળ્યો હતો અને બંદૂક હાથમાં લઈને ભાગતો પણ જોયો હતો. જ્યારે પોલીસ ગામ જઈને પાછી વળી તો જમીલ પોતાની બંદૂક સાથે તેમની સાથે હતો. મૌલવી સાલેહ મોહમ્મદને તો જાણે એક બહાનું મળી ગયું ! તે નૂરા પર થયેલ જુલમને દરેક જગ્યાએ ચર્ચતો હતો. એણે એવું ધૂંવાધાર ભાષણ દીધું કે લોકો ગુસ્સામાં એટલા બધા બેકાબૂ બન્યા કે નવાબદીન છુપાતો છુપાતો ફરવા માંડ્યો. પછી બધાને ખબર પડી કે સાત વર્ષની કેદ માટે સાત માસ પણ કેસ ન ચાલ્યો. બસ ત્રણ મહિના થયા અને ચુકાદો આવી ગયો. નૂરો હૉસ્પિટલથી આવી ગયો હતો. હજુ સુધી તે હવેલીની બહાર લાકડીના સહારે લંગડાતો ચાલતો હતો, કેમ કે જામિનશાહની ખુશી એ જ હતી.

ગામ પર ખોફ ફેલાઈ ગયો હતો. લોકો ચાવીનાં રમકડાંની જેમ હરતાં-ફરતાં હતાં. જીવવું દુર્લભ હતું, પછી એવું બન્યું કે પાણી ભરવા માટે પણ સમય નિશ્ચિત થઈ ગયો, અને એ વખતે જ્યારે પણ દસ-દસની ટોળીમાં પનિહારીઓ પાણી ભરવા આવી તો કાયમ આઠ-આઠ કે નવ-નવની સંખ્યામાં પાછી ફરી કેમ કે જામિનશાહના બંને છોકરાઓ યુવાન થઈ ગયા હતા.

આ ક્રમ એવો ચાલ્યો કે ધૂળની જેમ આખા ગામમાં ઊડવા લાગ્યો. ધૂળ ઊડી ઊડીને લોકોનાં માથાં પર પડવા માંડી. શરૂમાં એવું બન્યું કે નાક પર કપડાં બાંધીને પસાર થતાં રહ્યાં, પણ પછી એની પણ જરૂરિયાત ન રહી.

પરંતુ જે રાતે સુગરા હવેલીએથી પાણી લઈને પાછી ન ફરી તો મૌલવી સાલેહ મોહમ્મદને લાગ્યું કે સાત ચૂલાની રાખ તેમની દાઢીમાં આવીને અટકી હોય ! તે ઉઘાડા પગે હવેલી તરફ ભાગ્યો. શરૂમાં તો એને લાગ્યું હતું કે તેના આખા શરીર પર આગ બાંધી દીધી હોય, પરંતુ જેમ જેમ તે હવેલીની નજીક પહોંચી રહ્યો હતો તેમ તેમ તેની આગ થોડીક મંદ પડી હોય તેવો અનુભવ થઈ રહ્યો હતો. તેની ગતિ જરા ધીમી થઈ હતી કે તેના પગમાં એક કપડું ભરાઈ ગયું હતું અને ચૌધરીવાળી બેઠકના વળાંકે તે એવો લથડીને પડ્યો કે જમીન ઊંધી દેખાવા

માંડી. પછી તેની આંખોમાં રંગબેરંગી તારાઓ નાચવા માંડ્યા. પછી બધું ચકળવકળ થવા માંડ્યું. તેણે દીવાલને ટેકો લઈને સામે જોયું તો તેને યાદ આવ્યું કે જ્યારે નૂરા એક પાણી ભરીને પાછી નહોતી ફરી ત્યારે ગુલ મોહમ્મદ ધોબી ફરિયાદી બનીને તેની પાસે આવ્યો હતો : 'તમારી આવનજાવન હવેલી સુધી છે. મારી નૂરાને પાછી લાવી દો. મિયાંજી, જરૂર તેને શાહજીના પુત્રે છુપાવી હશે !'

તે દિવસે મૌલવી સાલેહ મોહમ્મદે લાહૌલ વાંચીને રસ્તો બદલી નાખ્યો હતો, પરંતુ આજે કાંપતી હથેળીથી મોહમ્મદે ઊભા થવાનો પ્રયત્ન કર્યો. તેની સામે નાચનાર બધી તસવીરો, બધા પડછાયા ઉભરાઈને જોવા માંડ્યાં. તેની મોટી મોટી ગોળ આંખોમાંથી આંસુ ઉભરાઈ રહ્યાં હતાં.

થોડીક વાર પછી સાચવીને તે ઊભો થયો અને માથાને ઝાટકીને સામેની ખાળ કૂદવાની કોશિશમાં ફરી ગબડી પડ્યો હતો. તેના હાથ કાદવમાં લથપથ થઈ ગયા. તેણે હાથ સામે જોયું, તો એને લાગ્યું કે જાણે એ આઈશા ઐશુમા મહેંદી રંગ્યા હાથ હોય, જે લગ્નના ચાર દિવસ પહેલાં ક્યાંક ગુમ થઈ ગયા હતા. આખું ગામ કહેતું હતું, ભાગી ગઈ... ભાગી ગઈ.

પરંતુ સજાવલ એમ નહોતો કહેતો. તે મોચી તો હતો જ, પરંતુ બાપ પણ હતો. તે પોતાની રાંપીથી હવેલી બાજુ કેટલા ઈશારા કરતો રહ્યો. તેને મૌલવી સાલેહ મોહમ્મદની સામે સોગંદ ખાઈને, રડીને, બધું જ બતાવ્યું હતું. પરંતુ જવાબમાં તેણે એટલું કહ્યું હતું : 'આપણું લોહી ગંદું હોય તો આકાશ સામે થૂંકવું ન જોઈએ.'

મૌલવી સાલેહ મોહમ્મદે હૃદયમાં એક દર્દ ઊભું થતું અનુભવ્યું : શું મારું લોહી પણ ખરાબ છે ? એણે પોતાની જાતને સવાલ કર્યો. મને આ બધું પહેલાં કેમ યાદ નહોતું ? કેમ યાદ ન આવ્યું ? એણે કાદવ-ભરેલા હાથ મોં પર લપેટી દીધા. આંખ ખોલી તો આખું ગામ એક નવાં રૂપે દેખાયું. તેના પહેલાં જાણે એણે આંખ ખોલીને આ દૃશ્યને જોયું જ નહોતું. તે ઊભો થયો, ચાલ્યો, જોરથી ભાગવા માંડ્યો અને ભાગીને હવેલીની અંદર જઈ પહોંચ્યો.

જામિનશાહ બધાની વચ્ચે બેઠો બેઠો હૂકો પી રહ્યો હતો. એક પળ માટે માત્ર નજર ફેરવીને તેણે સાલેહ મોહમ્મદની તરફ જોયું અને હૂકાની નળીને ચૂસતો રહ્યો.

મૌલવી સાલેહ મોહમ્મદનું મોં ખુલ્લું હતું અને એ ઊંડો શ્વાસ લઈ રહ્યો હતો. તેણે કાદવવાળા હાથ ફેલાવ્યા પરંતુ તે લાશના હાથની જેમ એમ જ ઢળી પડ્યા, જાણે વાસ્તવમાં એમાં લોહીનો કોઈ પણ બાકી ન રહ્યો હોય ! પછી એણે આંસુઓથી ભરેલી આંખો ખોલી. પાંપણો ધીમે ધીમે એવી રીતે ઊંચી કરી જાણે તે ચોરી કરવા પેટી ખોલી રહ્યો હોય ! બહુ વાર સુધી તેની નજર જામિનશાહના પગ પર ચોંટી રહી. પછી ધીમે ધીમે ચાબુક, મોં, નાક અને આંખોમાં ડૂબી ગઈ. તેણે કશુંક કહેવાનું વિચાર્યું. થોથવાયો. ફરી પ્રયત્ન કર્યો અને કહ્યું : 'શાહજી'.

'હા... હા' હૂકો બરાબર ગડગડી રહ્યો હતો. 'હું સુગરાને લેવા આવ્યો છું.' એણે પોતાની સંપૂર્ણ શક્તિ ભેગી કરીને બસ એટલું કહ્યું. કદાચ એનામાં શક્તિ જ એટલી હતી. અવાજમાં ન તો જુસ્સો હતો કે ન તો ગુસ્સો. એ તો એવી રીતે બોલ્યો હતો જાણે સુગરાને સાસરેથી લેવા આવ્યો હોય !

'તારા જેવા વફાદાર માણસ પાસેથી મને આવી જ આશા છે.' જામિનશાહ બોલ્યો : 'તું ખૂબ હિંમતવાન છે. મને આનંદ થયો. શું ખરેખર સુગરા તારી પુત્રી છે ?'

'જામિનશાહજી...' મૌલવી સાલેહ મોહમ્મદ રૂંધાયેલા અવાજમાં બોલ્યો : 'આ તમે શું પૂછ્યું છે. હું શું જવાબ દઉં ?'

'જામિનશાહજી...' મૌલવી સાલેહ મોહમ્મદ રૂંધાયેલા અવાજમાં બોલ્યો : 'આ તમે શું પૂછ્યું છે. હું શું જવાબ દઉં ?'

'ખેર, મને ખબર હોત કે તે તમારી પુત્રી છે તો કદાચ તેનું ઝૂમર ન પડત. મારો છોકરો હજુ નાદાન છે અને એક ઈન્સાન છે. અને ભૂલ તો માણસ જ કરે. હું એને સમજાવી દઈશ. દરમિયાન તું સુગરાને લઈ જા.' જામિનશાહે ઈશારો કર્યો. એક સ્ત્રી હીબકાં ભરતી ઢાંકેલી સુગરાને ચોકમાં મૂકી ગઈ. તેના કપાળ પર નાના ઘા હતા. ઓઢણી ફાટી ગઈ હતી.

મૌલવી સાલેહ મોહમ્મદે પહેલી વાર કદાચ જિંદગીમાં પહેલી વાર નિર્વસ્ત્ર સુગરા પર નજર નાખી હતી. તેની આંખોમાં ક્રોધનું ઊકળતું પાણી હતું. કદાચ આ જ એ પળ હતી, જો રાખ હોત તો પણ સળગી જાત અને મૌલવી સાલેહ મોહમ્મદ અત્યારે રાખ નહોતો. એણે સૂકા હોઠ પર જીભ ફેરવતા કાંપતા બુલંદ અવાજમાં કહ્યું : 'જામિનશાહ આ કઈ વાતનો બદલો લીધો છે મને ભાષણ આપવાનો ? દર શુક્રવારે તારી નીતિમત્તા રજૂ કરવાનો ? મેં તારું નામ પ્રશંસામાં લેવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.'

'તને એ તમામ સેવાઓનું પ્રતિફળ મળતું રહ્યું છે.' જામિનશાહે હૂકો છોડી દીધો : 'એ બાગ, એ ખેતરો જે દિનપ્રતિદિન તારી આબરું વધારવાનાં કારણ બન્યાં છે, તારો બાપ તારા માટે મૂકી ગયો હતો ? કાચામાંથી પાકું મકાન તો તું તારી આખી જિંદગીમાં પણ ન બનાવી શક્યો હોત અને અવાજ કરે છે ?'

શ્વાસમાં જાણે ખાંડેલું મરચું આવી ગયું હોય - મૌલવી સાલેહ મોહમ્મદ ન શ્વાસ રોકી શકતો કે ન શ્વાસ લઈ શકતો હતો. તેણે ધૂળથી ખરડાયેલા પગ ઉપાડ્યા અને કાદવ ભરેલા હાથથી સુગરાને બાહુમાં લઈને હવેલીમાંથી નીકળી ગયો. હવેલીથી ઘર સુધી રાતના અંધારાએ તેના પર પડદો પાડી દીધો હતો. રસ્તાની ધૂળ ઊડીને હૃદયમાં આવી ગઈ હતી અને રસ્તો પગલાંને રોશનીમાં શોધી રહ્યો હતો. આ રાત પાછલી

જિંદગીની તમામ રાતોથી મોટી હતી. જામિનશાહ માટે તેના અંગેઅંગમાં નફરત ભરાઈ ગઈ હતી. તે તેના વિચારમાત્રને લાત મારતો હતો. તેનો ખયાલ હતો કે તે જિંદગીભર હવેલીની નજીક ફરકશે નહીં. એના પર ધિક્કાર વરસાવશે અને લોકોને રોકવા તે બધા પ્રયત્નો, જે તેના કાબૂમાં હશે, કરશે. પરંતુ જેમ જેમ દિવસ ચડ્યો તેમ તેને અનુભવ થયો કે તે ખુદ પણ પોતાના કાબૂમાં નથી. જ્યારે તરસથી ગળું સુકાવા લાગ્યું અને બધા જ ઘડાને ઊંધા પાડીને એક ટીપું પાણી પણ ન મળ્યું તો તેને લાગ્યું કે તે કરબલામાં ઊભો છે. તે શોક કરે કે પાણીની શોધ ? તે સમયે તેને જમીલ ખૂબ યાદ આવ્યો. તે પોતે આજ બિલકુલ જમીલની જેમ પરવશ, નિર્દોષ અને એકલો હતો.

બપોર થવા આવી. ધીરજનો બંધ હવે તૂટી રહ્યો હતો. અંદર સુગરા ઘૂંટણમાં મોં છુપાવીને હીબકી રહી હતી. કોઈએ કંઈ ખાધું નહીં. હવે જીભ કાંટો બનીને તાળવે ચોટવા લાગી હતી. મૌલવી સાલેહ મોહમ્મદ ઊઠીને બહાર ગયો. ખાલી ઘડો એક-બે વાર ખખડાવ્યો. પછી ઊઠીને ધીમાં પગલાંએ ખોફ, નફરત અને બેચેની ભરેલી ભાવનાની સાથે હવેલી તરફ ચાલ્યો ગયો.

પછી વિચિત્ર ઘટના બની. એક સવારે જ્યારે ગામવાળાં જાગ્યાં તો તેમને જોયું કે નેહર છલોછલ ભરેલી વહી રહી છે. આશ્ચર્યચકિત લોકો પાગલની જેમ ભાગ્યાં. ખોબો ભરીભરીને પાણી પીધું. નહાવા અને છાંટા ઉડાડવા લાગ્યાં. તરસ્યા ચહેરા પર રોનક આવી ગઈ હતી. પાણી ક્યાં હતું ? એક શક્તિ હતી. પ્રત્યેક વ્યક્તિએ એ શક્તિનો સંચાર પોતાની અંદર સુધી અનુભવ્યો. હવેલીની પ્રભુસત્તા કદાચ તૂટવાની હતી.

પછી જામિનશાહ અને નૂરની વચ્ચે ખટરાગ ઉત્પન્ન થયો ! જેણે વધતાં વધતાં એક ઝઘડાનું રૂપ ધારણ કરી લીધું અને એમ કેટલાંય રહસ્યો ઘઉં પાકવાની મહેંકની સાથે સાથે લોકો સુધી પહોંચ્યાં જેમ જેમ ઘુટન થવા માંડી, એક જોશ હતું જે વીતેલી કડવાશમાં ઊકળવા માંડ્યું.

પહેલાં યુવાનોએ લાઠીઓ પર લોખંડની ખોળ ચડાવી પછી મૌલવી સાલેહ મોહમ્મદના ઘરની સાથે ચોરો જામવા લાગ્યો, અને જોતજોતાંમાં હવેલીની વિરુદ્ધ આખા ગામવાળાના લોહીમાં નફરતનું ઝેર પૂરી તીવ્રતાથી ફેલાઈ ગયું. હવે લોકો જામિનશાહ વિષે સાચી-ખોટી વાતો કરવા લાગ્યાં હતાં. કેવો સમય આવી ગયો હતો કે મૌલવી સાલેહ મોહમ્મદ, નૂરા અને નવાબદીન એક હુક્કાની આજુબાજુ બેસવા માંડ્યાં હતાં.

પછી એક વાર શુક્રવારની નમાજમાં મૌલવી સાલેહ મોહમ્મદે કંઈક એવા ઢંગથી વાત કરી કે લોકો નમાજ પઢીને એક સરઘસમાં ફેરવાઈ ગયા અને જામિનશાહની વિરુદ્ધમાં નારા લગાવવા માંડ્યા. નારા વધતા જતા હતા. જ્યારે નારા પોતાની ચરમ સીમાએ પહોંચ્યા તો લોકોના ચહેરા ક્રોધની ગરમીથી લાલચોળ થઈ ગયા અને એમણે હવેલીનો સામનો કર્યો. એવું લાગતું હતું જાણે હવેલીએથી દ્રાક્ષવાળા બાગ સુધીનો ઇલાકો રાખ થઈ જશે. જામિનશાહે પોતાની બંદૂકોના થેલા ઉતાર્યા. બંદૂકનો સામનો લાઠીઓથી થઈ શકતો નહોતો. ખૂબ લોહી વહ્યું, પરંતુ જોશ વધવા માંડ્યું.

બંદૂકો પર પછી થેલા ચડી ગયા. હવે જામિનશાહે આખા ગામવાળાને રસૂલનો વાસ્તો દીધો, પણ કોઈએ પરવા ન કરી. સાંજ સુધી લોકો વેદના અને ગુસ્સાને પ્રકટ કરતાં રહ્યાં. રાત થઈ તો પાછા ફર્યાં. જામિનશાહ જાણતો હતો કે તેઓ બીજી સવારે પાછાં આવવાનાં હતાં. તેણે રાતોરાત પોતાની બહુમૂલ્ય વસ્તુઓ ભેગી કરી અને મુનશી અજીઝને સોંપીને તેને શહેર મોકલી દીધો. પછી તેણે પોતાના ખાસ માણસ આદિમ ગુલામઅલીને બોલાવ્યો અને અલગ ખંડમાં લઈ જઈને કહ્યું : 'તારું આ નસીબ નહોતું, તારું નામ કોઈએ સાંભળ્યું હશે; પરંતુ ખુદાને એ જ મંજૂર હતું.' એ ક્ષણ ખામોશ બેસી રહ્યો. પછી પોતાની સોનેરી દૂરબીનવાળી બંદૂક તેને સોંપીને કહ્યું : 'લે, આ હવે તારી છે. આનાથી તું તારી અને મારી ચીજોનું રક્ષણ કરજે. મારો ખયાલ છે, લોકો તને અવશ્ય સ્વીકારી લેશે.'

તે રાતે તેણે કંઈક એવી અશ્રુપૂર્ણ આંખોએ હવેલીની બહાર પગ મૂક્યો કે મૌલવી સાલેહ મોહમ્મદ પણ આટલી પરવશતાની સ્થિતિમાં ન નીકળ્યો હોય અને મુનશી અજીઝના વિસ્તારમાં જઈને રહ્યો.

બીજે દિવસે સવારે જ્યારે લોકો હવેલી પહોંચ્યાં તો ખબર પડી કે જામિનશાહ ભાગી ગયો છે. બધી તાણ એક ક્ષણમાં એટલી ઢીલી થઈ ગઈ કે કોઈએ એ જાણવાની જરૂરિયાત ન અનુભવી કે કઈ વ્યક્તિ ઉપર ઊભી રહીને બોલી રહી છે. બધા ધ્યાનથી તેની વાત સાંભળવા લાગ્યા.

જ્યારે ગુલામઅલીએ કહ્યું : 'તમારી ગાયો-ભેંસો બહુ જલદી તમને મળી જશે.' તો લોકોએ ખુશ થઈને કહ્યું : 'નારા-એ-તકબીર' જ્યારે એણે કહ્યું : 'આ ગામની દરેક સ્ત્રી મારી ઈજ્જત છે.' તો લોકોએ નારો લગાવ્યો : 'અલ્લાહ હો અકબર.' જ્યારે એનો અવાજ બુલંદ થયો : 'હવે તમે રાત્રે ચેનથી ઊંઘી શકશો. કોઈ કૂતરો તમને નહીં કરડે.' તો મૌલવી સાલેહ મોહમ્મદ બૂમ પાડીને બોલ્યો : 'આ માણસ પર ખુદાની કૃપા.' ક્ષણવારમાં લોકો બધી કડવાશ, પરેશાની, પાછલું બધું જ ભૂલી ગયાં હતાં. એ જ હવેલી જેને થોડીક વાર પહેલાં એ રાખમાં પરિવર્તિત કરવા માગતાં હતાં તે દૂધની જેમ બેદાગ દેખાવા લાગી. અને તેઓ ખુશમિજાજ અવાજોના વર્તુળમાં ડૂબતાં-ગોથાં ખાતાં પાછા ચાલ્યાં ગયાં.

ગુલામઅલીએ બીજાં જ દિવસે હવેલીના તમામ કૂતરાઓને ગોળી મારવાનો હુકમ દઈ દીધો અને લટકેલા

ગાલો તથા ફૂલેલા પેટવાળા બધા કૂતરાને હવેલીમાંથી બહાર કાઢીને મેદાન પર ઊભા કરવાને બદલે તબેલામાં જ ગોળીના નિશાન બનાવી દીધા. મૌલવી સાલેહ મોહમ્મદે પોતાની મંડળીમાં આના પર ખૂબ ખુશી મનાવી. 'સો કૂતરા મારી નાખ્યા એક જ વખતે' તેની જાંઘ પર હાથ મારીને સહુ પર નજર કરી.

'મર્યો તો એક પણ નહીં' નવાજદીને કહ્યું : 'બધા જખમી થઈને અહીં-તહીં ભાગી ગયા અને ગલૂડિયાં જેની સંખ્યા હજારો સુધી છે, તેમને પૂછ્યું પણ નહીં, બધાં મોં આગળ કરીને પહેલાં કરતાં વધુ ખતરનાક રૂપમાં ફરી રહ્યા છે.'

'ધીમે ધીમે બધું થઈ જશે ભાઈ. ગુલામઅલી આખરે માણસ તો છે. કોઈ ખુદા તો નથી.' ગુલામઅલી માણસ જ હતો. ખુદા નહોતો. તેણે પણ ગામના મહત્ત્વના માણસોની યાદી નવી રીતે જ બનાવડાવી, પછી તેમને હવેલીએ બોલાવ્યા અને બોલ્યો : 'હું ઈચ્છું છું, તમારામાંથી એ આ હવેલીમાં આવીને રહે, જે સરદાર કહેવાયા. એ જે તમારાં દુઃખસુખ જાણતો હોય, જેને તમે બધા ચાહો અથવા જેને બધા ગામવાળા પસંદ કરે, પરંતુ એ માટે શરત એ છે કે તે વ્યક્તિ સરદાર બનાવાનું એવું પ્રમાણ આપે કે લોકો તેને સ્વીકારી લે. બસ, મારે એ જ કહેવું છે.'

મંડળી વીખરાઈ તો દરેક વ્યક્તિનું દિલ ઊછળીને કંઠ આવી ગયું. તેઓ કોઈ વિચારમાં ઘર તરફ રવાના થયા. ઘરે પહોંચીને એમણે પોતપોતાના પહેરવેશ બદલ્યા. પછી અત્તર લગાવ્યું, વાળ ઓળ્યા અને લાલ-પીળાં ફૂમતાંવાળી પાઘડીઓ એક જાળની જેમ આખા ગામમાં ફેલાઈ ગઈ. દિવસે પ્રત્યેક પાઘડીવાળો પોતાને વધારે સારો સાબિત કરવા ગળું ફાડતો અને રાતે જખ્મી કૂતરા આકાશ જોઈ જોઈને રડતા.

લોકો જૂથમાં વહેંચાઈ ગયાં હતાં. કોઈ ઉપાય શોધનાર નહોતું. બળદ આખો દિવસ શિંગડા હલાવતા અને ઘંટડી વગાડતા. દરેક જૂથમાં બે-ચાર કે દસ પાઘડીવાળા હતા અને દરેક પાઘડીનો રંગ અલગ. કેટલાક એવા પણ હતા, જે ઉઘાડા પગે અને ઉઘાડા માથે હતા. ખાલી પેટ પર હાથ મૂકીને તે ખાલી મગજે આકાશને તાક્યા કરતા. હવેલીના તબેલાની દીવાલ ધ્વસ્ત થઈ ગઈ હતી. ગલૂડિયાં હજારોની સંખ્યામાં નીકળી આવ્યાં હતાં અને રંગબેરંગી પાઘડીઓની વચ્ચે આસપાસ ભેગાં થઈ રહ્યાં હતાં અને વારંવાર વસ્તીવાળાને અને દર્શકોને કરડતાં હતાં.

વસ્તીવાળાને બચાવનાર કોઈ નહોતું. બધા પોતાની જાતને હવેલીના ઉપરના હિસ્સામાં ઊભેલા જોવા ઈચ્છતા હતા. મૌલવી સાલેહ મોહમ્મદ લાઠી લઈને પોતાના ઘરેથી નીકળ્યા. તેમણે ઊંચા ચબૂતરા પર ઊભા રહીને કહ્યું : 'લોકો, હું તમારી રક્ષા કરીશ. ન માત્ર દુનિયામાં, બલકે મૃત્યુ પછી પણ તમને ધાર્મિક વિશ્વાસ દઈશ, તમને સાચો રસ્તો દેખાડીશ, હું તમારો રક્ષક છું, તમે મને જામિનશાહની હવેલી અપાવી દો. હું ત્યાં મસ્જિદ પણ બનાવીશ, લોકો... સાંભળો, લોકો સાંભળો !'

પછી નૂરો આવ્યો : 'બધા લોકો મારી વાત સાંભળો. હું જ તમારા માટે કશુંક કરી શકું છું, કારણ કે મારી પાસે બંદૂક છે.'

નવાબદીને કહ્યું : 'દોસ્તો, આ બધા લોકો દગાબાજ અને કપટી છે. કોઈ તમારો હમદર્દ નથી. એમની વાતો ન સાંભળો. આવો, આપણાં ખેતરો તરફ જઈએ અને કામ કરીએ.'

પરંતુ નવાબદીનને કોણ સાંભળે છે ? માત્ર મૌલવી સાલેહ મોહમ્મદનો અવાજ હવે સ્પષ્ટ અને બુલંદ સાંભળી શકાતો હતો. તે બોલી રહ્યો હતો : 'તમે જીવતા કે મરેલા અલ્લાહ તરફ આવવાના છો. તેથી અલ્લાહનું દોરડું મજબૂત પકડો અને તે બાજુ પાછા આવો. તમે જે કંઈ જામિનશાહની સેવા કરતા રહ્યા છો એ જ અલ્લાહના માર્ગે વાપરી શકો છો અને અલ્લાહનો માર્ગ તમે જાણો છો. મસ્જિદથી શરૂ થાય છે. જ્યાં હું ઊભો છું. જ્યાં સુધી પહોંચવા માટે કોઈ રુકાવટ નથી. લોકો, સાંભળો સાંભળો ! આ અલ્લાહનું ફરમાન છે.'

બીજી મસ્જિદમાંથી પણ લાઉડ સ્પીકરનો અવાજ બુલંદ થયો. પછી અવાજ આવ્યો : 'નીકળો અલ્લાહના માર્ગે, ભલે તમે બોઝિલ રહો, નીકળો અલ્લાહના માર્ગે, ભલે તમે બોઝિલ હો કે હળવા, દોસ્તો માત્ર એટલી વાત સાંભળો કે હું મસ્જિદમાંથી બોલી રહ્યો છું. આ દુઆ જામા મસ્જિદ છે. એનો હક પહેલો છે.'

નૂરા બોલી રહ્યો હતો : 'નવાબદીન દમ વગરનો હતો. કંઈક વધુ ભીડ પણ હતી. જ્યાં ગરમાગરમ ભાષણ થઈ રહ્યાં હતાં. પછી બધા અવાજો લાઉડસ્પીકરના અવાજોમાં ભેગા થઈ ગયા.'

પાપ, પુણ્ય, દાવત, બંદૂક, નરક, લાઠી, રોટી, મકાન, ઈંધન, કર્તવ્ય, જામા મસ્જિદ, કદીમી મસ્જિદ.

એક વ્યક્તિએ ચોતરા વચ્ચે ઊભા રહીને અજાન કરી. કસમયની અજાન. લોકો ક્યારેક એક ચૉક તરફ તો ક્યારેક બીજા ચૉક તરફ દોડી રહ્યા હતા. કેટલાક લોકો નવાબદીનની આજુબાજુ ભેગા થઈને તેની ડૂબતી આંખોને તાકી રહ્યા હતા. કેટલાક નૂરાની આજુબાજુ હતા. કેટલાક બીજી ટોળી સાથે. થોડા જામા મસ્જિદ તરફ જઈ રહ્યા હતા. અને થોડા મૌલવી સાલેહ મોહમ્મદની મસ્જિદ તરફ પગલાં ધીમા થઈ રહ્યા હતા. એક શબ્દ હતો, જે દરેક ચહેરા પર રેખા બનાવી રહ્યો હતો. એક જૂથ તરફ જતાં લોકો બીજાં જૂથ તરફ પાછું વળીને જોતા હતા. અને પછી કોઈ બીજી દિશા તરફ નીકળી જતા હતા. વિષાદ અને વીખરાયેલી સ્થિતિમાં લોકોએ મિનારાઓ તરફ જોયું. એમનાં પગલાંઓમાં અસ્થિરતા અને આંખોમાં વિષાદની રાખ. સૂર્ય અસ્ત થયાંને ખાસ્સો સમય પસાર થઈ ચૂક્યો હતો અને અંધકાર આ વસ્તી પર એક રહસ્યની જેમ ઊતરી રહ્યો હતો.

❐

ઇતિહાસ બદલનારાં જનીનો

ડૉ. જે. પી. ત્રિવેદી

આપણાં રંગસૂત્રોમાં રહેલા જનીનોની ભાષા ત્રણ અક્ષરો (ત્રિક, કોડોન)ના સમૂહમાં કંડારાએલી છે. આવા ત્રિક-સમૂહમાંના અક્ષરોમાં કોઈ ક્ષતિજન્ય ફેરફાર કે ઊલટફેર થાય તો નીપજતાં ઉત્પરિવર્તનો (mutation) જનીનોની સંકેત-ભાષા બદલી નાખે છે, જેથી અનેક પ્રકારની વારસાગત ક્ષતિઓ ઉદ્ભવે છે. જનીનોની આવી કેટલીક વારસાગત વિકૃતિ દ્વારા ઈતિહાસ બદલનારી કેટલીક વ્યક્તિઓ અંગે જાણીએ.

રાણી વિક્ટોરિયાના લિંગ-ગુણસૂત્રો (sex hromosomes)માં ઉત્પરિવર્તનને લીધે રશિયન તેમજ ...પેનિશ શાહી કુટુંબોની નિયતિ માત્ર જ નહિ પણ તેના ...વ્યાઘાતના પડઘા સમગ્ર યુરોપમાં પડેલા. આવી લિંગ ...હલગ્નતા (sex-linkage) તેમજ કેટલાક ઉત્પરિવર્તિત જનીન ...ગ્મ-વિકલ્પી (alleles) માત્ર X રંગસૂત્રો ઉપર જ હોય છે. ...ામાંનું એક યુગ્મવિકલ્પી જનીન હિમોફિલિયા માટે કારણભૂત હોય છે, જેમાં લોહી જામી જવાની પ્રક્રિયા (clot-ting) ગેરહાજર હોય છે. આમાં સામાન્ય ક્ષતિ રક્તપ્રોટીન ફૅક્ટર VIIIમાં હોય છે, જેના લીધે રક્તસ્રાવ અથવા હિમોફિલિયા A ઉદ્ભવે છે. અન્ય પ્રકારનો હિમોફિલિયા B રક્તપ્રોટીનમાંના ફૅક્ટર IXની ક્ષતિને કારણે ઉદ્ભવે છે. (આને ક્રિસમસ રોગ પણ કહે છે.). આ બંને રોગો અપ્રભાવી લિંગસહલગ્ન (sex-linked) જનીન યુગ્મવિકલ્પીને કારણે ઉદ્ભવે છે.

હિમોફિલિઆ A રોગની જે સ્ત્રીઓ હોય તેમનામાં માત્ર એક જ સામાન્ય પ્રભાવી ફૅક્ટર VIII માટે જનીન વિકલ્પી હોવા ઉપરાંત એક અન્ય ક્ષતિયુક્ત જનીનવિકલ્પી પણ હોય છે. આવી સ્ત્રીઓ સામાન્ય કરતાં ઓછું ફૅક્ટર VIII ઉત્પન્ન કરે છે, પરંતુ આના લીધે કોઈ મુશ્કેલી ઉદ્ભવતી નથી. પુરુષમાં માત્ર એક જ x રંગસૂત્ર તેની માતા તરફથી મળેલું હોઈ જો તેમાં ઉત્પરિવર્તી જનીન વિકલ્પી હોય તો તેને હિમોફિલિયા થાય છે. સ્ત્રીમાં જો આવું વિકલ્પી જનીન તેનાં બંને X રંગસૂત્રો ઉપર હોય તો તેને આ રોગ થઈ શકે પણ તેની સંભાવ્યતા ઓછી રહે છે. આંકડાકીય દૃષ્ટિએ આવા વાહક (carrier)ના અર્ધા ભાગમાંનાં નર-બાળકોમાં હિમોફિલિયા થાય છે જ્યારે બાકીનાં અર્ધાં નારી બાળકો માત્ર વાહક તરીકે જ વર્તશે. આ સ્થિતિને વિષમયુગ્મજ (heterozugous) કહે છે.

રાણી વિક્ટોરિયાના ચાર દીકરાઓમાંથી ત્રણ ખૂબ નસીબદાર રહ્યા કે તેમને આ રોગ વારસામાં ઊતર્યો નહીં. રાણીની પાંચ દીકરીઓમાંની માત્ર બે વાહક બની રહી. હિમોફિલિયાવાળા પુરુષોની બધી જ દીકરીઓ વાહક હોય છે - કારણ તેમને પિતા તરફથી X રંગસૂત્ર ઉપરનું જનીનવિકલ્પી વારસામાં મળે છે. પરંતુ આવા પુરુષોના બધા દીકરાઓ તથા તેમના વારસો રોગવિહીન તદ્દન સામાન્ય હોય છે.

રશિયન શાહી કુટુંબ : આવી વારસામાં ઊતરેલી ક્ષતિની અર્થપૂર્ણતા રશિયન શાહી કુટુંબમાં ઍલેક્ઝાન્ડ્રાના લગ્ન ઝાર નિકોલસ II (૧૮૬૮-૧૯૧૮) સાથે શરૂ થઈ ગણાવી શકાય. રાણી વિક્ટોરિયાની એક દીકરી પ્રિન્સેસ એલીસની દીકરી ઍલેક્ઝાન્ડ્રા (૧૮૭૨-૧૯૧૮) ઉત્પરિવર્તિત જનીનવિકલ્પીની વાહક હતી. ઍલેક્ઝાન્ડ્રા ઝરીના બનીને રશિયાના રાજ્યવારસ દીકરાને જન્મ આપવાની હતી. તેનાં પ્રથમ ચાર બાળકો દીકરીઓ હતી. તેનું પાંચમું બાળક ઑગસ્ટ ૧૨, ૧૯૦૪માં જન્મ્યું તે દીકરો ઍલેક્સી (૧૯૦૪-૧૮) હતો. જન્મ બાદ થોડાં અઠવાડિયાં સુધી તો નાનો ઍલેક્સી સાજોસારો રહ્યો પણ એકાદ મહિના પછી તેની નાભિમાંથી રક્તસ્રાવ શરૂ થયો. તેની માતાને તો ખયાલ આવી ગયો કે તેના પોતાના માતૃપક્ષ (female line)માંથી આ રોગ વારસામાં આવ્યો છે. આથી ઍલેક્ઝાન્ડ્રા ધાર્મિક વિધિઓ તથા દોરાધાગામાં પડી. ૧૯૦૫માં આ સમયે રાસ્પુટિન ઈતિહાસમાં પ્રવેશ્યો જેની શાહી કુટુંબના ભાવિ ઉપ ખૂબ જ પ્રભાવકારી અસર તથા પકડ હતી. ઝારના કેટલાયે રાજકીય નિર્ણયો રાસ્પુટિન દ્વારા પ્રેરાયેલા હતા; પરિણામે પ્રજા ઝાર પ્રત્યેનું માન તેમજ આશાઓ ગુમાવી બેઠી. પ્રથમ વિશ્વયુદ્ધના અંતમાં રશિયન સરકારમાંના ઘણા રાજપુરુષો રાસ્પુટિનને કારણે સામ્રાજ્યનો અંત આવી રહેલો જોઈ શક્યા. કેટલાકે રાસ્પુટિનને પોટેશ્યમ સાઈનાઈડથી થીજી ગયેલી બરફની કૅનાલમાં ધકેલી દઈને તથા ચાર વખત ગોળીબાર દ્વારા મારવા પ્રયાસ કર્યા. સાઈનાઈડથી પણ રાસ્પુટિન બચી ગયો તેથી તરત જ સ્પષ્ટ થયું કે રાસ્પુટિન પોતે જ એક ઉત્પરિવર્તી (mutant) હતો. તેની હોજરીમાંની ગ્રંથિઓ આવશ્યક હાઈડ્રોક્લોરિક ઍસિડ સ્રવતી નહોતી. આપણા બધાની હોજરીમાં HCL સ્રવવાના કારણે સાઈનાઈડનું પ્રબળ ઘાતક HCNમાં રૂપાંતર થતાં તત્કાળ મૃત્યુ નીપજે છે. આમ રાસ્પુટિને રશિયન રાજાશાહીની આબરૂ ધૂળધાણી કરી નાંખી અને કમ્યૂનિસ્ટ બળવા માટેનો તખ્તો તૈયાર થઈ ગયો જે ૧૯૧૭માં શરૂ થતાં લાખ્ખો લોકોનાં વિધિનિર્માણ બદલાઈ ગયાં. આમ, રાસ્પુટિનની અસર રાણી વિક્ટોરિયાના X રંગસૂત્રમાંના ઉત્પરિવર્તક વિકલ્પી જનીનને કારણે ઉદ્ભવી.

ખોડવાળાં વારસો હતાં. સ્પેનના ઉદારમતવાદી પરિબળોએ સ્પેનના રાજાને બ્રિટીશ નવવધૂ લાવવાનો આગ્રહ રાખ્યો હતો. આ પરિબળે સ્પેનના આંતરવિગ્રહમાં અગત્યનો ફાળો આપ્યો.

સ્પૅનિશ શાહી કુટુંબ : આવી જ રીતે આ રંગસૂત્રે સ્પેનના ઇતિહાસને ઘડવામાં ફાળો આપ્યો છે. અહીં શારીરિક ખોડવાળાં વારસો હતાં. સ્પેનનાં ઉદારમતવાદી પરિબળોએ સ્પેનના રાજાને બ્રિટિશ નવવધૂ લાવવાનો આગ્રહ રાખ્યો હતો. આ પરિબળે સ્પેનના આંતરવિગ્રહમાં અગત્યનો ફાળો આપ્યો.

રાણી વિક્ટોરિયાની સૌથી નાની દીકરી બિઆટ્રિસ (૧૮૫૭-૧૯૪૪) હિમોફિલિયાની વાહક હતી તથા તેની ચારમાંથી ત્રણ બાળકીઓમાં આ રોગનાં જનીનો વારસામાં આવ્યાં. આમાંની એક યુજીન સ્પેનની મહારાણી બની. સ્પેનના રાજા માટે આ એક રાજકીય લગ્ન હતું. રાજા આલ્ફોન્ઝો III (૧૮૮૬-૧૯૪૧)નો બ્રિટિશ વધૂ માટે આગ્રહ હતો. યુજીનનો ભાઈ હિમોફિલિયાથી પિડાતો હતો તેથી શક્ય હતું કે યુજીન વાહક હતી. આ માટે આલ્ફોન્ઝોને અપાયેલી ચેતવણી તેણે ગણકારી નહિ. આ લગ્ને સ્પેનને ઈંગ્લન્ડ નજીક આણ્યું અને આ નવી રાણી ઉદારમતવાદી સોસાયટી માટે એક સામાજિક આકર્ષણ-કેન્દ્ર બની. તેના બે પુત્રો આ રોગની અસરથી મુક્ત જણાયા. આમાંનો એક પુત્ર જેઈમી (Jaime) જન્મથી બહેરો-મૂંગો હતો. ૨૦મી સદીની શરૂઆતમાં તો સ્પેન ઝનૂની ધર્માંધ તથા અતિવાદીઓ દ્વારા છિન્નભિન્ન થવા માંડ્યું અને આંતરવિગ્રહ અનિવાર્ય બની રહ્યો. આવી જનીનીય દુર્દૈવી ઘટનાથી રાજ્યગાદી નબળી બની અને ખાનદાન ઉચ્ચકુળના સ્પેનિયાર્ડોને યુજીનની બ્રિટિશ પશ્ચાદ્ભૂમિકા ઉપર સંદેહ ઊપજ્યો.

આ રહસ્યનો સ્રોત (Source of Problem): રાણી વિક્ટોરિયાના હિમોફિલિક યુગ્મવિકલ્પીનો સ્રોત કયો હતો જેણે આવી દૂરગામી અસરો નિપજાવી ? બે શક્યતાઓ વિચારી શકાય - (૧) વિક્ટોરિયાનાં રંગસૂત્રોમાંનાં જનીનોમાં ઉત્પરિવર્તન થયું હોવું જોઈએ અથવા (૨) એડવર્ડ, ડ્યૂક ઑફ કેન્ટ (૧૭૬૭-૧૮૨૦) વિક્ટોરિયાના પિતા ન હોઈ શકે. આ ઉત્પરિવર્તન વિક્ટોરિયાની માતા પ્રિન્સેસ ઑફ સાક્સે-કોબર્ગ (૧૭૮૬-૧૮૬૧) તરફથી વારસામાં મળ્યું હોય તે શક્ય નથી, કારણ કે વિક્ટોરિયાની માતાને પ્રથમ લગ્નથી થયેલા એક પુત્ર તથા એક પુત્રીમાં કે તેઓનાં વારસોમાં આ રોગ જણાયો નથી. એ શક્ય છે કે એડવર્ડનાં જનીનોમાં ઉત્પરિવર્તન થયું હોય; પરંતુ એડવર્ડને તો એક જનીનીય ક્ષતિવાળો અન્ય રોગ પૉરફાઈરા (porphyra - જેમાં પેડુનો દુખાવો, ન્યૂરોપથી ચેતાતંત્રનો રોગ) હતો જે વિક્ટોરિયા કે વિક્ટોરિયાના કુટુંબમાં દેખાતો નથી. એડવર્ડ ડ્યૂક ઑફ કેન્ટને આ પૉરફાઈરા રોગ તેના પિતા જ્યોર્જ III તરફથી વારસામાં મળેલો.

જ્યોર્જ III નું પાગલપણું : એક અન્ય ઉત્પરિવર્તન જેણે ઇતિહાસની કરવટ બદલી તે જ્યોર્જ III (૧૭૩૮-૧૮૨૦)ના પૉરફાઈરા રોગ મારફતે થઈ. આ રોગને 'જ્યોર્જ ત્રીજાનું ગાંડપણ' તરીકે ઓળખવામાં આવે છે, જેને લીધે મનોવિકાર ચિકિત્સા (psychiatry) શાખાનો ઉદ્ભવ થયો ગણાય છે. આ શાખા તે વખતે 'mad business' તરીકે ઓળખાતી. હવે ૨૦૦ વર્ષ પછી એ સ્પષ્ટ થયું છે કે જ્યોર્જ ત્રીજાનું મૃત્યુ મનોવિક્ષિપ્તતાને કારણે નહોતું. તેનો રોગ તો ૨૦મી સદી સુધી 'porphyra' તરીકે ઓળખાયો જ નહોતો. તેની આ ગાંડપણભરી માંદગીએ તો ઇતિહાસમાં પ્રસિદ્ધ રાજ્ય-કારભારીઓની કટોકટી (Regenacrisis)ને જન્મ આપ્યો, જેમાં તે વખતના વડાપ્રધાન વિલિયમ પીટને દેશનિકાલ કરવાનાં જોખમો ઊભાં થયેલાં. એવું પણ મનાય છે કે જ્યોર્જના આવા ગાંડપણભર્યા આવેગોના હુમલામાં એવા નિર્ણયો લેવાયાં જેણે અમેરિકાના સ્વાતંત્ર્યયુદ્ધનાં બીજ રોપ્યાં. પરિણામે અમેરિકન વસાહતો ગુમાવવાનો વારો આવ્યો.

જ્યોર્જ IIIના ઘેરા લાલ પેશાબ અંગે કોઈ ડૉક્ટરોએ ધ્યાન ન આપ્યું અને આવો ઘેરો રંગ હિમોગ્લોબિનમાંના રસાયણ પૉરફાઈરીન (porphyrin) શરીરકોષોમાંથી ઉત્સેચક દ્વારા વિઘટન પામી પેશાબમાં તેની હાજરી દર્શાવે છે. જ્યોર્જમાં આ નિર્ણાયક ઉત્સેચકની ગેરહાજરી હતી, જે ઉત્પરિવર્તીજનીનને કારણે થયેલી. આથી વધુ ગંભીર બિના એ છે કે પૉરફાઈરા રોગ ચેતાતંત્રને અસર કરે છે. શરૂમાં ચેતાતંતુ ઉપર આક્રમણ તથા છેવટે તેની અસર ક્રમશઃ મગજ સુધી પહોંચે છે; પરિણામે લકવો, ઉન્માદ તથા અસહ્ય દર્દ થાય છે. આવી સ્થિતિમાં કોઈ પણ નિર્ણય, ખાસ કરીને રાજકીય, લેવો ઇચ્છનીય નથી હોતો.

જ્યોર્જ IIIના પૉરફાઈરાનું ઉગમ છેક ૧૬મી સદીના તેના પૂર્વજ મૅરિક્વીન ઑફ સ્કૉટ્સ સુધી પહોંચે છે. ૧૭૮૬માં આ રોગે પર્શિયાના ફ્રેડરિક ધ ગ્રેટનો ભોગ લીધો હતો. રાણી વિક્ટોરિયાના પિતા એડવર્ડ-ડ્યૂક ઑફ કેન્ટ, આ રોગથી ખૂબ પિડાયેલા અને જ્યોર્જ IIIના મૃત્યુના થોડાં અઠવાડિયાં અગાઉ જ આ રોગના હુમલાથી મૃત્યુ પામેલા. આ રોગ-સ્થિતિ જ્યોર્જ IIIના બધાં જ વારસોમાં ઊતરી, પરંતુ આશ્ચર્યજનક રીતે રાણી વિક્ટોરિયામાં ન જણાઈ. ❑

ગ્રામકથા

કડિયાદરું : સૂરજના હસ્તાક્ષર

ડૉ. કેશુભાઈ દેસાઈ

કડિયાદરાની વ્યુત્પત્તિ તો કે. કા. શાસ્ત્રી જેવા વિદ્વજ્જનને પૂછીએ તો ખબર પડે પરન્તુ આખા ઉત્તર ગુજરાતમાં પથરાયેલી વગડાઉ ધરો સમી આંજણા પાટીદાર કોમનું એ સૌથી સંસ્કારી ગામ ગણાતું રહ્યું છે એટલું તો મારેય કબૂલવું પડે. મારું મોસાળ છે એટલે લખાણ કરું છું એમ ન માનશો. કડિયાદરાની માટીમાં એ કૌવત છે. ઇડર રાજ્યની દીવાદાંડીનું બિરુદ અમસ્તું ન જ મળ્યું હોય. વસતી ભલે આંજણા પાટીદારોની રહી; રાજ્ય સમ્માનરૂપે એ પૈકી કેટલાક 'દેસાઈ' ગણાયા હોય અને વહીવટમાંય એમની વટ પડતો હશે ક્યારેક. પરંતુ કડિયાદરાનું હાર્દ આ ખેડૂત કોમ કરતાં વિશેષ એનો વિદ્યોપાસક બ્રાહ્મણસમાજ રહ્યો છે. મુડેટીના બ્રાહ્મણોની બરોબરી કરી શકે એવા તેજસ્વી અને કદાચ એમનેય આંટી મારે એટલા તપસ્વી. આખું ઉત્તર ગુજરાત ઊંઘતું હતું એ જમાનામાં ઘઉંઆ કિનારે વસેલી આ સંસ્કારનગરી જાગી ગઈ હતી. પાઠશાળા તો ઠીક, એમાં કન્યાઓ માટેની રાત્રીશાળા અને દલિતો માટેની અંત્યજશાળા ચાલતી હતી. પોણોસો વરસનું આયખું ભોગવી વીસ વરસ અગાઉ દેવલોક પામેલાં મારાં જનેતાને બ્રાહ્મણો દ્વારા ચલાવાતી રાત્રીશાળાનો લાભ મળેલો. બે ચોપડી ભણ્યાં હતાં અને છાપું ઉકેલી શકતાં હતાં. ક્યાંય નહીં ને અંતરિયાળ કડિયાદરામાં પ્રજારાજની ચળવળ ચાલતી હતી! પ્રભાતફેરીઓ નીકળતી. ગાંધી મહાત્માની વાતો થતી. ગીતો ગવાતાં. માજી વારંવાર એમની જીભે ચડી ગયેલી કડી ગણગણતાં :

> ક્યાં લગી તાપમાં તપાવશો ?
> હિંદને સ્વરાજ, પ્રભુ, ક્યારે અપાવશો ?

કડિયાદરાનો આ ઉજમાળો અતીત વાગોળવાનું નિમિત્ત ક્યારેક કાલિદાસ પંચાલ - જેમને હું ઉમળકાભેર 'કાળામામા' કહું છું - પૂરું પાડે છે તો ક્યારેક હાઈ સ્કૂલના શિક્ષકો. કડિયાદરામાં મોટા મોટા મહાનુભાવો પગલાં કરતા રહે છે. અમૃતલાલ યાજ્ઞિકને મેં જિંદગીમાં એક જ વાર સાંભળ્યા છે, તે કડિયાદરાની તન્ના હાઈ સ્કૂલના મંચ પર પ્રધાનોને હવે પ્રજા ઝાઝું મહત્ત્વ નથી આપતી છતાં છાશવારે પ્રધાનોની લાલ લાઈટવાળી ગાડીઓ પણ આ ઇડરિયા ગામના ધૂળિયા રસ્તા ધમરોળતી રહે છે. વિનોબાથી લઈ વિજય મરચંટ સુધીની હસ્તીઓ એનાથી આકર્ષાઈ છે. અંજાઈ છે એમ કહેવામાં પણ અતિશયોક્તિ નહીં ગણાય. બ્રાહ્મણોએ પેટાવેલી વિદ્યા-જ્યોત ઓચિંતી લુહાર પરિવારના હાથમાં પહોંચી ગઈ અને કડિયાદરું રાતોરાત પૃથ્વીના પાટલે મંડાયું. સમર્પણના પર્યાય સમા **કાલિદાસ પંચાલે કડિયાદરાને કેળવણીનું ધામ બનાવવાનો શુભ સંકલ્પ** લીધો. એ સંકલ્પ એમના વિશાળ મિત્રવર્તુળે ઉમળકાપૂર્વક ઊંચકી લીધો અને પાર પાડી બતાવ્યો. કડિયાદરાના કાલિદાસને જોઉં છું ને મને સુંદરમ્ સાંભરી આવે છે. એમની 'ઘણ ઉઠાવ' કવિતા જીભે ચડી જાય છે :

> ઘણુંક ઘણું ભાંગવું, ઘણ ઉઠાવ મારી ભુજા !
> ઘણુંક ઘણું તોડવું, તું ફટકાર ઘા ઓ ભુજા !

કાલિદાસ પંચાલ અને ત્રિભુવનદાસ લુહાર (સુંદરમ્) બેઉમાં સામ્ય હોય તો નવસર્જનના અનિર્વચનીય ઉન્મેષને મુદ્દે. કાલિદાસે જે કાવ્ય રચ્યું છે એ ય ઘણું ટકાઉ છે! કડિયાદરું **એમનું જીવનકાવ્ય** બની ગયું છે. ચકબસ્તની ભાષામાં કહેવું હોય તો કાલિદાસ પંચાલનો એક પગ ઈંડિયામાં અને બીજો અમેરિકામાં રહેતો હોવા છતાં એમનું ભીતર તો આટલી જ રટણા કરતું હશે : 'મર કર ભી ચાહતે હૈં ખાક-એ-વતન કફન કો.' આ વતનપરસ્તી બહાદુરશાહ 'ઝફર'માં પણ હતી, કાલિદાસમાં પણ છે અને મારા-તમારામાં પણ હોય. એનું પોત અલગ અલગ હોઈ શકે. કાલિદાસની વતનપરસ્તી ખૂબ જ ઘટ્ટ છે. એમને નક્કર ઘાટ આપ્યા વિના જંપ નથી વળતો; કારણ કે એ જન્મે જ વિશ્વકર્માના વંશધર છે. લોઢાં કૂટવાનું અઘરું કામ કરનાર માટે ગામને ઘાટ આપવાનું કામ આપોઆપ સુકર બની ગયું. કબૂલવું જોઈએ કે એ ભગીરથ કાર્યમાં ગામના પેલા ભૂદેવોના આશીર્વાદ હતા એમ પાટીદારોનીય હૂંફ હતી. હશે, કયાંક જુનવાણી વિચારો સાથે ટકરામણના કડવામીઠા પ્રસંગોય બન્યા હશે. કોઈએ અણસમજમાં આકરાં વેણ પણ બકી નાખ્યાં હશે. પણ કડિયાદરાની ધરતીએ કાળબળ ઓળખીને એના નવસંસ્કરણના કર્ણધાર તરીકે એ લુહારના છૈયાને જ એનો ખરો વારસ ઠેરવ્યો.

કાલિદાસ વેણીરામ પંચાલ કડિયાદરાના નવસર્જનના કાર્ય જેટલું જ મહત્ત્વ એના પૂર્વસૂરિઓની પુણ્યસ્મૃતિને આપતા રહ્યા છે. તાજેતરમાં કડિયાદરાના કેટલાક સંસ્કારપુરુષોના ગુણાનુવાદનું પર્વ ઉજવાયું ત્યારે એમણે રાજકારણીઓને બદલે વિદ્યાપુરુષોને નોતર્યા હતા! બાળવયે કડિયાદરામાં ભણી-ગણીને પાછળથી યુરોપમાં ઠેકઠેકાણે તબીબી સેવાઓ આપનાર લંડનનિવાસી ડૉ. વસંતભાઈ દવે પણ મારી જેમ કડિયાદરાના ભાણેજ છે. કાલિદાસ પંચાલના અને આખા કડિયાદરા પંથકના 'માસ્તરસાહેબ' એવા પુણ્યશ્લોક પુરુષોત્તમદાસ પટેલની પાવન સ્મૃતિમાં હાઈ સ્કૂલના પ્રાંગણમાં સુંદર ગ્રંથાલય શરૂ થયું છે.

(અનુસંધાન પૃ. ૪૬૦ પર)

વનવગડાનો માણસ

ઈવા ડેવ

શિરસ્તા મુજબ બપોરની વામકુક્ષી કરીને અમે ઊઠ્યાં. બાગમાં એક નજર નાખી. ચા બનાવવા જતાં પહેલાં સરલા રોજબરોજની ફરિયાદ નોંધાવતી ગઈ : 'ઝીણાભાઈએ પાછી લાંબી રજા પાડી દીધી લાગે છે. ચાલો, આપણા બેની ચા બનાવી લાવું છું. આ સારી નોકરી કહેવાય, નહિ ? જ્યારે રજા પાડવી હોય ત્યારે આપમેળે પાડી દેવાની; ના આપવી પડે એની પહેલી કે વહેલી ખબર કે ના મોકલવી પડે કોઈ ચિઠ્ઠીબિઠ્ઠી ! એમની મરજી-નામરજીની વાત. કારણ પૂછો તો સો બહાનાં બનાવે, થોડાં સાચાં, મોટા ભાગનાં જૂઠાં. દિલગીરી વ્યક્ત કરવાની વાત તો પાસે ઢૂકેય નહિ.'

ઝીણાભાઈ અમારા માળી હતા. હરરોજ ત્રણ વાગ્યાના સુમારે તેઓ આવતા અને પાંચ વાગ્યાની આસપાસ, એમનો ચાનાસ્તો કરીને એમને ખોરડે પાછા વળતા. સાત વર્ષો પહેલાં બદલી લઈને હું વતનમાં આવ્યો અને પછી ત્રણ વર્ષોથી નિવૃત્ત થયા બાદ, દસ વર્ષોથી ઝીણાભાઈ અને એમનાં પત્ની કંકુબહેન અમારે ત્યાં કામ કરતાં થયાં હતાં. બેએક સાલથી તબિયત ઠીક નહિ રહેવાને કારણે ઝીણાભાઈના શબ્દોમાં 'એણે-એમની એણે-નિરાંત લીધી હતી.' આમ જુઓ તો બે કુટુંબો પરસ્પર અવલંબિત હતાં અને છતાંય અમારી વચ્ચે વણલખી એક સામાજિક ઊંડી ખાઈ પણ હતી. એના પર થઈ જતી અનિયતકાલિક ચર્ચા આજે પણ છેડાઈ ગઈ.

મારાથી એમનો બચાવ થઈ ગયો, 'બેચાર દિવસ થઈ ગયા છે તો બનવાજોગ છે કે માંદા પણ પડી ગયા હોય.' કામદારોના કામની વા કહો કે કામ લેવાની મારી રીતરસમ સરલાને ખાસ રુચતી નહોતી. જો કે તે વાત મારે માટે નવી પણ નહોતી. લાંબી સરકારી નોકરી દરમિયાન મારા સ્ટાફને પણ ત્રીજી-ચોથી શ્રેણીના કાર્યકરો તરફનો મારો ઉદાર દૃષ્ટિકોણ બહુ ગમતો નહોતો. મને 'ઢીલાસાહેબ'નો ખિતાબ મળેલો હતો. સરલાને એ વાતમાં કંઈક વજૂદ લાગતું. બીજાઓની જેમ તે પણ માનતી કે મોટાભાગે 'આવા'- એટલે કે નોકરી-ચાકરી કરનારા-લોકો મારી ભલમનસાઈનો દુરુપયોગ કરે છે. ખોટો ફાયદો ઉઠાવે છે; એથી એમની પાસેથી કડકાઈથી કામ લેવું જોઈએ.

છતાંય તે પર અમારી ચર્ચા ચાલુ રહેતી. હલકે પગે હીંચકે ઝૂલતાં મેં વાતનો તંતુ પકડી રાખ્યો, 'હું જાણું છું કે તને હું એમનો ખોટો બચાવ કરતો હોઉં એમ લાગે છે. તું જાણે છે કે આ વાત મારે માટે કાંઈ નવી નથી. અમારા ત્રીજી-ચોથી શ્રેણીના કાર્યકરો... !'

મને અધવચ્ચે રોકીને એણે કટાક્ષ કર્યો, 'કાર્યકરો નહિ, અમલદારો. તમે પ્રથમ શ્રેણીના અને તેઓ એમની શ્રેણીના !'

'અલબત્ત, સરતચૂક થઈ ગઈ બોલવામાં. મોટા ભાગના તે અમલદારો અમને સાહેબોને સવારથી સાંજ સુધી આમ ટલ્લે ચઢાવતા રહેતા. સવારે હાજરીપત્રકમાં સમયસર સહી કરવાની બાબત હોય કે પછી દિવસ દરમિયાન સોંપાયેલાં નાનાંમોટાં કામો હોય; મોડા પડવાનાં બહાનાં સિફતથી પાસે તૈયાર રાખેલાં જ હોય. હકીકતમાં, સરલા, બધીય શ્રેણીના, અથવા બધાંય મનુષ્યો અમુક નાજુક પળે કોઈ ને કોઈ બહાનું કાઢે છે, ખોટું બોલતા અચકાતા નથી; ફરક હોય છે માત્રાનો.'

આવી બાબતોમાં સરલાનું મૌન સંમતિસૂચક હોવાને બદલે ઠંડા વિરોધનું સૂચક હોય છે. મેં મારું ફિલસૂફી-બયાન ચાલુ રાખ્યું, 'આપણે સવર્ણો એમનાં જીવન અને વ્યવહાર-વર્તનને આપણા સંકુચિત મધ્યમવર્ગી દૃષ્ટિકોણથી માપવાનું ચૂકતાં નથી. એમનું સાંસ્કૃતિકીકરણ કરવાનો આપણે આપણો નિજી હક માનીએ છીએ. પેટિયા માટે શું નોકરીમાં કે શું દાડિયે છૂટક આવું કામ કરતાં આ માણસો આપણે આધીન છે એટલે તેઓ આપણો નહિ, પણ આપણે એમનો લાભ ઉઠાવતાં હોઈએ છીએ. મૂળ વાત છે આર્થિક પરાધીનતા.'

સરલા એનો મત પ્રદર્શિત કરવા જતી હતી ત્યાં દરવાજો ઊઘડવાનો અવાજ આવ્યો. અમે નજર ફેરવી તો ખૂલેલા દરવાજામાં અમે ઝીણાભાઈની મોટી દીકરીને પ્રવેશ કરતી જોઈ.

'શારદા આમ કોઈક દિવસ જ આવે છે. કૈંક થયું લાગે છે. કદાચ તમારી વાત સાચી લાગે છે.'

શારદા આવીને સાડલો, મારી હાજરીને કારણે, માથે સંકોરતી થોડી વાર માટે ચૂપ ખડી થઈ રહી. પછી એકદમ પોક મૂકીને રડી પડી. અમે બેઉ આભાં બની ગયાં અને અમારું કુતૂહલ વધી ગયું; સાથે સાથે આશંકા અને ડર પણ. સરલાએ એને વરંડામાં અંદર બોલાવી, બેસાડી અને નીચે એની પાસે બેસી જઈને એને માથે-બરડે હાથ ફેરવીને સાંત્વન આપવાનો યત્ન કર્યો.

બેચાર પળ પછી થોડી સ્વસ્થ બની એ એકશ્વાસે બોલી ગઈ, 'બેન ! બાપો મરી ગયો !!'

'હેં, હેં ! ઝીણાભાઈ ગુજરી ગયા ?' અમને આંચકો લાગ્યો અને અધ્ધર શ્વાસે અમારા મોંમાંથી નવાઈના બોલ નીકળી ગયા. જાણે કમોસમ ગડગડાટ કરતી વીજળી ફાટી પડે તેમ તે ખબર અમારા ચિત્તાકાશમાંથી ચિરાડ પાડતી હૃદયને

તળિયે પહોંચી ગઈ. તે ફરીથી ડૂસકાં લેતી આક્રંદ કરવા લાગી. અમે શૂઢમૂઢ, અવાચક એને જોઈ રહ્યાં.

નૈસર્ગિક રીતે જ મારી નજર બાગની ચોમેર ફરવા લાગી - ઝીણાભાઈના ઝીણા, પાતળા પણ ખડતલ દેહનો જીવંત આકાર ભાળવા માટે. એને બદલે એમની ગેરહાજરીના અણસારા આપતાં હતાં - અહીંતહીં વેરાયેલાં પચરંગી પાંદડાં, રસ્તા પરથી ઊડીને આવેલો કચરો, પ્લાસ્ટિકની કોથળીઓ, ન્યૂઝપેપરોના ડૂચાઓ, ભાતભાતના કાગળના ટુકડાઓ કાપવાની રાહ જોતી આસોપાલવની નીચે ઝૂકી ગયેલી ડાળીઓ ને પાણીના અભાવે સુકાતા, ચીમળાયેલા છોડ; જાણે એમના રખેવાળ, દેખભાળ લેનાર સ્વજનનો ખરખરો ના કરતાં હોય! સમગ્રપણે તે મને આવતી કાલની એંધાણી આપી ગયાં. પ્રવાસમાં વાટે કોઈ હમસફર ભેટી જાય અને પછી એમ જ આકસ્મિક કોઈ વળાંક પર તે અલોપ થઈ જાય એવી સ્થિતિ મેં અનુભવી, કારણ કે મેં નિવૃત્તિ પછી બાગકામને મારી મુખ્ય હૉબી બનાવી હતી; જો એ મોટાં ભારે અને કવાયતી કામોને સંભાળતા તો નાનાં અને નાજુક કામ, જેવાં કે કલમો કરવાનું, જંતુનાશક દવા છાંટવાનું, ઋતુ અનુસાર થતાં ફૂલોનાં બીજોની સમયસર ખરીદી કરવાનું અને એના રોપા તૈયાર કરવાનું વગેરે હું કરતો.

સરલાએ શારદાને સવાલ પૂછ્યો, 'અચાનક એમને આ શું થઈ ગયું? ગયે અઠવાડિયે તો એમણે આ લૉન પર મશીન ફેરવ્યું હતું. નખમાંય રોગ જણાતો નહોતો.'

'બેન! બેન હાચું કહું, કંઈ હમજ નથી પડતી. મા હાય હાય કરતી રડે છે. એકની એક વાત રટ્યાં કરે છે. "જવાનું તો મારે અતુ. હાથપગ તો મારા ભાંગી ગયા છે. કામ છોડીને ઘેર તો હું બેઠી'તી. ને મૂઆ તું કેમ દીસતો ર'યો?" પછાડા નાખે છે.' એને વધારે ડૂમો ભરાઈ આવ્યો.

'સબર કર, શારદા! માંડીને વાત કર. શું થયું?'

'બેચાર દા'ડાથી ખાંસતો'તો. છાતીમાં દુઃખતું'તું. શનો ઑસ્પિટલે લઈ ગયો'તો. આજે સવારે દમ જેવું થયું અને સાસ લેવામાં તકલીફ થઈ એટલે ફરી ઑસ્પિટલમાં દાખલ કર્યો અને બપોરે તો હનેપાત ચઢ્યો અને...' તે જોરજોરથી રુદન કરવા લાગી.

કૈંક કહેવું જોઈએ, દિલસોજી બતાવવી જોઈએ કે પછી અંતરમાં થઈ રહેલો મૂંઝારો વ્યક્ત કર્યા વિના રહેવાય એમ નહોતું એથી, જે કોઈ કારણ હોય, હું મને ઉદ્દેશીને સ્વગત બબડ્યો, 'માનવામાં ના આવે એવી વાત છે. રોડા જેવો માણસ! હા, સાવ રોડા જેવો! જેમ ફંગોળો એમ ફંગોળાય, જ્યાં ફેંકો ત્યાં ફેંકાય, પડે, આખડે-પાખડે પણ શરીરને આટલી આંચ ન આવે. જે આપો તે ખાઈ જાય, જે આપો તે પી જાય, જ્યારે આપો ત્યારે; ના સમયની, ના માપની કોઈ મર્યાદા! સ્વાહા કરી જાય બધું, કૈંક કહું તો હસતા હસતા કહે, "સાએબ, હું ર'યો વનવગડાનો માણહ! મને કંઈ ના થાય. કોદરાની કોઠી જેવું છે આ પેટ. ઘંટીની જેમ ફરે છે. બધું હજમ થઈ જાય છે મને. તમે પેટને બહુ પંપાળો એટલે પોરિયાની જેમ વંઠે." સાચું જ નથી લાગતું ચપટીમાં એ આમ નીકળી જશે!' એક દીર્ઘ નિશ્વાસ સરી ગયો મારા હૃદયમાંથી.

એનું વિસ્મય બતાવતી શારદા બોલી, 'બાપાને, સાએબ, તમારા પર બઉ હેત. ઘરે આવે ત્યા'રે તમારી વાતો કે'. છેવટ હુધી હનેપાતમાં એવું જ બધું અગડંબગડં બકતો ર'યો. કે' કે, "સાએબ, બચારા... નરી ચંતા કરહે... પેટ પંપાળે એવાએ. મને! મને કૈં ના થાય. આ બેઠો થઈ ગયો હમજોને...! કે' કે પોટલીઓ ના પીઓ, ગુટકા-તંબાકુ ના ખાવ. આ દેહ ડબૂક થઈ જહે. હા, હા, હા... એ બધું તમને થાય, સાએબ! હું આ આયો હમજો. મારા કામમાં કે'વું ના પડે. બાગની ચંતા ન કરો... આ આયો હમજોને! બાગને ચોખ્ખોચટ્ટ કરી દઈહ. એ તમારું કામ નઈ. રે'વા દો તમે. તમતમારે હીંચકે બેહો અને પેટ પંપાળો... ચપટીમાં બધું થૈ જહે. બાગ વાળી દઈહ, ડાળીઓ કાપી નાખીહ, પાણી પિવાડી દઈહ... છાંટો નાખ મોંમાં... ગુટકો આલ્ય મને... ઓ! શારદી...ક્યાં મૂઈ તું...?" બસ, એમ લવારો કરતો કરતો એનો જીવ...' પાછાં એનાં ડૂસકાં બાગમાં પડઘા પડતાં રહ્યાં. જવાબમાં પાછળની વાડમાંથી કાળિયાકોશીનો ઘૂ...ઘૂ... રવ ઊઠ્યો, મારી યાદદાસ્ત તાજી કરતો: ઝીણાભાઈએ મને એની તદ્દન વિભિન્ન ઓળખાણ કરાવી હતી, 'આ બોલે છે તે?... ઓ! એ... એ તો દુખિયો છે.'

*

ગટુડિયો વાવડ આપી ગયો કે દાદાને સવારે દસેક વાગે કાઢવાના છે. અમે સમય પહેલાં ઝીણાભાઈના ખોરડે પહોંચ્યાં, છેલ્લા રામરામ કરવા.

તે વાસ એક બીજી જ, જુદી જ દુનિયા હતી. ત્યાં આમ કોઈ સામાજિક વ્યવહારાર્થે જવું પડશે એવો વિચાર કલ્પનામાં પણ આવ્યો નહોતો. સુઘડ સફેદ પોશાકમાં પરિધાન એવાં અમને પોતાને જ અડવું લાગતું હતું. એક વિચાર ઝબક્યો કે અમારા આટલા લાંબા સહવાસમાં જ્યારે એ બેઉ અમારા ઘરના ખૂણા ખૂણાથી વાકેફ હતા, અમારા દુખસુખમાં ઊભે પગે સહાય કરતાં રહ્યાં હતાં ત્યારે અમે બેઉએ એમના જીવનમાં નાનું સરખું ડોકિયું પણ નહોતું કર્યું. અમારાથી એમની સાથે ઘરોબો નહોતો બંધાયો; એમની જિંદગીનાં ઘણાં બીજાં પાસાંથી અમે આજ સુધી સંપૂર્ણપણે અજ્ઞાત રહ્યાં હતાં.

એક જર્જરિત જાજમ પર થોડા વૃદ્ધ અને આધેડ માણસો બેઠા હતા જ્યારે બીજા જુવાનો અહીંતહીં-પાળીઓ પર, ઓટલીઓ, સાંકડા રસ્તા પર વેરાયેલા હતા. મેં એમના બે દીકરાઓને એમાં ખોળવા યત્ન કર્યો, પરંતુ તેઓ ક્યાંય દેખાયા

નહિ. અમને આવતાં જોઈ તે ટોળામાં થોડી હલચલ થઈ, 'ઝીણાના સાએબ આયા... ઝીણાના સાએબ આયા...!' ઘરમાંથી સમૂહરુદનનો અવાજ આવતો હતો જે વરંડામાં બેઠેલી સ્ત્રીઓ ઝીલતી હતી. સરલા ઘરમાં જવા કરતી હતી ત્યાં શારદા ઝડપથી બહાર ધસી આવી, 'આવો સાએબ, આવો બેન !' ભીડમાંથી રસ્તો કરતી તે અમને અંદર દોરી ગઈ.

તે અંધારી ખોલી હતી; માંડ દસ માણસો બેસી શકે એવી. તેમાં, ઝીણાભાઈના સફેદ વસ્ત્રમાં લપેટીને સુવાડેલા દેહની આસપાસ વીસપચીસ સ્ત્રીઓ બેઠી હતી. અમને પ્રવેશતાં જોઈને કંકુબહેને ઠૂઠવો મૂક્યો. મેં ઝીણાભાઈના મુખને જોયું - અનંત, ચિર નિદ્રામાં પોઢેલા એમના શ્યામ મોં પર આજ સુધી જોયેલી ખુમારી અકબંધ હતી જે એમનો દાંતમાં ભિડાયેલો, હરહંમેશ લબડતો હોઠ ઇંગિત કરતો હતો. જેવો મેં એમણે જ ઉછેરેલા ગુલાબોના ગુચ્છાને એમની છાતી પર મૂક્યો અને સરલાએ ગલગોટાના હારને એની આજુબાજુ સાચવીને ચઢાવ્યો તેવો કંકુબહેનના હળવા થયેલા રુદન સાથે જાણે મેં ઝીણાભાઈનો અવાજ સાંભળ્યો, 'મને કશું નથી થયું, સાએબ ! આ... આ ઊઠ્યો હમજોને !'

'સાએબ ! બેન ! જુઓને...! આ મૂઓ... મને એકલી મૂકીને ભાગી ગયો. હેં બેન ! નખમાંય રોગ અતો એને ? જવાનું તો મારે અતું, ચલાતું નથી, હાથ ભાંગી ગયો છે, કામ થતું નથી. ને લો, બસ, એ હેંડી નીકળ્યો ! છેડો ફાડીને !' તેઓ ઠૂઠવો મૂકીને છાતી કૂટવા લાગ્યાં. 'અવે, બસ કર, અવે બસ કર...' બીજી બાઈઓ એમને સાંત્વન આપવા માંડી. ત્યાં ખોલીની હવડ દુર્ગંધથી નાસિકા ભરાઈ ગઈ અને અમે બહાર નીકળી આવ્યાં. એકબે ભાઈઓએ ક્યાંયથી ગોતી લાવેલી બે પ્લાસ્ટિકની ખુરશીઓ પર બેસવા અમને વિનંતી કરી. એક ત્વરિત વાસથી ફરી મારી નાસિકા ઉત્તેજિત થઈ, જેણે ઝીણાભાઈના મોંમાંથી અવારનવાર આવી જતી દેશી દારૂની તીવ્ર ગંધની યાદદાસ્ત તાજી કરી; ક્ષણેકમાં તો પ્રતીતિ થઈ કે ત્યાં વાતાવરણમાં તે હલકી હલકી પરિક્રમા કરતી હતી, એક ડાઘુથી બીજા ડાઘુ પર.

'ચાલો, જઈએ.' સરલાએ એમાંથી જલદી છૂટવા સૂચન કર્યું.

'તું જા. હું સ્મશાને બધું પતશે પછી આવીશ.' તે એના અસંમતિસૂચક મૌન સાથે શારદાને દિલાસો આપીને તેજ ગતિથી ત્યાંથી નીકળી ગઈ.

ચિત્રવિચિત્ર પ્રકારના વિચારો મારા મનમાં ઊભરાતા હતા, 'એવું ક્યું કારણ છે જે મને ઝીણાભાઈને છેલ્લી વિદાય આપવા માટે આટલો વિવશ કરે છે ? મારી હાજરી અહીં બિનજરૂરી છે એટલું જ નહિ, કદાચ એમને બોજારૂપ પણ લાગતી હશે. શું તું પોતાને ગુનાહિત માને છે કે જીવનમાં એમને યથાયોગ્ય સહાય આપવામાં નિષ્ફળ નીવડ્યો છે ? કે પછી કોઈ અજ્ઞાત ભાવ તને આમ કરવા લાચાર બનાવે છે...?'

'સાએબ...!' કોઈએ મને મારી બેશુદ્ધિમાંથી જગાડ્યો. જોયું તો એક મારી ઉંમરનો, પણ એના મોં પરની કરચલીઓને લીધે વયોવૃદ્ધ લાગતો, એક ડાઘુ કાચના પ્યાલાને મારી સામું ધરતો ઝૂકીને ઊભો હતો. 'છાંટોક લેશો ? ઝીણાના જીવને ટાઢક વળહે ?'

તે એટલું અણધાર્યું બન્યું હતું અને એવું અસાધારણ હતું કે હું જબરજસ્ત મૂંઝવણ અનુભવી રહ્યો. મેં ધારીને એના મોં પરની કરચલીઓની અંદર સંતાઈ ગયેલી આંખોમાં નજર પોરવી, એ જાણવા કે તે મારી ઠેકડી તો નથી ઉડાવી રહ્યોને ? પણ તેમાં ભોળપણ અને નરમાશ સિવાય બીજો કોઈ ભાવ મને દેખાયો નહિ. મેં નજર ઉઠાવીને ચોપાસ ફેરવી તો ખયાલ આવ્યો કે ત્યાં ઉપસ્થિત ડાઘુઓમાંના મોટા ભાગના એના હરરોજ સાંજે શરાબના ઠેકા પર પોટલીની લહેજત માણનારા હમસફરો હતો, જે રહસ્ય એમણે મારાથી તે દિવસ સુધી છતુંછૂપું રાખ્યું હતું અને ત્યાં ચક્કર મારી રહેલી બદબોનો સ્રોત મને આદરથી ધરેલી સુરા હતી. વ્યગ્રતા દૂર થઈ પણ દ્વિધા ચાલુ રહી, 'શું કહેવું એને ?'

'એય, કાકા, આ શું તમાશો માંડ્યો છે ? લાજ છે કે નહિ ? માફ કરજો સાએબ ! એ ઢબ્બુ જેવો છે; કંઈ ગતાગમ નથી.' એના હાથમાંથી પ્યાલો ઝૂંટવી લઈને, એને મારી આગળથી દૂર ખસેડતાં ઝીણાભાઈના મોટા દીકરા કાંતિએ મને અરજ કરી. ડાઘુઓમાંથી થોડાએ હી હી કર્યું, તો થોડા બીજાઓએ ફરી એને ઠપકાર્યો. ડોસાને બિચારાને એણે શું ખોટું કર્યું છે તે સમજાતું નહોતું.

પાંચેક મિનિટ પછી કાંતિ મારી પાસે આવીને હાથ જોડીને બોલ્યો, 'મા કે' છે કે હવે તમે પધારો.'

મારાથી સ્વયંસ્ફૂરિત ઉત્તર દેવાઈ ગયો, 'ના, હું એમને કાંધ દેવા આવ્યો છું. ઝીણાભાઈએ અમને બહુ કાંધ દીધી છે. એમને છેલ્લી કાંધ દીધા વિના હું કેમ ઘેર પાછો વળું ? સ્મશાને તમારી સાથે આવીશ.'

'સાએબ ! અમારો રવાજ જુદો છે. હું અને શનો વનવગડે ગયા'તા, ખાડો ખોદવા; બાપાને દાટવા માટે !'

ક્ષણાર્ધમાં મારા અને ઝીણાભાઈનાં બે ભિન્ન અસ્તિત્વનો સીસમ મારી આગળ ખૂલી ગયો. પછી સાવ ધીમે ધીમે એમના વારંવાર બોલાતા 'હુ ર'યો વનવગડાનો માણહ !' વાક્યનું રહસ્ય મારી સામે છતું થતું ગયું. એમને કાંધ દઈને વનવગડે ગયો, એમના ખાડામાં દાટેલા દેહ ઉપર બે મુઠ્ઠી માટીને વેરી અને મારા-એમના બાગમાં પેસતાં સાથેસાથે ઉગાડેલી ને પોષેલી સમગ્ર વનરાજી પર એમણે છોડેલી એમની આગવી અંગુલિમુદ્રાની લિપિને ઉકેલવાનો પ્રયત્ન કર્યો.. ત્યાં સુધી.

❑

વિનોદિકા

તમારે કંઈ કહેવું છે ?

કલ્પના દેસાઈ

ઘણી વાર મારી બુદ્ધિ બહેર મારી જાય છે! (જો કે એ તો જેનામાં હોય એની જ બહેર મારે !) પાછી નવાઈની વાત એ કે, મોડે મોડે પણ મને એની ખબર પડે ખરી ! એટલે જ્યારે આવો દુ:ખદ અવસર આવે છે ત્યારે, હું મારાં સર્જનને બીજાની સમક્ષ રજૂ કરી એના વિશે અભિપ્રાય માગવાની અક્ષમ્ય ભૂલ કરી બેસું છું. હજી હમણાં જ થોડા દિવસો પહેલાંની વાત છે. મેં અથાણું બનાવ્યું. એમાં મેં કોઈ ધાડ નથી મારી કે કોઈ ભૂલ નથી કરી. દર વર્ષે અથાણું બનાવું છું. સરસ ને ચટાકેદાર ! ચાર માણસમાં પુછાય ને વખણાય (સ્ત્રીઓમાં પણ !) એવું. (ખાનગીમાં જણાવું તો, મારે તો ફક્ત ચોપડીમાંથી જોઈને જ બનાવવાનું હોય છે. તો ય વખણાય, બોલો !) દર વર્ષે બનાવ્યાં પછી, અથાણું હું જ ચાખી લઉં અને 'બરાબર છે'નો શેરો મારી દઉં. પણ આ જ વર્ષે કોણ જાણે કેમ મને શું સૂઝ્યું કે, મેં ડાહી થઈને અમારા ઘાટી પાંડુને અથાણું ચખાડ્યું. 'જો તો પાંડુ; જરા આ અથાણું ચાખ તો. બરાબર છે કે ?' વર્ષોથી પાંડુ મારા હાથનું અથાણું ખાય છે. માગીને પણ ખાય છે, ભૂલી જાઉં તો ! પત્નીને ખુશ કરવા ઘણી વાર ઘરે પણ થોડું અથાણું લઈ જાય છે.

પણ, તે દિવસે જાણે કે અથાણું પહેલી વાર જોતો હોય એમ ગંભીર બની ગયો. અથાણાની ડિશને ધીરેથી એક હાથમાં પકડી, આંખો ઝીણી કરી બીજા હાથની પહેલી આંગળીથી અથાણાના સંભારમાં ખાડો કર્યો. સંભારને, વાસણ સાફ કરવાનો પાઉડર સમજીને ડિશ સાફ કરવાનો હોય એમ ગોળ ગોળ ફેરવ્યો. ને ચપ દઈને આંગળી મોંમાં મૂકી દીધી. પછી ખાસ્સી વારે આંગળી મોંમાંથી કાઢી શર્ટ પર લૂછી કાઢી ! આંખોને ઘડીક નીચે, ઘડીક ઉપર, ઘડીક ડાબે, ઘડીક જમણે એમ ખાસ્સી વાર સુધી ફેરવ ફેરવ કરીને છેલ્લે મારા મોં પર ટેકવી. ગૂઢ વિચારમાંથી બહાર આવ્યો હોય એમ ધીરે સાદે બોલ્યો, 'એમ તો જાણે કે... બરાબર છે પણ થોડી હિંગ વધારે છે.' બસ, એટલું કહી એ તો ટી.વી. જોવા જતો રહ્યો; પણ મારા માથા પર હિંગનો ડબ્બો ઠાલવી ગયો હોય એમ મારી બેચેની વધી ગઈ. આખા રસોડામાં હિંગની વાસ આવતી હોય એવું મોં બગાડી હું રસોડામાં જ માથે હાથ દઈ નીચે બેસી પડી. પાંડુએ ટાણું-કટાણું જોયા વગર જ મનમાં આવ્યું તે ભરડીને મને અણઘડ સમજવાની કોશિશ કરી હતી. પણ આવે સમયે મને ઘણી વાર કહેવત યાદ આવી જાય તેમ ત્યારે પણ આવી ગઈ, 'પાંડુ ક્યા જાને હિંગ કા સ્વાદ ?' ને અચાનક જ મને રાહત થઈ ગઈ.

ત્યાર પછી તો મેં આઠદસ વાર અથાણું ચાખ્યું. મને તો દર વખતે બરાબર જ લાગ્યું. પણ છેલ્લે છેલ્લે લાગ્યું કે, જરા...ક હિંગ વધારે છે ! હું તો ઝનૂનમાં આવી ગઈ. ઘરનાં સભ્યોને અલગ અલગ બોલાવી અથાણું ચખાડ્યું. કોઈને બરાબર લાગ્યું, કોઈને મીઠું વધારે લાગ્યું તો કોઈને મરચું ! (સરસ છે, એમ કોઈથી બોલાયું નહીં.) હિંગ બાબત કોઈ કંઈ બોલ્યું નહીં એટલે મેં 'ના... રે...' સાંભળવાની ખાતરીથી પૂછ્યું, 'આમાં હિંગ વધારે લાગે છે ?' તો દરેકનો જવાબ જુદો હતો ! 'ખાસ નહીં.' 'જ...રાક છે.' 'થો...ડી વધારે છે પણ વાંધો નહીં આવે.' અહીં હિંગ-બિંગમાં સમજ કોને પડે છે ! જરા અમસ્તું અથાણું ખાવાનું ત્યાં કોણ બધી પંચાત કરવાનું. છોડને બધી માથાકૂટ. જેવું બન્યું તેવું. એ તો ખવાઈ જવાનું. મહેમાનોમાં ને કામવાળામાં પૂરું કરજે ! ક્યારની અથાણું અથાણું કરે છે તે બીજો કોઈ કામધંધો છે કે નહીં ? એકે તો વળી કહ્યું, 'આમાં હિંગ નથી નાખી ? હિંગ વગર કંઈક વિચિત્ર જ લાગે છે !' મારું બધ્ધું ઝનૂન-બનૂન ફુસ્સ થઈ ગયું ને હવે પછી અથાણું ન બનાવવાનો, કદાચ બનાવું તો કોઈને ન ચખાડવાનો ને કોઈને પૂછવાની ભૂલ ન કરવાનો નિર્ણય લઈ લીધો.

આવું તો મારી સાથે ઘણી વાર બને છે વર્ષોથી ! હું બહાર જવા માટે તૈયાર થાઉં પછી અરીસાને જ પૂછી લઉં, 'બધું બરાબર છે ? હું કેવી લાગું છું ?' પણ એક દિવસ વળી ઘરમાં બધાં ટીવી જોતાં હતાં ત્યારે પુછાઈ ગયું, 'એ...ય ! જરા જો તો હું કેવી લાગું છું ?' 'અરે, એકદમ હીરોઇન ! બસ ? જા, હવે ટીવી જોવા દે.' 'મમ્મી...પ્લી...ઝ ! તું હમણાં ક્યાં વચ્ચે આવી ? કાયમ સારું જોવાનું હોય ત્યારે જ વાત કરવા આવી જાય. પેલી રૂમમાં અરીસો છે ને, જોઈ લે ને !' દુ:ખી ને ભારે મને પાછી અરીસા સામે જોઈને ચડેલા મોંએ અમસ્તી અમસ્તી વાળની એક લટ ડાબેથી જમણે ને જમણેથી ડાબે ગોઠવીને જોયું. સારા દેખાવામાં કંઈક ઉમેરાયું ? ડોકી ડાબેજમણે ફેરવતાં અરીસામાં જોતી રહી. માથાથી પગ સુધી નજર નાખી, 'સારી દેખાઉં છું' ના વહેમમાં બહાર નીકળી ગઈ ! વહેમમાં રહેવું સારું - આનંદિત રહેવાય. બધાંને પૂછવા જઈએ તો દુ:ખમાં વધારા સિવાય કંઈ જ થતું નથી એ સત્ય મને સમજાયું.

લખવાનું શરૂ કર્યું ત્યારે પણ આવા જ અનુભવો (?) દુ:ખદ અને કટુ અનુભવો થયેલા. 'સરસ લખ્યું છે, હં !' સાંભળવા બધે વંચાવતી રહી. પણ ચૂંથાયેલા કે ફાટેલા કાગળો સિવાય કંઈ હાથમાં ન આવતું ! (ઘણી વાર તો માગતી ત્યારે પરત થતા ને કોઈ વાર ખોવાઈ પણ જતા. એ તો ભલું થજો, ઝેરોક્સ બાપાનું !)

(અનુસંધાન પૃ. ૪૬૦ પર)

સંઘશાસિત પ્રદેશ

લક્ષદ્વીપ

ડૉ. જયકુમાર ર. શુક્લ

અરબી સમુદ્રમાં કેરાલાના સમુદ્રકાંઠાથી પશ્ચિમે આશરે ૨૦૦થી ૪૦૦ કિલોમીટરના અંતરમાં ૮° અને ૧૨° ૩' ઉત્તર અક્ષાંશ અને ૭૧° તથા ૭૪° પૂર્વ રેખાંશની વચ્ચે સંઘશાસિત લક્ષદ્વીપના ટાપુઓ છૂટાછવાયા પથરાયેલા છે. તેમાં પરવાળાના ૩૬ ટાપુઓનો દ્વીપસમૂહ અને ખુલ્લા ખડકો છે. આ ટાપુઓમાંના એન્ડ્રોટ, અમિની, અગટ્ટી, બિત્રા, ચેટલેટ, કડમથ, કલ્પેની, કવરતી, કિલ્તાન અને મિનિકોય આ દસ ટાપુઓમાં વસતી છે. તે ભારતનો સૌથી નાનો સંઘશાસિત પ્રદેશ છે અને ટાપુઓ પરવાળાના બનેલા છે. તેમાંથી કવરતી, મિનિકોય તથા અમિની મુખ્ય ટાપુઓ છે. આ ટાપુઓનું મુખ્ય મથક કવરતી છે. તેમાંનો સૌથી નાનો ટાપુ બિત્રા છે. ત્યાં ઘણી ઓછી વસતી છે.

લક્કદિવ, મિનિકોય અને અમિનદિવી ટાપુઓનો સંઘશાસિત પ્રદેશ ૧૯૫૬માં બનાવવામાં આવ્યો; અને નવેમ્બર ૧૯૭૩માં તેને લક્ષદ્વીપ નામ આપવામાં આવ્યું. તેનો સૌથી વધારે વસતીવાળો ટાપુ કેરાલાના કિનારાથી નજીક આવેલો છે.

લક્ષદ્વીપ ટાપુઓનો વિસ્તાર ૩૨ ચોરસ કિ.મી. અને તેની વસતી ૬૦,૫૯૫ની છે. તેમાં શહેરી વસતી ૫૬ ટકા અને શીડ્યૂલ કાસ્ટ તથા શીડ્યૂલ ટ્રાઈબનાં લોકો ૯૩ ટકા છે. આ ટાપુઓમાં વસતીની ઘનતા દર ચોરસ કિ.મી. દીઠ ૧૬૧૬ તથા સાક્ષરતા ૮૨ ટકા છે. આ ટાપુઓમાં વસતાં લોકો જેસેરી અને મહૂલ ભાષાઓ બોલે છે; જ્યારે હિંદી અને અંગ્રેજી પણ માન્ય ભાષાઓ છે. આ ટાપુઓની કુલ વસતીના ૯૪ ટકા લોકો મુસ્લિમ, ૪.૫૨ ટકા હિંદુ અને બાકીના ખ્રિસ્તી છે. ખેતીના મજૂરોનું લઘુતમ દૈનિક વેતન રૂ. ૪૦ છે, જે સમયાંતરે બદલાય છે.

આ પ્રદેશનું પાટનગર કવરતી છે. અગટ્ટીમાં એરસ્ટ્રિપ છે અને એન્ડ્રોટમાં એરપોર્ટ બાંધવાનું છે. લક્ષદ્વીપમાંથી લોકસભામાં એક સભ્ય ચૂંટીને મોકલવામાં આવે છે તથા લક્ષદ્વીપના વહીવટ માટે વહીવટદાર નીમવામાં આવે છે.

ઈતિહાસ : આ ટાપુઓનો પ્રાચીન ઈતિહાસ જાણવા મળતો નથી. અમિની, કાલ્પેની, એન્ડ્રોટ, કવરતી અને અગટ્ટીમાં પ્રથમ વસવાટ થવા માંડ્યો. એવી માન્યતા પ્રવર્તતી હતી કે, આ ટાપુઓમાં શરૂમાં હિંદુઓ વસતા હતા; અને ૧૪મી સદીમાં અરબ વેપારીઓએ તેઓની પાસે ઈસ્લામ ધર્મ સ્વીકારાવ્યો. પરંતુ થોડાં વર્ષો અગાઉ પુરાતત્ત્વીય ઉત્ખનન કરવામાં આવ્યું. તે પછી જાણવા મળ્યું કે છઠ્ઠી કે સાતમી સદીમાં બૌદ્ધ વસાહતીઓ ત્યાં રહેતા હતા અને હિજરી સંવત ૧૩૯માં તેઓનું ઈસ્લામ ધર્મમાં પરિવર્તન થયું. અગટ્ટીમાંથી તત્કાલીન શિલાલેખો પ્રાપ્ત થયા છે. હિજરી સંવત ૪૧માં આ ટાપુઓમાં આરબ સંત ઉબેદુલ્લાએ ઈસ્લામ ધર્મ ફેલાવ્યો હતો.

ઘણુંખરું ૧૬મી સદી પર્યન્ત, આ ટાપુઓ સ્વતંત્ર હતા. તે સમયે પોર્ટ્યુગીઝોનું આધિપત્ય સ્થપાઈ જતું અટકાવવા તેમણે ચિરાક્કલના રાજાની મદદ માગી. તેથી ત્યાં તે રાજાની સત્તા ના સ્થાપાઈ. તે પછી આ ટાપુઓ કાનાનોરમાં મોપલાં લોકોના વડા, અલી રાજાને મળ્યાં. તે ત્યાં સ્વતંત્ર રાજા બન્યો. મોપલાઓના વડાનું શાસન લોકોને પસંદ ન હતું તેથી ટાપુવાસીઓએ મૈસૂરના ટીપુ સુલતાનને ત્યાંની સત્તા સંભાળી લેવા વિનંતી કરી. તે મુજબ ટીપુ સુલતાને ઈ.સ. ૧૭૮૭માં ઉત્તરના ટાપુઓ તેના રાજ્યમાં જોડી દીધા. ટીપુના અવસાન બાદ, બ્રિટિશ ઈસ્ટ ઈંડિયા કંપનીએ તેનો કબજો લીધો. પરંતુ કાનાનોરના શાસકો ત્યાં વાસ્તવિક સત્તા ભોગવતા હતા. ભારત ઑગસ્ટ ૧૯૪૭માં સ્વતંત્ર થયા બાદ, સંઘ સરકારે ૧૯૫૬માં તેને સંઘશાસિત પ્રદેશ બનાવીને ત્યાં વહીવટદાર નીમ્યો. ઈ.સ. ૧૯૭૩માં લક્કદીવ, મિનિકોય અને અમિનદિવી દ્વીપસમૂહને 'લક્ષદ્વીપ' નામ આપવામાં આવ્યું.


પરવાળાના દ્વીપસમૂહ લક્ષદ્વીપમાં બાર પરવાળાના ટાપુઓ તથા બીજામાં ખડકો અને રેતી છે. છત્રીસ ટાપુઓમાંથી માત્ર ૧૧ ટાપુઓમાં વસતી છે. આ ટાપુઓનાં લોકો કેરાલાનાં લોકોને ખૂબ જ મળતાં આવે છે. મિનિકોય ટાપુ સિવાય અન્ય ટાપુઓનાં લોકોની ભાષા પણ કેરાલાની ભાષાને મળતી આવે છે. વસતી મોટા ભાગની મુસ્લિમોની છે. આર્થિક રીતે તેઓ પછાત હોવાને કારણે તેમનું વર્ગીકરણ અનુસૂચિત જાતિમાં કરવામાં આવ્યું છે.

ઉત્સવો : મોટા ભાગનાં લોકો મુસ્લિમો હોવાથી રમઝાન તથા મુહર્રમના તહેવારો પારંપરિક રિવાજો મુજબ શ્રદ્ધાપૂર્વક ઊજવે છે. ખ્રિસ્તીઓ ઈસ્ટર તથા નાતાલના તહેવારો ઊજવે છે.

ખેતી : શ્રીફળ આ પ્રદેશનો મુખ્ય પાક છે. પ્રતિવર્ષ ૨૭૭ લાખ જેટલાં શ્રીફળ પાકે છે. આ ઉપરાંત કેળાં, જામફળ, પપૈયાં વગેરે ફળ પણ પાકે છે. આશરે ૨૭.૫૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ખેતી કરવામાં આવે છે. આ ટાપુઓની આસપાસના સમુદ્રમાંથી પુષ્કળ માછલાં મળે છે. તેથી બીજો મહત્ત્વનો વ્યવસાય માછીમારીનો છે. દેશના બીજા કોઈ ભાગ કરતાં આ ટાપુઓમાં માછલાંની માથાદીઠ ઉપલબ્ધિ વધુ છે.

(અનુસંધાન પૃ. ૪૬૧ પર)

શામળાજી : ઈતિહાસ - ૯



સંકલન : ગિરીશભાઈ પંડ્યા

ઉપલબ્ધ જાણકારી મુજબ ગુજરાતના પ્રદેશનો અધિકૃત ઈતિહાસ વાસ્તવમાં મૌર્યકાળથી શરૂ થાય છે. ગિરનારના મહાક્ષત્રપ રૂદ્રદામા વિષેનાં લખાણોમાંથી ઉલ્લેખ મળે છે કે સાબરમતી નદી આજુબાજુનો પ્રદેશ આ શાસક હેઠળ આવેલો હતો. દેવની મોરી નજીકથી મળેલાં લખાણોમાંથી જણાય છે કે ચોથી સદી દરમિયાન આ પ્રદેશ સંભવતઃ કથિક વંશના શાસન હેઠળ હતો. દેવની મોરી નજીક કરેલાં ઉત્ખનનોમાંથી મળી આવેલાં સ્તૂપ, વિહાર અને સિક્કાઓનાં નિરીક્ષણો પરથી કહી શકાય છે કે ક્ષત્રપકાળના શાસન દરમિયાન અહીં બૌદ્ધધર્મ પ્રવર્તતો હતો. એ જ રીતે ચોથી-પાંચમી સદીનાં શિવાલયોમાંથી એવું માનવાને કારણ મળે છે કે અહીં એ કાળે શૈવધર્મ પણ પ્રવર્તતો હતો.

ગુજરાતમાં ગુપ્તકાળનું શાસન પાંચમી સદીથી શરૂ થયું. આ કાળનાં વિવિધ દેવ-દેવી સ્વરૂપો - પાર્વતીનું ભીલડી સ્વરૂપ, ચામુંડા, વારાહી, વૈષ્ણવી, વાયુ, ગણો તેમજ ગુપ્તશૈલીના શિવનાં શિલ્પો અહીંથી મળેલાં છે. શિવસંપ્રદાયની સાથે સાથે જ વિષ્ણુપૂજા પણ અહીં શરૂ થઈ જણાય છે.

છઠ્ઠીથી આઠમી સદી સુધી આ પ્રદેશ વલભીના મૈત્રકો હસ્તક રહેલો. રણછોડજીના મંદિરમાં જોવા મળતી નંદીની મૂર્તિ, ત્રિલોકનાથના મંદિરમાંની શિવગણોની ઊભી મુદ્રાવાળી મૂર્તિઓ, વિષ્ણુ અને ચામુંડાની મૂર્તિઓ મૈત્રક કાળની જણાય છે.

ઈ.સ. ૮૦૦ના અરસામાં, જગદ્‌ગુરુ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય અને નિમ્બકાચાર્ય તેમજ બીજાઓએ વૈષ્ણવ ધર્મને સમર્થન આપેલું. અહીંનાં મોટાભાગનાં યાત્રાસ્થળોનો જિર્ણોદ્ધાર પણ કરાયેલો. આમ, શામળાજી સમૃદ્ધ થતું ગયેલું. ત્યારે મંદિરો બંધાતાં અને યજ્ઞક્રિયાઓ થતી હતી. ઈ.સ. ૯૪૯નું સ્નેહવાડા નજીકથી મળેલું એક તામ્રપત્ર સૂચવે છે કે ત્યારે પરમારોનું રાજ્ય મોહડવાસ (આજનું મોડાસા) સુધી વિસ્તરેલું હતું. ચાલુક્યકાળ દરમિયાન વાઘેલાઓ અને સોલંકીઓએ આ પ્રદેશ પર શાસન કરેલું. ઈડરના મુરલીધર મંદિરની ખ્યાતિ આ બાબતની સાક્ષી પૂરે છે. આ કાળ દરમિયાન આ પ્રદેશમાં વૈષ્ણવ સંપ્રદાયનો પ્રસાર ચાલતો હતો.

ગુજરાતમાં સોલંકી શાસનના પતન બાદ ગુજરાતનો પ્રદેશ દિલ્હીના મુસ્લિમ સુલતાનોના હાથમાં ગયો. ચૌદમી સદી દરમિયાન હિંદુવાદના વિરોધમાં ઘણી લૂંટફાટો થયેલી. મુસ્લિમોનાં ધાડાંઓએ મંદિરો પર હુમલા કરી નષ્ટ કરેલાં.

ઈડરના રાજ્ય દ્વારા તે વખતે ચાલતી અરાજકતાનો લાભ લેવાયેલો, શામળાજી ઈડર રાજ્યના કબજા હેઠળ આવ્યું. ઈડરના શાસકો અને મુસ્લિમો વચ્ચે લડાઈઓ થઈ. ઈ.સ. ૧૫૨૦માં સુલતાન મુઝફ્ફરશાહે આ પ્રદેશ જીતી લીધો. ઈડરનરેશે મુસ્લિમો સાથે સંધિ કરી, પોતાનો પ્રદેશ પાછો મેળવ્યો.

મુઘલકાળ દરમિયાન ઈડરનું દેશી રાજ્ય નબળું પડતું ગયું. પરિણામે નાનીનાની ઘણી જાગીરો ઊભી થઈ. અકબરના શાસન દરમિયાન સહિષ્ણુતાની નીતિ હેઠળ ઘણાં નવાં મંદિરો બંધાયાં. એ પણ શક્ય છે કે શામળાજીનું મંદિર પણ આ કાળમાં જ જિર્ણોદ્ધાર પામેલું. આમ, તેનો કાયાકલ્પ થયો. ઔરંગઝેબની ધર્માંધતાની નીતિ હેઠળ ઘણાં મંદિરોનો નાશ થયેલો; શામળાજીનું મંદિર પણ તેમાંથી બાકાત રહી શક્યું નહિ. ઈડરનરેશ, ઠાકોરો અને રાજપૂતો ઘણી બહાદુરીથી સામનો કરી લડ્યા ખરા, પરંતુ વધુ શસ્ત્રસજ્જ મુઘલ સૈન્ય સામે તેઓ લાંબું ટકી શક્યા નહિ. તેઓ ટેકરીઓમાં છુપાતા રહ્યા. મુસ્લિમોએ શામળાજીને બાળ્યું અને મંદિરનો નાશ કર્યો, સૈન્ય ગામમાં પ્રવેશ્યું, ગરુડજીની મૂર્તિનાં નાક-કાન તોડ્યાં તેમજ બહારની બધી મૂર્તિઓને ખંડિત કરી વિરૂપ બનાવી દીધી. સદ્‌નસીબે તે જ વખતે જથ્થાબંધ ભમરા ઊડ્યા, મુસ્લિમ સૈનિકોને ડંખ્યા અને તેમને નાસી જવું પડ્યું. અહીંનાં સંતાયેલાં લોકો બહાર આવ્યાં. ભગવાન ગદાધરની પ્રતિમાને કરામ્બુજ તળાવમાં જમીન ખોદીને સંતાડી દીધી અને તેઓ ત્યાંથી સ્થળાંતર કરી ગયાં. માત્ર આદિવાસીઓએ જ ટેકરીઓમાં પોતાની ઝૂંપડીઓમાં રહેવાનું ચાલુ રાખેલું અને ખેતી કરવા લાગ્યાં. સમય વીતતાં, એક આદિવાસીને જમીન ખેડતાં આ મૂર્તિ મળી આવી. વૈષ્ણવો આવ્યા અને ધાર્મિક પરંપરા મુજબ પૂજન-અર્ચન શરૂ થયાં.

૧૮મી સદીમાં ગુજરાત મરાઠી સત્તા હેઠળ આવ્યું. ૧૮૧૨માં આ પ્રદેશ મહીકાંઠા એજન્સી હેઠળ મુકાયો. ઈડરનરેશને શામળાજી પ્રત્યે લાગણી અને આકર્ષણ જન્મ્યાં. તેમણે શામળિયાની મૂર્તિને મંદિરમાં સ્થાપિત કરાવી. ૧૮૬૦ના અરસામાં, સાબરકાંઠા એજન્સીનો વહીવટ શરૂ થયો. બ્રિટિશ શાસન દરમિયાન તત્કાલીન ઈડરનરેશ શ્રી કેશરીસિંહજીએ વૈષ્ણવોની સમિતિ નીમી, જેથી મંદિરોનો વ્યવસ્થિત વહીવટ થતો રહે. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થતાં, ૧૯૪૮માં આ પ્રદેશ મુંબઈ ઈલાકા હેઠળ મુકાયો. ૧૯૬૦માં ગુજરાતનું અલગ રાજ્ય બનતાં શામળાજી સાબરકાંઠા જિલ્લામાં મુકાયું.

શામળાજીની આજુબાજુના વણિકોને શિરે આ મંદિરના વહીવટની જવાબદારી મૂકેલી તથા જાળવણીની જવાબદારી તત્કાલીન જાગીરદારો-ઠાકોરોને સોંપેલી. મંદિરના ખર્ચને પહોંચી વળવા ગામો, જમીન, કૂવા મંદિરને ભેટ આપ્યાં. તે પછી મોડાસા, મરડોઈ, ટિંટોઈના દાનવીરોને વહીવટદારો તરીકે નીમ્યા. સંવત ૨૦૦૮માં મંદિરને ટ્રસ્ટના ધારા (A 148) હેઠળ 'The Bombay Public Trusts, Act 1950' ચૅરિટી ટ્રસ્ટ હેઠળ મૂક્યું. આ ટ્રસ્ટ આજે મંદિરનો વહીવટ કરે છે. (સંપૂર્ણ)

ઍન ફ્રૅન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

રવિવાર (સવાર) ૭મી મે,૧૯૪૪
પ્રિયતમ કિટી,

કાલે સાંજે પપ્પા અને મારી વચ્ચે ઘણી ચર્ચા થઈ. હું ખૂબ રડી. પપ્પા પણ રડ્યા. તને ખબર છે કિટી, પપ્પાએ મને શું કહ્યું ?

'મારી જિંદગીમાં મને અનેક પત્રો મળ્યા છે. પણ આ પત્રે જેવું મને દુઃખ પહોંચાડ્યું છે એવું એકે પત્રથી થયું નથી. જે મા-બાપે તને આટઆટલો પ્રેમ આપ્યો, જ્યારે જોઈએ ત્યારે તારી વ્હારે આવ્યાં, ગમે તેવી પરિસ્થિતિમાં પણ હંમેશાં તારો જ પક્ષ લીધો છે તે મા-બાપ માટે તારું કહેવું છે કે તું તારા નિર્ણય માટે જવાબ આપવા બંધાયેલી નથી ?! તને લાગે છે કે તારી પર અન્યાય થયો છે ને તને અમે સાવ તરછોડી દીધી છે ? ના ઍન, તેં અમને અન્યાય કર્યો છે !'

કદાચ તારે એમ કહેવું નહિ હોય પણ તેં જે કાંઈ લખ્યું છે એનો અર્થ તો એ જ થાય છે. ના ઍન, અમે એવું કાંઈ જ કર્યું નથી જેને માટે તારે આવું લખવું પડે !

અરેરે, બહુ જ ખરાબ રીતે હું નિષ્ફળ થઈ છું. મારી અત્યાર સુધીની જિંદગીમાં મેં કરેલી આ સહુથી મોટી ભૂલ છે. મેં મારાં આંસુ કેવળ માન રાખવા ખાતર મારું મહત્ત્વ જાળવી રાખવા પૂરતાં જ વાપર્યાં. કેટલીક બાબતમાં મારું પણ મનદુઃખ થયું હતું. ને મમ્મી માટે મેં જે કાંઈ કહ્યું આ બધું જ ખરું છે પણ મેં પપ્પાને દોષી ઠરાવ્યા જેમણે મારે માટે શું નથી કર્યું - ના, એ તો બહુ ખોટું થયું.

સારું થયું કોઈએ હું ક્યાં છું એ મને બતાવી આપ્યું. મારું અભિમાન હણ્યું; કારણ કે હું જરા વધારે પડતી સ્વકેન્દ્રી બનતી હતી. ખેર, ઍનકુમારી, તમે જે કરો એ યોગ્ય જ હોય એવું નથી ! જાણી જોઈને જે પોતાની પ્રિય વ્યક્તિને આવી રીતે દુઃખી કરે એ તો અધમ જ કહેવાય, એનો પ્રેમ પણ અધમ કહેવાય !

પપ્પાએ જે રીતે મને માફ કરી દીધી છે એથી તો મને બહુ જ શરમ આવે છે. એમણે મને કહ્યું કે આ પત્ર એ ચૂલામાં નાખીને બાળી નાખશે. અને હવે એમનું મારી સાથેનું વર્તન એવું છે કે જાણે એમણે જ ભૂલ કરી હોય. ખેર, ઍન, તારે તો હજી ઘણું ઘણું શીખવાનું બાકી છે. બીજામાં દોષ જોઈને વાંક કાઢવાને બદલે નવેસરથી શરૂઆત કરવાનો આ વખત છે.

હા, મેં ઘણું ઘણું સહન કર્યું છે. પણ આ ઉંમરે કોણ નથી કરતું ? હું નાટક કરું છું પણ એનું મને ભાન પણ નથી. એકલતા મેં અનુભવી છે પણ અધીરાઈ નથી થઈ આવી જેવી એક વાર પપ્પાને થઈ આવી હતી ને હાથમાં ખુલ્લી છરી લઈને બધું જ પતાવવા બહાર દોડી ગયા હતા. આવું મને ક્યારેય થયું નથી.

મેં જે કર્યું એ લજ્જાસ્પદ હતું. જે થઈ ગયું છે એને ભૂંસી તો નહિ શકાય. પરંતુ એ ભૂલ ફરી ન થાય એટલું તો ધ્યાન રાખી શકું. નવેસરથી શરૂઆત કરવી છે. પીટરના સંગાથમાં એ કામ અઘરું પણ નહિ લાગે. એના આધાર સાથે મને ખાતરી છે કે હું શરૂઆત પણ કરી શકીશ. હવે હું એકલી નથી. અમારી પાસે એકમેક પરનો પ્રેમ છે, મારી પાસે મારાં પુસ્તકો છે, મારી લેખનપ્રવૃત્તિ છે અને મારી આ રોજનીશી છે. એમ હું ખરાબ છોકરી નથી, મૂરખ નથી, મારો આનંદી સ્વભાવ છે અને ઉત્તમ ચરિત્ર ખિલવવાની તમન્ના છે !

સાચે ઍન, તને ખબર હતી કે આ પત્ર અવિવેકી અને અયોગ્ય હતો પણ હકીકતમાં તને એનું અભિમાન હતું ! ફરી એક વાર પપ્પાનું ઉદાહરણ આંખો સામે રાખીને સુધરવાનો પ્રયત્ન કરીશ.

લિ. ઍન.મે.ફ્રૅંક

સોમવાર ૮મી મે, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

મેં તને ક્યારેય મારા કુટુંબ વિશે વાત કરી છે ? મને નથી લાગતું કે મેં કરી હોય. ચાલ, આજે હું તને એની જ વાત કરું. પપ્પાનો જન્મ ફ્રૅંકફર્ટ ઑન મેઇનમાં ઘણા જ શ્રીમંત કુટુંબમાં થયો હતો. માઇકલ ફ્રૅંક બૅંકર અને લખપતિ હતા. જ્યારે એલિસ સ્ટર્ન પ્રતિષ્ઠિત ને પૈસે-ટકે સુખી મા-બાપની દીકરી હતી. માઇકલ ગર્ભશ્રીમંત નહોતા પરંતુ આપબળે સંપત્તિ મેળવી હતી. એક ધનાઢ્ય બાપના નબીરાની હોય તેવી પપ્પાની યુવાવસ્થા હતી. દર અઠવાડિયે પાર્ટી, નૃત્યસમારંભ, ભોજન-સમારંભ, સુંદર યૌવનાઓનો સંગ, હવેલી સદૃશ ઘર વગેરે. દાદાજીના મૃત્યુ પછી પરિસ્થિતિ પલટાઈ અને એમાં પણ ગ્રેટ

વૉર અને યુદ્ધ પછીના આર્થિક ફુગાવાના અંતે કાંઈ જ બચ્યું નહિ. યુદ્ધ શરૂ થયું ત્યાં સુધી તો પૈસાપાત્ર સગાંવ્હાલાંઓ પણ હતાં. આમ, પપ્પા ઉમદા પરિસ્થિતિમાં ઊછર્યા. અને એટલે ગઈ કાલે પપ્પાને એ વાતનું ઘણું હસવું આવ્યું કે ગઈ કાલ પચાસ વર્ષની એમની ઉંમરમાં પહેલી વાર એમણે જમતાં એક વાસણ લૂછીચાટીને સાફ કર્યું.

મમ્મીનું કુટુંબ એટલું બધું પૈસાદાર નહોતું પણ છતાં સંપન્ન હતું. અમે ઘણી વાર એમના જમાનાની પાર્ટીઓ, ભોજન-સમારંભ અને લગ્ન-વેવિશાળની મેજબાનીનાં વર્ણનો મોં વકાસીને સાંભળ્યાં છે.

અત્યારની અમારી પરિસ્થિતિ પૈસાપાત્રથી તો ઘણી દૂર છે. પણ મેં મીટ માંડી છે યુદ્ધ પછીની જિંદગી ઉપર. મમ્મી અને માર્ગટની જેમ એક મધ્યમવર્ગીય જીવન માટે હું તૈયાર નથી. મારે તો ભાષા અને કલાનો ઇતિહાસ ભણવા માટે એકાદ વર્ષ લંડન અને પૅરિસમાં ગાળવું છે. આની સરખામણીમાં માર્ગટને પૅલેસ્ટાઇન જઈને છોકરાં ઉછેરવાં છે, કર વિચાર. મારું સ્વપ્ન છે ઉત્તમ પોષાક પરિધાન કરીને સુપ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત લોકોને મળવાનું. અને આ પહેલાં મેં તને કહ્યું છે એમ મારે આખી દુનિયા જોવી છે અને ઘણુંબધું માણવું છે. એટલે હાથમાં થોડાક વધારે પૈસા હોય તો વાંધો નહિ !

આજે સવારે મીપે એની પિત્રાઈ બહેનની સગાઈની વાત કરી. ગયા શનિવારે હતી. એની એ બહેનનું કુટુંબ ઘણું જ શ્રીમંત છે. અને વરપક્ષ તો એથીય વધુ શ્રીમંત છે. મીપે ત્યાંના ભોજન-સમારંભની વાનગીની જે યાદી અમને કહી એનાથી અમારાં બધાંનાં મોંમાં પાણી આવી ગયું. વેજિટેબલ સૂપ વિથ મીટ બૉલ્સ, ચીઝ, મીટ રોલ્સ, ઈંડાં ને ભૂંજેલા બીફવાળું હોર્સ ડી વ્યૂર, ચીઝ રોલ્સ, ગેટાઉ વાઇન અને સિગારેટ્સ અમર્યાદિત.

મીપે દસ પૅગ પીધા અને ત્રણ સિગારેટ પીધી. આ છે અમારાં સંયમ-પ્રચારક બહેન ? અને મીપે જો આટલું ચડાવ્યું હશે તો એના વરે તો કોણ જાણે કેટલા પૅગ ખલાસ કર્યા હશે ! અને કહેવાની જરૂર નથી કે પાર્ટીમાં બધાંને થોડી ચડેલી જ હતી. ત્યાં બે લશ્કરી ઑફિસરો પણ હતા. નવ-વિવાહિતના ફોટા પાડવાનું કામ એમણે કર્યું. પણ જોયું ત્યાં પણ મીપ અમને વિસરી નહોતી. તરત એણે એ બંનેનાં નામ-સરનામાં નોંધી લીધાં. વખત છે અને અમને જરૂર પડે તો સારાં ડચ લોકોનો સંપર્ક ખપ લાગે.

અમારાં મોંમાં તો એવું પાણી આવ્યું હતું કે બસ. અમે તો કેવળ જેમ તેમ બે ચમચા પોરીજ પર હતાં. તદ્દન ભૂખ્યાં ડાંસ હતાં. રોજનો અમારો ખોરાક હતો અડધી રાંધેલી પાલક (વિટામિન માટે) ને સડેલા બટેટા. પેટનો ખાડો પૂરવા અમારે માટે છે બાફેલું લૅટ્યૂસ અને કાચું લૅટ્યૂસ, પાલક, પાલક અને પાલક. મને તો લાગે છે કે આમ ને આમ અમે પૉપઆય જેટલાં તાકાતવાન બની જઈશું. જો કે હાલ તો એવી કોઈ નિશાની જણાતી નથી !

જો મીપ એ પાર્ટીમાં અમને બધાંને લઈને ગઈ હોત તો ત્યાં બાકી મહેમાનો માટે બ્રેડનો એક કટકોય બચ્યો ન હોત. અમે જો ત્યાં પહોંચ્યાં હોત તો બધું જ ઉસેડી ગયાં હોત, ફર્નિચર સિખ્ખે. ખરેખર તો અમે મીપ પાસેથી વાત કઢાવતાં હતાં. અમે એવાં તો એને ઘેરીને બેસી ગયાં હતાં જાણે જિંદગીમાં ક્યારેય સ્વાદિષ્ટ ભોજન જોયું ન હોય કે ન જોયાં હોય શણગાર સજીને તૈયાર થયેલાં લોકો ! અને આ બધું કોણ કરતું હતું ? એક લબ્ધપ્રતિષ્ઠિત લખપતિની પૌત્રીઓ ! ખરેખર આ દુનિયા નામક જગ્યા જ વિચિત્ર છે ! લિ. ઍન.મે.ફ્રૅંક (ક્રમશઃ)

'કુમાર'નું લવાજમ ભરવાનાં સ્થળ

(૧) મૅગેઝીન વર્લ્ડ, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧
(૨) વિજય મૅગેઝીન વર્લ્ડ, ૬૨, કલ્યાણભુવન, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
(૩) સૌરભ પુસ્તક ભંડાર, ૬૧૫, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
(૪) એજ્યુકેશન એમ્પોરિયમ, ૩૬, ઉમિયાનગર, જળ ચોક, પાટણ - ૩૮૪ ૨૬૫
(૫) રવીન્દ્ર બુક હાઉસ, સંગીતા ફ્લૅટ્સ, ચંદ્રનગર સોસાયટી, વાઘોડિયા રોડ, વડોદરા.
(૬) વિજય એસોસિએટ્સ, ૨૩૧, ડૉ. ડી.એન. રોડ, કૉમિસેરિએટ બિલ્ડિંગ, પહેલો માળ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧
(૭) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ., સંસ્થા વસાહત, રાવપુરા, પો.બૉ.નં.૧૦, વડોદરા-૩૯૦૦૦૧
(૮) ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ., ૧-૨, સેન્ચુરી બજાર, પહેલા માળે, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
(૯) અક્ષરભારતી, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
(૧૦) પીયૂષ મૅગેઝીન એજન્સી, ૨૩, સર્જન બંગ્લોઝ, ધોબીઘાટ રોડ, જયવિજય સોસા. પાસે, મહેસાણા - ૩૮૪ ૦૦૧

સ્થાપત્યનાં સીમાચિહ્નો : ૬


ચૈતાલી શાહ

સાંચીનો મહાસ્તૂપ

સમ્રાટ અશોક દ્વારા ભગવાન બુદ્ધના અવશેષોને સ્મારકીય સ્વરૂપ અપાય તે માટે ભારતભરમાં ઘણા સ્તૂપની રચના કરાઈ હતી. આ બધામાં મધ્યભારતમાં ભોપાલથી આશરે ૬૫ કિ.મી. દૂર આવેલો સાંચીનો મહાસ્તૂપ ખાસ ઉલ્લેખનીય છે. પ્રાચીન ભારતીય સાહિત્યમાં 'મૃણ્મયગૃહ' શબ્દનો ઉલ્લેખ જોવા મળે છે જેનો અર્થ થાય છે 'મૃતદેહ માટેનું માટીનું ઘર, કબર કે સ્તૂપ.' વૈદિક પરંપરામાં મૃતદેહને ક્યારેક દફનાવવામાં પણ આવતો અને તે સ્થાન પર મૃણ્મયગૃહની રચના કરાતી અને તે સ્થાનની સીમારેખા નિર્ધારિત કરવા તેની ચૉતરફ પથ્થરની પાળ કરાતી. ઋગ્વેદમાં પણ સજીવ વિશ્વથી મૃતદેહના સ્થાનને અલગ પાડવા પરિધિ રચવાનો ઉલ્લેખ છે. એ પરિધિ એ જ પથ્થરની પાળ, જે પાછળથી વેદિકા તરીકે તથા મૂળ મૃણ્મયગૃહ તરીકે ઓળખાયાં. સ્તૂપનો અર્થ એક રીતે જોતાં મૃતદેહને દફનાવી તેના પર કરાતો ઢગ એમ થાય છે. પણ સમય જતાં મહાપુરુષના સ્મારક તરીકે સમગ્ર ભારતવર્ષના સ્તૂપ બંધાઈ શકે તે માટે આખા મૃતદેહ પર નહિં પણ તેના એક અંગ પર પણ સ્તૂપ બનાવાતા થયા.

સાંચીનો મહાસ્તૂપ ઈસુ પૂર્વેની ત્રીજી સદીમાં બંધાયો હતો પણ તેના પર શુંગ વંશના રાજવીઓએ પથ્થરનું આવરણ ઈસુ પૂર્વેની પહેલી સદીમાં ચઢાવ્યું હતું. આ સ્તૂપની અંદર શું છે તે જાણવા અંગ્રેજોએ તેને ખોદી કાઢ્યો હતો અને પાછળથી લગભગ તેના જેવો જ ફરીથી બનાવી દીધેલો. હાલમાં જે સ્તૂપ જોવા મળે છે તે એક રીતે જોતાં અંગ્રેજો દ્વારા જૂના જેવો જ હૂબહૂ તે જ સામગ્રીમાંથી બનાવાયેલ સ્તૂપ છે.

આશરે ૧૨૦ ફૂટ વ્યાસ ધરાવતી બેઠક પર અર્ધ-ગોળાકાર આકારમાં બનાવાયેલ આ મહાસ્તૂપની ઊંચાઈ ૫૪ ફુટ જેટલી થઈ છે. આ અર્ધગોળાકાર ખંડની ચારે તરફ મંચ અર્થાત્ મેડી બનાવાઈ છે જેના પર જવા બે દાદર અર્થાત્ સોપાન દક્ષિણ દિશામાં બનાવાયાં છે. આ સોપાન તથા મેડીને ફરતે પથ્થરનો કઠેડો બનાવાયો છે. આ મેડીને કારણે સ્તૂપની પ્રદક્ષિણા તે સ્તરે ફરી શકાય છે. પણ સાથે સાથે ભોંયતળિયે પણ પથ્થરની લાદી તથા કઠેડા થકી પ્રદક્ષિણાપથ નિર્ધારિત કરાયો છે. સ્તૂપની ઉપર ચોરસ મંચ સમી હર્નિકા બનાવાઈ છે, જેની મધ્યમાં ત્રિસ્તરીય છત્રી મુકાઈ છે. આ સ્તૂપની ચારે મુખ્ય દિશામાં તોરણદ્વાર બનાવાયાં છે, જેની ઊંચાઈ આશરે



૨૭ ફુટ જેટલી એટલે કે સ્તૂપની ઊંચાઈથી અડધી છે.

સાંચીનો મહાસ્તૂપ ઘણી રીતે ઉલ્લેખનીય છે. વિશ્વના સ્તૂપ-સ્થાપત્યમાં એ આ પ્રકારનો સૌથી વિશાળ તેમજ સૌથી-પ્રાચીન સ્તૂપ છે. તેની રચનામાં ભવ્યતાની સાથે અલંકૃતતા વણાઈ છે. અહીં સ્તૂપ, તેના કઠેડા તથા તેની હર્મિકાની રચનામાં જે સાદાઈ સાથેની વિશાળતા છે તેની સાથે તેના તોરણદ્વારને કોતરણીથી મૂર્તિ સમાન અલંકૃત કરાયાં છે. આ સમગ્ર રચના પથ્થર તથા ઈંટમાંથી કરાઈ હોવાં છતાં તેમાં કાષ્ઠ-સ્થાપત્યનું પ્રતિબિંબ દેખાય છે. સ્તૂપની વિશાળતાને સૌમ્ય બનાવવા તેનો આકાર ગોળાકાર એટલે કે મૃદુ રખાયો છે પણ સાથે સાથે તે મૃદુતાને ભવ્યતા બક્ષવા હર્મિકા તથા તોરણદ્વાર બનાવાયાં છે. વળી, અહીં ભવ્યતા સાથે મૃદુતાનો સમન્વય અન્ય રીતે પણ કરાયો છે. સાંચીના આ મહાસ્તૂપને દૂરથી જોતાં તેના ઉપર હર્મિકામાં બનાવાયેલ છત્રી સ્તૂપની 'નમણી કલગી' સમાન દેખાય છે. આમ તો આ છત્રી સ્તૂપને મહત્તા આપવા માટે છે, પણ દૃશ્ય અનુભૂતિમાં તેના થકી સમગ્ર દેખાવ રમણીય બને છે. આ આમ તો અવશેષ પર બનાવાયેલ ઢગલો જ છે, પણ તે ઢગલાને ઈજનેરી અભિગમપૂર્વક મઢી દેવાયો છે. સાથે સાથે બૌદ્ધધર્મની ફિલસૂફીમાં વર્તુળાકારનું ખાસ મહત્ત્વ છે જે અહીં વ્યક્ત થાય છે. અહીંથી સ્થાપત્યનું એક વિશાળ પ્રકરણ શરૂ થાય છે અને અહીં જ એવું જ એક રમ્ય પ્રકરણ વિરામ પામે છે. કારણ કે અગાઉ બનેલા સ્તૂપો માટે આ સ્તૂપ ચરમ સીમા છે, જ્યારે હવે પછી બનનાર સ્તૂપ માટેની આ પ્રેરણા છે.

આ સ્તૂપની રચનાના કેટલાક ભાગોમાં બિનભારતીય અલંકૃતતા છે તેમ પણ કેટલાક ઈતિહાસકારોએ કહ્યું છે અને તેથી આ સ્તૂપ માત્ર ભારતનો જ વારસો ન ગણાય પણ જ્યાં જ્યાં બૌદ્ધધર્મ પ્રસર્યો છે ત્યાં ત્યાંનાં સ્થાપત્યનું પ્રકરણ ગણાય. ભારતબહાર વિશ્વમાં પાછળથી જ્યાં સ્તૂપ બનાવાયા તેમાં સાંચીના આ મહાસ્તૂપની છાયા દેખાય છે. આવાં કારણોસર સાંચીનો મહાસ્તૂપ સ્થાપત્યનું સીમાચિહ્ન બની રહે છે. (ક્રમશઃ)

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

સત્તાકેન્દ્ર ક્રેમલિન : રશિયનો માટે ધાક, રહસ્યનું પ્રતીક

અમે મૉસ્કોથી પ્યોંગ્યાંગ નૉર્થ કોરિયાની સત્તાવાર ઍરલાઇન્સમાં ગયાં. વેજિટેરિયન મીલ લખાવ્યું હતું, પણ રશિયન ઍરોફ્લેટ (નવી દિલ્હીથી મૉસ્કો) વિમાનમાં મુખ્યત્વે બ્રેડ અને બટેટા-વટાણા મિશ્રિત ભાત જેવો ખોરાક આપવામાં આવ્યો હતો. કોરિયન ફ્લાઇટ પર માછલીની વાસ આવે તેવું કાચું સલાડ અને બ્રેડ તથા ફળોના થોડા નાના કટકાની વાટકી એ જ અમારું 'વેગી ફૂડ !' ખુદ અમેરિકામાં ડોમેસ્ટિક ફ્લાઇટ પર યુ.એસ.એર, યુનાઇટેડ ઍરલાઇન્સ અને અમેરિકન ઍરલાઇન્સની ઉડાણ કંપનીઓને પણ 'વેજિટેરિયન મીલ'ની બહુ સમજ લાગતી નથી. બ્રેડ-બન, માખણ, સલાડ અને ફળના થોડા કટકા ને થોડા મીઠાવાળો બાફેલા શાક મિશ્રિત ભાત એવો એમનો 'વેજી-ફૂડ'નો ખયાલ છે ! કોઈ સ્વાદનો આગ્રહી કે પ્રદીપ્ત જઠરાગ્નિવાળો હોય તો તે ભૂખ્યો જ રહે !

ઍર ઇન્ડિયાના ફૂડની તોલે કોઈ નહિ આવે. તે પછી કદાચ કુવૈત ઍર લાઇન ડિશસ્ટ વેજ-ફૂડ આપવાનો દાવો કરી શકે. ટિકિટ લેતી વખતે ચાહે 'એશિયન વેજિટેરિયન મીલ' લખાવો કે 'હિન્દુ વેજિટેરિયન' લખાવો, પરંતુ બ્રિટિશ ઍરવેઝ, લુફ્થાન્ઝા અને કંઈક અંશે ડેલ્ટા, સિંગાપોર ઍર તથા (સાઉથ) કોરિયન ઍરવેઝવાળાએ આ મુદ્દે ઠીક ઠીક માહિતી મેળવીને સંતોષકારક શાકાહાર એમના ઉડાણયાત્રીઓને આપવા માંડ્યો છે, તે મારા વર્ષોપર્યન્ત વિવિધ ઍરલાઇન્સ દ્વાર કરેલ પ્રવાસ પછી કહી શકું છું. મારા જેવા કેટલાકે બે અમેરિકન (ડોમેસ્ટિક) ઍરલાઇન્સ પર 'કમ્પ્લેન્ટ કાર્ડ' પર આ વેજિટેરિયન મીલ એટલે 'આવું નહિ', પણ 'આવું હોઈ શકે' એવી ફરિયાદનોંધ મૂકી હતી. પણ એના પર કોઈ ધ્યાન અપાયું હોય, તેવો સુધારો અત્યાર સુધી દેખાયો નથી.

ખાવાપીવાનો જ મુદ્દો ઊપસ્યો છે, ત્યારે વિવિધ પ્રજાઓ ચાનો સ્વાદ કેવી રીતે માણે છે, તે પણ સંક્ષેપમાં નોંધી લઈએ. ભારતમાં જેમ તેને માટે 'ચા' કે 'ચાય' શબ્દનો ઉલ્લેખ થાય છે, તેમ રશિયામાં પણ તેને 'ચાય' કહેવામાં આવે છે. ચીનમાં તેને માટેનો શબ્દ 'ચા' છે. જપાનમાં તો 'ચાન્યુ' એ પ્રસંગ યોજીને ચાને ખાસ રીતે ધરીને અને પીને તે ઉજવવામાં આવે છે. ભારત અને ઇંગ્લન્ડમાં નાસ્તા સાથે ચા આપવાનો સામાજિક રિવાજ સામાન્ય છે. જ્યારે રશિયામાં ઘરની વચ્ચે (કૉમનરૂમમાં) પાણી ઊકળતું રહે તેવાં ઉપકરણ ને ચા ભરેલા પાત્રને મૂકી રાખવામાં આવે છે. તે આખો દિવસ ચાલે ને એક વખતે લગભગ વીસેક કપ ચા બનાવી શકાય છે. ઇંગ્લન્ડમાં અમે બહારની ચા પસંદ કરતા નહિ, કારણ તે ખૂબ ઓછી ચા-પત્તીથી બનાવેલી હોવાથી સ્વાદમાં ફિક્કી કે નરમ લાગે. જ્યારે ભારતીયોને તો દૂધમિશ્રિત, કડક ને મીઠી ચા ભાવે. વળી, સામાન્યતઃ આ બધી સામગ્રીને (ફુદીનો, આદુ, લીલી ચા, મસાલા કે તુલસી સાથે) ઉકાળીને પિવાય-માણી શકાય છે. રશિયનો પણ કડક ચાને પસંદ કરે છે. વળી તેને ખાંડ, મધ કે જામથી મીઠી કરાતી હોય તેવું ય જોવા મળે છે. અંગ્રેજો ને અમેરિકનો દૂધ વિનાની (બ્લૅક ટી) અને ઓછી ખાંડ સાથેની પસંદ કરે છે. આમ, ભારતીયો અને રશિયનોના ચાનો સ્વાદ લેવાની રીતમાં ઠીક ઠીક સામ્ય છે.

પ્યોંગ્યાંક જતાં પહેલાં સાઇબિરિયાના વિશાળ પ્રદેશ પરથી અમારું વિમાન ઊડવાનું હતું, ત્યારે તે બાકુ ઍરપોર્ટ પર થોડા સમય માટે થોભ્યું. અમને બીજાં ઉતારુઓ સાથે ત્યાં તપાસવા માટે લઈ જવાયાં. અમારી ભારતીય ટીમનાં પાંચ સભ્યોને એક રૂમમાં એક પછી એક તપાસવા માટે ઊભાં રાખ્યાં. ત્યાં અચાનક એક રશિયન અધિકારી અમારામાંના એક પ્રો. ડી. એન. પાઠક તરફ ધસી ગયા. 'એક્સક્યૂઝ મી !' કે એવું કંઈક વિવેક કર્યા વિના જ, એમના કોટની અંદર એ અધિકારીએ હાથ નાખીને એમનું પૈસાનું પાકીટ, પાસપોર્ટની રીતસરની છાનબીન કરી. અમે ખસિયાણાં પડી ગયાં. પ્રો. પાઠક તો આભા જ બની ગયા. જે સામ્યવાદી રશિયાની તેઓ અમેરિકા કરતાં વધુ કદર કરતા હતા, તે જ સામ્યવાદી સરમુખત્યાર પ્રકૃતિનો આવો અનુભવ એમને થશે એની તેમને તો કલ્પના જ નહોતી ! અમને સૌને આ આઘાતમાંથી બહાર આવતાં થોડો સમય થયો, પણ ઉત્તર કોરિયા જેવા સોવિયેત રશિયાના સમગુણધર્મી દેશના અર્ધસત્તાવાર કહી શકાય એવા, અમારાં જેવાં નિમંત્રિતો પ્રતિ આવો અવિશ્વાસ ને અભદ્ર વર્તાવ થયો તો પછી બીજાં પ્રવાસીઓને, ખુદ રશિયન નાગરિકોને, રાજ્ય તરફથી કેવી રૂંધામણ થતી હશે ?

આવા સર્વાધિકારવાદી રશિયાના ઇતિહાસ ને રાજનીતિનું સાક્ષી ત્યાંનો રેડ સ્કૅવર બન્યો છે. તેની સત્તાનું નાભિકેન્દ્ર તેની એક બાજુ ઊભેલું ક્રેમલિન. રેડ સ્કૅવરનું નામ રશિયન શબ્દ 'ક્રેસ્ની' સાથે સંકળાયેલું છે. ક્રેસ્ની એટલે લાલ ને સુંદર. તે ૭૦,૦૦૦ ચો.મી.નો ખુલ્લો લાલ ઈંટોની ફરસબંધીનો ચૉક છે. તે ૧૫મી સદીમાં 'વેલીકી ટોર્ગ' મૉસ્કોના મુખ્ય બજાર તરીકે શરૂ થયેલો. પછી ત્યાં મોટી સભાઓ ને જાહેર પ્રસંગો યોજાવા માંડ્યાં. અનેક તવારીખી રાજકીય દેખાવો, વિદ્રોહો ને જાહેરમાં મૃત્યુદંડની સજા પણ અહીં અપાતી. ૧૭મી સદીમાં તેનું નામાભિધાન 'ક્રેસ્ની' પરથી પડ્યું. તેની એક બાજુ ક્રેમલિનની દીવાલો તેનું રેખાંકન કરે છે.

વેદના

ટૂંકીવાર્તા

અશ્વિન મો. પટેલ

શ્યામાએ ધીમી ચાલે આવી મારા હાથમાં જિંજરનો પ્યાલો પકડાવ્યો. રૂમમાંથી રસોડામાં જવા ચાલવા લાગી ને કોણ જાણે કેમ જિંજરથી ભરેલો પ્યાલો હિલોળા લેવા લાગ્યો ને શ્યામાને પણ જાણે ચક્કર આવતાં હોય તેમ ત્યાં ને ત્યાં રૂમમાં બેસી ગઈ. તરત જ મારી નજર બારીમાં પડી. ધૂળની ડમરી ઊડતી હતી. અંધકાર છવાયો. બારી-બારણાંનો ભટકવાનો અવાજ; ઘડીભર મૃત્યુનો જાણે સાક્ષાત્કાર ને જીવ અધ્ધર થઈ ગયો હતો. શ્યામાનું હેતાળ હૈયું, મારો અહમ્ - બધુંએ ધ્રૂજતું હતું. ને ધરાના પેટાળમાં કુંભકર્ણની નિદ્રામાં પોઢેલો ધગધગતો લાવા જાણે આળસ ખંખેરી સાવ નિઃસ્પૃહપણે ગોળ-ગોળ ફરી રહ્યો હતો. આફ્ટરશૉક આવ્યો... શ્યામા અને હું સાવ સમીપ આવી ગયાં ને બેઉ જણાં ઊભાં થયાં. જોયું તો આખું ગામ ઊભી વાટ હતું... અરેરાટી, અનુકંપા, કિકિયારીઓ સંભળાતી હતી. ને શ્યામા રૂમમાંથી સડસડાટ ચાલી ગઈ... સામેના મહોલ્લામાં... ! જઈને જુએ છે તો કંઈક નવું જ બન્યું હતું... !!

મોઢા ઉપર જાણે પથ્થર મુકાઈ ગયો. હૃદયમાં બસ વેદના જ વેદના...! આમ તેમ નજર ફેરવતી ઘરભણી જઈ રહી છે. ચારેબાજુ પથ્થરોના ઢેર... કરુણ દૃશ્યો જ દૃશ્યો... માંડ... માંડ... શ્યામા આવી પહોંચી. પણ...!

હું બેઠેલો; મારું કાંઈ ન બોલવું, ઊભા ન થવું એ તેની વ્યથામાં વધારો કરતું હતું ને આવી ખોળામાં માથું નાખી ધ્રુસકે-ધ્રુસકે અફાટરુદન કરી રહી હતી. મારા દિલમાં શૂળો ભોંકાતી હોય એમ વેદનાનું મોજું ફરી વળ્યું. પણ એ કાંઈ જ બોલતી ન હતી... મેં હળવેકથી માથા પર હાથ ફેરવ્યો. ધીમે ધીમે શાંત પડીને બોલી, 'શું બેસી રહ્યા છો ? ચાલો; અનાથ થયેલા બાળકને દત્તક લેવા !!'

ક્રેમલિન સામે વિરાટ ગુમ ડિપાર્ટમેન્ટલ સ્ટોર આવેલો છે. તેની નજીકમાં ઐતિહાસિક મ્યૂઝીઅમ છે. તેની બીજી બાજુએ સેંટ બૅસિલ કથિડ્રલ એના વિશિષ્ટ સ્થાપત્યથી ધ્યાન દોરે છે. કથિડ્રલની સામે રેડ સ્કવૅર લેનિનની કબર હતી. રશિયન મે દિને અહીં રાષ્ટ્રિય ઉત્સવ ને પરેડ યોજાય છે.

ક્રેમલિનનું મોટું મકાન બહારથી શાંત ને સાદું દેખાય. પણ મૉસ્કોવા નદી પરના ઊંચા ઢોળાવ પર આવેલું આ મકાન ૭૦ એકર જમીન પર પથરાયેલું છે. એક વખત તેનો રાજનૈતિક-વૈચારિક પથરાટ સોવિયેત સંઘ, પૂર્વ યુરોપ, ચીન, વિયેતનામ ને ઉત્તર કોરિયાથી માંડીને ક્યૂબા તથા ઇતર દેશોમાં કામ કરતા સામ્યવાદી પક્ષો પર્યન્ત વર્તાતો હતો. રશિયન શબ્દ 'ક્રેમલ' એટલે નાનકડા ગામને આવરી લેતો મજબૂત કિલ્લો. પરંતુ ૧૯૮૯ સુધી આખું વિશ્વ જાણે ક્રેમલિન માટે 'ગ્લોબલ વિલેજ' બની ગયું હતું ! આથી રશિયન કવિ માયકોવ્સ્કીએ કહ્યું : 'ધી અર્થ, ઍઝ વી નો, ।બિગન્સ ઍટ ધ ક્રેમલિન. ઇટ ઇઝ અ સેન્ટ્રલ પૉઇન્ટ.' ૨૦મી સદીના દસકાઓ પર્યન્ત આ વિધાન વાસ્તવનું નિરૂપણ કરતું હતું.

ક્રેમલિન નીચેની નેગ્વી નીનયા નદી વહે છે. આ મકાન વ્હાઇટ હાઉસ, નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન કે સાઉથ બ્લૉક યા ચેમ્સ એલીસી જેવાં સત્તાકેન્દ્રો જેવું સુંદર સ્થાપત્ય કે પ્રભાવશાળી બાહ્યરૂપ ધરાવતું નથી. પરંતુ તે અડધો માઇલ લાંબું ને ૬૨ ફુટ ઊંચું છે. તેની દીવાલ ૨૧ ફુટની જાડાઈ ધરાવે છે. તેની પર ૨૦ ટાવરો ને દરવાજાઓ છે. ૧૦ દેવળો ને મહેલો છે. અમે ત્યાંથી એક લાંબી કાળી લીમૂઝીન કાર ક્રેમલિનમાં જતી જોઈ. તેમાં કોઈ શાસક નેતા કે 'એલીટ' હશે ! ક્રેમલિન રશિયનો માટે રહસ્ય, ધાક કે મૂક અધીનતાનું પ્રતીક હતું !

૧૮૧૨માં નેપોલિયને અહીં પોતાની ફોજી છાવણી ૩૫ દિવસ સુધી રાખી હતી. રશિયન ક્રાન્તિ પછી તે રશિયન સરકારનું નાભિકેન્દ્ર બની ગયું. એનો સૌથી ઊંચો ટાવર 'સ્પાયક્યા ક્લૉક' ૨૦૧ ફુટ ઊંચો છે. રાજકીય નેતાઓ માટેનું પ્રવેશદ્વાર છે. અહીં સામ્યવાદી પક્ષના કૉંગ્રેસના મહેલ જેવું મકાન છે, તે 'બેલે' ને 'ઑપેરા' માટે પણ વપરાય છે. સોવિયેત સેનેટ અને પ્રમુખનિવાસ અહીં આવેલાં છે. (ક્રમશઃ)

નવા ગ્રાહક થનાર માટે આકર્ષક યોજના

ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત સામયિકો 'કુમાર' માસિક અને 'કવિલોક' દ્વિમાસિકથી આપ સુપેરે પરિચિત છો. 'કુમાર'નું લવાજમ ૧૫૦ રૂપિયા છે અને 'કવિલોક'નું લવાજમ ૮૦ રૂપિયા છે. જે ગ્રાહક આ બંને સામયિકનું લવાજમ સાથે ભરવા ઇચ્છતા હોય તેઓ રૂપિયા ૨૩૦ના બદલે માત્ર ૨૧૦ રૂપિયામાં આ બંને સામયિકોનું વાર્ષિક લવાજમ ભરી શકશે.

આ યોજનાનો લાભ લેવા માટે રકમ કાર્યાલયમાં ૧૧થી ૫ સુધી અથવા મનિઑર્ડરથી માત્ર નીચેના સરનામે જ સ્વીકારવામાં આવશે. આ યોજના ૧-૪-૨૦૦૪થી **તદ્દન** નવા ગ્રાહક થનાર માટે જ છે તેની ખાસ નોંધ લેવી.

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા,
બઉવાની પોળ સામે, પોલીસ ચોકી પાછળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૩૭૪૫

(આથમતાં અજવાળાં - ૨૬)

નળિયાનાં ઓઢણ અને ખાટલાનાં પોઢણ

ભગીરથ બ્રહ્મભટ્ટ

આજે નળિયાંવાળાં ઘર ગામમાં લઘુમતીમાં મુકાઈ ગયાં છે અને પલંગ અને સોફાના વધતા વપરાશે ભરેલા ખાટલા ભુલાવા લાગ્યા છે, બાકી ગમે તેવો ઉનાળો ધખતો હોય, મોભને માથે દેશી નળિયાં હોય એટલે ભયો ભયો ! આજનાં ઍરકન્ડિશનરને તો કોણ પૂછે ? ઉનાળામાં લીમડા નીચે ઢાળેલા ખાટલામાં જરા આડા પડી જુઓ, પછી પૂછો કે ખાટલાની શી મજા ? ખાટલો એટલે સ્પ્રિંગનો અનુભવ કરાવતો વિશિષ્ટ પ્રકારનો ઝુલો ! અને નળિયાં એટલે ઘરની ઉપર ગોઠવેલું એ.સી. !!

ચૈત્ર-વૈશાખ બેસે એટલે ફળિયામાં બે કામ ઊઘડે : એક નળિયાં સંચારવાનું અને બીજું ખાટલા ભરવાનું. ચૈત્ર ઊતરતાં જ એની તજવીજ શરૂ થાય. ગામમાં સંચારા હોય એમ ખાટલા ભરનારા પણ હોય, સંખ્યામાં અલબત્ત ઓછા. નળિયાં સંચારવાનું અને ખાટલા ભરાવવાનું અગાઉથી બુકિંગ કરાવવું પડે. દર વર્ષે સંચારાને બોલાવાય, એ ઘરને છાપરે ચઢે અને એનું કામ શરૂ કરે. આપણે એને પાણી આપવા સીડી ઉપર ચઢવું પડે. સંચારાનો ચહેરો સવારે ચોખ્ખો હોય, સાંજે તો એના માથામાં, દાઢીમાં ધૂળ ભરાઈ જાય, ચહેરો ઝાંખો ઝાંખો થઈ જાય ! ઘર સંચારવાની ક્રિયાનો પ્રારંભ કરવાનું કાગડાઓ કહેતા હોય છે. કાગડાઓ માળો કરતા નજરે ચઢે એટલે લોકો ઘર સંચાવવાનું શરૂ કરાવે. એવી એક માન્યતા છે કે કાગડાને જ સૌપહેલાં વરસાદ આવવાની ખબર પડી જતી હોય છે. કાગડાને માળો બાંધતો જોયો નથી કે ઘર સંચારવાની તજવીજ શરૂ થઈ નથી !

ફાગણનો વાસંતી વૈભવ અને વૈશાખનો મંગળ અવસર - એ બેની વચ્ચે ચગદાતો ચૈતર સૂર્યનારાયણના કોપથી રાતો-પીળો થઈ જાય, એની ઉપર જ કોપ વરસે ! એ દિવસોમાં વ્હેલી સવારે બોલાવીએ એટલે સંચારો આવે. અમારે ત્યાં ઘર સંચારવા જવાનભા આવતા. અમે એમને જવુભા કહેતા. ગજવામાં પિત્તળનું નાનું પવાલું રાખે, પવાલું ધોયા વગર જ એમાં તમે ચા રેડો એટલે એ ઝીલે, પછી ઠંડી થવા દીધા વગર જ ગટગટાવી જાય. એક તો કાળઝાળ ગરમી અને ઉપરથી ગરમાગરમ ચા !! દેશી બીડીની લત તો ખરી. કોઈને ત્યાં નિસરણી ન હોય તો બે વાંસની લાકડીઓ લઈ એમાં થોડે થોડે અંતરે આડા લાકડાના કટકા મેલી સજ્જડ બે બાજુ બાંધે. ઘડીકમાં નિસરણી તૈયાર થઈ જાય. નિસરણી ઉપર ચઢી છાપરે ચઢે. એક કોરે બેસી કાવાં ખુલ્લાં કરતા જાય. વાંસની ખાપટો ચોખ્ખી થાય, એમાંથી ઘરમાં તડકાનો રેલો વહી જાય, જાણે ચાંદરણું થઈ કવિતા ફૂટે ! અમને એ ચાંદરણાં ઝીલવાં-બોટવાં ત્યારે તો ગમતાં. મોભારો જાણે હેઠે ઊતરી હસતો !

સંચારતા સંચારતા જવુભા બૂમ મારે : 'એ સાત વીહુ એક નાળ્યું જોશે.' એક હરોળને આધારે અંદાજે જરૂરી નાળોનો હિસાબ કાઢી આપે. બાપા ખૂટતી નાળોની વેતરણમાં પડે. બાપા કુંભારને ત્યાં જાય. ભોલો ઓઝો નાળો ગણી આપે. દેશી નળિયાં વળાંકવાળાં, અર્ધવર્તુળાકાર લાંબા, ઠસ્સો જરાય નહિ પણ સાદગીનું ગૌરવ તો ખરું, હોં ! બધાં નળિયાં એક જ માપનાં. નીંભાડે પાકેલાં. બધાં નળિયાં એક જ રંગના. પ્રમાણમાં સસ્તાં. એમાંના કોઈ નળિયાને ગમે તે કોઈ નળિયા સાથે ગોઠવી શકાય. અવળસવળ પણ કરી શકાય. ગોઠવણીની જ કળા ! વિન્યાસનું ત્યારથી જ મને વિસ્મય ! હું એ ગોઠવણો જોયા કરું પણ આજ સુધી મારાથી કારીગર બની શકાયું નથી. મારાં ગોઠવેલાં નળિયાંમાંથી તો પાણી પડે છે ! બધો યશ ગોઠવણીને છે.

નળિયાંને પ્રતાપે ઘર ટાઢાં રહેતાં. ચોમાસું બેસે એ પહેલાં સંચારકામ કરાવવું પડે. વાંદરાં કૂદ્યાં હોય, બિલાડીઓ દોડી હોય, ઝાડનું ડાળું પડ્યું હોય, ક્યાંક નાળ તૂટી ગઈ હોય એટલે ચૂવા થયા હોય, એ ચૂંવાક કાઢવાનું કામ જવુભા કરતા. એ અમારે મોભારે નળિયાં ઉપર કાગડા, કોયલ, પોપટ, મોર બેસે. ક્યારેક બિલાડીઓ પણ દોડે. કોક વાર નીચાં છાપરાં હોય તો કૂતરાંય પહોંચી જતાં ને કપિરાજોને તો કોણ રોકી શક્યું છે ? નળિયાં અને વાંસની ખાપટો વચ્ચે ધૂળ-રજ ભરાયાં હોય, વૃક્ષોનાં પાંદડાંય હોય. એ બધું સાફ થાય. ઘરનું સંચારકામ પ્રારંભાય, કાવાં ઊઘડતાં જાય, જવુભા સાવરણીથી ચોખ્ખું કરતાં જાય. ધૂળ થોડી ઘરમાં ગરે. થોડીક જવુભાના શ્વાસમાં દાખલ થતી રહે. ઘરમાં ધૂળ ગરે એટલે ઘરની ચીજવસ્તુઓનું સ્થળાંતર થાય. થોડા સમય માટે બધો અસબાબ સ્થાનફેર પામે. અન્યત્ર ખસેડાય. ઘંટીને ડામચિયાં નીચે, ડામચિયો આખોને આખો આંગણે આવી વસે. કોઠાર ઢાંકી દેવાય, વાસણ-કૂસણ, સૂંડલા-ટોપલા, લૂગડાં-લત્તાં આંગણે આવી જાય, વૈરાગીરૂપમાં ! એ નૂતન રૂપ નિસ્પૃહી જોગી જેવું ત્યારે તો લાગે ! રાત્રે એ ખુલ્લા છાપરાની થોડી થોડી બીક પણ લાગે, પણ ઘર તો જોગી... એને વળી શાની બીક ? વાંસની દૂબળી ખાપટ પર બેઠેલા જવુભા સાવધાનીપૂર્વક છેક મોભારે સરતા જાય. એમની ઊંચાઈ તરફની ગતિનું હું ત્યારે નિરીક્ષણ કરતો. વૈશાખના વાયરા ક્યારેક જવુભાની આંખોમાં વીતેલી ધૂળેટી ઊજવતા. અને અમારા ઘરનો ઓરડો ઘેરૈયો બની જતો !!

આંગણે નાખેલાં ગોદડાંમાંથી-ગોદડીમાંથી દુર્ગંધ કૂદીકૂદીને તડકામાં ભાગી જતી દેખાય. ગરમીમાં ગરમ થઈ ગયેલી ગોદડીમાં અમે આળોટતા, ઊનાં પાણી જેવું લાગતું ત્યારે. અમે તો કામ કરાવવાને બદલે વધારીએ. પટારામાં બધું જ અસ્તવ્યસ્ત કરી નાખીએ. ડામચિયાનો પાયો પણ તોડીએ. છુપાછુપા ગૉળ-ઘી ચોરી કરીને ખાઈએ. મા રોટલા ટીપતી હોય અને અમે અમારાં તોફાન!! બા બૂમ મારે 'જવુભાને હેઠે બોલોવો.' અમે ડાહ્યા ડમરા થઈ જવુભાને બોલાવીએ. ખાવાનો કાર્યક્રમ વાડામાં હોય. હાથ ધુવે, ચહેરો નહિ. તાંસળામાં બે આખા બાજરીના રોટલા કઢીમાં ચોળી નાખીએ જવુભા મંડી પડે. લસણની ચટણી હોય લટકામાં ! ટેસથી ખાતાં ખાતાં કહે, 'ભૈ જૂનાં દેશી નળિયાં હૌથી હારાં. આ વિલાઈતી તો ઠીક મારા ભૈ, દેખાવનાં.' એ ખાતા હોય એનો લાગ જોઈ અમે છાપરે ચઢી જઈએ, અમારું મૂંડાતું મકાન જોઈએ, આસપાસનાં મકાનો જોઈએ. નવી જ દુનિયા નજરે ચઢતી ! ઊંચાંનીચાં હારબંધ છાપરાં ફળિયામાં જુદી જ ભાત પાડતાં. જવુભા જમી રહે એટલામાં તો અમે ટપટપ હેઠે ! અંજનિપુત્રોએ લાંબા અને ઊંચા કૂદકાની પ્રતિસ્પર્ધામાં કેટલાંક નળિયાંનું નિકંદન કાઢી નાખ્યું છે. જવુભાએ કાઢી નાખેલી એ નાળોમાં અમે રમીએ. એની રેલગાડીઓ કરીએ. એમાં બા ધૂપ પણ કરે. અમે એનાથી ઘરઘર પણ રમીએ. સાવ તૂટેલી નાળનાં ઠીકરાંથી સતિયો રમીએ. દરિયો રમવા એનો ઉપયોગ કરીએ. કોઈક ઠીકરીથી શરીરનો મેલ કાઢીએ. ત્યારે અમને એવી ક્યાં ખબર હતી કે કોઈએક કાઢી નાખેલી વસ્તુ પણ ક્યારેક કોઈકને કામ પણ આવતી હોય છે ! તૂટેલાં નળિયાં, ભાગેલાં નળિયાં એક કોર કાઢી કાઢીને જવુભાએ કેટકેટલાં ઘર સંચાર્યાં હશે ! પણ બિચારા જવુભાનું છાપરું ? એ સંચારવાનું એના ભાગ્યમાં જ ક્યાં ?

જ્યાં જ્યાં ચૂવા થાય ત્યાં ત્યાં વાસણો મુકાય, પાણી ઝિલાય. વાંક ભલે વરસાદનો હોય પણ ઠપકો તો જવુભાને જ સાંભળવો પડે. હવે તો જવુભાની આંખે ઝાંખ વળી છે, જૂનાં મકાનો ખાલી કરી લોકો શહેરમાં વસ્યાં છે. સંચાર્યા વગરનાં એ ઘરની વળીઓ લળી પડી છે. છાપરાં નિરાધાર થઈ ગયાં છે. એ ઘરોમાં ચૂવા થાય છે. જવુભાની આંખમાં પણ વિલાયતી નળિયાં અને સિમેન્ટ કોક્રિંટના તોતિંગ આક્રમણે નળિયાંનો નેહ ભુલાવ્યો છે. બાકી એ નળિયાંવાળાં ઘરમાં એક વાર ખાટલો ઢાળી આડે પડખે થવા જેવું તો ખરું જ ખરું.

ઉઘાડે ડિલે ખુલ્લા ખાટલામાં આડા પડેલા મારા બાપાની પીઠ ઉપર ઝીણી ચોકડિયાળી જે ભાત ઊપસી આવતી, એના ઉપર હું હાથ ફેરવતો, મને થતું ખાટલો ભરવો એ કંઈ જેવી તેવી વાત નથી. એમાંય ગજબની કારીગરી હોય છે ! વાણ લાવવું, ઉકેલવું, પિલ્લાં કરવાં. કાથી હોય તો પાણીમાં પલાળવી પડે. શણની દોરી હોય, સૂતરની દોરી હોય, ઊનની દોરી હોય વિવિધ પ્રકારનું વાણ મળે. ભીંડી, ખજૂરીથી માંડી કાથી, સૂતર અને ઊન સુધી. ચાર પાયાવાળા ખાટલાને પહેલાં આઠ-દસ દોરીની અંબોઈ બાંધવી, પછી કાવાં વળે, ચાર-છ દોરીએ કાવાં વળે ભરેલા ખાટલાનો પગ રાખવાનો ભાગ પાંગથ કહેવાય. ખાટલો ઢીલો પડે તો પાંગથની દોરી ખેંચાય. વાણ ટાઈટ થાય એટલે ખાટલો સ્પ્રિંગ જેવો લાગે. ખાટલો ભરનારો કારીગર પણ ભાવ ખાય. ચા-બીડી બાકસ હાજર જ રાખવાં પડે. રોટલોય ખવરાવવો પડે અને મજૂરી પણ આપવી પડે. જેવો એનો મૂડ એવું એનું કામ. કોક વાર દિવસમાં બે ખાટલાય ભરી આપે. કોક વાર મહિને એક ખાટલોય અધૂરો જ રહી જાય. સામે કોઈને બેસાડે. એનું કામ પાયો ટેરવવાનું. પાયો ટેરવાય તો જ ખાટલો ભરાય. પાયો ટેરવવાની ઘટના પછી તો સમાજમાં રૂઢિપ્રયોગ થઈ ગઈ છે. લક્ષણારૂપે એ શબ્દપ્રયોગ આજે પણ વપરાય છે. કોઈના લગનનું ઠેકાણું ન પડતું હોય ત્યારે ઘરડાં માણસો એમ કહે છે કે 'ભૈ ઈનો પાયો કોઈ ટેરવનાર નથી ઈનું હું ?'

ખાટલાને ચાર પાયા ચાર ઈસ. ઓશિકાના ભાગવાળી ઈસને ઊપરણું કહેવાય. નાનો-નીચો ખાટલો એને ઢોલરી કહેવાય. કેટલાંક લોકો (ઠાકોર ખાસ) ખાટલાને મોચો કહે છે. 'મોચો ઢાળ્યો' એવો પ્રયોગ થાય છે. અંબોઈ બંધાયા પછી કાવાં વળે અને પ્રત્યેક કાવે એક દોરી મેલેલી હોય તેને બડવાં કહેવાય. ખાટલો એકી કાવાનો. અળશ-કળશ એમ બોલતાં બોલતાં શબ્દે જ અટકવું પડે, માન્યતા ના હોય, બેકી કાવાં જ વળાય. કાવાં વળે એટલે રીતસર એમાં ચોકડિયાળી ભાત પડે. વચ્ચેની બે દોરી છેક ખાટલો પૂરો ભરાઈ જાય ત્યાં સુધી છૂટી ન પડે અને એ બંને દોરી તરે. એને જીવી કહેવાય. જીવી જાય એ તરી જાય. આમ, સંસારમાં એ પ્રયોગ લાક્ષણિક બને છે. ખાટલો ભરાઈ જાય એટલે બડવા રઝળતા ન રખાય. ત્રણે ત્રણ બડવા કોઈ નવા પરણેલાં ને છાપરે નંખાય, એવી એક માન્યતા. રબારી કોમમાં તો એમનાં ઘેટાં-બકરાંના ઊનમાંથી જાતે ગૂંથેલા ઊનના ખાટલા ભરાતા હોય. એ ખાટલા ઢાળ્યા હોય. એમના મહેમાનો લાંબા થયા હોય, એઈ રેડી પોકાર થતા હોય.. જોવા જેવો ઠાઠ હોં ! કેટલાક વૈભવી ખાટલાના પાયામાં થયેલી કોતરણી પણ મૂલ્યવાન બની રહેતી. ક્યારેક ખાટલાની ઈસ ફીટ કરવા ફાડ પણ વપરાય. ગામડામાં તો ખાટલાનો સંદર્ભ કેવા કેવા અર્થો કરે છે ! 'ખાટલો છે' એટલે સુવાવડ આવી છે. 'ખાટલે પડ્યા છે' એટલે બીમાર પડ્યા છે. 'ખાટલે ખોડ' એટલે મૂળ પાયાગત જ ખામીનો એમાં નિર્દેશ છે. 'ખાટલેથી પાટલે અને પાટલેથી

(અનુસંધાન પૃ. ૪૬૧ પર)

ભારતીય શાસ્ત્ર : વાસ્તુશાસ્ત્ર અને ચાઇનીઝ શાસ્ત્ર : ફંગ શ્વે

તરલિકા આચાર્ય

ફંગ શ્વે ચીની ભાષાનો શબ્દ છે, જેની અંગ્રેજીમાં જોડણી 'Feng Shui' થાય છે. ઉચ્ચાર 'Feng Shwey' થાય છે. ફંગ શ્વે એટલે હવા અને પાણી. હવા-પાણી એટલે આપણી આસપાસનું વાતાવરણ. દરેક વ્યક્તિની આસપાસ તેજોવર્તુળ હોય છે. ભારતનું વાસ્તુશાસ્ત્ર આ તેજવર્તુળને કેમ ઓળખવું એ શિખવાડે છે. અને એ જ વસ્તુ, જરા જુદી રીતે, ચીનનું ફંગ શ્વે શીખવે છે.

વાસ્તુશાસ્ત્રની પ્રાથમિક ભૂમિકા 'સ્વ'થી શરૂ થાય છે. સ્વને ઓળખવું એટલે સ્વનું ઘર જ આ શરીર છે એને ઓળખવું. આ દેહને કેવી રીતે નિરામય અને પવિત્ર રાખવો તે આ બંને શાસ્ત્રો શીખવે છે. આ નિયમો બંને શાસ્ત્રોમાં બહુ સુંદર રીતે નિરૂપવામાં આવ્યા છે. આમાં કલા, જ્ઞાન, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન વગેરે બધું જ સમાવાયેલું છે. આ બંને શાસ્ત્રો ૪૦૦૦ વર્ષ કે તેથી પણ વધુ વર્ષ જૂનાં છે.

'ફંગ શ્વે'નો ઇતિહાસ કંઈક આવો છે. બહુ જ પ્રાચીન સમયમાં, એટલે કે ૫૦૦૦ વર્ષ પૂર્વે આ શાસ્ત્ર ગામના વડીલ પાસે રહેતું હતું. એનું કાંઈ લખાણ નહોતું. મૌખિક રીતે જ એ યાદ રાખવામાં આવતું હતું. ગામની કોઈ પણ વ્યક્તિને ફંગ શ્વેની સલાહની જરૂર પડે ત્યારે એ વડીલ પાસે જઈને એની સલાહ અનુસાર કાર્ય કરતી. સામાન્ય કૌટુંબિક મુશ્કેલી કે માંદગી કે એવી કોઈ પણ પ્રકારની મુશ્કેલીનું વડીલની સલાહથી નિરાકરણ થઈ જતું. કોઈને જમીન લેવી હોય, ઘર બાંધવું હોય તો વડીલોની સલાહ લેવામાં આવતી. સલાહ પ્રમાણે જ કામ થતું. આજે પણ ચાઈનીઝ લોકોને ફંગ શ્વેમાં ખૂબ શ્રદ્ધા છે. તેઓ દૃઢ વિશ્વાસથી માને છે કે ફંગ શ્વેને અનુસરવાથી સફળતા દોડી દોડીને સામે આવે છે. પરંતુ આ શાસ્ત્ર તો ગામની બુઝુર્ગ વ્યક્તિ પાસે જ રહેતું. જ્યારે એમ લાગે કે એ વડીલનો અંતકાળ નજીક છે ત્યારે ગામની જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ હોય એવી વ્યક્તિને આ શાસ્ત્રના જ્ઞાનનું સિંચન કરવામાં આવતું. આમ, આ ગુરુમુખી વિદ્યા હતી. આવું વર્ષો સુધી ચાલ્યા કરતું હતું.

લગભગ બે હજાર વર્ષ પહેલાં ચીનના યુવાનોને થયું કે આ ફંગ શ્વેનું શાસ્ત્ર જો આ રીતે મૌખિક જ રહેશે તો થોડા વખતમાં ભુલાઈ જશે. નવી પેઢીને આમાં રસ નહિ રહે. તેથી નવજુવાનોએ એ શાસ્ત્રનો પદ્ધતિસરનો અભ્યાસક્રમ નક્કી કર્યો અને શાળા-મહાશાળાના પાઠ્યક્રમમાં એને સ્થાન આપ્યું. ધીરે ધીરે લોકો આ વિદ્યાથી પરિચિત થતાં ગયાં. ફંગ શ્વેનો તર્કબદ્ધ અભ્યાસ કરી પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં. અત્યારે ફંગ શ્વેને એક વિષય તરીકે અભ્યાસક્રમમાં અપનાવાયો છે. ધીરે ધીરે આનો પ્રચાર ઈંગ્લન્ડ, અમેરિકા વગેરે પાશ્ચાત્ય દેશોમાં પણ થતો જાય છે.

ભારતમાં પણ વાસ્તુશાસ્ત્ર આજ વસ્તુ સમજાવે છે. એક વસ્તુ ખાસ ધ્યાન ખેંચે એવી છે કે ભારતમાં વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બાંધકામ ન થયું હોય તો જે ખોટું બાંધકામ હોય એને તોડી પાડવામાં આવે છે. જ્યારે ફંગ શ્વે શાસ્ત્રમાં એનો સરળ ઉપાય બતાવવામાં આવે છે.

અત્યારે આપણે ફંગ શ્વે અને વાસ્તુશાસ્ત્ર પ્રમાણે કેમ બાંધકામ કરવું એ વિશે થોડા નિયમો જોઈએ.

૧. અભ્યાસરૂમનો દરવાજો ઈશાન ખૂણામાં રાખવો.
૨. ઈશાન ખૂણામાં દેવમંદિર કરવું.
૩. પાણીનું માટલું ઈશાન ખૂણામાં મૂકવું.
૪. ઘરનું પ્રવેશદ્વાર ઉત્તર દિશા તરફ હોવું જોઈએ.
૫. પૂજાસ્થાનની નજીકમાં તુલસીનો છોડ રાખવો.
૬. પૂર્વ તથા ઉત્તર દિશામાં અરીસો રાખવો.
૭. પ્રવેશદ્વારની સામે ઉપર જવાનો દાદર હોવો ન જોઈએ.

આપણે થોડું 'વાસ્તુશાસ્ત્ર' વિશે પણ જાણવા પ્રયત્ન કરીએ. 'વાસ્તુ' એટલે સ્થાપત્ય. વાસ્તુશાસ્ત્ર વિશે જાણવું હોય તો સૌપ્રથમ દિશાઓનું જ્ઞાન હોવું જોઈએ. આપણે જાણીએ છીએ કે દિશા આઠ છે : ચાર દિશા અને ચાર ખૂણા.

ચાર દિશા : ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ
ચાર ખૂણા : ઈશાન એટલે ઉત્તર અને પૂર્વ વચ્ચેનો ખૂણો
વાયવ્ય એટલે ઉત્તર અને પશ્ચિમ વચ્ચેનો ખૂણો
અગ્નિ એટલે દક્ષિણ અને પૂર્વ વચ્ચેનો ખૂણો
નૈર્ઋત્ય એટલે દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો ખૂણો

જમીનનો વચ્ચેનો ભાગ (ભૂખંડ)ને બ્રહ્મસ્થાન કહેવામાં આવે છે.

આ દિશાઓ અને ખૂણાઓના જ્ઞાન પછી હવે આપણે વાસ્તુશાસ્ત્ર અને ફંગ શ્વે આપણા સમગ્ર જીવનને કઈ રીતે અસર કરે છે એ વિશે ચર્ચા કરીશું. (વધુ આવતા અંકે)

અતીતમાં અવગાહન

આ માસ (જૂન) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ:

તા. ૩ સ્ત્રીકેળવણીના પુરોધા ધોંડો કેશવ કર્વેએ મહિલા-મહાવિદ્યાલયની સ્થાપના કરી, ૧૯૧૬.
તા. ૯ મયૂરાસન ઉઠાવી જનાર નાદિરશાહનું ખૂન, અહમદશાહ અબ્દાલીનો ઉદય, ૧૭૪૭.
તા. ૧૦ ગુજરાતી કવિતાને ઊર્મિસંવેદનોથી સમૃદ્ધ કરી જનાર કવિ કલાપીનું અવસાન, ૧૯૦૦.
તા. ૧૬ હોમરૂલ લીગની ચળવળ ચલાવવા માટે શ્રીમતી બિસન્ટને કેદ કરવામાં આવ્યાં, ૧૯૧૭.
તા. ૧૭ ભારતના છેલ્લા ગવર્નર જનરલ ને પ્રથમ વાઈસરૉય લૉર્ડ કૅનિંગનું અવસાન, ૧૮૬૨.
તા. ૨૦ જગતની શ્રેષ્ઠ મહારાણી વિક્ટોરિયા કિશોર વયે ઈંગ્લૅન્ડની ગાદીએ આવી, ૧૮૩૭.
તા. ૨૨ જગતવિજયી સિકંદર સાથે પંજાબના રાજા પોરસની લડાઈનો પ્રથમ દિવસ, ઈ.પૂ. ૩૨૬.
તા. ૨૩ ગુજરાતના અગ્રણી ને અગ્રયાયી બાળકેળવણીકાર ગિજુભાઈ બધેકાનું અવસાન, ૧૯૩૯.
તા. ૨૬ હુમાયૂંને શેરશાહે બક્સર નજીકના ચોપરઘાટ મુકામે યુદ્ધમાં સજ્જડ હાર આપી, ૧૫૩૯.
તા. ૨૯ સૌપહેલું (અને હજી હયાત) ગુજરાતી દૈનિક પત્ર 'મુંબઈ સમાચાર' પ્રકટ થયું, ૧૮૨૨.
તા. ૩૦ હિંદ સ્વરાજ માટે પહેલા સક્રિય હામી દાદાભાઈ નવરોજજીનું અવસાન, ૧૯૧૭.

વ્યક્તિવિશેષ: અરદેશર કોટવાળ

પોતાની વહીવટી કુનેહ, એકનિષ્ઠ કામગીરી અને અથાગ જહેમત દ્વારા સૂરત શહેરને આદર્શ, સલામત ને સુખી નગર બનાવનાર ગુજરાતના ભુલાઈ ગયેલા આ વિરલ પ્રજાસેવકનો જન્મ ઈ. ૧૭૯૭ની ૨૯મી જૂને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સૂરત ખાતેના પોલિટિકલ એજન્ટ ખનજીશા બહેરામખાનને ઘેર થયેલો. સૂરત નજીકના બ્રાહ્મણ ગામના મુસ્લિમ બહારવટિયાઓને દાબવા જતાં અંગ્રેજ રાજ્યને વફાદાર એ પિતાની ઈ. ૧૮૧૦માં કતલ થઈ, એટલે અરદેશર તથા તેમના મોટાભાઈ ફીરોજશાને સરકારે પોતાને આશ્રયે લીધા; ને ફીરોજશા નિઃસંતાન હોવાથી તેઓ અરદેશરને વારસ ઠરાવી સઘળી માલમત્તા સોંપી ગયા.



અરદેશરે ૨૩ની વયે સૂરતની અદાલતની કારકુનીથી પોતાની કારકિર્દી આરંભી. ૧૮૨૦-માં તે સૂરતનાં પરાંના ને '૨૧માં તો શહેરના કોટવાળ નિમાયા. સાથોસાથ ૧૮૨૫માં સૂરત જિલ્લાને લગતાં નાનાં દેશી રાજ્યોના 'નેટિવ એજન્ટ', ૧૮૩૨માં 'નેટિવ પ્રિન્સિપલ કમિશ્નર' અને ૧૮૪૩માં સૂરતના 'પ્રિન્સિપલ સદર અમીન' નિમાયા. બેનમૂન વહીવટી કુનેહ તથા વફાદારીથી સૂરતની કોટવાળી કરતા યુવાન અરદેશરને ગાયકવાડ રાજ્ય તરફથી પાંચ હજાર રૂપિયાના દરમાયાથી દીવાનપદનું કહેણ મોકલવામાં આવેલું, પણ સૂરત-ભક્ત અરદેશરે માન સાથે તે નકારેલું.

એકવાર એક અંગ્રેજ અધિકારી ઍન્ડરસને તેમને પૂછ્યું: 'કોટવાળ, ચોરલૂંટારાના ત્રાસ છતાં તમે કાંઈ નથી કરતા?' અરદેશરે પોતાની સત્તા-સાધનના અભાવની લાચારી બતાવતાં સત્તાસાધન તેમને પૂરાં પડાયાં; અને તરત અરદેશરે કહ્યું: '૭ મહિનામાં સૂરત સહીસલામત થઈ જશે.' તેમણે તાત્કાલિક સૂરતીઓની ટોળી ઊભી કરી; 'ગિસ્ત' ફરતાં કર્યાં; એક ખાસ પોલીસ-દળ રચ્યું; રાતની ચોકી માટે 'હાંડિયા'ની પ્રથા શરૂ કરી; જાસૂસી પ્રથા પણ અમલી બનાવી અને જાતે રાત્રે છૂપે વેશે નગર-ચર્ચા કરવા નીકળવા લાગ્યા. આમ ચોમેરનાં ચાંપતાં પગલાં લઈને તેમણે ચોરલૂંટારાના ત્રાસથી પ્રજાને ટૂંક મુદતમાં સંપૂર્ણ મુક્ત કરી દીધી.

તા. ૨૧-૯-૧૮૨૨ની 'મહાજળરેલ', ૨૪-૪-૧૮૩૭ની મહાભયંકર આગ તેમજ તે પછી ૧૮૪૨ અને ૧૮૪૮ની બીજી ભયાનક આગો વખતે તેમણે તન-મન-ધન-સર્વસ્વથી ખડેપગે રહીને લોકોના જાનમાલના સંરક્ષણ તથા શહેરસલામતી માટે કરેલી સેવા સૂરતની તવારીખમાં સુવર્ણાક્ષરે અંકાઈ છે.

અરદેશર મુંબઈના ગવર્નરના 'દેશી આડ-સિયા'ના હોદ્દા પર હતા ત્યારે ખરમપોરના રાજાની આર્થિક ગૂંચવણોના તેમણે સૂચવેલા ઉકેલ બદલ રાજાએ ૨૦૦૦ રૂપિયાની આવકવાળું ગામ તેમને આપવા માંડેલું, પણ એ તેમણે સ્વીકારેલું નહિ. સ્વામી સહજાનંદ જેવા પર પણ તેમની પ્રજાસેવાની ઘણી જ ઊંડી છાપ પડેલી, અને ૧૮૨૧માં સ્વામીજી સૂરત પધાર્યા ત્યારે તેઓ અરદેશરને મળેલા. તેમણે અરદેશરને પોતાના સ્મરણપ્રતીક રૂપે પાઘ, પોતાની છબી ને એક શ્રીફળ આપેલાં.

અંગ્રેજ સરકારે તો તેમને સંમાનવા છ-છ દરબાર-સમારંભો ભરેલા, જેમાં અરદેશરને અનેક બેટો, માનપત્રો, ઈલકાબો વગેરેથી સંમાનવામાં આવેલા. ૧૮૨૯ના દરબારમાં તો તેમને પાલખીદાર ઘોડો, કીમતી ખિલાત ઝભ્ભો ને તલવાર ઉપરાંત 'બહાદુર'નો ઈલકાબ અને ત્રણ હજાર રૂપિયાની આમદાનીવાળાં ચાર ગામ અર્પણ કરાયાં હતાં.

તેઓ મહાન કસરતબાજ હતા. પ્રશસ્ત રાજ્યનિરીક્ષક હોવાની સાથે તેઓ એક આદર્શ નાગરિક, અભિનવ સમાજસુધારક, ઉત્તમ કોટિના કલાપરીક્ષક ને ધર્મચિંતનમગ્ન સચ્છીલ ઉમરાવ હતા. ચિત્રકારોને તેમણે છૂટે હાથે મદદ કરેલી. તેમના કલાપ્રેમનો ખરો પુરાવો તો છે એમનો પ્રાચીન ચિત્રોનો કીમતી સંગ્રહ.

તેમનું એકમાત્ર 'દૂષણ' કહો હોય તો તે તેમની સખી દિલાવરી. ગરીબો કે પીડિતોની સેવા કરવામાં તેમણે કદી પાછું વાળીને નહિ જોયેલું, જેને પરિણામે તેમને શિરે પાંચ લાખ રૂપિયાનું કરજ ચડી ગયેલું. ૧૮૫૬ની ૧૫મી ફેબ્રુઆરીએ આર્થિક ભીંસને કારણે વ્યથિત હાલતમાં તેઓ અવસાન પામ્યા.

પ્રસંગવિશેષ: શીખ મહારાજા રણજિતસિંહનું મૃત્યુ, ૨૭મી જૂન ૧૮૩૯

ભારતનો છેલ્લો સ્વતંત્ર રાજવી—અંગ્રેજોની છેલ્લી આડખીલી—હતો શીખ મહારાજા રણજિતસિંહ. ઉત્તર હિંદનાં સઘળાં શીખ રાજ્યોને સંગઠિત કરીને તેણે દક્ષિણે છેક અંબાલા ને શાહબાદ સુધી તથા કાશ્મીરથી સિંધ ને સતલજથી પેશાવર સુધી પોતાની સત્તાની હદ લંબાવી હતી. ૧૮૩૪માં તેના પર પક્ષાઘાતનો પહેલો હુમલો થયેલો. તે પછી ૧૮૩૮માં થયેલા બીજા હુમલાને પરિણામે ૧૮૩૯ની ૨૭મી જૂને ૫૯ વર્ષની વયે તેનું અવસાન થયું, તે સાથે જ ભારતના ઇતિહાસે પાસું બદલ્યું. શીખ સામ્રાજ્યની ચડતી કળાનો અસ્ત તેના મૃત્યુ સાથે દેખાવા લાગ્યો, અને છ વર્ષની અંધાધૂંધી તથા અરાજકતાને અંતે ઈ. ૧૮૪૫ની ૨૩મી ડિસેમ્બરે ગવર્નર જનરલ સર હેન્રી હાર્ડિંજે શીખ ગાદીવારસ દુલીપસિંહ સામે યુદ્ધ જાહેર કર્યું. મુદકીના મેદાનમાં લડાયેલા પહેલા શીખ યુદ્ધમાં—ખાસ તો લાલસિંહ, તેજસિંહ ને ગુલાબસિંહ જેવાના દેશદ્રોહથી—પંજાબની સ્વાધીનતા ડૂબવી શરૂ થઈ. ૧૮૪૬ના માર્ચમાં પંજાબનો થોડો મુલક અંગ્રેજ સત્તા હેઠળ આવ્યો અને બીજા શીખ વિગ્રહને અંતે ઈ. ૧૮૪૯ની ૨૯મી માર્ચે શીખોની સ્વાધીનતાનો સંપૂર્ણ અંત આવ્યો.

(જ્યારે છપાયું હતું ત્યારે તે જ રૂપે સ્કૅન કરેલું આ પૃષ્ઠ તે કાળની અનુભૂતિ કરાવશે.)

ફિલ્માકાશ-૪૧

સરદાર ચંદુલાલ શાહની કહાણીમાં તીવ્ર ચડાવઉતાર !

— રજનીકુમાર પંડ્યા —

'બાઝીગર'માં પણ સંગીત જ્ઞાનદત્તનું જ હતું. આ ફિલ્મને વેશભૂષાપ્રધાન (કૉસ્ચ્યૂમ) ચિત્ર ગણી શકાય. તેર જેટલાં ગીતો હતાં. એના ગાયક કલાકારોનાં નામ ઉપલબ્ધ નથી. 'સુખ હૈ દિન હૈ ચાર સખી રી' એ સ્ત્રીકંઠમાં ગવાયેલું ગીત નાનપણમાં સાંભળ્યાનું આછું સ્મરણ છે. એક કૉમેડિ ગીત 'લે લો કપડે લેલો યાર. રસિકલાલ હૈ ઘર સે નિકલે' એ રેકર્ડની પાછળ હતું એટલે સાંભળેલું.

આ ફિલ્મમાં અનીસ ખાતુન, ત્રિલોક કપુર, ચાર્લી, ઇલા દેવી, સુરેશ વગેરે હતાં. સુરેશ એ આર. કારદારનો ભાણેજ હતો. અને પાછળથી હીરો બન્યો હતો. ૧૯૨૯ની નવેમ્બરની ૧૩મીએ જન્મેલા સુરેશનું મૂળ નામ નઝીમ અહેમદ હતું, અને તેઓ ૧૯૭૯ની ૧૪મી જુલાઈએ માત્ર એકાવન વર્ષની વયે હાર્ટઅટેકથી અવસાન પામ્યા. જ્યારે આ ફિલ્મમાં હીરોની ભૂમિકા કરનાર ત્રિલોક કપુર પૃથ્વીરાજ કપુરના ઓરમાન ભાઈ હતા. ૧૯૧૨માં મુલ્તાનમાં જન્મેલા ત્રિલોક કપુર ૧૯૩૪ની ફિલ્મ 'ચાર દરવેશ'થી ફિલ્મી દુનિયામાં પ્રવેશ પામ્યા. દેવકી બોઝની 'સીતા' (૧૯૩૪)માં એમણે યુવાન લવનું પાત્ર ભજવ્યું હતું. ન્યૂ થીએટર્સ સાથે સંકળાયેલા રહ્યા પછી ૧૯૩૭માં તેઓ બૉમ્બે આવ્યા અને આ 'બાઝીગર'માં નાયક બન્યા. આગળ ઉપર ૧૯૪૭માં વિખ્યાત ગાયિકા-નાયિકા નૂરજહાં સામેની 'મિરઝા સાહિબ' ફિલ્મની નાયકની ભૂમિકા તેમણે ભજવી ત્યારે વધુ પ્રકાશમાં આવ્યા. એમાં 'હાથ સીને પે જો રખ દો તો કરાર આ જાયે' (દુર્શની નૂરજહાં) ગીત અતિ લોકપ્રિય નીવડ્યું અને જ્યાં તેઓ જાહેરમાં દેખાતા ત્યાં લોકો તેમને તેમના જ અવાજમાં ગાવાની ફરમાઇશ કરતા. આ વાત ૧૯૮૯માં તેમણે પોતાના પુત્રની એક ટી.વી. સિરીઅલના નિર્માણવેળા મને સ્ટેજ પર કહી હતી. આગળ જતાં ભગવાન શંકરની ભૂમિકામાં તેઓ 'ટાઇપ્ડ' થઈ ગયા, અને એ જ તેમની કારકિર્દીનું અસ્તાચળ બિંદુ બની રહ્યું.

રણજિત મુવિટોનની આ 'બાઝીગર' ફિલ્મના દિગ્દર્શક મણિભાઈ વ્યાસ હતા અને ગીતકાર પ્યારેલાલ સંતોષી હતા.

બહુ ઓછાંને એ વાતની ખબર હશે કે જામનગરમાં



સરદાર ચંદુલાલ શાહ અને ગોહરબાનુ વચ્ચે અરદેશર ઇરાની

૧૮૯૮માં જન્મેલા ચંદુલાલ જેસંગભાઈ શાહનો મૂળ રસ તો પૈત્રુક ધંધા શેર-સટ્ટામાં હતો, પણ માત્ર એક અકસ્માતે જ તેઓએ મુંબઈ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતકની પદવી લીધી હતી. તેમના ભાઈ દયારામ શાહ ઇરાનીના મૅજેસ્ટિક થીએટરના પબ્લિસિટી મૅનેજર હતા અને તેમના લીધે જ એમને ફિલ્મ-લાઇનના પરિચયમાં આવવાનું બન્યું હતું. ૧૯૨૫માં લક્ષ્મી ફિલ્મ કંપનીના દિગ્દર્શક મણિલાલ જોશી એકાએક બીમાર પડી ગયા અને ભાઈ દયાનંદના કહેવાથી સત્તાવીસ વર્ષના જુવાન ચંદુલાલે એ કામ સંભાળી એની અધૂરી ફિલ્મ 'વિમલા' પૂરી કરી, જેની વાર્તા ગુજરાતી મોહનલાલ દવેએ લખી હતી અને જેમાં હીરો તરીકે રાજા સૅન્ડો હતા. આ મૂગી ફિલ્મે નાણાંની ટંકશાળ પાડી અને એથી કંપનીએ તેમને બીજી બે ફિલ્મોના દિગ્દર્શન માટે રોકી લીધા. એ પછી તેમની આવડત જોઈને કોહીનૂર ફિલ્મ કંપનીએ તેમને પોતાને ત્યાં ખેંચી લીધા. ત્યાં એમણે 'ટાઇપિસ્ટ ગર્લ' (૧૯૨૬) કે જેમાં ગોહર અને રાજા સૅન્ડો હીરો હતા તેનું દિગ્દર્શન કર્યું. ત્યારથી તેઓ ગોહરબાનુની બહુ નિકટ આવી ગયા. કોહીનૂર ફિલ્મ કંપનીની ગોહરબાનુ દ્વારા અભિનિત પાંચ ફિલ્મોનું ચંદુલાલે દિગ્દર્શન કર્યું. એમાં એક ૧૯૨૭ની 'ગુણસુંદરી' તો એમણે જાતે લખી હતી. (આ સફળ ફિલ્મને ચંદુલાલ ગોહરબાનુને કેન્દ્રમાં રાખીને ૧૯૩૪માં બોલતી ફિલ્મ તરીકે ફરી બનાવી હતી.) તેમની લેખનશક્તિના કારણે કોહીનૂર ફિલ્મ કંપનીમાં તેના પગારદાર વાર્તાલેખક મોહનલાલ દવેનું સ્થાન ડગમગી ગયું હતું. પણ એ સંઘર્ષમાં પરિણમે તે પહેલાં ચંદુલાલ કોહીનૂરને છોડીને જગદીશ ફિલ્મ કંપનીમાં જોડાઈ ગયા. અલબત્ત, ગોહરબાનુને સાથે લઈને જ. ત્યાં તેમણે 'વિશ્વમોહિની' (૧૯૨૮), 'ગૃહલક્ષ્મી' (૧૯૨૮), 'ચંદ્રમુખી' (૧૯૨૯), અને 'રાજલક્ષ્મી' (૧૯૨૯) એમ ચારેચાર ફિલ્મો ગોહરબાનુને કેન્દ્રવર્તી પાત્ર આપીને નારીના ગૃહિણી તરીકેના પાત્રનું પુનર્મૂલ્યાંકન કરતી વાર્તા ઉપર આધારિત બનાવી. જ્વલંત

સફળતાને પગલે એમણે ગોહરબાનુને ભાગીદારીમાં લઈને ૧૯૨૯માં જ રણજિત ફિલ્મ કંપનીની સ્થાપના કરી ત્યારે બોલતી ફિલ્મોનો યુગ શરૂ થવાને હજુ બે વર્ષની વાર હતી.

ચંદુલાલ શાહની કહાણી, તેમના અત્યંત ગરીબીમાં અને બેસ્ટની બસની પગથી ઉપરથી પગ લપસતા પડી જવાથી ૧૯૭૫ના નવેમ્બરની ૨૫મીએ અવસાન પામ્યા ત્યાં સુધીની તીવ્ર ચડઉતરવાળી જિંદગીની કહાણી છે. શેરસટ્ટામાં કરોડોની ખોટ ને તોય પૂરું ચૂકવણું, ગોહરબાનુ સાથેનો તેમનો સુખી સંસાર છતાં તેમનો તેજ મિજાજ, એમની ગાળો બોલવાની ભયંકર ટેવ અને છતાં ફિલ્મનિર્માણમાં એટલી જ સૂઝબૂઝ, સાહસિકતા, ઝનૂન, અઘરામાં અઘરી 'જોગન' (૧૯૫૦) જેવા વિષયને સ્પર્શવાની તેમની અદમ્ય ઝંખના અને તેમણે ભેટ ધરેલી અનેક પ્રતિભાઓ, જેમાં કેદાર શર્મા, નાનુભાઈ વકીલ, ચતુર્ભુજ દોશી, ડી. એન. મધોક, નંદલાલ જશવંતલાલ, જયંત દેસાઈ જેવાનો સમાવેશ થાય છે. તેમના સંદર્ભમાં એમની કહાણી ખાસ્સી ભરપૂર બને છે. રતિલાલ પૂનાતર કે જેમના તેઓ મામા થાય તેમણે પણ 'ગુણસુંદરી', 'મંગળફેરા' જેવી સુંદર ગુજરાતી ફિલ્મો આપવાની પ્રેરણા આપનારા પણ ચંદુલાલ શાહ જ. આ બધાને કારણે તેઓ સરદાર ચંદુલાલ શાહ તરીકે ઓળખાયા.

તેમની અનેક અવિસ્મરણીય ફિલ્મો 'જોગન', 'ફૂટપાથ', 'હમલોગ' જેવાની નેગેટિવો જ હાલ બચી છે. બાકીની બે ભયંકર આગમાં ખાખ થઈ પડી. એમણે અંગ્રેજી ફિલ્મ 'માઇ ફેર લેડી' ઉપરથી હિંદી ફિલ્મ 'નીલી' પણ બનાવી હતી. એવી જ એક અંગ્રેજી ફિલ્મ ઉપરથી 'પાપી' (૧૯૫૩) બનાવી. એમણે રાજકપુર ને વૈજયંતીમાલાને લઈને ફિલ્મ 'બહુરૂપિયા'ની શરૂઆત કરેલી. પણ નાણાંના અભાવે તે પૂરી ના થઈ શકી. તેમની છેલ્લી ફિલ્મ ૧૯૬૪ની 'અકેલી મત જઈઓ' હતી. પણ તે પણ બૉક્સ ઑફિસ પર મરણતોલ માર ખાઈ ગઈ હતી. તેમના અવસાન પછી ગોહરબાનુએ સ્ટૂડિઓનો કારોબાર કુશળતાથી સંભાળ્યો. પણ એ તો ખાલી બારદાનમાંથી ઘઉં ઠાલવવાની લાલસાભરી મજૂરી જેવું હતું. ગમે તે હો, પણ ગોહરબાનુએ તેમનો સાથ સાચી, વફાદાર જીવનસંગિનીની જેમ જ નિભાવ્યો હતો.

વોહરા જ્ઞાતિનાં ગોહરબાનુનું મૂળ નામ ક્યુમ મામાજીવાલા હતું. તેમનો જન્મ ૧૯૧૦ની અગિયારમી નવેમ્બરે લાહોરમાં થયો હતો. એમની માતા એમના જમાનાનાં મશહૂર અભિનેત્રી હતાં તો પિતા એક એવા વ્યાપારી હતા જેમનો કારોબાર એ જમાનામાં પણ કરોડોનો હતો. પણ પાછળથી તેમને વ્યાપારમાં જબરદસ્ત ખોટ ગઈ અને પરિવાર બેહાલ થઈ ગયો. આ વખતે ગોહરની વય માત્ર સોળ વરસની હતી. પિતાના પારિવારિક મિત્ર હોમી માસ્ટર ગોહરને ફિલ્મોમાં દોરી આવ્યા અને તેમની પહેલી ફિલ્મ હતી 'ફૉર્ચ્યુન ઍન્ડ ધ ફૂલ્સ' હતી, જેના દિગ્દર્શક ગુજરાતી સજ્જન કાનજીભાઈ રાઠોડ



હતા અને હીરો હતા ખલીલ. ગોહરબાનુ અત્યંત મેધાવી અભિનેત્રી હતાં. ગુજરાતી, હિંદી, ઉર્દૂ, અંગ્રેજી, મરાઠી ઉપરાંત ફ્રેંચ ભાષા પર પણ તેમનું સારું પ્રભુત્વ હતું. ૧૯૩૪ની ફિલ્મ 'ગુણસુંદરી' ઉપરાંત બીજી 'મિસ ૧૯૩૩' (૧૯૩૩) જેવી થોડી ફિલ્મોમાં કામ કરવા છતાં તેમની લોકપ્રિયતા એ જમાના પૂરતી પ્રચંડ રહી હતી. તેનો પુરાવો એ કે તેમના ફોટોગ્રાફવાળી માચીસની ડબ્બીઓ બહાર પડી હતી. (જુઓ ઉપરનું ચિત્ર) એમની છેલ્લી ફિલ્મ 'અછૂત' (૧૯૪૦) હતી.

એક વાત અહીં નોંધવી જરૂરી સમજું છું અને તે એ કે ફિલ્મ પત્રકાર બાબુરાવ પટેલ કહેતા કે રણજિત સ્ટૂડિઓ એ ફિલ્મોની નિર્માણસંસ્થા નથી પણ એક મિલ છે, જેમાં માલના ધોરણે ફિલ્મોનું નિર્માણ નહીં, ઉત્પાદન થાય છે. તેના સમર્થનમાં તેઓ આંકડા ટાંકતા કે એમાંથી દર વર્ષે ચારથી પાંચ ફિલ્મો બહાર પડે છે. ૧૯૨૯ના સ્થાપના વર્ષથી માંડીને ૧૯૪૯ સુધીમાં રણજિત સ્ટૂડિઓએ ચાલીસ કરોડ રૂપિયાનું ટર્નઓવર કર્યું હતું. ૧૯૪૮-૪૯ દરમિયાન રેશનિંગનો જમાનો આવતા સરદાર ચંદુલાલે સ્ટૂડિઓના કૉમ્પાઉન્ડ રેશનિંગની દુકાન ખોલી હતી. ૧૯૪૬માં ચંદુલાલ શાહે દેવાળું કાઢ્યું અને ૧૯૫૪માં તો એવી સ્થિતિ આવી ગઈ કે બૅન્કના સામાન્ય વ્યાજની ચૂકવણી કરવાનાં પણ ફાંફાં હતાં. એથી ૧૯૫૪માં સ્ટૂડિઓનો એક હિસ્સો તારાચંદને વેચી કાઢવામાં આવ્યો, જેની ઉપર પાછળથી રૂપતારા સ્ટૂડિઓનું નિર્માણ થયું એ જ સાલમાં એટલે ૧૯૫૪માં રણજિત સ્ટૂડિઓ આખો નિલામ થઈ ગયો. તે છતાં ૧૯૬૩ સુધી ગોહરબાનુએ સ્ટૂડિઓમાં નિર્માણકાર્ય ચાલુ રાખ્યું. કારણ કે તેના સાત ટેક્નિશિયનોએ ભેગા મળીને એ સ્ટૂડિઓ ખરીદી લીધો અને શેઠાણીને વાપરવા આપ્યો. એ હકીકત એક આંકડા તરીકે પણ યાદ રાખવા જેવી છે કે રણજિત મુવિટોનના બૅનર હેઠળ સરદાર ચંદુલાલ શાહ અને ગોહરબાનુએ કુલ એકસો સિત્તેર ફિલ્મોનું નિર્માણ કર્યું હતું.

રણજિત સ્ટૂડિઓનું નામ શેના ઉપરથી રાખવામાં આવ્યું હતું ? તો તેનો જવાબ પણ રસપ્રદ છે. સરદાર ચંદુલાલ શાહ જામનગરના હતા ને તેમના પિતાજી જેસંગલાલ રાજ્યના ખજાનચી હતા. રાજ્ય પરત્વેની વફાદારી બતાવવા જામનગરના રાજવી જામ રણજિતસિંહના નામ ઉપરથી નિર્માણસંસ્થાનું નામ રણજિત સ્ટૂડિઓ રાખવામાં આવ્યું હતું. આ સંસ્થાના નામ સાથે અનેક રોમાંચકરી તથ્યો પણ સંકળાયેલાં છે. એક ક્લૅપર બૉય જે પાછળથી હીરો બન્યો હોય તે સંસ્થા તે રણજિત અને ક્લૅપર બૉય તે બીજું કોઈ નહીં પણ રાજકપુર. હા રાજકપુરે તેમાં ક્લૅપર બૉય તરીકેની નોકરી પણ કરી હતી અને આ સંસ્થાની ફિલ્મ 'પાપી' (૧૯૫૩)માં તે હીરો પણ હતા.

૧૯૩૮માં સોહરાબ મોદીએ પણ બે ફિલ્મો નોંધપાત્ર કહી શકાય તે ધોરણની બનાવી હતી. તેમાંની એક હતી 'મીઠા ઝહર' અને બીજી હતી 'જેલર'. 'જેલર' આગળ ઉપર ૧૯૪૮માં 'રિમેક' રૂપે ફરી પણ બનાવી હતી અને તેની વાર્તા એક અંગ્રેજી કથા ઉપર આધારિત હતી. પણ 'મીઠા ઝહર'ની વાર્તા બંબૈયા ઢબની ભરપૂર ઘેરા રંગોવાળી મૌલિક હતી. એમ કહેવામાં આવે છે કે તેમાં 'મીઠા ઝહર' એટલે કે શરાબથી થતી બરબાદીનો સંદેશો હતો. પણ તે કદાચ સાચું નથી. 'મીઠા ઝહર' એટલે એક અત્યંત મીઠી જબાનવાળા દોસ્ત દ્વારા બીજા સજ્જન દોસ્તના ઘરસંસારમાં ચાંપવામાં આવતી આગની કહાણી છે. આ મીઠાબોલા મિત્રનું પાત્ર ગજાનન જાગીરદારે ભજવ્યું હતું, જ્યારે નાયક-નાયિકાના પાત્રમાં નસીમબાનુ અને સોહરાબ મોદી હતાં. આ ઉપરાંત તેમાં સાદિકઅલી. એરચ તારાપુર, ફકીર મોહમ્મદ જેવા 'બી' ગ્રેડના કલાકારો પણ હતા. સંગીત બી. એચ. હુગનનું હતું. દિગ્દર્શક સોહરાબ મોદી ખુદ હતા. નવ જેટલાં ગીતોમાંથી નસીમ અને એરચ તારાપોરનું એક દ્વંદ્વગીત બાદ કરતા બીજાં શીલા, શાંતા દત્ત અને નસીમબાનુના સ્ત્રી સ્વરોમાં હતાં. એમાંથી કોઈ હજુ લગી કોઈને યાદ રહ્યું હોય એવું બન્યું નહોતું.

જ્યારે 'જેલર'ના સંગીતકાર ખુદ સોહરાબ મોદી હતા અને ગીતો લખ્યાં હતાં અમીર હૈદર કમાલે. આ અમીર હૈદર કમાલ એ જ કમાલ અમરોહી. એમાં કુલ અગિયાર ગીતો હતાં, જેમાંથી એક 'કાયા રેત ઘરૌંદા હૈ' ગીત ઠીકઠીક લોકપ્રિય બન્યું હતું, જે ખાન મસ્તાનાના સ્વરમાં હતું. આમ, ઉદાર બન્યું પણ પત્ની પરત્વે બહુ સખ્ત જાપ્તાવાળા જેલરનો (સાઈકો-ડ્રામેટિક) રોલ ખુદ સોહરાબ મોદીએ લીધો હતો ને દિગ્દર્શન પણ એમનું જ હતું.

(ક્રમશઃ)

લઘુકથા

ફોટો

ભગવત સુથાર

એક વૃદ્ધ દંપતી મારા સ્ટૂડિઓમાં માંડમાંડ ઉપર આવ્યું. તેમની સાથે એક ત્રણેક વર્ષનું બાળક. તેને તેમની શક્તિ પ્રમાણે બરાબર સજાવવા લાગ્યાં. તેની બાબરી વ્યવસ્થિત કરી. મેં પૂછ્યું, 'કેમ આટલા વાળ છે ? શું બાબરી લીધી છે ?'

વૃદ્ધા મારી સામે એકીટસે જોઈ રહી. તેની આંખ ભીની થઈ. તેના હોઠ માંડમાંડ હાલ્યા. ઊંડો શ્વાસ ખેંચીને ધીરે રહીને બોલી, 'સા'બ ! ઈના વાંકડિયા અને કાળા ભમર વાળ તો દશમનને પણ ગમ તેવા હતા. પણ શી ખબર્ય હતી એક ગોઝારો રોગ વળજ્યો ન આ હમ ખાવાની ચોટલી રઈ.' વૃદ્ધાનું ગળું ભરાઈ ગયું. વૃદ્ધ સામે તે જોઈ રહી. વૃદ્ધે ઊંડો નિસાસો નાખતાં કહ્યું, 'સા'બ ! હતો તાર તો તે હતો રાતી રૉયણ જેવો.. અને ભફલા જેવો. ઈન ઊચકીન દહ ડગલાં ભરતાં તો હોંફી જવાતું. જ્યાર આજ ઈન જુઓ, છ ન દાતણની હૉઠકડી.' વૃદ્ધે પણ આંખો લૂછતાં કહ્યું,

'ડૉક્ટરે શું કહ્યું ? દવા-બવા ?'

'દાક્તર ભગવોન નો કહેવરાય. નિતનિત નવા રોગ હતા એટલે રૂપિયા હૉમ્યા. ફૉટા પડાયા... રપૉર્ટ કઢાયાય બધા કે નખમોંયે રોગ નથી. અંજીશન અને ગોળીઓ. પણ દા'ડ દા'ડ શરીર લેવાતું જયુ ન તમે...' વૃદ્ધે માંડ માંડ કહ્યું. પહેરણની ચાળથી આંખો લૂછી.

'તેનાં માબાપ નથી કે તમારે આ ઉંમરે ?' મારાથી પુછાઈ ગયું. બંને અન્યોન્ય સામે જોઈ રહ્યાં. જાણે કોણ બોલે ?

'સા'બ ! કારખાનેથી કૉમ કરીન બન્યો પાછા વળતાં'તાં.. ત્યાં એક ટોળે ઘેરી લીધાં અન ગ્યાસતેલ...' વૃદ્ધા રડી પડી; ભાંગી પડી. 'અમો કમભાગી આ ફૂલન હાચવવા... તૂટમૂટ ઑયડીમોં...'

'ભઈ ! આ અમ જીવનની આ એક આશનો અમોન અસ્સલ..' વૃદ્ધા પેલા બાળકને તેડી ટેબલ પાસે આવી.

'ભઈલા ! એક ઈનો ફોટો અન એક અમારો ભેગો... જીવવાનો જોણ આશરોય... અમ ગરીબ કાજ..'

'કાલે સાંજે આવજો.' મેં ભીના સ્વરે કહ્યું.

'સા'બ ! પૈસા...?'

'કાલે કહીશ.'

બીજે દિવસે બંને આવ્યાં. વૃદ્ધાએ કાળો સાડલો... વૃદ્ધાએ ફોટાને છાતી સરસો દબાવીને ગંગા-જમનાનો અભિષેક... વૃદ્ધે કહ્યું, 'લ્યો, હવ ફોટો...'

વિમ્બલ્ડન - ૨૦૦૪

ડૉ. પી. ડી. શર્મા

વિમ્બલ્ડન સ્પર્ધા વિશ્વમાં ટેનિસ-જગતની સૌથી પ્રતિષ્ઠિત સ્પર્ધા ગણાય છે તેમજ ટેનિસ-જગતમાં 'ઑલિમ્પિક્સ' જેટલી લોકપ્રિયતા ધરાવે છે. એટલા માટે જ જ્યારથી ટેનિસનો ખેલાડી હાથમાં રૅકેટ પકડતો થાય છે ત્યારથી જ તે વિમ્બલ્ડનમાં રમવાની ઘેલછા રાખે છે તથા વિમ્બલ્ડનમાં ચૅમ્પિયન બનનાર સાચા અર્થમાં ભાગ્યશાળી ખેલાડી હોય છે. ઈંગ્લન્ડમાં લંડન પાસે આવેલા 'વિમ્બલ્ડન' નામના પરામાં આ ટૂર્નમેન્ટ યોજાય છે અને તેથી જ તે 'વિમ્બલ્ડન' તરીકે વિશ્વમાં પ્રખ્યાત છે.

વિમ્બલ્ડનની શરૂઆત : વિમ્બલ્ડન સ્પર્ધાની શરૂઆત ૧૮૭૭માં થઈ હતી અને ત્યારથી બે વિશ્વયુદ્ધોને બાદ કરતાં દર વર્ષે જૂન-જુલાઈ માસમાં આ સ્પર્ધા આયોજિત થતી રહી છે અને આ રીતે ૨૦૦૪માં ૧૧૮મી સ્પર્ધા યોજાશે. ૧૮૭૭માં સૌપ્રથમ વિમ્બલ્ડન જીતનાર ભાગ્યશાળી ખેલાડી સ્પેન્સર ગોર હતો. વિશ્વનાં ટોચના ટેનિસ ખેલાડીઓની રમત જોવા માટેનો આ એક વિશેષ લહાવો છે. કેટલાંક ખેલાડીઓ તો વિમ્બલ્ડનમાં રમવા માટે બીજી ઘણી ટેનિસ ટૂર્નમેન્ટો જતી કરતાં હોય છે એટલું જ નહિ, પણ મોટા ભાગનાં ટેનિસ ખેલાડીઓ વિમ્બલ્ડનના શ્રીગણેશથી માંડીને તેના અંત સુધી જાણે કે મોટું આનંદપર્વ ઊજવતાં હોય એવાં ઘેલાં થઈ જાય છે. વિમ્બલ્ડનને આથી જ તો ટેનિસના ખેલાડીઓનું કાશી કે મક્કા કહેવામાં આવે છે. નાનો હોય કે મોટો, ટેનિસનો પ્રત્યેક ખેલાડી વિમ્બલ્ડનમાં રમવાનું દિવાસ્વપ્ન સેવતો હોય છે. જેમ દરેક ભાવિક હિંદુ જીવનમાં એક વાર બદ્રીનાથ-કેદારનાથ જવા ઈચ્છે છે, જેમ દરેક પાક મુસ્લિમ મક્કા-મદીનાની હજ કરવા ઈચ્છે છે, તેમ ટેનિસનો દરેક ખેલાડી જીવનમાં એક વાર વિમ્બલ્ડન રમવાની મહેચ્છા સેવતો હોય છે. એટલા માટે જ ટેનિસની તમામ ટૂર્નમેન્ટોમાં વિમ્બલ્ડનનો રંગ જ કંઈક ન્યારો દેખાય છે. વિમ્બલ્ડન એટલે વિમ્બલ્ડન. એની તુલના કોઈ ટૂર્નમેન્ટ સાથે થઈ જ ન શકે એવું ગૌરવ તેણે પ્રાપ્ત કર્યું છે.



વિનસ વિલિયમ્સ

વિમ્બલ્ડનની વિશેષતાઓ : વિમ્બલ્ડનની ટિકિટ લેવા માટે માઈલો લાંબી કતારો લાગે છે. વિમ્બલ્ડનની સમગ્ર વ્યવસ્થા અને આયોજન પાછળ આશરે ૨૦૦૦ માણસો હોય છે અને લગભગ ૮૦૦૦ બૉલ વપરાય છે. ખેલાડીઓને શહેરની ઉત્તમમાં ઉત્તમ હોટલોમાં ઉતારો આપી, બાદશાહી ઠાઠથી રખાય છે એટલું જ નહિ, પણ એમને હોટલથી મેદાન સુધી ઝગારા મારતી સફેદ રંગની મોટરમાં લઈ જવામાં આવે છે. મોટરો ઉપર વિમ્બલ્ડનની નિશાની હોવાથી માર્ગમાં ક્યાંય એને અટકવું પડતું નથી. એને પરિણામે મૅચો સમયસર શરૂ થઈ શકે છે. ટેનિસમાં વિમ્બલ્ડન એકલું જ એવું મેદાન છે કે જ્યાં ઘાસના મેદાન ઉપર રમવાનું હોય છે. વિમ્બલ્ડન નજદીકની સ્કૂલોમાંથી કિશોર-યુવાનોનો 'બૉલબૉય' તરીકે ઉપયોગ કરવામાં આવે છે. વિમ્બલ્ડનના વિશાળ મેદાનમાં ૧૫ ઘાસના અને ૧૦ બિનઘાસના મેદાન છે, એની પોતાની બૅન્ક અને પોસ્ટ ઑફિસ છે. ટેનિસ-નિષ્ણાતો માને છે કે વિમ્બલ્ડનમાં રમવું (જીત-હાર તો પછી આવે) એ જ ખેલાડીની શ્રેષ્ઠતાનું પ્રમાણપત્ર છે. સમાચાર માધ્યમો માટે પણ વિમ્બલ્ડનનું આકર્ષણ બીજી આવી આંતરરાષ્ટ્રિય રમતો જેવું છે. દુનિયાના ખૂણેખૂણેથી ત્યાં પત્રકારો વગેરે ઠલવાય છે. ટી. વી. કવરેજ માટે મેદાન ઉપર ૧૪ જેટલાં બૉક્સ ગોઠવવામાં આવે છે. વિમ્બલ્ડનમાં 'સ્ટ્રૉબેરી' ફળનું વિશેષ મહત્ત્વ હોવાથી વિમ્બલ્ડન દરમિયાન ૨૫૦૦ પૌંડ સ્ટ્રૉબેરી ઉપયોગમાં આવે છે. વિમ્બલ્ડનમાં અમ્પાયરો પણ વિશિષ્ટ સિદ્ધિઓવાળા અનુભવી નિષ્ણાતો હોય છે. આપણા ભારતમાં પીટર



પીટ સમ્પ્રાસ



સ્ટેફી ગ્રાફ

મલિક નામના અમ્પાયરે સાત વર્ષ સુધી વિમ્બલ્ડનમાં અમ્પાયરિંગ કરેલું.

વિમ્બલ્ડનની યાદગાર બાબતો : ૧૮૮૪થી વિમ્બલ્ડનમાં મહિલા સિંગલ્સની સ્પર્ધા ચાલુ કરવામાં આવી હતી અને ફાઈનલ મૅચ વૉટસન બહેનો વચ્ચે જ રમાઈ હતી અને તેમાં મૉડ વૉટસને પોતાની બહેન લિપનને પરાજિત કરી હતી. ૧૯૩૭માં ટેલિવિઝન પર સૌપ્રથમ વાર વિમ્બલ્ડન સ્પર્ધાનું


ગોરાન ઇવાનિસેવિક

પ્રસારણ કરવામાં આવ્યું હતું. ૧૯૫૭માં એલ્થિયા ગિબ્સન પ્રથમ વાર અશ્વેત મહિલા ચૅમ્પિયન બની હતી. ૧૯૭૭માં વિમ્બલ્ડનની શતાબ્દી ઉજવાઈ હતી. ૧૯૬૮માં સર્વ પ્રકારના અમેચ્યોર તેમજ પ્રોફેશનલ ખેલાડીઓ માટે ચૅમ્પિયનશિપનાં દ્વાર ખુલ્લાં મુકાયાં. ૧૯૭૧માં ટાઈ-બ્રેક સિસ્ટમ દાખલ કરાઈ. ૧૯૮૫માં જર્મનીમાં બોરિસ બૅકરે કેવળ ૧૭ વર્ષની વયે ચૅમ્પિયનશિપ જીતીને સૌથી નાની વયે વિજેતા બનનાર પુરુષ ખેલાડીનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. ૧૯૯૦માં અમેરિકાની માર્ટિના નવરાતિલોવાએ નવમી વાર સિંગલ્સ ટાઈટલ જીતી નવો વિક્રમ સ્થાપ્યો અને આજે પણ તેઓ યાદગાર ટેનિસ રમે છે. ૧૯૯૧માં પુરુષોની ફાઈનલમાં પ્રથમ જ વાર બે જર્મન હરીફો ટકરાયા. ૧૯૯૩માં સ્ટેફી ગ્રાફની 'હૅટ્રિક' તેમજ ૧૯૮૪ બાદ પ્રથમ વાર પુરુષોની ફાઈનલમાં બે અમેરિકન ખેલાડી સામસામે ટકરાયા. ૧૯૯૪માં પ્રથમ વાર સ્પેનના પુરુષ અને મહિલા ખેલાડીઓએ સિંગલ્સમાં બંને ટાઈટલ જીતી લીધાં. ૧૯૯૫માં પીટ


લિએન્ડર પેસ અને મહેશ ભૂપતિ

સામ્પ્રસની 'હૅટ્રિક' અને ૧૯૯૬માં સ્ટેફી ગ્રાફે સાતમી સિંગલ્સ ટાઈટલ મેળવી. ૧૯૯૭માં વિમ્બલ્ડનના ઇતિહાસમાં સૌથી નાની વયે મહિલાઓનો ખિતાબ સ્વિટ્ઝરલૅન્ડની ટીનએજ સેન્સેશન 'માર્ટિના હિંગીસે' મેળવી ટેનિસ જગતમાં ચમત્કાર સર્જ્યો હતો. ૨૧મી સદીના પ્રારંભથી જ મહિલા વિભાગના ખિતાબ માટે અમેરિકાની વિલિયમ્સ બહેનો વચ્ચે જ ફાઈનલનો ખિતાબ વહેંચાતો જોવા મળે છે, જ્યારે પુરુષ વિભાગમાં નવી સદીના પ્રારંભથી એટલે કે ૨૦૦૦ના વર્ષથી કોઈ ખેલાડી બીજી વખત ચૅમ્પિયન થયો નથી. છેલ્લા દસકાના વિમ્બલ્ડન વિજેતાઓ અહીં આપેલા કોઠામાં દર્શાવવામાં આવ્યા છે. અત્યાર સુધી વિમ્બલ્ડનમાં ભારતના રામનાથન કૃષ્ણન, રમેશ કૃષ્ણન, લિયેન્ડર પેસ, મહેશ ભૂપતિએ સારી નામના મેળવી છે અને એવી રીતે જ ૨૦૦૩માં બહેનોમાં સોનિયા મિર્ઝાએ સારો દેખાવ કર્યો હતો, પરંતુ આજે તો વિશ્વનાં બધાં જ ટેનિસપ્રેમીઓને ૨૦૦૪ના વિજેતાઓની પ્રતીક્ષા છે. □

છેલ્લા દસકાના વિમ્બલ્ડન વિજેતાઓ

વર્ષ	પુરુષો	દેશ	મહિલાઓ	દેશ
૧૯૯૪	પીટ સમ્પ્રાસ	(અમેરિકા)	સ્ટેફી ગ્રાફ	(જર્મની)
૧૯૯૫	પીટ સમ્પ્રાસ	(અમેરિકા)	સ્ટેફી ગ્રાફ	(જર્મની)
૧૯૯૬	રિચર્ડ ક્રાઈએક	(નેધરલૅન્ડ)	સ્ટેફી ગ્રાફ	(જર્મની)
૧૯૯૭	પીટ સમ્પ્રાસ	(અમેરિકા)	માર્ટિના હિંગીસ	(સ્વિટ્ઝરલૅન્ડ)
૧૯૯૮	પીટ સમ્પ્રાસ	(અમેરિકા)	પાના નોવોત્ના	(ચેકોસ્લોવાકિયા)
૧૯૯૯	પીટ સમ્પ્રાસ	(અમેરિકા)	લિન્ડસે ડેવનપોર્ટ	(અમેરિકા)
૨૦૦૦	પીટ સમ્પ્રાસ	(અમેરિકા)	વિનસ વિલિયમ્સ	(અમેરિકા)
૨૦૦૧	ગોરાન ઈવાનિસેવિક	(ક્રોએશિયા)	વિનસ વિલિયમ્સ	(અમેરિકા)
૨૦૦૨	લેયટન હેવીટ	(ઑસ્ટ્રેલિયા)	સેરેના વિલિયમ્સ	(અમેરિકા)
૨૦૦૩	રોજર ફેડરર	(સ્વિટ્ઝરલૅન્ડ)	સેરેના વિલિયમ્સ	(અમેરિકા)

અધ્યયનમાં પ્રેરણા

અરવિંદ ગજ્જર

રાજ્ય શિક્ષક પ્રશિક્ષણ બોર્ડના અધ્યક્ષ ઈશ્વરભાઈ પટેલે કહ્યું છે, 'મારે મન શિક્ષણમાં અને શિક્ષણના શાસ્ત્રમાં કડીરૂપ સમસ્યા વિદ્યાર્થીઓને અધ્યયન માટે પ્રેરવા તે છે.' ઈશ્વરભાઈની વાત સાચી છે. પરંતુ સવાલ એ છે કે આ સમસ્યા કુદરતી છે કે આપણી ભૂલનું પરિણામ છે ? કુદરતે બાળકને જિજ્ઞાસાવૃત્તિ જન્મજાત આપેલ છે. બાળક બોલતા શીખે અને સમજણું થાય ત્યારથી પોતાની આસપાસના વાતાવરણ વિશે જાણવા માટે વડીલવર્ગને અવનવા સવાલો પૂછે છે. વડીલો આ સવાલોના જવાબો આપવાનું મહત્ત્વ સમજતાં નથી એટલે બેદરકારીને કારણે, સમયના અભાવે અથવા ખુદ સવાલનો જવાબ ન જાણતા હોવાને કારણે, જવાબ જાણતાં હોય તો બાળકને સમજાવી શકવાની આવડત ન હોવાના કારણે જવાબ આપવાનું ટાળતાં કહે છે, 'એ તને ન સમજ પડે.' આવું કહી વડીલો બાળકની જિજ્ઞાસાને સિંચવાને બદલે કુંઠિત કરવાનું કાર્ય કરે છે. 'આકાશ ભૂરું કેમ છે ?', 'ઝાડ અને પાંદડાં લીલાં કેમ છે ?' આવા સવાલના જવાબમાં 'એ તો એમ જ હોય' એવો જવાબ આપી આપણે બાળકને સમજ્યાં વગર સ્વીકારવાની ખોટી ટેવ પાડીએ છીએ. નાજુક ચીજ કેમ પકડવી અને કેમ વાપરવી તે શીખવવાને બદલે 'તું તેને ફાડી નાખીશ', 'તું તે તોડી નાખીશ' આવું કહી આપણે બાળકને દૂર રાખીએ છીએ. પૂરાં ચાર વર્ષ આપણે બાળકની જિજ્ઞાસાવૃત્તિને કચડીએ છીએ અને પછી તેના હાથમાં પાટી અને પેન પકડાવી એકડો ઘૂંટવા કહીએ છીએ. બાળકને સવાલ ન થાય કે આ કામ મારે શા માટે કરવું જોઈએ ? આ મારે શા ઉપયોગનું ?

કેટલાંક બાળકો પ્રોત્સાહન થકી ભણે છે, પ્રોત્સાહન ન હોય તો ભણતાં નથી. કેટલાંક બાળકો પ્રોત્સાહન ન હોય પરંતુ મુસીબત હોય તો પણ તેનો સામનો કરીને ભણે છે, જ્યારે બીજાં કેટલાંક આવી મુસીબતને કારણે અભ્યાસ છોડે છે. સગવડનો ઉપયોગ કરી સાચું ભણતાં અને આવી સગવડ-સમૃદ્ધિને કારણે અવળે રસ્તે ચડી અભ્યાસથી વિમુખ થતાં બાળકો પણ જોવા મળે છે. શિક્ષા અને શિક્ષાના ડરથી ભણતાં બાળકો અને કોઈ પણ પ્રકારની શિક્ષાને ન ગાંઠતાં બાળકો પણ જોવા મળે છે. જે બાળકો નથી ભણતાં તે શા કારણે નથી ભણતાં અને જે ભણે છે તે શા કારણોથી ભણે છે તે વિશે અજ્ઞાન લોકો નસીબની વાત લઈ આવે છે. અને કહે છે, 'જેના નસીબમાં વિદ્યા હોય તે ભણી શકે.' આ વાત સાચી નથી. અધ્યયન માટે પ્રેરણા હોય તે ભણે છે, પ્રેરણા વગરનાં બાળકો ભણી શકતાં નથી. બે બાળકોની અધ્યયનમાં પ્રગતિનાં તફાવતનાં કારણોમાં પ્રેરણા સૌથી મોટું અસરકર્તા પરિબળ છે. અધ્યયનના સંદર્ભમાં પ્રેરણા વિશે આપણે જાણીએ.

જીવમાત્રમાં વર્તનને ઉત્પન્ન કરતી, જાળવતી, દિશાસૂચન કરતી અને નક્કી કરતી સજીવની આંતરિક સ્થિતિને પ્રેરણા કહે છે. પ્રેરણાથી સજીવનું હેતુલક્ષી વર્તન અને તેના આઘાતપ્રત્યાઘાત નક્કી થાય છે. હોવર્ડ કિંગ્સ્લેએ આપેલ વ્યાખ્યા મુજબ અધ્યયન એ એવી પ્રક્રિયા છે જેના દ્વારા પ્રાણી પોતાની ઉત્તેજનાઓ સંતોષવા માટે વર્તનનું વ્યવસ્થાપન કે અનુકૂલન ધ્યેયપ્રાપ્તિ માટે કરે છે. આ પરથી એવી સમજ મળે છે કે વ્યક્તિના વર્તનમાં થતો ફેરફાર અધ્યયનને આભારી છે. વ્યક્તિનું વર્તન પ્રેરણા પર અવલંબે છે એટલે દેખીતી રીતે જ અધ્યયન અને પ્રેરણા એકબીજાં સાથે સંકળાયેલાં છે. પ્રેરણાને કારણે અધ્યયન થાય છે અને પ્રાપ્ત કરેલ અધ્યયન ભવિષ્યની પ્રેરણાના ઉદ્‌ભવમાં અસરકર્તા પરિબળ બને છે.

પ્રેરણાને સમજવા, સમજાવવા જુદા જુદા વિદ્વાનોએ વિવિધ વિચારસરણીઓ રજૂ કરેલી છે. બ્રિટિશ મનોવૈજ્ઞાનિક મૅકડુગલે સહજવૃત્તિનો સિદ્ધાંત રજૂ કરેલી છે. ક્ષુધાવૃત્તિ, ઘૃણાવૃત્તિ, લિંગવૃત્તિ, ભયવૃત્તિ, હાસ્યવૃત્તિ, ક્રોધવૃત્તિ, કુતૂહલવૃત્તિ વગેરે મૂળ અઢાર સહજવૃત્તિઓ પ્રાણીઓમાં જન્મજાત હોય છે. સહજવૃત્તિઓ એકત્ર થઈ સ્થાયીભાવ રચે છે, જેના આધારે અભિરુચિઓ ઘડાય છે. આ સ્થાયીભાવો અને અભિરુચિઓ મનુષ્યના સુધરેલા વર્તનનું નિયંત્રણ કરે છે એમ મૅકડુગલ માને છે.

ઑસ્ટ્રિયાના ફ્રૉઈડે અજાગ્રત મનમાં રહેલા પ્રેરણોની વાત કરીને માનવના વર્તનને સમજવાની એક નવી દિશા ખોલી આપી. દમન કરાયેલ વણ સંતોષાયેલી ઇચ્છાઓ અજાગ્રત મનમાં સંગ્રહાયેલી પડી રહે છે, જેની જાગ્રત વર્તન પર અસર પડ્યા વિના રહેતી નથી. અજાગ્રત પ્રેરણો સુષુપ્ત જ નથી રહેતાં, વારે વારે તેઓ જાગ્રત વર્તનમાં પ્રકટ થવાને અધીરાં બને છે.

અબ્રાહમ એચ. મૅસ્લોએ 'માનવ પ્રેરણાનો સિદ્ધાંત' રજૂ કર્યો છે. મૅસ્લોએ પ્રબળતાના ક્રમ પ્રમાણે શારીરિક જરૂરિયાતો, સલામતીની જરૂરિયાતો, પ્રેમની જરૂરિયાતો, પ્રતિષ્ઠાની જરૂરિયાતો અને આત્મસાર્થકતાની જરૂરિયાતો : આ પાંચ જરૂરિયાતોને પ્રેરણા માટે પાયાની ગણેલી છે. માણસની શારીરિક જરૂરિયાતને પ્રેરણાનું આરંભબિન્દુ ગણાવી શકાય. બધી જરૂરિયાતો કરતાં શારીરિક જરૂરિયાતોની પ્રબળતા વધારે હોય છે. શારીરિક જરૂરિયાતો પૂર્ણ અથવા આંશિક પ્રમાણમાં

સંતોષાય તો તરત જ ઉપરના દરજ્જાની જરૂરિયાતો બહાર આવે છે. જે જરૂરિયાત સંતોષાય છે તે જરૂરિયાત જરૂરિયાત રહેતી નથી. જીવમાત્રનું વર્તન અતૃપ્ત જરૂરિયાતોથી જ પ્રભાવિત થતું રહે છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર ડેવિડ મૅકલેલૅન્ડે માણસે જાગ્રત અવસ્થામાં કરેલા તરંગી વિચારોનું અર્થઘટન કરી એની પ્રેરણાઓનો ક્યાસ કાઢવાનો પ્રયત્ન કર્યો. સંશોધનને અંતે તેઓ સિદ્ધિપ્રેરણા, સત્તાપ્રેરણા, સંબંધપ્રેરણા (AFFILIATION), વિસ્તારપ્રેરણા - આ ચાર પ્રેરણાઓને જુદી તારવી શક્યા. સામાજિક પ્રતિષ્ઠા માટે નહિ પણ પોતે કંઈક સિદ્ધ કર્યાનો આંતરિક સંતોષ પામવા માટે કોઈ પણ કામ સારી રીતે પાર પાડવાની અભિલાષા એટલે સિદ્ધિપ્રેરણા.

શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં ફ્રેન્ડસેને પ્રેરણાનો સમસ્યા તરીકે ઉલ્લેખ કરેલ છે. આ બાબતને સાદા ઉદાહરણથી સમજીએ. ગુસ્સે થઈને કોઈ વ્યક્તિને મારવા માટે લાકડી ઉગામશો ત્યારે તે તમારાથી દૂર ભાગવા કોશિશ કરશે અથવા તો રડવા લાગી જશે અથવા તો બૂમાબૂમ કરી કોઈની મદદ મેળવવા કોશિશ કરશે અથવા તો તમારી પર હુમલો કરી લાકડી છીનવી લેવા પ્રયાસ કરશે અથવા મારથી બચવા કાંઈક ધમકી વિચારીને ઉચ્ચારશે. દરેક વખતે વ્યક્તિ મારથી બચવા કોશિશ કરશે તેવું પણ નથી. એવું પણ બને કે તે કશું ન કરે અને માર સહન કરવાની તૈયારી સાથે રોષભરી નજરે તમારી તરફ જોઈ રહે અથવા તમને ગાળો ભાંડીને વધારે ઉશ્કેરણી કરે. જો 'લાકડી ઉગામવાની ક્રિયા' એ એક જ પરિબળને કારણે સામી વ્યક્તિમાં ઉદ્‌ભવતી પ્રેરણા નિશ્ચિત થતી હોત તો સામી વ્યક્તિના વર્તન માટે આપણે જે ઘણાબધા વિકલ્પો મૂક્યા તેના બદલે કોઈ એક ચોક્કસ વર્તનની આગાહી થઈ શકી હોત. એટલે *કોઈ વ્યક્તિમાં કોઈ એક સમયે આકાર લેતી પ્રેરણા પરિમાણ અને દિશા બદલતા રહેતા જ્ઞાત અને અજ્ઞાત એવાં ઘણાં બધાં પરિબળોની સમાસરૂપ અસરને કારણે હોય છે.* આ એક કારણ છે જેથી પ્રેરણા પામવા અથવા આપવા માટે પ્રેરણા વિશેના સિદ્ધાંતોથી માહિતગાર વ્યક્તિ કરતાં 'કોઠાસૂઝ' ધરાવતી વ્યક્તિ વ્યવહારમાં વધારે સફળ રહે છે. આજ કારણ છે જેથી અધ્યયનમાં પ્રેરણા પામવા અથવા આપવા માટે કોઈ પણ સમયસંજોગોમાં બધા જ વિદ્યાર્થીઓને લાગુ પાડી શકાય તેવા સિદ્ધાંતો અને રીતો શોધવાનું અને રજૂ કરવાનું અશક્ય છે.

આપણા ઉદાહરણમાં મારવા માટે લાકડી ઉગામવાની ક્રિયા ભિન્ન વ્યક્તિઓમાં ભિન્ન પ્રકારની પ્રેરણા જન્માવે છે એ સાચું પરંતુ આ અનેક પ્રકારની પ્રેરણાઓના ઉદ્‌ભવના કારણમાં લાકડી ઉગામવાની ક્રિયા બીજાં પરિબળો વચ્ચે મુખ્ય પરિબળ તો છે જ. આ જ રીતે અધ્યયન કરતા વિદ્યાર્થીઓની પ્રેરણાના કારણરૂપ એવા મુખ્ય પરિબળને જુદું તારવી શકાય. આ મુખ્ય પરિબળનો અભ્યાસ કરતા તે ૧. મહત્ત્વાકાંક્ષા, ૨. શૉખ, ૩. અધ્યયનના મહત્ત્વની પ્રતીતિ, ૪. પ્રલોભન, ૫. શિક્ષા અને શિક્ષાનો ડર, ૬. આબરૂનું ઊંચું મથાળું : આ છ ઘટકોમાંથી ગમે તે એક અથવા એકથી વધારેના મિશ્રણથી બનેલ હોય તેવું જણાય છે. સમય અને સંજોગો પ્રમાણે આ મિશ્રણનો પ્રકાર અને તેમાં રહેલા ઘટકોનું પ્રમાણ બદલાતાં રહે છે. એટલે અસરકારક અધ્યયનની પ્રેરણા માટે ક્રિયાશીલ સતત પ્રયત્નોની જરૂર છે. ઉપરછલ્લા અને કયારેક કરાયેલા મંદ પ્રયત્નોથી કાંઈ ફાયદો થતો નથી.

કોઈ એક વિદ્યાર્થીની અધ્યયનની પ્રેરણાના મુખ્ય પરિબળના ઉપર દર્શાવેલ છ ઘટકોમાંથી કેટલાક એકબીજા સાથે એટલા ઓતપ્રોત હોય છે કે તેમને જુદા ઓળખાવાનું અશક્ય હોય છે. આપણે સરળતાથી સમજ મેળવવા આ ઘટકોને એકબીજાથી જુદા કલ્પીને એક પછી એક વિશે માહિતી મેળવીએ.

૧. મહત્ત્વાકાંક્ષા : અહમ્ દરેક વ્યક્તિમાં હોય છે. આ અહમ્‌ને કારણે 'હું કાંઈક છું' એવો ગર્વ ઉત્પન્ન થાય છે. ત્યારે વ્યક્તિ ઘમંડી બને છે અને તેની પ્રગતિમાં રૂકાવટ આવે છે. પરંતુ આ અહમ્‌ને કારણે મહાન થવાની તમન્ના ઉદ્‌ભવે છે. ત્યારે તે અતૂટ સાતત્યવાળા પ્રબળ પુરુષાર્થ માટેનું પ્રેરક બળ પૂરું પાડે છે. મહાન થવાની ઇચ્છા એટલી પ્રબળ હોય કે જે વ્યક્તિને ધ્યેયસિદ્ધિ માટે ખંતથી ખુવાર થવા તૈયાર કરે ત્યારે તે પ્રબળ ઇચ્છાને તમન્ના કહેવાય અને આવી ઇચ્છા ધરાવતી વ્યક્તિને મહત્ત્વાકાંક્ષી કહેવાય. વર્તમાનપત્રોમાં અથવા શાળાનાં વાર્ષિક પ્રકાશનોમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની છબીઓ જોઈને આવી સફળતા મેળવવાની ઇચ્છા ઘણાને થાય છે, તમન્ના કોઈકને જ ઉદ્‌ભવે છે. આપણે દર્શાવેલ છ ઘટકોમાં મહત્ત્વાકાંક્ષા સરખામણીમાં સૌથી વધુ સ્થાયી ઘટક છે. મહત્ત્વાકાંક્ષા એવું થડ છે જેમાંથી ધ્યેયસિદ્ધિ માટે જરૂરી સદ્‌ગુણો રૂપી ડાળીઓ, પર્ણો અને પુષ્પો આપોઆપ નીકળી આવે છે. ઉદાહરણ તરીકે એકલવ્યની વાત કરી શકાય. હિંમત, દૃઢતા, આત્મવિશ્વાસ, નિરાશાથી નિર્લેપતા, ચાતુર્ય, ગુરુભક્તિ વગેરે અનેક સદ્‌ગુણો એકલવ્યની અવ્વલ દરજ્જાના ધનુર્ધર બનવાની તમન્નાને કારણે વિકાસ પામેલ જોવા મળે છે. એકલવ્યે ગુરુની પ્રતિમા પાસેથી વિદ્યા મેળવી અને એ પ્રતિમા પણ માટીની. આપણે પ્રત્યક્ષ અને પ્રયત્નશીલ ગુરુ પાસેથી વિદ્યા મેળવી શકતા નથી તેનું એક મુખ્ય કારણ મહત્ત્વાકાંક્ષા - તમન્નાનો અભાવ છે.

મહત્ત્વાકાંક્ષી સ્વભાવ આનુવંશિક અને વાતાવરણની સંયુક્ત અસરને કારણે ઘડાય છે. મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓનો સંગ કરવો તે મહત્ત્વાકાંક્ષી બનવા માટેનો એક સહેલો ઉપાય છે. બીજો એક ઉપાય મહાન વ્યક્તિઓના જીવનચરિત્રોનું વાચન છે.

૨. શૉખ : લાભ અથવા હાનિનો હિસાબ બાજુ પર રાખી કોઈ એક પ્રવૃત્તિ કરવામાં વ્યક્તિ જ્યારે આનંદ અનુભવે છે અને એ પ્રવૃત્તિના પુનરાવર્તનથી તેને અરુચિ થતી નથી ત્યારે તે પ્રવૃત્તિ તેને માટે શૉખ કહેવાય. જેમ શૉખ વધારે એટલે કે પ્રવૃત્તિમાંથી મળતા આનંદની માત્રા વધારે તેમ વ્યક્તિની બીજા કોઈ વળતરની શક્યતા કે આશા વગર ખુવાર થવાની તૈયારી વધારે. શૉખની વિવિધતાને કોઈ સીમા નથી. કોઈને મીઠાઈ ખાવાનો તો કોઈને માટી ખાવાનો, કોઈને દૂધ તો કોઈને દારૂ પીવાનો શૉખ હોય છે. એટલે કોઈ વિદ્યાર્થીને સ્વભાવથી જ અભ્યાસની પ્રવૃત્તિ કરવાનો શૉખ હોય તે હકીકતથી નવાઈ પામવા જેવું નથી. શૉખને કારણે વિપરીત અથવા સાનુકૂળ કોઈ પણ સંજોગોમાં પ્રોત્સાહન વગર પણ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

અભ્યાસનો શૉખ ધરાવતી વ્યક્તિનો સંગ કરવો તે અભ્યાસમાં શૉખીન થવાનો એક ઉપાય છે. અભ્યાસનો શૉખ અગ્રીમ પદે રહે તે માટે જરૂર જણાય તો બીજી બાબતોના શૉખની સંખ્યા અને માત્રા પર અંકુશ લાવવા પ્રયત્નો કરવા જોઈએ.

૩. અભ્યાસના મહત્ત્વની પ્રતીતિ : અભ્યાસની ઉપયોગિતા અને મહત્ત્વ સમજતા હોવાને કારણે ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ મહેનત કરતા માલૂમ પડે છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ માટે તકલીફ એ છે કે જ્યારે તેમને અભ્યાસ કરવાની તક હોય છે. ત્યારે સમજ હોતી નથી અને મોટા થાય ત્યારે સમજ આવે છે; પરંતુ ત્યારે તક રહી હોતી નથી. શાળાના અભ્યાસનું વિશિષ્ટ પાસું એ છે કે જે કાર્ય જે ઉંમરે અને સમયે થવું જોઈએ તે ઉંમરે ન થાય તો પછી કરવું અશક્ય નહિ તો પણ અત્યંત મુશ્કેલ બની જાય છે. કહેવાય છે કે, 'પાકા ઘડે કાંઠા ચડતા નથી.'

કોઈ બાબતનું જ્ઞાન હોવું અને એ જ્ઞાનની પ્રતીતિ હોવી એ બે અલગ અલગ વસ્તુ છે. જ્ઞાન જ્યારે વ્યક્તિના મન પર અસરકારક પરિબળ બને છે ત્યારે તે પ્રેરણાના ઉદ્ભવનું કારણ બને છે અને ત્યારે જ્ઞાન મુજબનું વર્તન શક્ય બને છે. પ્રેરણા માટે અભ્યાસના મહત્ત્વ વિશે માહિતીરૂપ જ્ઞાન નહિ પરંતુ આ જ્ઞાનની વિદ્યાર્થીઓને પ્રતીતિ થાય તે જરૂરી છે. અભ્યાસના મહત્ત્વની પ્રતીતિ કરાવવાનું કામ જટીલ છે. પ્રતીતિ જો થાય તો એક પળમાં થઈ જાય અને ના થાય તો બધા પ્રયત્નો નિષ્ફળ જાય એવું બને. જેમને પોતાને પ્રતીતિ નથી એમની શિખામણથી સામી વ્યક્તિને જ્ઞાનની પ્રતીતિ થાય તે સામાન્ય સંજોગોમાં શક્ય નથી. વહેવારુ જાત-અનુભવને કારણે વિદ્યાર્થીઓને અભ્યાસના મહત્ત્વની પ્રતીતિ થવામાં અનુકૂળતા વધે છે તે સાચું, પરંતુ એક જ સરખા અનુભવમાંથી પસાર થયેલ વિદ્યાર્થીઓમાંથી એકને પ્રતીતિ થાય અને બીજો તદ્દન કોરો રહી જાય એવું પણ બની શકે છે.

આનુવંશિક સંસ્કારો અવશ્ય ભાગ ભજવે છે છતાં સીધી શિખામણના કરતાં વિદ્યાની પૂજા થતી હોય અને વિદ્યાવાનનાં ગુણગાન ગવાતાં હોય એવું વાતાવરણ અધ્યયનના મહત્ત્વની પ્રતીતિ કરાવવામાં વધારે સફળ રહે છે. વિદ્યાભ્યાસ દ્વારા જીવનનિર્વાહ માટે દ્રવ્યઉપાર્જન કરવાનો બધાનો એક વ્યાપક હેતુ હોવા છતાં દ્રવ્યઉપાર્જનની આવડતને વ્યક્તિને મૂલવવા માટેના એકમાત્ર માપદંડ તરીકે સ્વીકારવાની ભૂલ ન કરવી જોઈએ.

૪. પ્રલોભન : પ્રેરણાને સંતોષતા અથવા બદલો આપતા પદાર્થ, પરિસ્થિતિ અથવા બનાવને પ્રલોભક કહે છે. વ્યક્તિના પ્રલોભક તરફના આકર્ષણને પ્રલોભન કહેવાય છે. પ્રલોભનનો પ્રકાર અને માત્રા પ્રલોભક ઉપરાંત વ્યક્તિના અંગત સ્વભાવ પર પણ આધાર રાખે છે.

અમુક વિદ્યાર્થીઓ જે ધ્યેયથી અભ્યાસ કરતા હોય છે તે ધ્યેય પ્રત્યે એટલું પ્રલોભન ધરાવે છે કે જે તેમને અભ્યાસની પ્રવૃત્તિમાં પરોવવા માટે પૂરતું હોય છે. જે વિદ્યાર્થીઓ અભ્યાસનું મહત્ત્વ સમજવા માટે શક્તિમાન નથી તેઓ અધ્યયનથી થતા લાભોને ધ્યેય તરીકે સ્વીકારતા નથી. એટલે અભ્યાસ માટે તેઓ પૂરતું પ્રલોભન ધરાવતા નથી. આ વિદ્યાર્થીઓ માટે પ્રલોભન વધારવાના ઉપાયો વિચારવાની અને અજમાવવાની જરૂર પડે છે. વિદ્યાર્થીએ સ્વીકારેલ અથવા સ્વીકારવા તૈયાર છે તેવા બીજા કોઈ ધ્યેયને અભ્યાસની પ્રવૃત્તિ સાથે સાંકળવાનો એક ઉપાય વડીલો અને શિક્ષકો દ્વારા વ્યાપક પ્રમાણમાં અજમાવાતો જોવા મળે છે. ચૉકલેટ માટે બાળક હોંશથી એકડા લખી આપે છે. અભ્યાસમાં ઉત્તમ દેખાવ કરતાં વિદ્યાર્થીઓને માનચાંદ અને બીજી ચીજોનાં ઈનામ આપીને શિક્ષક અભ્યાસમાં તેમનું પ્રલોભન વધારવા ઇચ્છે છે. વિદ્યાર્થીએ મેળવેલ સિદ્ધિ તેના પ્રલોભનમાં વધારો કરે છે.

૫. શિક્ષા અને શિક્ષાનો ડર : કોઈ પણ પ્રકારનો ડર વ્યક્તિના વર્તનમાં ફેરફાર લાવવા માટે કારણરૂપ બની શકે છે. આ કારણે ડરને પ્રેરકબળ તરીકે સ્વીકારવામાં આવે છે. ખરેખર તો શિક્ષા નહિ પરંતુ શિક્ષાનો ડર વ્યક્તિની પ્રેરણામાં અસરકારક પરિબળ છે. શિક્ષાનો ડર શિક્ષાના અસ્તિત્વ અથવા શક્યતાને કારણે ઉદ્ભવે છે. એટલે વહેવારમાં આપણે શિક્ષાને પ્રેરણાના કારણમાં સામેલ કરીએ છીએ. શિક્ષાના પ્રકાર અને પ્રમાણ

ઉપરાંત સમય, સંજોગ અને શિક્ષા મેળવતી અથવા આપતી વ્યક્તિઓની વિશિષ્ટતાને કારણે દરેક સમયે શિક્ષા ડર નિપજાવવા માટે સમર્થ બનતી નથી એટલે શિક્ષા પ્રેરણા માટેનું અચૂક પરિબળ નથી. ડર નિપજાવવામાં નિષ્ફળ એવી શિક્ષા પીડા આપતી વ્યર્થ પ્રવૃત્તિ બની રહે છે.

કોઈ એક હેતુથી ઊભો કરાયેલ શિક્ષાનો ડર વ્યક્તિની પ્રેરણામાં એક પરિબળ તરીકે હાજર હોય તો પણ આ ડર મુજબનો વ્યક્તિના વર્તનમાં ફેરફાર ત્યારે જ શક્ય છે જ્યારે શિક્ષાના ડરની વિરુદ્ધમાં કોઈ પરિબળ ન હોય અથવા જે કોઈ પરિબળો હોય તેના પર શિક્ષાનો ડર વિજયી હોય. આ બાબત જેઓ સમજતાં નથી તેઓ 'શિક્ષાથી વ્યક્તિને સુધારી શકાતી નથી' - આવા અભિપ્રાય વડે પોતાની નિષ્ફળતાને ઢાંકે છે. મનોવિજ્ઞાનમાં શિક્ષાની અસરથી થતા અધ્યયનને બે વિભાગમાં વહેંચી પલાયન અધ્યયન અને નિવારક અધ્યયન એવા નામ આપવામાં આવ્યાં છે.

શિક્ષાનો સાચો અર્થ સમજીને શિક્ષા વિશેની ગેરસમજ દૂર કરવાની શરૂઆત કરી શકાય છે. વ્યક્તિના વર્તનમાં ફેરફાર લાવવા માટે આ ઈરાદાથી તે જ્ઞાત હોય તે સ્થિતિમાં તેને અપ્રિય પરિસ્થિતિમાં મૂકવાની ક્રિયાને શિક્ષા કહેવાય. નાપસંદગી, ઠપકો, શરમ, અટકાવ, આનંદનો રોધ, પ્રવૃત્તિનો બોજો, શેરો, તહકુબી, નિષ્કાસન, શરીરશિક્ષા વગેરે ઘણા પ્રકારોમાં શિક્ષાની રીતને વહેંચી શકાય. સત્રની શરૂઆત હોય તેના કરતાં પરીક્ષા નજીક હોય ત્યારે વધારે આવેગથી અભ્યાસ કરતાં વિદ્યાર્થીની પ્રેરણામાં શિક્ષાનો ડર એક ઘટક તરીકે સામેલ હોય છે. પરીક્ષાના પરિણામથી અપ્રિય સ્થિતિમાં ન મુકાવાની ઇચ્છા એ શિક્ષાનો ડર છે.

૬. આબરૂનું ઊંચું મથાળું : બીજાં લોકોએ પોતાના માટે બાંધેલ ઊંચા અભિપ્રાયને જાળવવાની દરેક વ્યક્તિને ઇચ્છા હોય છે. આ ઇચ્છા પ્રેરણામાં બળ પૂરું પાડે છે. એક વખત પરીક્ષામાં પાસ થવામાં પહેલો, બીજો અથવા પાંચમો ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓ પોતાની આબરૂ જાળવવા અભ્યાસમાં મહેનત કરતા હોય છે.

'મારો ગુણવંત આટલા વર્ષથી ભણે છે પરંતુ કદી નાપાસ નથી થયો' - સગાંસ્નેહીઓને આવું કહેતાં પિતા ગુણવંતની આબરૂનું મથાળું બાંધે છે, જે ચાર વર્ષથી ચડાઉ પાસ થતા ગુણવંતને પાસ થવા માટે મહેનત કરવામાં પ્રેરણારૂપ બને છે.

વિષયોની પસંદગી કરવાની તક હોવાથી એક વિદ્યાર્થીએ તેના પિતા પાસે સંસ્કૃત વિષયને છોડી દેવાની ઇચ્છા વ્યક્ત કરી અનુમતિ માંગી. સંસ્કૃત સાહિત્યના સમૃદ્ધ વારસાને બ્રાહ્મણોએ જાળવ્યાનો ગર્વ ધરાવતા પિતાએ ફક્ત એટલું જ પૂછ્યું, 'તું બ્રાહ્મણનો દીકરો થઈને આવી વાત કરે છે?' પરિણામ શું આવ્યું ખબર છે? આજે આ વિદ્યાર્થી કૉલેજમાં સંસ્કૃતનો અધ્યાપક છે.

આપણે ઉપર ચર્ચેલા છ ઘટકોનો ઊંડાણથી અને વિસ્તૃત અભ્યાસ કરવાથી મળતી આવડતનો વ્યાપક અને અસરકારક ઉપયોગ કરી ઈશ્વરભાઈ પટેલે ઉલ્લેખ કરેલ વિદ્યાર્થીઓને અધ્યયન માટે પ્રેરવાની સમસ્યાને ઉકેલીને નષ્ટ કરી શકીએ તેમ છીએ. ❐

લઘુકથા

બાપ

પ્રા. મુકુંદ દે. ભટ્ટ

આજે તે પોતાની નમાઈ દીકરીના અંતિમ વિદાય પ્રસંગે આવી ઊભો હતો. અમાપ અતીત તેની જૈફ આંખ આગળથી સરતો હતો. તેની પરવરિશમાં તેણે ક્યાં કશી મણા રાખી હતી? તાલુકાના મથકે નોકરી હોવા છતાં તે અવારનવાર શે'રમાં લઈ જતો, મોજમજાહ કરાવતો. પૈસાની ખેંચ તે પોતાના ખર્ચામાં કાપ મૂકી સરભર કરવાની મથામણ કરતો પણ... તેણે ક્યાં ક્યારેય દરકાર કરી હતી??

વર્ષો પહેલાંની એક શિયાળાની નમતી સાંજે માત્ર એક નાનકડી ચિઠ્ઠી મૂકી તે ચૂપચાપ ચાલી નીકળી હતી. તેના જિદ્દી સ્વભાવને કારણે સમજાવટને સરિયામ નિષ્ફળતા મળી હતી. શેવાળ જેવો સંબંધ સ્નેહવારી ન મળતાં લગભગ નામશેષ બની ચૂક્યો હતો અને આજે...

કૉફિન લાવવામાં આવ્યું. અંતિમવિધિ લગભગ પૂરી થવામાં હતી. ત્યાં તેની એકાએક નજર કૉફિનના પહોળા ભાગ તરફ ડોકાતી ખીલી પર પડી!

એકાએક તે બોલી ઊઠ્યો, 'અરે, આ તરફની ખીલીને હથોડીથી દબાવી દો નહીં તો તેને વાગી જશે...'

સૌ ચિત્રવત્ ઊભા હતા.

❐ ❐

ગુજરાતી કવિતાનું સર્વપ્રથમ દ્વૈમાસિક

કવિલોક તંત્રીઃ ધીરુ પરીખ • પ્રત્યેક બે માસે નવાં નવાં કાવ્યો, લેખો, આસ્વાદો, અવલોકનો લઈ કાવ્યરસિકો સમક્ષ આવતું કવિતાનું સામયિક એટલે કવિલોક. વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૮૦/- આજીવન માત્ર રૂ. ૧૦૦૦/- આપનું લવાજમ કવિલોક C/o. કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧. એ સરનામે મોકલી આપો. કવિલોકના નામે મ.ઑ./ ચેક/ ડ્રાફ્ટથી લવાજમ મોકલી શકાશે. બહારગામની બૅંક પરના ચેકમાં બૅંક કમિશનના રૂ. ૨૫/- ઉમેરવા.

લઘુકથા

ધન્યવાદનું ગુંજન

બહાદુરભાઈ જ. વાંક

આજે સવારના છાપું વાંચતા જ ગુરુ બજુવાના શિષ્ય આપાજીને શહેરમાં નવા નિમાયેલા કલેક્ટર ચિસ્તીસાહેબ વિશે છાપામાંથી ઘણી વિગતો જાણવા મળી. તેમાં ખાસ તો આ હતી - ચિસ્તીસાહેબે 'સૂફી મિસ્ટિસિઝમ' ઉપર મહાનિબંધ લખીને ડૉક્ટરેટની ડિગ્રી પ્રાપ્ત કરી હતી.

સમાચાર વાંચીને આપાજી ખુશ ખુશ થઈ ગયા. સૂફી સંત જેવું વ્યક્તિત્વ ધરાવતા ચિસ્તીસાહેબ સાથે મૈત્રી બાંધવા માટે તેમણે તરત જ તેમને ફોન જોડ્યો. સૌપ્રથમ પોતાનો તેમ જ ગુરુ બજુવાનો વિસ્તૃત પરિચય આપીને આવા રહસ્યમય વિષય ઉપર મહાનિબંધ લખીને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ તેમણે ચિસ્તીસાહેબને હૃદયપૂર્વકનાં અભિનંદન અને ધન્યવાદ પાઠવ્યાં.

'હલો... આખા શહેરમાંથી એક માત્ર આપે જ મને અભિનંદન-ધન્યવાદ પાઠવ્યાં, એ માટે હું આપને પણ ધન્યવાદ પાઠવું છું. આપણને મૂંઝવે તેવો પ્રશ્ન તો આ છે - આજે માણસની સંવેદનશીલતા ક્યાં ખોવાઈ ગઈ હશે ?'

પછી આપાજીએ હળવેકથી પૂછ્યું : 'હલો... સાહેબ... મને એક પ્રશ્ન થાય છે. ભ્રષ્ટાચારથી ખદબદતા આજના જમાનામાં કલેક્ટર તરીકે આપ કેવી રીતે ફરજ બજાવી શકો છો ?'

'હલો... બધું જ ઉપરવાળો કરે છે. મારે તો કાગળો-તુમારોમાં માત્ર સાક્ષી તરીકે સહી જ કરવાની હોય છે. પછી કલેક્ટર તરીકે ફરજ બજાવવામાં મને શું તકલીફ પડે ?'

'હલો... સાહેબ, આજે માત્ર સાક્ષી બનીને ફરજ બજાવવી એ શું શક્ય લાગે છે ?'

'હાસ્તો... આ દુનિયામાં સાક્ષી બનીને જીવનાર માટે કશું જ અશક્ય નથી. પરિસ્થિતિ કે ઘટનાઓ સાથેનું આપણું 'ઇન્વૉલ્વમેન્ટ' જ પ્રશ્નો ઊભા કરે છે.'

'હલો સાહેબ, આપની વાત સાચી છે. હવે મારે આપનો મહાનિબંધ ખાસ વાંચવો છે. બીજું, સૂફી ચિંતનધારા વિશે મારે વિસ્તારથી જાણવું છે, તો આપ મને સમય ફાળવી શકો ?'

'આપના જેવી પૂજનીય વ્યક્તિને સમય ફાળવવાનો ન હોય. હું આપની પ્રતીક્ષામાં જ બેઠો છું. ફોન કરીને મારી પાસે આપ ગમે ત્યારે આવી શકો છો.'

'હલો સાહેબ... તો રવિવારના સાંજના હું આવીશ.'

રવિવારે સાંજે આપાજી ચિસ્તીસાહેબના બંગલે પહોંચ્યા. દરવાજામાં પગ મૂકતાં જ તેમનું સ્વાગત કરવા માટે ચિસ્તીસાહેબ ફળિયામાં સામે દોડી આવ્યા. તેઓ આપાજીને વાંકા વળીને પગે લાગવા જતા હતા ત્યાં તેમને અટકાવતા આપાજી બોલ્યા : 'પહેલાં મારે આપને પગે લાગવાનું હોય.' ને બંને એકમેકને પહેલાં પગે લાગવાની રકઝક કરવા લાગ્યા. આખરે આપાજીએ તેમના ચરણોમાં પહેલાં માથું નમાવી દીધું. પછી ચિસ્તીસાહેબે આપાજીના ચરણોમાં .... ઉભયનું સ્વાગત કરવા માટે જોરથી પવન ફૂંકાયો. ને ફળિયામાં રહેલા બોરસલીના વૃક્ષ ઉપરથી ઢગલાબંધ ફૂલો બંનેનાં માથાં ઉપર.. વાતો કરતાં કરતાં બંને ઓરડામાં આવ્યા. આપાજી ખુરશી ઉપર બેઠા. આપાજીએ ઓરડામાં નજર ફેરવી. એક-બે ખુરશી, ટ્રિપોઈ, થોડાં વાસણો ને એકાદ-બે શેતરંજી સિવાય ઘર-વખરીમાં બીજું કંઈ જ નહીં !

પટાવાળાને કામ ન ચીંધતા ચિસ્તીસાહેબ પોતે જ પ્રાઈમસ પેટાવીને ચા ઉકાળવા લાગ્યા. થોડી વારમાં ચાનો કપ આપાજીના હાથમાં મૂકતા તેઓ બોલ્યા : 'મને તો ચા પણ બનાવતા આવડતી નથી.'

આપાજી ધીમે ધીમે ચા પીવા લાગ્યા. ચાનો ઘૂંટડો તેમણે ગળે ઉતાર્યો ને સૂફી ચિંતનધારા વિશે ચિસ્તીસાહેબને પૂછવા માટેના તેમણે તૈયાર-કરેલા પ્રશ્નો તેમના ચિત્તમાંથી અદશ્ય થવા માંડ્યા. ન સમજી શકાય તેવી મસ્તીથી-નશાથી તેમનું સમગ્ર અસ્તિત્વ તરબતર થઈ ઊઠ્યું.

થોડી વાર પછી ચિસ્તીસાહેબ બોલ્યા : 'આપ અનુમતિ આપો તો હું આપને આપની ઇચ્છા પ્રમાણે સૂફી ચિંતનધારા વિશે થોડી વાતો કરવા માગું છું.'

'ના, સાહેબ; ચા પીવડાવીને તો આપે મને જ જાણે સૂફી બનાવી દીધો. ચામાં આપે એવું તે શું નાખી દીધું કે હું...',

ને ચિસ્તીસાહેબ હસતાં હસતાં બોલી ઊઠ્યા : 'ચામાં મેં મારો આખેઆખો મહાનિબંધ જ ઉકાળી નાખ્યો છે !!'

એજન્ટોને

'કુમાર'નું લવાજમ સ્વીકારતાં એજન્ટોએ 'કુમાર'નું ફક્ત એક જ વર્ષનું લવાજમ રૂ.૧૫૦ સ્વીકારવાનું હોય છે. બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું લવાજમ ગ્રાહકોએ અમોને - 'કુમાર ટ્રસ્ટ'ને સીધું મોકલવાનું હોય છે અને બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષના લવાજમ ઉપર એજન્ટોને કોઈ જ કમિશન આપવામાં આવતું નથી. લવાજમની પૂરી રકમ અમોને મોકલવાની હોય છે તેની સૌ એજન્ટોએ ખાસ નોંધ લેવી.

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા,
અમદાવાદ-૩૮૦૦૦૧

પ્રસંગચિત્ર

કલાકારની દિલેરી

નટુ મિસ્ત્રી

ગયા ઉનાળુ વૅકેશનમાં નેપાળ જવાનું થયું. મૂળ ઉતારો નેપાળના પાટનગર ખટમંડુમાં હતો. ખટમંડુના બે ભાગ છે : એક, જૂનું ખટમંડુ; બીજું નવું આધુનિક ખટમંડુ. નવા આધુનિક ખટમંડુમાં સુંદર મજાનાં બજારો, શૉપિંગ મૉલ તથા આધુનિક સુવિધાઓ. સાથેસાથે સ્ટાર હોટલો અને જુગારખાનાં. આ ખટમંડુને અડોઅડ આવેલું છે પુરાણું નગર. સાંકડા રસ્તા. સાંકડી ગલીઓ અને અંધારિયાં મકાનો. પણ એમાં જ તમને ખરું નેપાળ જોવાય, અનુભવાય. આ ખટમંડુના પૂર્વ છેડે આવેલું છે પશુપતિનાથનું મંદિર અને એનાથીય દૂર આવેલું છે અસર નેપાળી સ્થળ પાટણ - પાટણના પુરાણા સ્થાનમાં અસલી નેપાળી શૈલીનાં મકાનો જોવા મળે.

આવા પુરાણા પાટણની એક આગવી વિશેષતા છે અને એ છે એના પુરાણાં મંદિરો તથા પુરાણાં મકાનો. મંદિરો લાકડાનાં પણ છ-સાત માળનાં પૅગોડા જેવાં જ મનભાવન લાગે. અને એની લગોલગ આવેલા મહોલ્લાઓ. નેપાળની હસ્તકલા તથા કલાકારીગરીથી ચીજોથી ભરેલી દુકાનો. આવા એક લત્તામાં અમે ફરતા ફરતા ગયા તો એક નેપાળી ચિત્રોની દુકાન અને આર્ટગૅલરિ જોઈ. મારો જીવ કલાકારનો એટલે ત્યાં પ્રથમ પગ જાય. પુરાણા મકાનના બે-ત્રણ અંધિયારા ઓરડાની બધી દીવાલો ચિત્રોથી ખીચોખીચ ભરેલી. એક દીવાલ પર તાજાં જ કલાકારોએ બનાવેલાં વૉટર કલરમાં લૅન્ડ સ્કેપ ચિત્રો, તો બીજી દીવાલ પર બુદ્ધ પર બનેલાં નવાં ચિત્રો, તો એકાદ ખંડમાં સો-બસો વર્ષ જૂનાં નેપાળની વિશિષ્ટ શૈલીમાં તૈયાર થયેલાં મનભાવન ચિત્રો હતાં. તો છેલ્લા રૂપમાં બુદ્ધ પર પાંચસો વરસ પહેલાંનાં બાવન ચિત્રો હતાં, જેમાં સોનાના પાણીથી તૈયાર કરેલાં ઉત્તમ કક્ષાનાં ચિત્રો પણ હતાં. આ દુકાન-ગૅલરિનો માલિક ચિત્રો સમજાવતો જાય અને કિંમત વગેરે બોલતો જાય. પણ છેલ્લા રૂમમાં સોનાના પાણીથી તૈયાર થયેલાં જૂનાં પાંચેકસો વર્ષ પુરાણાં ચિત્રોમાંથી મને એક ચિત્ર ગમી ગયું. ચિત્રની કિંમત પૂછતાં દુકાનમાલિકે રૂપિયા દસ હજાર બતાવ્યા. ચિત્ર ઘણું જૂનું તથા મૌલિક હતું. તેમ પણ જણાવી વખાણ કરતાં કરતાં થાકતો ન હતો. છેવટે તેણે એક રહસ્ય એ પણ બતાવ્યું કે આ છેલ્લા કમરામાં આવેલાં બધાં પુરાણાં ચિત્ર એ ગૅલરિના માલિકના વડદાદાનાં ખાસ બનાવેલાં ચિત્રો હતાં. એના પરદાદા સુંદર ચિત્રકાર હતા. એમણે હજારો ચિત્રો પાંચ સો વરસ પહેલાં બનાવેલાં, જેમાંથી આ કુટુંબ આ ચિત્રો વેચી ગુજરાન ચલાવતું. આ ભાઈ પોતે પણ ચિત્રકાર હતા. અને આગળના રૂમમાં મૂકેલાં વૉટરકલર લૅન્ડસ્કેપ એમના પોતાના બનાવેલા હતા, જે વેચાણ માટે મૂકેલા હતા.

આમ વાતચીત ચાલતી હતી. ત્યાં તે ભાઈ મૂળ વાત પર આવ્યા, મારે ક્યું ચિત્ર ખરીદવું છે તે. મને પેલું પુરાણું ચિત્ર ખૂબ ગમી ગયેલું, પણ એની દસ હજાર રૂપિયા કિંમત મને જરૂર આકરી લાગતી હતી. બાંધછોડની વાતચીત ચાલી પણ એ ભાઈ આઠ હજારથી એક પૈસો પણ ઓછો લેવા તૈયાર ન હતા. કદાચ હું કોઈ મોટો ઉદ્યોગપતિ હોઈશ એમ ધારી એમણે કિંમત પકડી રાખી હતી. અમે છેવટે નિરાશ થઈ ચિત્ર ખરીદવાનો વિચાર માંડી વાળી છેલ્લા રૂમમાંથી બહાર નીકળી આગળના રૂમમાં ચિત્રો નિહાળતાં નિહાળતાં છેક પ્રથમ રૂમમાં ગૅલરિની બહાર નીકળવા લાગ્યા. ત્યારે પેલા ભાઈ નેપાળી ગૅલરિના માલિક મારી પાસે આવી પૂછવા લાગ્યા : 'તમને ખરેખર કલામાં રસ હોય એમ લાગે છે. તમે બધાં ચિત્રો જે રીતે પ્રેમથી અને ધારી ધારીને જુઓ છો તેના પરથી મેં અનુમાન બાંધ્યું છે.' મેં સામાન્ય વાત કરી મારું વિઝિટિંગ કાર્ડ એમના હાથમાં મૂક્યું, જેમાં મેં મારો ઉલ્લેખ ચિત્રકાર તરીકે કરેલો. મારું કાર્ડ જોતાં જ તેમણે પ્રેમથી મારો હાથ પકડી મને જણાવ્યું કે ખરેખર એક કલાકાર જો બીજા કલાકારનું ચિત્ર રાખવા માગતો હોય તો એ ખૂબ ગૌરવની વાત છે. ભારતના એક કલાકારને નેપાળના એક કલાકારનું પાંચસો વરસ પુરાણું ચિત્ર ગમી ગયું હોય તો એ નેપાળનું ગૌરવ છે. એવું કહી તે મને પ્રેમથી હાથ ખેંચી છેલ્લા રૂમમાં લઈ ગયા. પેલું મને ગમેલું ચિત્ર દીવાલ પરથી ઉતારી મારા હાથમાં મૂક્યું, અને મને કહ્યું, 'હવે આ આપને ગમેલું ચિત્ર આપનું જ છે.'

હું તો દંગ જ રહી ગયો. મેં સમજાવ્યું કે મારી પાસે આટલું મોંઘું ચિત્ર ખરીદવાના પૈસા નથી. તો તેમણે જણાવ્યું કે એ ચિત્ર મને ભેટ આપી રહ્યા છે, એક પણ પૈસા વગર. વાહ, એક કલાકારની બીજા કલાકાર પ્રત્યે કેવી ભારે મમતા, આમન્યા, માન. ખરેખસ ગદ્‌ગદિત થઈ જવાય એવો પ્રસંગ હતો. છેવટે એ કલાકારભાઈના આગ્રહથી ચિત્ર તો લેવું પડ્યું પણ આપણા શિષ્ટાચાર પ્રમાણે મેં મને ગમતી રકમનું એક કવર તૈયાર કરી બળજબરીથી એમના ગજવામાં સેરવી દીધું. આજે મારા ઘરમાંનું એ ચિત્ર એ કલાકાર મિત્રને રોજ સલામ ભરી યાદ દેવડાવે છે.

રવિશંકર વ્યાસ (મહારાજ)

માણસાઈના દીવા સમાન શ્રી રવિશંકર વ્યાસ (તેમની અતૂટ સેવાના કારણે હુલામણા નામે 'મહારાજ' તરીકે લોકહૃદયમાં વસેલા)નો જન્મ તા. ૨૫-૨-૧૮૮૪ના રોજ તેમના મોસાળના ગામ રઢુમાં થયો હતો. તેમનાં માતાપિતા સરસવણી ગામે રહેતાં હતાં. ગામડામાં તે વખતે બીજી કોઈ પ્રવૃત્તિ ન હોય તેથી ત્યાં બ્રાહ્મણ પરિવાર ગોરપદું કરતા. તેમણે ગાંધીજીનો સાદ સાંભળ્યો અને રૂબરૂ મળવા ગયા. તે વખતે એક કરોડ રૂપિયા ટિળક ફાળામાં ઉઘરાવવાના હતા. મહારાજ ઘેર ગયા અને આ પ્રવૃત્તિમાં જોડાવાની વાત કરી. પરંતુ તેમની આર્થિક પરિસ્થિતિ તો સામાન્ય હતી. આથી તેમણે પોતાનું જીવન દેશસેવામાં સમર્પિત કરવાની પ્રતિજ્ઞા લીધી. આમ, ૩૭ વર્ષ જે મકાન અને ગામમાં તેઓ રહેલા તેની કાયમની વિદાય તેમણે લીધી.



મહારાજે અતિ કઠિન સાધુ-સન્યાસીની હરોળમાં શોભે એવા અકિંચન જીવનને શોભાવ્યું. દુકાળ હોય કે અતિવૃષ્ટિ હોય, ધરતીકંપ હોય કે હિંસક તોફાનો હોય, મહારાજ હાજર જ હોય ! માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ બિહારમાં દુષ્કાળ વખતે સતત કાર્યરત રહીને ગરીબ લોકોને ખાતાં-પીતાં રાખેલાં. તે વખતે સડકો ન હતી અને વાહનો પણ ન હતાં. મહારાજ તો તડકો હોય કે વરસાદ હોય, પગે ચાલીને માઈલો દૂર રાહત કામે પહોંચી જતા. તેમનું સૂત્ર 'ઘસાઈને ઉજળા થવા'નું અને





જૂનું | રવિશંકર મહારાજનું ઘર | નવું

બીજાને ખપમાં આવવાનું હતું, જેનો તેમણે ચુસ્તપણે અમલ કરેલો.

તેમનો ખોરાક તદ્દન સાદો હતો. ખીચડી અને થર બાજરાના રોટલા. તે પણ વળી, ઘી-દૂધ વિનાનો તેમનો ખોરાક હતો. આવા મહારાજને ગાંધીજીએ લખેલો કાગળ આ પ્રમાણે હતો :

'તમે નસીબદાર છો. જે ખાવાનું મળે તેથી સંતુષ્ટ, ટાઢ-તડકો સરખાં, ચીંથરાં મળે તો દેહ ઢાંકવો, ને હવે જેલમાં જવાનું સદ્‌ભાગ્ય તમને પહેલું. જો ઈશ્વર અદલાબદલી કરવા દે ને તમે ઉદાર થઈ જાઓ તો તમારી સાથે જરૂર અદલાબદલી કરું. તમારો અને દેશનો જય હો.'

વિનોબાએ તેમને તુકારામની હરોળના સંત તરીકે બિરદાવેલા. સ્વરાજ્ય મેળવવાની લડતમાં ગાંધીજી સાથે કેટલાક સેવકો સંત અને દેવ જેવા થઈ ગયા તેમાં મહારાજનું સ્થાન અનન્ય છે.

૧મે, ૧૯૬૦માં ગુજરાતનું જુદું રાજ્ય થયું તેનો ઉદ્‌ઘાટન-વિધિ તેમના વરદ્‌ હસ્તે થયો હતો. આવા 'મહારાજ'ના જન્મસ્થળના નિજી મકાનનું પુનર્નિર્માણ થયું છે, અને તેમાં તેમને પ્રિય પ્રવૃત્તિઓનું સંચાલન થશે. (સંકલિત)

બચુભાઈ રાવત જન્મશતાબ્દી વિશેષાંક

રવાનગી ખર્ચ વિના ખાસ વળતરથી મેળવો.



'કુમાર'ના ભૂતપૂર્વ તંત્રી બચુભાઈ રાવતની જન્મશતાબ્દી નિમિત્તે 'કુમાર' ફેબ્રુઆરી ૧૯૯૮નો અંક બચુભાઈ રાવતની સ્મૃતિમાં પ્રકટ કરવામાં આવ્યો હતો. આ અંકમાં બચુભાઈનાં સર્વ લખાણો ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. તેમ જ તેમની મુલાકાત તો ખરી જ.

આ દુર્લભ અંકની છેલ્લા ઘણા સમયથી માગ હોવાથી 'કુમાર ટ્રસ્ટે' ખાસ વળતરથી આ અંક ગ્રાહકોને આપવાનું ઠરાવ્યું છે. ૨૮૦ પૃષ્ઠના આ દળદાર અંકની કિંમત ૬૦ રૂપિયા છે. ગ્રાહકોને આ અંક માત્ર ૪૦ રૂપિયાની કિંમતથી આપવામાં આવશે. રવાનગી ખર્ચ કાર્યાલય ભોગવશે.

આ અંક મેળવવા ૪૦રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ કે મનિઑર્ડર નીચેના સરનામે મોકલવો. બહારગામની બૅન્કના ચૅક સ્વીકારવામાં આવતા નથી.

કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, બઉવાની પોળ સામે, અમદાવાદ - ૧

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ


આમ મારી જીવનનૈયા આગળ વધી રહી હતી એક તરફથી આનંદદાયક કારકિર્દીનો આરંભ થઈ રહ્યો હતો ત્યાં જ એક મોટી માનસિક કટોકટી ઊભી થઈ. શ્વસુર પક્ષ તરફથી છૂટાછેડા માટે મને કાયદેસરની નોટીસ મળી, પરંતુ હું કોર્ટમાં હાજર ના થઈ તેથી એકપક્ષી ન્યાયની રૂએ છૂટાછેડા મંજૂર થયા. તે સમયે મારો પુત્ર દેવેશ મારી સાથે રહેતો હતો. તેને અમદાવાદની સી. એન. હાઈ સ્કૂલમાં મેં ભણવા માટે મૂકેલો. મારી નાની બહેન ચિ. પ્રભા અમારા ઘરની નજીક ચંદ્ર કૉલોનીમાં તેના પતિ સાથે રહેતી હતી. તેની બાજુમાં ધીરુભાઈ પરીખ રહેતા હતા જેઓ અપરિણિત હતા. તેમની પાસે કેટલીક વાર હું માર્ગદર્શન લેવા માટે અભ્યાસકાળ દરમિયાન જતી હતી. મારી પરિસ્થિતિથી તેઓ જ્ઞાત હતા. મને કૉલેજમાં નોકરી મળી ગઈ હતી અને પગભર થઈ ગઈ હતી. ધીરુભાઈ જેઓ ક્યારેય પરણવા ઈચ્છતા નહોતા તેમણે મારી દુ:ખદ પરિસ્થિતિમાંથી મને ઉગારવા મારી બહેન દ્વારા મારા માટે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે પણ મારો પુત્ર મારી સાથે હતો તેથી હું અચકાઈ મને મારા પુત્ર સાથે અપનાવવા તેઓ તૈયાર હતા અને અમે મારાં મોટાબહેન અને બનેવી જેઓ મારા પક્ષે હતાં તેમની હાજરીમાં રજિસ્ટર્ડ લગ્ન કર્યાં પણ પિયરપક્ષથી છાનાંમાનાં.

અમારું આ સુધારક લગ્ન તે સમયે પાટીદારની જ્ઞાતિ પર એક તમાચારૂપ હતું. પિતૃપક્ષનાં દ્વાર તો હવે સદા માટે બંધ થઈ ગયાં પણ મારાં બહેનો અને બનેવીઓ મારા પક્ષે હતાં, તેથી માર્ગ સરળ બન્યો હતો. મારા શ્વસુર પક્ષની સોસાયટી વિજય પાર્કમાં સૌથી પ્રથમ આ માંગલિક પ્રસંગ હતો. આ નિમિત્તે અમે સ્નેહસંમેલનનું આયોજન કર્યું. સમગ્ર સોસાયટી તથા વડીલોએ હોંશથી તેમાં ભાગ લીધો. આ પ્રસંગમાં હાજરી આપવા પ્રિન્સિપાલ માવળંકર, ઈશ્વર પેટલીકર, પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈ, બાબુભાઈ જસભાઈ, પ્રો. દાવરસાહેબ વગેરે મહાનુભાવો તથા સમાજસુધારકો ઉપસ્થિત રહ્યા હતા અને અમને પ્રોત્સાહિત કરી આશીર્વાદ આપ્યા હતા. આ બધાંનો હું આભાર માનું છું.

પણ ખરી મુસીબત હવે શરૂ થઈ. મારો પુત્ર અમારી સાથે જ રહેતો હતો તથા મારા બે દિયરો સાથે સરસ રીતે ગોઠવાઈ ગયો હતો અને અભ્યાસ પણ કરતો હતો. તેને તેના પિતૃપક્ષ તરફથી તેમને સોંપી દેવાની કાયદેસરની માગણી થઈ અને મારા હૈયામાં જ્વાળામુખી સળગી ઊઠ્યો. તે સમયે તેની ઉંમર ૧૦-૧૧ વર્ષની હતી. તેને ત્યાંના લોકોનો પરિચય પણ નહોતો; કારણ તે સાવ નાનો હતો ત્યારે મેં ધર્મજ ગામમાંથી સદા માટે વિદાય લીધી હતી. આટલાં વર્ષો તે મારા સાન્નિધ્યમાં જ રહ્યો હતો. અહીં મારા દિયરો મહેન્દ્રભાઈ અને પ્રફુલ્લભાઈ તેને સાચવતા અને પ્રેમથી રાખતા. મારા બંને નણંદો પણ તેના આગમનથી ખુશ હતાં. મારા શ્વસુરે તેને પોતાના પૌત્ર તરીકે પ્રેમથી અપનાવી લીધો હતો. તેમનો ઉપકાર તો કેવી રીતે ભૂલી શકું ! મારાં સાસુ તો સદ્‌ગત થયાં હતાં, પણ અમે લગ્ન કરવાના છીએ તે સમાચાર તેઓ જાણી ચૂક્યાં હતાં અને રાજી થઈ ગયાં હતાં. આમ, સરસ રીતે પ્રેમથી અપનાવેલા આ પરીખ કુટુંબથી દેવેશને જુદો કરી સોંપી દેવાની વાતે મારા હૈયાને હચમચાવી મૂક્યું. પણ છેવટે મારે તેને નાછૂટકે અશ્રુ છલકતી આંખોએ સોંપી દેવો પડ્યો. એ પ્રસંગ અતિ દુ:ખદાયક હતો. તેને ધર્મજ જવું પડ્યું અને ત્યાં તે એસ. એસ. સી. સુધી ભણ્યો. તે દરમિયાન અમારું મિલન અશક્ય બની ગયું. મારા પિતૃપક્ષ તરફથી અને દેવેશના પિતૃપક્ષ તરફથી તેને મારી વિરુદ્ધ કરવાના ઘણા પ્રયત્નો થયેલા પણ તે ધર્મજ રહ્યો અને એસ. એસ. સી. પાસ કરી મારા પિતાને ત્યાં રહ્યો ત્યારે હું કેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ હતી તેનો અંદાજ તેને આવી ગયો અને તેની મારા પ્રત્યેની લાગણી વધુ પ્રબળ થઈ. અમદાવાદમાં



← ગ્રૅજ્યુએટ સમયે પુત્ર દેવેશ તથા પુત્રવધૂ મીના • દેવેશ પરિવાર સાથે - પત્ની મીના અને પુત્રીઓ મીરાં તથા માનસી →



અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

બ્રાઉનિંગ (ચાલુ)

બ્રાઉનિંગની આરંભની કૃતિઓમાં ભલે એની સાચી ઓળખાણની પ્રતીતિ થતી નથી, પણ પાછળની કારકિર્દીમાં તેણે જે નાટ્યાત્મક એકોક્તિઓ આપી અને માનસશાસ્ત્રીય પૃથ્થકરણોમાં પોતાની બૌદ્ધિક શક્તિ આરોપી તે પરથી એટલું તો સમજાય છે કે વિક્ટોરિયન યુગમાં કવિતામાં જે વર્ચસ્ ધરાવતાં



વલણો હતાં તેમાં તે શક્તિ ઉદાહરણરૂપ બની રહે છે. અને એ વલણ-વૃત્તિ મહત્ત્વનાં એટલા માટે બની રહે છે કે એ યુગની મૌલિકતા તેમાં અભિવ્યક્ત થાય છે. એ વૃત્તિ અથવા વલણ એટલે ચૈતસિક પૃથક્કરણ અને નૈતિક વિવેચન. બ્રાઉનિંગની કલા સમગ્રતયા બૌદ્ધિક જિજ્ઞાસામાં પ્રસરી છે અને ખાસ તો સત્યની પદ્ધતિસરની શોધ તેની કલાનો મુખ્ય આદર્શ જણાય છે. બ્રાઉનિંગે ભલે સર્જક તરીકેની કારકિર્દીનો આરંભ રોમૅન્ટિક-વાદની અસર તળે કર્યો, શેલી એને માટે દિવ્ય આદર્શ બની રહ્યો; પણ થોડા સમયમાં જ કલ્પના અને ઊર્મિની સાથે એક નવી જ તીવ્ર મનોવૃત્તિ - આત્મખોજની આત્મા વિશે સભાનતાની - પ્રકટ થઈ અને એ મનોવૃત્તિ તેને ચિત્તની ચિકિત્સામાં, માનસશાસ્ત્રની હેસિયતથી મનોવલણોની તપાસમાં, એના પૃથક્કરણમાં આકર્ષી ગઈ અને આગળ જતાં એ જ એની પ્રારંભિક કૃતિ 'પૉલિન' (Pauline). એ ખરેખર એની ઊર્મિનો ઊભરો નથી. એમાં તો એક સર્જક પોતાના રંગદર્શી આત્માને અભ્યાસનો એક વિષય કેમ બનાવે છે તેનો વિચિત્ર લાગે તેવો એકરાર છે. એ આત્માની, સત્યની ખોજમાંથી અનુભવવાણી ઉચ્ચારતો હોય તેમ ઉદ્‌ગાર કરે છે :

I believe in God and truth

And love.

એના યુગના સંશયવાદી બૌદ્ધિકો માટે તેનો એક ચોક્કસ જવાબ છે કે God's in his Heaven - All's right with the world.

'પૉલિન'માં બ્રાઉનિંગનો નર્યો-નકરો આદર્શવાદ છે. યુવાસુલભ અહંવાદ પણ ખરો.

'પૅરસેલસસ' (Paracelsus-1835)માં કવિને પોતાની સાચી વાણીની દિશા જડતી લાગે છે. એનો પ્રિય વિષય જ્ઞાન માટેની તૃષા અને આત્મવિકાસ અહીં રજૂ થયો છે.

ઈ. ૧૮૪૦માં એની બીજી એક કૃતિ 'સૉર્ડેલો' (Sordello) પ્રકાશિત થાય છે. પણ કલાદૃષ્ટિએ આ કૃતિમાં પણ એની સર્જકતાનો કોઈ ખાસ વિકાસ વરતાતો નથી. ખરેખર તો 'પૅરસેલસસ'ની કક્ષાએ પણ એ પહોંચી શકી નથી. એને કાવ્ય-સમુદ્રમાં કર્તવ્યચ્યુત કૃતિ તરીકે - 'A derelict in the ocean of poetry.' - ઓળખવામાં આવી છે. બ્રાઉનિંગની એક અત્યંત દુર્બોધ રચના તરીકે એને ગણવામાં આવી છે. હિરોઈક કપ્લેટ (Heroic Couplet)ની છ હજાર પંક્તિનો તેમાં વિસ્તાર છે. આ કાવ્યરચના દરમિયાન બ્રાઉનિંગે જેને યુનિવર્સિટી તરીકે નામના આપી છે તે ઇટલીના તેણે પ્રથમ વાર મુલાકાત લીધી હતી.

ટેનિસન બ્રાઉનિંગની આ કાવ્યકૃતિ વાંચીને એવો ત્રસ્ત થઈ ગયો હતો કે તેને કહેવું પડ્યું કે આ કાવ્યમાંની માંડ બે પંક્તિ મને સમજાઈ છે. અરે, એ કાવ્યકૃતિ એવી તો કપરી હતી કે 'સૉર્ડેલો' એ કોઈ વ્યક્તિનું, નગરનું કે પુસ્તકનું નામ છે તેની પણ એક બૌદ્ધિક ભાવકને સમજ પણ નહોતી.

બ્રાઉનિંગની કવિતા માટે, એનો મર્મ, એની વ્યંજના સમજાતી નથી એવી ટીકા એના જીવનના અંત સુધી થતી રહી હતી. એની કૃતિઓમાં એણે પ્રયોજેલા લાક્ષણિક કાવ્યલક્ષી રૂઢિપ્રયોગોથી વાચકવર્ગ પરિચિત નહોતો, એની ભાવ કે વિચારને એકદમ સઘન રીતે લાઘવથી વ્યકત કરવાની શૈલી, એની અપરિચિત લાગે તેવી પ્રાદેશિક બોલી; અને ઘણુંબધું સૂચિતરૂપે રજૂ કરવાની, વાચકો પર છોડી દેવાની રીતિ - આ સર્વ બ્રાઉનિંગની સર્જક તરીકેની લાક્ષણિકતા ભલે હોય પણ વાચકવર્ગને તેની ભારે મૂંઝવણ-અકળામણ હતી. વિવેચકોએ પણ તેની આ બધી 'લાક્ષણિકતાઓ'ની ટીકા કરી છે.

બ્રાઉનિંગની આ બધી પૂર્વ-કારકિર્દીની રચનાઓ ભલે કપરી અથવા અળખામણી ગણાઈ હોય, પણ ભલે થોડાક સાહિત્ય-વિવેચકોને એનું વિષયવસ્તુ આકર્ષક લાગ્યું છે. એમાં જે જ્ઞાન માટેની તીવ્ર તૃષા છે, તેની સાથે માર્લોના 'ફૉસ્ટસ'નું સ્મરણ કરવામાં આવે છે. એનાં આ કાવ્યોમાં 'રેનેસાં'નો મિજાજ પણ કેટલાકે જોયો છે.

કવિ બ્રાઉનિંગની કવિતાના ચાર તબક્કા પાડવામાં આવે તો એના પહેલા તબક્કામાં ઈ. ૧૮૩૨થી ઈ. ૧૮૪૬ના સમયગાળાની કૃતિઓનો સમાવેશ થાય છે. આ ગાળો બ્રાઉનિંગનો પ્રયોગકાળ છે. અહીં હજી તેને તેની કળા માટેની દિશા - તેની કલાનું ધ્રુવપદ શોધવું બાકી છે. આ સમયગાળામાં તે સાહિત્યનાં વિવિધ સ્વરૂપોની અજમાયશ કરે છે. પણ થોડા

જ સમયમાં આ તબક્કાનાં પાછલાં વર્ષોમાં એની શક્તિને મોકળાશ મળે છે, અને નાટ્યાત્મક ઊર્મિકો (Dramatic Lyrics)માં તેનું હીર ઝળકવા લાગે છે. એ એકોક્તિઓની પણ સફળતાપૂર્વક અજમાયશ કરે છે. આ કાવ્યપ્રકારમાં એની શક્તિ સાચા બ્રાઉનિંગને પ્રકટ કરે છે. ઈ. ૧૮૩૬થી ઈ. ૧૮૪૬ના સમયપટ દરમિયાન લખાયેલાં એના 'ધ ડ્રામેટિક લિરિક્સ' (The Dramatic Lyrics) બ્રાઉનિંગની પ્રતિભાનાં અનેકવિધ પાસાં પર પ્રકાશ નાખે છે. બ્રાઉનિંગને પોતાની પ્રતિભા કયા ક્ષેત્રમાં વધારે કામિયાબ બની શકશે તેનો હવે અંદાજ આવે છે. આરંભની ત્રણચાર કૃતિઓમાં એણે એની 'લાક્ષણિક્તાઓ' પર વધારે પડતો ઝોક મૂક્યો હતો અને એને સારો પ્રતિભાવ એ જ કારણોસર સાંપડ્યો નહોતો. એનાં પરિપક્વ કાવ્યોમાં એ પોતાનો પૂર્વેનો ઉત્સાહ કે અગાઉની મૌલિકતા ગુમાવ્યા વિના હવે મધ્યમમાર્ગ અપનાવે છે. એનાં કેટલાંક મંચનક્ષમ નાટકો ભજવાય છે - 'સ્ટ્રૅફોર્ડ' (Strafford) ઈ. ૧૮૩૭માં, 'અ બ્લૉટ ઈન ધ સ્કચિયન' (A Blot in the Scutcheon) ઈ. ૧૮૪૩માં, 'કોલમ્બ્સ બર્થડે' (Colombe's Birthday) ઈ. ૧૮૫૩માં. વળી, નાટકથી માંડીને તે નાટ્યાત્મક ઊર્મિકો સુધીમાં તેની ગતિનો અંદાજ આવે છે.

બ્રાઉનિંગની એક નીવડેલી અને તેની સર્જકપ્રતિભા સાહિત્યના કયા સ્વરૂપને કેવી રીતે નિરૂપે છે તેનો સુપેરે પરિચય કરાવતી કૃતિ 'પિપા પાસીસ' (Pippa Passes) ઈ. ૧૮૪૧માં રચાઈ હતી. એને કેટલાકે નાટ્યકૃતિ તરીકે બિરદાવી છે, પણ ખરેખર તો એમાં નાટકને આવશ્યક ક્રિયાવેગ (Action) કે એકતા-સુગ્રથિતતા (Unity) નથી. એમાં કેટલીક નાટ્યાત્મક ઘટનાઓ અવશ્ય છે, પણ એ નાટક તો નથી જ બનતું.

બ્રાઉનિંગે એમાં કેટલાંક દૃશ્યો કલ્પી કાઢ્યાં છે. એમાં વિવિધ પાત્રો કાર્યપ્રવૃત્ત છે. ઇટલીની કોઈક રેશમની મિલમાં મજૂરી કરતી પિપા નામે એક છોકરી છે. વર્ષમાં તેને માત્ર એક રજા મળે છે, ઈસુના જન્મદિનની. પિપા એ દિવસનો ઉત્તમ ઉપયોગ કેમ કરવો તેનો વિચાર કરતી નગરમાં ગીતો ગાતી નીકળે છે. પણ એનાં ગીતોનો પ્રભાવ કાર્યમાં પ્રવૃત્ત પાત્રો પર કેવો પ્રબળ પડે છે તેની આ નિર્દોષ છોકરીને જાણ પણ નથી.

એક દૃશ્યમાં ઘટના એવી છે કે ઓતિમા (Ottima)ને એક પ્રેમી છે - સેબાલ્ડ (Sebald). બંનેએ ભેગાં થઈને ઓતિમાના પતિનું તરતમાં જ ખૂન કર્યું છે. દૃશ્યમાં પાત્રોનો માનસિક તનાવ છે. એ જ વખતે પિપા એમના ઘરની નજીક થઈને ગાતી ગાતી નીકળે છે -

The year's at the spring
And day's at the morn;
Morning's at seven
The hill-side's dew-pearled
The lark's on the wing
The snail's on the thorn
God's in his Heaven
All's right with the world.

પિપાને કલ્પનાય નથી કે ઈશ્વર સ્વર્ગમાં બિરાજે છે અને દુનિયા સુખી છે. એવો પ્રબળ આશાવાદ ગુનાહિત માનસ પર કેવી અસર કરી બેઠો છે ! ખૂની પાત્રની ચેતના ખળભળી ઊઠે છે અને તે પશ્ચાત્તાપ કરીને ગુનાનો એકરાર કરે છે. બ્રાઉનિંગ એનાં કાવ્યોમાં શબ્દોની કેવી કસર કરી શકે છે, એની અભિવ્યક્તિ કેવી સચોટ છે, છતાં વાચ્ય નથી અને મૂર્ત દૃશ્યો એ કેવાં ખડાં કરી શકે છે તેનું એક ઉદાહરણ ઉપરનું કાવ્ય છે. પિપાનાં ગીતો આવી રીતે બીજાં પાત્રોની ચેતનાને પણ ઢંઢોળે છે, તેમને મનોમંથન કરવા પ્રેરે છે અને અંતે પ્રાયશ્ચિત્તમાં તે વિરમે છે.

બ્રાઉનિંગનો સર્જનહારની સૃષ્ટિમાં સર્વ કલ્યાણમય છે, નિરામય છે, એ આશાવાદ આવાં નાટ્યાત્મક ઊર્મિકોમાં સહજ રીતે પ્રકટ થઈ જાય છે. ટેનિસનમાં છેવટના ભાગમાં કુદરત નિયમબદ્ધ છે. ઈશ્વરના રાજ્યમાં બધું જ વ્યવસ્થિત છે એવી શ્રદ્ધા બેસે છે, પણ એ પૂર્વે અવારનવાર તેનાં કાવ્યોમાં નિરાશાની મનઃસ્થિતિ અભિવ્યક્ત થતી હતી તે બ્રાઉનિંગમાં જોવા મળતું નથી. બ્રાઉનિંગનો આશાવાદ આરંભથી જ અટલ છે, અચલ છે. (ક્રમશઃ)

ગુજરાતી સાહિત્યના અમરગ્રંથો

ડૉ. શિવલાલ જેસલપુરા-સંશોધિત-સંપાદિત :

૧. પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ખંડ ૧-૨ કિં. રૂ. ૩૦૦.૦૦
(બધાં આખ્યાનોનો સંગ્રહ, પૃ. ૧૨૦૦, રજિ. પો. રૂ.૩૦.)

૨. અખાની કાવ્યકૃતિઓ ખંડ - ૧ કિં. ૯૦.૦૦.
(૭૫૫ છપ્પા સંપૂર્ણ અર્થ સાથે, પૃ. ૪૦૮, પો. રૂ. ૮.)

૩. અખાની કાવ્યકૃતિઓ ખંડ - ૨ કિં. ૬૦ + પોસ્ટેજ રૂ.૮.
(૨૬૩ પદ, પૃ. ૨૦૮, સાખીઓ, સોરઠા, બારમાસા વગેરે)

૪. આરાધના : ૪૭ મધ્યકાલીન કવિઓનાં ૯૦ ભક્તિગીતો
(સંપૂર્ણ સમજૂતી અને કવિપરિચય સાથે, કિં. રૂ.૬૦ + ૪)

પ્રાપ્તિસ્થાન

કુસુમ પ્રકાશન, ૨૨૨, સર્વોદય કૉમ. સેન્ટર,
જી.પી.ઓ. પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન નં. ૨૫૫૦૧૮૩૨

ચેસ-કૉર્નર : કોયડો- ૪૦

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (White to play and mate in two). એક ખરેખરી રમતમાં ઉદ્ભવેલી ઉપરની પરિસ્થિતિમાં, મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kc1, Qb7, Ra1, Rh1, Bf1, Bf4, Nd8, P-a4, b2, c2, c3, f2, g2, h2**

કાળાં : **Kc5, Qe8, Ra8, Rh8, Bd7, Bf8, Nc6, p-a7, b6, c4, d5, e6, e7, g7, h7**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail -parag@vakharia.net) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. કોયડાની ચર્ચા આવકાર્ય છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ ઑગસ્ટ ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના એપ્રિલ ૨૦૦૪ના અંકમાં આવેલ ૩૮મા કોયડાનો ઉકેલ :

Key move Nf2 છે. Threat R x e4 #

(૧)......, **e3**	(૨) **Nf3 #**
(૧)......, **f5**	(૨) **Be5 #**
(૧)......, **Nb6**	(૨) **Bc5 #**
(૧)......, **N** ગમે ત્યાં	(૨) **R x c4 #**
(૧)......, **Nc3**	(૨) **Rcd2 #**
(૧)......, **Ne3**	(૨) **Red2 #**

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૧૦ વાચકો તરફથી મળેલો છે, જે પૈકી સાચો ઉકેલ મોકલનારનાં નામ નીચે પ્રમાણે છેઃ (૧) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૨) નૌતમભાઈ વખારિયા, (૩) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૪) 'એક વાચક' (મુંબઈ), (૫) કિરણભાઈ શાહ, (૬) દિનેશ દવે (આણંદ)

એક બાજુ આ કોયડાની ઘણાં વાચકોએ પ્રશંસા કરી છે તો બીજી બાજુ બહુ ઓછાં વાચકો તરફથી પ્રતિભાવ મળેલો છે અને તેથી કોયડો અઘરો જણાયો હોય તેમ લાગે છે. ઉકેલમાં કેટલાંક વાચકોએ **threat** બતાવેલ નથી તેમજ **threat**ના જવાબમાં માત્ર સંરક્ષણ ચાલો બતાવવા ઉપરાંતમાં વધારાની ચાલો બતાવેલ છે જે જરૂર નથી - બલકે ન બતાવવી જોઈએ.

મુંબઈના 'એક વાચક' તરફથી કોયડા બાબત મળેલી પ્રતિક્રિયાઃ **F6** ઉપરના પ્યાદાને કારણે કોયડો અપૂર્ણ **knight wheet** છે. ઉપરાંત **d5** ઉપરના ઘોડાને ખસેડવાથી **e4** ઉપરના પ્યાદાનું સંરક્ષણ થાય પણ **f7** ઉપરના ઊંટની લાઇન ખૂલી જવાથી **R x c4** મહાત થાય છે. પરંતુ કાળા ઘોડાને **correction move b6, c3, e3** ઉપર મૂકવાથી મહાતના જુદી જુદી જાતના પ્રકારો મળે છે તે જુઓ. પ્રો. રાવ જણાવે છે કે ચેસના કોયડામાં **key move**ની સામે જેટલા વિકલ્પો હોય, તેમાંના એક સિવાય બધા લાગુ પડે તેવા હોય તેવી બધી વૈકલ્પિક ચાલોને **try** કહેવાય પણ તે ઉકેલ ખોટો ગણાય.

મુદ્રણદોષ : અંક ૯૧૬માં સફેદ મહોરાંની ગોઠવણીમાં નીચેના મહોરાં ઉમેરીને વાચવું : **Bf7, P-b4, f4**

ચેસ જગતનું અવનવું : વિશ્વવિખ્યાત ભારતીય ખેલાડી વિશ્વનાથન આનંદે ખૂબ ગૌરવવંતો એવો 'ચેસ-ઓસ્કાર' અવૉર્ડ ત્રીજી વાર જીત્યો છે.

મજા પડે તેવી ચેસની એક નાનકડી રમત નીચે આપું છું :

	સફેદ	કાળું
૧.	**e4**	**c6**
૨.	**Nc3**	**d5**
૩.	**Nf3**	**d x e4**
૪.	**N x e4**	**Nf6**
૫.	**Qe2**	**Nbd7 ??**
૬.	**Nd6 #**	

૧લું પગથિયું : **e4**ની સામે **c6** રમવાથી **Caro kann** ઓપનિંગ ગણાય. આ ઓપનિંગ ૧૯મી સદીમાં કેરો અને કાન નામના જર્મન ખેલાડીઓ દ્વારા શોધવામાં આવી હતી.

૬ઠ્ઠું પગથિયું : કાળા દ્વારા સફેદ ઘોડો મારી શકાતો નથી. કાળાના પોતાનાં મહોરાંઓ દ્વારા પોતાનો જ રાજા બંધાઈ ગયો છે. આવી પરિસ્થિતિને **Omotered** કહેવાય છે.

- અર્પી શાહ

અડકો દડકો

ડૉક્ટરની જરૂર છે.

અંજના ભગવતી

એક હતું જંગલ. જંગલમાં એક ભેંસ રહે. જંગલમાં ભેંસને લીલું ઘાસ, ઝાડનાં પાંદડાં અને કૂણાં ડાળી-ડાંખળાં ખાવા માટે પૂરતા પ્રમાણમાં મળી રહે. ચરવાની વિશાળ જગાઓ અને ફરવાની પણ ખરી. વળી ભેંસબહેનને તો કાદવના ખાબોચિયામાં પડી રહેવાની ટેવ. જંગલમાં તેવાં ઘણાં ખાબોચિયાં પણ ખરાં. ભેંસને જંગલમાં કોઈ ફરિયાદ નહીં, સિવાય કે એક ફરિયાદ. ભેંસને આખે શરીરે ચળ ખૂબ આવે. ઝીણાં-ઝીણાં જંતુ તેને ખૂબ હેરાન કરે. આખો દિવસ ભેંસના શરીર પર બેસે અને એને કરડે. ભેંસબહેન તો હેરાન થઈ ગયાં. જંતુઓ ચેનથી ઊંઘવા પણ ન દે. આખો દિવસ ખંજવાળમાં જ મન રહે.



ભેંસબહેન તો જંગલમાં આમ-તેમ ફરતાં હતાં. ત્યાં મળ્યાં વાંદરાભાઈ. વાંદરાભાઈ કહે, 'કેમ, ભેંસ-બહેન મજામાં છો ને ?' ભેંસ કહે, 'વાંદરાભાઈ, આમ તો મજામાં જ છું, પણ આખા શરીરે મને ચળ બહુ આવે છે. તેનો શો ઉપાય કરું ?' વાંદરાભાઈ તો માથું ખંજવાળવા માંડ્યાં. કહે, 'જરા આગળ જાઓ, ત્યાં એક ડૉક્ટરનું દવાખાનું આવશે. ડૉક્ટરને બતાવજો. તે તમારી તકલીફ દૂર કરી આપશે.'

ભેંસ તો જંગલમાં આગળ ચાલી. ફરતાં ફરતાં એક જગાએ એક લાકડાનું પાટિયું જોયું. તેના ઉપર લખ્યું હતું, 'ડૉક્ટર'. ભેંસ તો ત્યાં પહોંચી ગઈ. ત્યાં એક હોલાભાઈ બેઠા હતા. એમની આસપાસ થોડાંક પ્રાણીઓ બેઠાં હતાં. કોઈકને કાંઈ વાગ્યું હતું. તો કોઈને પેટમાં દુઃખતું હતું, તો કોઈને દાંતમાં. ભેંસબહેન તો આ બધાં જાતજાતનાં પ્રાણીઓને જોઈ મૂંઝાઈ ગયાં. એટલામાં હોલાએ પૂછ્યું, 'કેમ, ભેંસબહેન શું તકલીફ છે ?' ભેંસ કહે, 'અરે, મને તો આખા શરીરે ખૂબ ખંજવાળ આવે છે. એને લીધે ઊંઘ બરાબર નથી આવતી અને ભૂખ પણ ઓછી લાગે છે.' હોલાભાઈ કહે, 'ગભરાતાં નહીં, તમારો કેસ બનાવી દઉં છું. તમે લાઈનમાં બેસી જાઓ. તમારો વારો આવે એટલે અંદર ડૉક્ટર પાસે જજો.' ભેંસબહેન તો પોતાનો વારો આવે તેની વાટ જોવા લાગ્યા.

થોડી વારમાં ભેંસનો વારો આવ્યો. ભેંસ તો ચાલી ડૉક્ટર પાસે. અંદર ગઈ તો ડૉક્ટર બગલાભાઈ હાજર હતા. પોતાનો કેસ ડૉક્ટરને બતાવ્યો. બગલાભાઈ ભેંસની ચારેબાજુ ફર્યા અને પછી ઊડીને ભેંસની પીઠ પર બેસી ગયા. ભેંસની પીઠ પર બેઠેલા જંતુને પકડી પકડીને ખાવા લાગ્યા. થોડી વારમાં તો બધાં જંતુ ગાયબ. જંતુ ગાયબ થયા ને ખંજવાળ પણ ગાયબ.

ડૉક્ટર બગલાભાઈએ ભેંસને સલાહ આપી : 'તમારે નદીમાં કે તળાવમાં વારંવાર નહાવું, કાદવમાં આળોટવું અને તમારા શરીર પર ધૂળ ઉડાડવી. આમ નિયમિત કરશો તો જંતુ તમારાથી દૂર રહેશે. તમને ખંજવાળ આવશે નહીં. તેમ છતાંએ ક્યારેક જરૂર પડે તો મારા જેવા ઢોરબગલા પાસે પહોંચી જવું. તમારી મુશ્કેલી દૂર થઈ જશે. બગલાને જંતુ ખાવા મળશે અને મફતની સવારી પણ મળશે.'

બાલ દોસ્તો, તમે પણ તમારી આસપાસમાં નજર કરશો તો આવી ભેંસ અને ડૉક્ટર બગલો તમને જરૂરથી જોવા મળશે. ❑

*

દાઢીમાં ચૂં...ચૂં...

કરસનદાસ લુહાર

નાની એવી મઢી. મઢીમાં બાવાજી રહે. બાવાજીના માથા પર એકેય વાળ નહિ. માથું સાવ બોડકું. પણ બાવાજીની દાઢી ઘેઘૂર અને બહુ લાંબી. બાવાજી બોડકા માથાની ટાલની બહુ સંભાળ રાખે. ટાલ પર દરરોજ ઘી લગાવીને ચકચકતી, લિસ્સી રાખે. પણ દાઢીની જરાય સંભાળ ન લે. દાઢીના વાળ સાવ બરછટ અને ગંદા, ગોબરા. એકબીજામાં ગૂંચવાઈ ગયેલા. બાવાજી જે કાંઈ ખાય તે દાઢી પર ચોંટેલું હોય. દૂધ અને ચાથી દાઢી હંમેશાં ખરડાયેલી રહે. બાવાજી દાઢી ના ધૂએ કે ન લૂછે. બાવાજી શરીરે તગડા. તેમને બે જ કામ. સારું સારું ખાવું, ખૂબ ખાવું અને રાત-દિવસ ઊંઘ્યા રહેવું. બાવાજીની મઢીમાં એક પીંજરું હતું. તેમાં પોપટ. બાવાજી પોપટને પણ સારું સારું ખવડાવે. લીલાં મરચાં તો પીંજરામાં પડ્યાં જ હોય. બાવાજીની જેમ પોપટ પણ ખૂબ ખાય. છતાં સાવ દૂબળો.

પોપટને માણસ જેવું જ બોલતાં આવડે. પણ સાવ ઓછું બોલે.

ઉનાળાની ઋતુ આવી. મીઠી મીઠી કેરીઓ ખાવાની મોસમ. બાવાજીની મઢી પાસે ઊભેલો આંબો પાકી કેરીઓથી લચી પડ્યો. બાવાજી દરરોજ એક ટોપલો ભરાય તેટલી કેરીઓ ઉતારે અને બધી ખાઈ જાય. તેમની દાઢી કેરીના રસથી ખરડાઈને પીળી થઈ ગઈ.

એક દિવસ બાવાજીએ ટોપલો ભરીને કેરીઓ ખાધી. પેટ ભારે ભારે થઈ ગયું. બગાસાં આવવા માંડ્યાં. પથારીમાં લંબાવ્યું ને ઘસઘસાટ ઘોરવા લાગ્યા.

મઢીમાં ઉષી ઉંદરડી આવી. એને કેરીના રસની મધુર વાસ આવતી હતી. ઉષીએ ઊંઘતા બાવાજી ફરતા ચાર-પાંચ ચક્કર લગાવ્યાં. પછી બાવાજીના ઢમઢોલ પેટ પર ચડીને દોડાદોડી કરવા લાગી. ઉષીને બાવાજીની પહોળી ફાંદ નાનકડા મેદાન જેવી લાગતી. તે વારંવાર ત્યાં રમવા આવતી. બાવાજી તો કુંભકર્ણના મોટાભાઈ. એમના કાન પાસે ઢોલ વગાડો તોય જાગે નહિ.

ઉષી દોડાદોડી કરતી રહી છતાં બાવાજીની ઊંઘ ન ઊડી. ઉષીને કેરીના રસની વાસ લલચાવતી હતી. એનું ધ્યાન બાવાજીની દાઢી તરફ ગયું. દાઢીના વાળ પર કેરીનો રસ સુકાઈને ચોંટી ગયો હતો. ઉષી ખુશ થઈ ગઈ. દાઢી પર બેસીને એ તો લાગી સુકાયેલો રસ ચાટવા. બાવાજીની દાઢી ચોખ્ખી ચટાક થઈ ગઈ ને ઉષીનું પેટ ભરાઈ ગયું. ઉષીને ઘેન ચઢવા લાગ્યું. ઊંઘ આવવા માંડી. બાવાજીની ઘેઘૂર દાઢી વચ્ચે સંતાઈને ઉષી તો સૂઈ ગઈ. ત્યાં તો અવાજ આવ્યો : 'મ્યાઉં... મ્યાઉ... મ્યાઉં...' ઉષી સમજી ગઈ; મઢીમાં બિલ્લીબાઈ આવ્યાં લાગે છે. મઢીમાં બિલાડી આંટા મારતી કંઈક ખાવાનું ખોળતી હતી. પીંજરામાંનો પોપટ બિલાડીની હિલચાલ જોઈ રહ્યો હતો. બિલાડી મઢીનો ખૂણેખૂણો ફંફોસી વળી પણ કંઈ ખાવાનું ન મળતાં બોલવા લાગી :



'મ્યાઉં... મ્યાઉં... મ્યાઉં.' એ સાંભળી બાવાજીની દાઢીમાં સંતાયેલી ઉષી બોલી : 'ચૂં... ચૂં...ચૂં...'

બિલાડીને ખયાલ આવી ગયો. ઉષીનો અવાજ છે અને તે બાવાજીની દાઢીમાંથી આવે છે. ઉષી નક્કી બાવાજીની દાઢીમાં સંતાયેલી હશે. બિલાડીએ બાવાજીની દાઢી પાસે જઈને મ્યાઉં... મ્યાઉં...મ્યાઉં કર્યું. પરંતુ દાઢીમાંથી હવે કોઈ અવાજ આવ્યો નહિ. બિલાડી તો બાવાજીની છાતી પર ચઢીને એમની દાઢી પગ વડે ફંફોસવા લાગી. બાવાજી જાગી જશે એવો ભય એને હતો જ નહિ. એ પણ બાવાજીની ઊંઘ જાણતી હતી.

બિલાડીએ ઘણી વાર સુધી દાઢી ફંફોસી. દાઢીમાં સંતાયેલી ઉષીને એણે પકડી પાડવી હતી. પણ બાવાજીની ઘેઘૂર દાઢીમાં ઉષી જડતી ન હતી.

બિલાડી જોરજોરથી પગના નહોર વડે બાવાજીની દાઢી ફંફોસતી રહી . બરાબર એ જ વખતે મઢીના બારણામાં કલો કૂતરો આવીને ઊભો રહ્યો. પીંજરમાંથી પોપટજીએ કૂતરાને જોયો. પછી દાઢી ફંફોસતી બિલાડી તરફ નજર કરી. બિલાડીને ખયાલ ન હતો કે કલો કૂતરો મઢીના બારણામાં ઊભો છે.

પોપટજી કૂતરા સામે જોઈ ને પછી બિલાડી સામે જોતો ગાવા લાગ્યો :

મઢીમાં મ્યાઉં... મ્યાઉં...
દાઢીમાં ચૂં... ચૂં...
બારણામાં કુત્તાભાઈ
હાંઉ... હાંઉ... હૂ...હૂ...!

આ સાંભળી બિલાડી ડરી ગઈ. છલાંગ મારીને ભાગવા ગઈ, ત્યાં બાવાજી જાગી ગયા. બિલાડીએ દોટ મૂકી. પોતાની ઊંઘ બગાડી એટલે ખીજાયેલા બાવાજી ચીપિયો લઈને બિલાડીની પાછળ દોડ્યા. કલો કૂતરો તો ક્યારનો ભાગી ગયો હતો. બિલાડીની પાછળ બાવાજી જેવા દોડ્યા કે એમની દાઢીમાંથી ટપ્પ કરતી ઉંદરડી નીચે પડી. □

પ્રાથમિક શાળામાં ભણતા છોકરાને એની મમ્મીએ ગણિતનું ઘરકામ કરાવવામાં મદદ કરી.

બીજે દિવસે શાળાએથી આવીને છોકરાએ નોટબુક મમ્મીને આપી અને કહ્યું : 'સૉરી મમ્મી, તને ઝીરો મળ્યો છે.'

*

રમેશ : 'કેમ ? આખું ઘર જાતે રંગવાનો વિચાર છે કે શું ?'
હરેશ : 'હા, કામનું કામ અને ચિત્રકામનો આનંદ !'
રમેશ : 'બહુ સરસ. આવતા રવિવારે તું મારે ત્યાં ચિત્રકામ કરવા આવ !'

કંકાવટી

પૂજા વ્યાસ

લશ્કરી અધિકારી બનવાની મહેચ્છા ધરાવતી વીસ વર્ષની કુમારી પૂજા વ્યાસ દેશસેવા માટે થનગનતી યુવતી છે. ડિસિપ્લિન, ડિટર્મિનેશન અને ડેવલપમેન્ટના ગુણોનો ત્રિવેણી સંગમ ધરાવતી પૂજાએ ગત વર્ષ ૨૬મી જાન્યુઆરીએ નવી દિલ્હી ખાતે યોજાયેલ 'રિપબ્લિક ડે'માં સર્વશ્રેષ્ઠ દેખાવ કરીને એન.સી.સી.ના બેસ્ટ કેડેટનો અવૉર્ડ મેળવ્યો હતો અને ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલરના હસ્તે 'ગોલ્ડ મેડલ' પણ મળેલો છે.



એન.સી.સી.માં સૌથી વધુ મુશ્કેલ કહી શકાય તેવી 'સી' એક્ઝામ પણ આ પાંચ ફુટ ત્રણ ઈંચની ઊંચાઈ ધરાવતી પૂજાએ સખત મહેનત કરીને 'એ' ગ્રેડમાં પાસ કરેલ છે. પૂજા અત્યારે ઈકૉનોમિક્સના વિષય સાથે એમ.એ. ભાગ-૧માં અભ્યાસ કરી રહી છે. અભ્યાસકીય કારકિર્દી દરમિયાન તે વિવિધ પ્રવૃત્તિઓ, રમત-ગમત વગેરેમાં ભાગ લેતી હોવા છતાં તે હંમેશા પ્રથમ વર્ગમાં જ અને ટૉપ ફાઈવ સ્ટારમાં જ રહી છે! ગત વર્ષે અર્થશાસ્ત્ર સાથે બી.એ.ની ડિગ્રી ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમે રહીને મેળવી હતી! સેન્ટ ઝેવિયર્સ કૉલેજનો ફાધર ફ્રાન્સિસ બ્રિગાન્ઝા અવૉર્ડ મેળવવાનું ગૌરવ પણ પૂજાએ અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે અભ્યાસમાં અવ્વલ નંબરે રહીને પ્રાપ્ત કર્યું હતું.

આ પહેલાં પણ એફ. વાય. બી.એ.માં સૌથી વધુ ગુણ મેળવવા બદલ પૂજાએ કાશીરામ ગજાનંદ ચૅરિટેબલ ટ્રસ્ટ પ્રાઈઝ જીત્યું હતું.

પૂજાએ એકથી પાંચ ધોરણનો અભ્યાસ ઍરોમા સ્કૂલમાં અને પછી ધોરણ છઠ્ઠાથી દસમા સુધીનો અભ્યાસ સહજાનંદ સ્કૂલમાં એક બેસ્ટ ઍથ્લેટ્સના બિરુદ સાથે કર્યો હતો. ચૌદ વર્ષની વયે તે હાઈ જમ્પ, શૉટપુટ અને કબડ્ડીની ચૅમ્પિયન હતી. રાજ્યકક્ષાએ તેણે કબડ્ડીમાં પ્રથમ અને હાઈજમ્પ તેમ જ શૉટપુટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

આ પહેલાં ૧૯૯૫-૯૬માં ધોરણ સાતમા અને આઠમા અભ્યાસ કરતી વખતે પૂજાએ ૪ બાઈ ૧૦૦ મીટર રિલે, ૧૧૦ મીટર વિઘ્નદોડ, ૧૦૦મીટર અને ૨૦૦ મીટર દોડ તેમ જ શૉટપુટ થ્રોમાં પ્રથમ નંબર મેળવીને સહજાનંદ સ્કૂલમાં સફળ ખેલાડી તરીકેનું ગૌરવ મેળવ્યું હતું. આ પ્રાથમિક અને હાઈ સ્કૂલ કક્ષાના અભ્યાસ દરમિયાન પૂજાએ મ્યૂઝિક, ડ્રૉઈંગ, હૅન્ડિક્રાફ્ટ અને ટાઈપિંગ જેવી કળામાં 'એ' ગ્રેડ મેળવ્યો હતો, જ્યારે હિન્દી અને સંસ્કૃત ભાષાની વિવિધ પરીક્ષાઓ પ્રથમ વર્ગ સાથે પાસ કરી.

પૂજાએ હાયર સેકન્ડરીનો અભ્યાસ માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં 'સ્પૉર્ટ્સ કેપ્ટન' અને 'બેસ્ટ ઍથ્લેટ'ના ગૌરવ સાથે કર્યો હતો. કૉમર્સમાં અભ્યાસ કરતી પૂજાએ એચ.એસ.સી. બોર્ડમાં ડિસ્ટિંક્શન ગુણ મેળવ્યા હતા.

આર્મી ઑફિસર્સ ટ્રેઈનિંગ ઍકેડમીની ચેન્નાઈ ખાતે આવેલ ઍકેડમીમાં હોર્સ રાઈડિંગ, સ્વિમિંગ, ફાયરિંગ જેવી ટ્રેઈનિંગ લેનાર પૂજાએ કૉમર્સ વિદ્યાશાખામાં એચ.એસ.સી. પાસ કરી હોવા છતાં એકમાત્ર એન. સી. સી.ના આકર્ષણ અને સ્પૉર્ટ્સના શૉખને પોષવા આર્ટ્સ વિદ્યાશાખામાં પ્રવેશ લીધો હતો. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યાં પછી પૂજા તરત જ બાળપણનાં સ્વપ્નો સાકાર કરવા એન.સી.સી.માં જોડાઈ. સાથોસાથ બાસ્કેટબૉલ તેમ જ ઍથ્લેટિક્સમાં આઉટ સ્ટૅન્ડિંગ પર્ફૉર્મન્સનો અવૉર્ડ મેળવ્યો હતો.

પૂજાને એન.સી.સી.નો શૉખ તેની માતા જ્યોતિબહેન તરફથી મળ્યો હતો. શ્રીમતી જ્યોતિબહેને એન.સી.સી. કરેલ છે. તેઓ આર.ડી.સી. (રિપબ્લિક ડે કૅમ્પ) માટે પણ પસંદ થયા હતાં.

બ્રિગેડિયર પી.ટી. ગોઘલે, કર્નલ બી.કે.ગુહા, અતિવિશિષ્ટ સેવા મેડલ મેળવનાર પી.એસ.પનવર દ્વારા પૂજાને એન.સી.સી.માં સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવેલ છે. માસ્ટર સેરમનીમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરનાર અને યૂથ એક્સચેઈન્જમાં યુ.કે. તેમ જ બાંગ્લાદેશ જવા માટે પસંદ થનાર પૂજાએ ૪૦૦ મીટર વિઘ્નદોડમાં ઈન્ટરઝોન સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ૪૦૦ મીટરની દોડ અને ૪ બાઈ ૧૦૦ મીટર રિલે દોડમાં પણ રાજ્યકક્ષાએ પ્રથમ રહેનાર પૂજા ફ્લાવર ઑફ વેલી અને બદરીનાથ તેમ જ કેદારનાથ રૉક ક્લાઈમ્બિંગ માટે ગુજરાત યુનિવર્સિટીમાંથી પસંદ થઈ હતી.

આમ, વિવિધ સાહસિક ક્ષેત્રે આગળ વધવા ઈચ્છતી પૂજા માટે આર્મી ઓફિસર બનવું અને દેશની સેવા કરવી એ એક ધ્યેય છે. - પ્રદીપ ત્રિવેદી

('ઓળખ'માંથી ટૂંકાવીને)

સાહિત્યસંપર્ક

ફ્રાન્ઝ કાફ્કા : ૧૨૦મી જન્મજયંતી

પ્રત્યેક યુગ અને દેશનો એક સ્વભાવ હોય છે, જે ત્યાંના લોકસમુદાયના માનસ પર આધારિત હોય છે ને ત્યાંના સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે. આ પ્રમાણે આપણા ભારતમાં સ્વતંત્રતા પૂર્વેનાં થોડાં વર્ષોમાં 'ગાંધીયુગ'નું વાતાવરણ દેશ વ્યાપી હતું ને તે સમયના સાહિત્યે ઝીલ્યું, અપનાવ્યું. શેક્સ્પીઅરનાં વર્ષોમાં રાણી ઈલિઝાબેથનો પ્રભાવ સમર્થ હતો ને તે આશા અને નવસર્જનના સૂર તત્કાલીન લેખકોની કૃતિઓમાં આપણને સાંભળવા મળે છે. આ જ રીતે ૧૯મી સદીમાં એક અતિ વિષાદમય વાતાવરણ ફેલાયું હતું રશિયામાં અને તે સમયનું લેખન આ નિરાશામાંથી ઉદભવ્યું. દોસ્તોએવ્સ્કી, ગૉર્કી, ચૅખોવ, પુશકીન અને પછી ૨૦મી સદીમાં બોરીસ પાસ્તરનાકમાં પણ આના પડઘા સાંભળવા મળે છે. જર્મનીમાં ગટે પણ આ નૈરાશ્યથી મુક્ત ન હતા. આ જ વ્યથા જર્મન ફ્રાન્ઝ કાફ્કા પણ તેમના ટૂંકા અને દુઃખી જીવનમાં અનુભવતા રહ્યા. બાલ્યાવસ્થાથી એક દયાહીન અને સ્વાર્થી પિતાના ત્રાસ હેઠળ તેમણે તેમનું વ્યક્તિત્વ ગુમાવ્યું. એમનું સર્વ સર્જન આ ઘેરી છાયા હેઠળ થયું અને તેથી જ તેમના જીવન વિષેના જ્ઞાન વિના, તેમનાં લખાણોને પૂરો ન્યાય આપી શકાતો નથી.



કાફ્કાના એક મિત્રે તેની પાસેથી સાંભળ્યું કે 'મારા અવસાન પછી મારું એક પણ લખાણ પ્રસિદ્ધ ના થાય એ મારી ખાસ ઈચ્છા છે.' આમ કહ્યા પછી થોડા જ સમયમાં કાફ્કા અવસાન પામ્યા. મિત્ર મૅક્સ બ્રોડને એમને માટે ઘણો પ્રેમ હતો અને તેથી તેમણે એમનાં લખાણોનો અભ્યાસ કર્યો ને તેમને લાગ્યું કે આ મૂલ્યવાન વિરલ પ્રકારનું સાહિત્ય છે જેનો નાશ ન કરી શકાય. એટલે મિત્રની ઈચ્છાનો અનાદર કરીને પણ તેમણે એમનું સાહિત્ય પ્રસિદ્ધ કર્યું ને તે રીતે એમના મૈત્રીભાવને લીધે આપણે કાફ્કાને પામી શક્યા છીએ. એમની કૃતિઓ 'ધ કૅસલ', 'ધ ટ્રાયલ' વાંચી શક્યા છીએ.

આ બે કૃતિઓના પ્લૉટ ઘણા અટપટા છે. જેમ તેના નાયકને તેમજ વાચકને દિશાસૂઝ નથી મળતી કારણ જીવન પણ કોઈ ધ્યેય કે કાંઈ યોજનાબદ્ધ નથી. બિનજવાબદારી, ભ્રષ્ટાચાર, સંવેદનનો અભાવ, અક્ષમતા, સ્વાર્થ જે એમણે સરકારી દફતરોમાં અનુભવ્યાં હતાં, જોયાં હતાં તેનો ચિતાર આ બે પુસ્તકોમાં આવે છે. બંનેમાં નાયક અનામી છે. પણ તે કાફ્કા હોય, એમ આપણને જરૂર લાગશે.

'ધ કૅસલ'માં 'કે' કાફ્કાને ઘણો મળતો આવે છે. તે એક ગામના વિષે માહિતી એકઠી કરવા આવે છે. આ ગામ અને તેની આસપાસની જગ્યા કાઉન્ટ બેસ્ટવેસ્ટના તાબામાં છે. અને તે પોતે ત્યાં આવેલા ડુંગર પરના કિલ્લામાં રહે છે એમ લોકવાયકા છે, કારણ કે તે કદીએ દેખાતો નથી, કોઈને મળતો નથી. પણ તેના નામથી બધા કારભાર ચાલે છે. આ કિલ્લાને પહોંચવાના 'કે'ના સર્વ પ્રયાસો નિષ્ફળ થાય છે. માર્ગો ઘણા છે, પણ પ્રત્યેક માર્ગમાં અવરોધો છે, જે 'કે'ને આગળ પ્રગતિ કરતા અટકાવે છે. તે તેની સાથે સંપર્ક સાધવા ટેલિફોન કરી પૂછવા પ્રયાસ કરે છે : 'ક્યારે ત્યાં આવું ?' એ પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવે છે કે 'ક્યારેય પણ નહીં.' કોણે આ પ્રમાણે કહ્યું, કેમ કહ્યું તેનો ખુલાસો નથી મળતો. આખરે થાકી, કંટાળી તે ત્યાંની હોટલમાં આશરો લે છે. ત્યારે તેને માટે સંદેશો આવે છે કે 'તમારું આગમન સ્વીકાર્ય છે, તમને સર્વે પ્રકારની સહાય મળશે. તમે સુપરિન્ટેન્ડન્ટ સાથે મળી કામ કરવા માંડો.' શું કામ, ક્યો સુપરિન્ટેન્ડન્ટ વગેરે અસ્પષ્ટ જ રહે છે. આ સંદેશો ક્લેન તરફથી છે એમ સાંભળી ક્લેન એક મહત્ત્વનો અધિકારી છે, એમ જાણી તે તેને મળવા માગે છે. તે પણ એ જ હોટલમાં ત્યારે આવ્યો છે એમ ખાતરી કરી તેને મળવા પોતાનું કાર્યક્ષેત્ર વધુ સ્પષ્ટ રીતે ઓળખવા તેની પાસે જાય છે. પણ તે ઊંઘે છે ને 'તેને ઉઠાડી ન શકાય' એમ કહેવામાં આવે છે. પછી તે જ હોટલમાં રહેતી બાઈ ફ્રીડા સાથે તે થોડો પ્રેમ કરે છે. પણ આ માર્ગે પણ તે ક્લેનને પહોંચી શકતો નથી. (ફ્રીડા એક સમયે ક્લેનની જ પ્રિયતમા હતી !) ગામનાં લોકો તેની પ્રત્યે વ્હેમ અને અણગમાની નજરે જુએ છે ને તેને જરાયે સાથ મળતો નથી. સરકારી દફતરનાં કાગળિયાં તપાસતાં પણ 'કે'ને ત્યાં આવવાનો, રહેવાનો, માહિતી મેળવવાનો કોઈ પણ અધિકાર સાબિત થતો નથી. હોટલ બહાર ક્લેનની ગાડી ઊભી છે. તે જરૂર અહીં આવશે તો ખરો જ, એમ ધારી 'કે' તેની અપેક્ષામાં બેસી રહે છે. પણ ક્લેન તો આવતો જ નથી. એને સ્થાને કોઈ બીજો અધિકારી આવી તેને ગાડીમાંથી કાઢી મૂકે છે. બાર્નબસ કરી બીજો સંદેશવાહક, મહિના જૂનો પત્ર લઈ આવે છે અને તે બીજા અધિકારી અરલાંજરને મળવા વ્યવસ્થા કરી આપશે એમ જણાવે છે. પણ આ બનતું

નથી. વાર્તા અહીં પૂરી થાય છે. કારણ આ સમયમાં જ કાફ્કાનું અવસાન થયું. પણ એના મિત્ર બ્રોડે કોઈ હસ્તપ્રતમાંથી કોઈ અનુસંધાન શોધી આ અધૂરી, અપૂર્ણ કહાણીને અંત પર આણી. આમાં તેમણે બતાવ્યું કે વળી બીજા અધિકારીએ 'કે' ને પત્ર લખ્યો ને જણાવ્યું કે તેનો અસ્વીકાર નથી કરાયો. તેની સાથે કામ કરવા, માર્ગદર્શન આપવા, સર્વે ઘણા આતુર છે. પણ આ પત્ર મળે ત્યારે 'કે' તો ગાઢ નિદ્રામાં છે. વળી, બીજો પત્ર આવે છે કે આ પત્ર ભૂલથી લખાયો હતો. 'કે'ને આ ગામમાં પ્રવેશ કરવાનો જરાયે અધિકાર નથી. પણ દયાની દૃષ્ટિએ તેને ત્યાં રહેવા દેવાશે. પણ આ પત્ર મળ્યે, થોડાં જ સમયમાં 'કે'નું અવસાન થાય છે.

આ 'ધ કૅસલ'ની વસ્તુ આમ તો અર્થહીન લાગે પણ તેના કેટલાક અર્થો કરવામાં આવ્યા છે : ૧. ધાર્મિક તટ પર, ૨. મનોવિજ્ઞાનની દૃષ્ટિએ. પ્રથમ રીતે તુલના કરતાં મનુષ્યના ઈશ્વરને પામવાના પ્રયાસો, તેમાં આવતાં વિઘ્નો, અંતે ઈશ્વરને જોઈ, જાણી શકવામાં પૂરી નિષ્ફળતા, વચમાં વચમાં થતો આશાનો, અવિર્ભાવ જગત વિષેની અજ્ઞાનતા, સરકારી વહીવટમાં રહેલી અંધાધૂંધી. આમ અર્થો વિવેચકોએ શોધ્યા છે. માનસિક દૃષ્ટિએ વ્યક્તિ પોતાને જ સમજી શકતી નથી. 'કે' પોતે પોતાનો શું ધ્યેય છે, તેને શું કરવાનું છે એ ગામમાં તેની હાજરી શા કાજે છે મનમાં રહેલી અનેક ગ્રંથીઓ અનેક માર્ગો જે કિલ્લે લઈ જતા નથી.

આમ, લેખકની પોતાની જિંદગી જેટલી નિરાશા-ઉદ્વેગભરી હતી તેવી જ 'કે'ની છે. પિતાનો કઠોર સ્વભાવ, ઘરમાં ભયનું વાતાવરણ, યુરોપમાં તે સમયે સર્જાયેલી છિન્નભિન્નતા, આદિ સર્વેને લીધે તેનો માનસિક વિકાસ રૂંધાયો. લઘુતાગ્રંથિ અને કાયરતા નિષ્ફળતાના પડઘાથી તેને ઘેરી વળતાં. આત્મહત્યા કરવા પણ પ્રેરતા. તેને એમ લાગુ પડે ત્યારે અનુભવતાં કે હવે જિંદગીના વિષમ ભારથી મુક્તિ મળશે. આમાંથી કેટલુંયે 'કે'ને આપવામાં આવ્યું છે. પોતે નોકરી સ્વીકારી એટલા સારું કે પિતાના ભયભીત વાતાવરણથી તેટલો સમય તો દૂર રહેવાશે. જીવનભર તે લેખક તરીકે અજ્ઞાન રહ્યો. લગ્ન કરવાની મહેચ્છા તો હતી. મીલીના જેમેન્કા તેની પ્રિયતમા બની. પણ ક્ષયરોગ લાગુ પડ્યો ને આ લગ્ન થઈ ન શક્યાં. જુલાઈ ૩, ૧૮૮૩માં જન્મ. પ્રાગમાં તેના પિતા હરમન કાફ્કાનું વ્યક્તિત્વ બહુ અસરકારક ને તેથી ફ્રાન્ઝ તેની તળે દબાઈ ગયો. તેની તેમના તરફની લાગણી તેણે એક ૧૫,૦૦૦ શબ્દોવાળા પત્રમાં દર્શાવી છે. તેનો સમાજ સાથેનો વ્યવહાર પણ કરુણા, નિરાશા, જીવનની નિષ્ફળતા જે એને સાંપડી તે વ્યક્ત કરે છે. ક્ષયના રોગથી પિડાતાં તેનું અવસાન આજથી આશરે ૮૦ વર્ષ પૂર્વે (૩ જૂન, ૧૯૨૪) થયું. આજે તેની ૧૨૦મી જન્મજયંતીએ આ ત્રણ નવલકથાના સર્જકને ભલે બહુ વાંચતા નથી, પણ જ્યારે વાચન થાય છે ત્યારે એક નાજુક, લાગણીશીલ, બુદ્ધિમાન, કલ્પનાશીલ, દબાયલી પણ નિરીક્ષણક્ષમતા ધરાવતી વ્યક્તિને મળીએ છીએ, જેણે સમકાલીન સમયને ઓળખ્યો અને પ્રતિબિંબિત કરવા પ્રયત્નો કર્યા.

'ધ ટ્રાયલ' એ પણ એટલી જ જટિલ અને મનને ગૂંગળાવે તેવી 'કથા' છે. અહીં નાયકની સામે મુકદમો ચાલે છે. પણ ક્યા ગુન્હા માટે ? કોઈ પાસે તેનો ઉત્તર નથી. આપણે જ આપણા વિચારોના કેદી છીએ; દુશ્મન છીએ. અને આ ચક્રવ્યૂહમાંથી બહાર નીકળાતું નથી. આમ કહેવાનો કાફ્કાનો મુખ્ય આશય લાગે છે. 'બૌદ્ધિક દૃષ્ટિએ અગ્રાહ્ય વિશ્વ સાથે સંઘર્ષમાં ઊતરતા મનુષ્યની આત્મવિધાયક અનુભૂતિ.' - આ શબ્દોમાં વિવિચકોએ 'ધ ટ્રાયલ'ને વર્ણવી છે. મુખ્યત્વે આ નવલકથામાં બૅન્કમાં કામ કરતા જોસેફ જેનું જીવન નિર્ધન અને શુદ્ધ છે, તેને ગિરફતાર કરવામાં આવે છે. છતાં તેને હરવાફરવાની, પોતાનું કાર્ય કરવાની પૂરી છૂટ છે. તેની સામે કેસ ચાલે છે. પણ ન્યાયાધીશો દેખાતા નથી, વર્ષોથી આ ગૂંચવાયેલું રહે છે. નથી કેસનો નીવેડો આવતો કે નથી તે પાછો ખેંચી લેવાતો. અંતમાં, બે અજાણી વ્યક્તિઓ આવી. તેનું અપહરણ કરી તેની હત્યા કરે છે. આ કથા પણ અનેક ક્ષેત્રે પ્રતીક ગણવામાં આવી છે. ધાર્મિક, માનસિક, વ્યવહારિક વગેરે દૃષ્ટિએ આ કથા વંચાઈ છે, ચર્ચાઈ છે. તેના પિતાના વ્યક્તિત્વથી કાફ્કા અંજાઈ જતા ને નિષ્ક્રિય બનતા તે પણ આ 'કથા'નો મર્મ હોઈ શકે.

જે હોય તે પણ આ સર્જકે તેમના ૪૧ વર્ષીય જીવનમાં અનુભવેલા દુષ્કર અને અનન્ય એવા જીવનને અક્ષરોમાં કંડારી, ભાવિ પ્રજા માટે નવી પ્રથા સ્થાપી માનસશાસ્ત્રની રીતે આટલી ગહનતાથી જીવનની, આંતરમનની, રાજકારણની જે જટિલ સમસ્યાઓ છે તેને વાચકવર્ગ પાસે મૂકી છે.

- મહેન્દ્ર ન. પંડ્યા

માળી : (બાગમાં ઘૂસેલા એક છોકરાને) 'હાથમાં કેરી રાખીને તું શું કરી રહ્યો છે ?'
છોકરો : 'હું એ વિચારી રહ્યો છું કે કોઈ પણ રીતે વૃક્ષ પર ચડી જાઉં અને કેરીને તેની જગ્યાએ લટકાવી દઉં.'

*

મગન : 'ગવૈયા અને શાયરમાં શો ફેર ?'
છગન : 'ગામડામાં રહે તે ગવૈયો અને શહેરમાં રહે તે શાયર.''

શબ્દકથા

કમઠાણ

ડૉ. હસમુખ વ્યાસ

ગુજરાતી ભાષા-સાહિત્યમાં અન્ય (રાજ્યો) પ્રાંતોના ઘણા શબ્દો લગભગ ઓગળી ગયા હોય તેમ ભળી ગયા છે.

આવો જ એક શબ્દ છે : કમઠાણ.

સર્વપ્રથમ આના વિભિન્ન કોશગત અર્થ નોંધીએ :

કમઠ પુ. (વાંસ)

કમઠાણ ન. (સં. कर्मस्थान; कम्मट्ठाण ?)

(૨) ઢંગધડા વગરની કે ખાલી મોટી રચના

कमठाण : વાંસ વગેરેથી ઊભું કરેલું કાચું માળખું [સં. कमठ પરથી]

કમઠ = વાંસ

કમઠાણ = ૧ ઇમારતનું કાચું ખોખું,

[સં કમન (કામ) + સ્થાન (જગ્યા)]

મુલકગીરીએ નીકળતા અમલદારોના કામકાજને લગતો તથા તેના ઉતારા-ભોજન વગેરેની ગોઠવણને લગતો તંબુ, વાહન, નોકર-ચાકર વગેરેનો જથ્થો સરસામાન

કમઠાણ : વ્યવસ્થા કરવી મુશ્કેલ પડે એવું અગડબંબ આયોજન.

कमठान संज्ञा पु. (सं.कम + स्थान) बरपार, कोठार

१ मकान, महल ; कमठाण

२ घर

३ भवन-निर्माण, मकान बनाने का काम

ઉપરોક્ત શબ્દકોશગત અર્થોનો સાર એ જ કે પ્રસ્તુત શબ્દ 'નિવાસ-આવાસ'ના અર્થમાં પ્રયોજાયેલ છે. પરંતુ એવું આવાસ-રહેઠાણ (કાયમી કે કામચલાઉ) કે જે મોટું અને આયોજનના અભાવવાળું હોય. મૂળ આ શબ્દ 'મકાન' નિર્માણના સંદર્ભે પ્રયોજાતો. આ શબ્દ રાજસ્થાનમાં આજે પણ ગૃહ, દેવાલય કે કોઈ પણ પ્રકારના ઇમારતી કામ (Masonry Work)ને 'કમઠાણાં' કહે છે. આ શબ્દ પ્રાચીન સમયથી પ્રયોજાય છે. મહારાણા કુંભાની પુત્રી રમાબાઈના વિ.સં. ૧૫૫૪ના જાવર અભિલેખમાં સૂત્રધાર મંડનના પુત્ર ઈશ્વર દ્વારા 'कमठाणा' બનાવ્યાનો ઉલ્લેખ મળે છે : ईश्वर कमठाणु विरचितं । આમ, મૂળમાં 'મકાન'ના અર્થમાં પ્રયોજાતા આ શબ્દનો પછીથી કોઈ પણ આયોજન વગરના કામ માટે વપરાશ શરૂ થતાં ગુજરાતીમાં આવા કામના સંદર્ભે 'મોટું કમઠાણ માંડવું' જેવો રૂઢિપ્રયોગ પણ પ્રયોજાય છે.

અંગુલિનિર્દેશ

ખુશ્બૂમાં ખીલેલાં ફૂલ હતાં

સુરેશ દલાલ સંપાદિત આ પુસ્તકમાં ગુજરાતી ગઝલ સાહિત્યની ઇમારતના પાયા સમા પાંચ ગઝલકારો અમૃત ઘાયલ, મરીઝ, શૂન્ય પાલનપુરી, સૈફ પાલનપુરી અને બેફામ - આ દરેક ગઝલકારની ગઝલોનો સમાવેશ કરવામાં આવ્યો છે.



પુસ્તકની વિશેષતા એ છે કે આ દરેક ગઝલકારનું મૂળ નામ, તખલ્લુસ, જન્મ-મરણનોંધ અને પ્રકાશિત પુસ્તકોની યાદી ઉપરાંત તેમની તસવીર અને હસ્તાક્ષર પણ છે. દરેક ગઝલકાર વિશેની પ્રસ્તાવના પણ ખરી. અલબત્ત, અલગ અલગ મિજાજ ધરાવતા પાંચ અનોખા ગઝલકારોનો આ સમન્વય ધ્યાનાકર્ષક તો છે જ.


ગઝલપ્રેમીઓને આ પુસ્તક વાંચવા-વસાવવા અને ભેટ આપવા લલચાવે તેવી અદામાં પ્રકાશિત થયું છે.

[ખુશ્બૂમાં ખીલેલાં ફૂલ હતાં : (પાંચ ગઝલકારોની સંપાદિત ગઝલો), સં. સુરેશ દલાલ, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પ્ર. ઇમેજ પબ્લિકેશન, પૃ.૧૬૮, રૂ. ૧૧૦]

*

તલપ

ડૉ. એસ.એસ. રાહીનું મૂળ નામ છે શફક્કત સૈફુદીન વર્ધાવાળા. આ ગઝલકારે ગઝલ ઉપર જ પીએચ.ડી.નું કાર્ય કર્યું છે. 'પરવાઝ', 'ઘટના', 'થાક' જેવા કાવ્યસંગ્રહ અને 'હજુ અજવાસ છે કાળો' ગઝલસંગ્રહ બાદ 'તલપ' નામે ગઝલસંગ્રહ તેમની પાસેથી મળે છે. 'તલપ' છ ગુચ્છમાં ગૂંથાયેલો ૮૦ ગઝલોનો સંચય છે. લાંબી, ટૂંકી અને મધ્યમ બહરની સાથે અલગ અલગ ભાવવિશ્વ ધરાવતી આ ગઝલો ભાવ અને શેરિયતને લીધે આસ્વાદ્ય બને છે. બે-એક શેર માણીએ :



એક તરફ દરિયો અને બીજી તરફ આષાઢી બીજ,
ખારવાની કશમકશ ચૂપચાપ હું જોતો રહ્યો.

*

ઊગી ગયા છે હથેળીમાં થોરીલા કાંટા,
હવે લખાશે ગઝલ દિલને ચોટ કરનારી.

[તલપ : લે. એસ.એસ.રાહી, ડિમાઇ સાઇઝ, કાચું પૂંઠું, પ્ર. રન્નાદે પ્રકાશન, પૃ. ૮૫, રૂ.૬૦]

પગલાં તળાવમાં : મજબૂત કૂંપળની મથામણ

કવિ અશોક ચાવડા 'બેદિલ'નો પ્રથમ ગઝલસંગ્રહ 'પગલાં તળાવમાં' વાંચતા ગઝલનાં ચાહકોને એક નવી સશક્ત કલમનો પરિચય થાય છે. ૧૯૯૭થી ૨૦૦૨ સુધી ૬ વર્ષમાં લખાયેલી ગઝલોના આ સંગ્રહમાં કુલ ૫૧ ગઝલો છે. ૬ વર્ષની ગઝલયાત્રા



તેમના જ શબ્દોમાં કહીએ તો પા... પા... પગલી... ભરતાં ભરતાં પગલાં સુધી વિસ્તરવાની મથામણ કરતી દેખાય છે. 'મારી અંદર રહેલી એકલતાએ મને કોર્યો છે અને પરિણામસ્વરૂપ જડી છે કવિતા.' આમ, તેઓ સંગ્રહના પ્રારંભમાં 'મારી વાત'માં જણાવે છે. ખરેખર અંદરની એકલતા કોરે અને કવિતા તરફ પ્રવાસ શરૂ થાય એ શુભ શુકન છે.

'મારી વાત'માં કવિ અશોક ચાવડા જણાવે છે તેમ 'વર્તમાન ગઝલની પાટી એ હદે ભરાયેલી છે કે નવા ગઝલકારે નવો એકડો ઘૂંટવા મથામણ કરવી જ પડે.' સંગ્રહની ગઝલો જોતાં તેમની મથામણ સ્પષ્ટ જણાય છે કે આ કૂંપળ મજબૂત છે, એ ગમે તેવા ટાઢ, તડકા અને વાવાઝોડાને ખમી ખાય તેવી છે.

છેલ્લાં છ-સાત વર્ષથી ગુજરાતી ગઝલક્ષેત્રે જે થોડીક કલમો કાર્યરત છે તેમાં અશોક ચાવડા નામ અવશ્ય મૂકી શકાય. ગઝલસંગ્રહમાં ગ્રંથસ્થ થયેલી ગઝલોમાંથી ગમતા શેર પાસે અટકવાનું મન થાય છે :

કૂંપળ બનીને યાદ કોઈની ફૂટી હશે,
દીવાલ મારા ઘરની ક્યાં એમ જ તૂટી હશે. (પૃ. ૩૭)

*

સાવ ખંડેર સમ બધું લાગ્યું,
મેં કરી જ્યાં તપાસ મારામાં;
આ અરીસોય રોજ પૂછે છે,
કોણ બેઠું ઉદાસ મારામાં ? (પૃ.૧૧)

*

મારા ઘરનાં શુભ ચોઘડિયાં લઈને ચાલ્યાં,
એ ચાલ્યાં તો સાથે ફળિયાં લઈને ચાલ્યાં. (પૃ.૧૨)

*

જનારા એ રીતે ચાલ્યાં ગયાં છે સૂની મેલીને,
હજારો કોશિશોથી ના સજાવાઈ હવેલીને. (પૃ. ૧૪)

*

કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા :
ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં. (પૃ. ૨૧)

*

મારી કનેય આપવા જેવું કશું ન'તું,
મેં રામનામ દઈ દીધું પાછું ફકીરને. (પૃ. ૨૮)

*

કારણ વગર કાળાશ કૈં એને નથી મળી,
તણખા સુધી પહોંચી જતાં થોડી બળી હવા. (પૃ.૨૯)

બારાખડીનો એક અક્ષર એવો છે જેનાથી કોઈ શબ્દ શરૂ થતો નથી. કોઈ નામનો એ પ્રથમ અક્ષર બની શકતો નથી. કવિ જ્યારે પોતાને બારાખડીના એ 'ણ' અક્ષર સાથે સરખાવે છે ત્યારે શેર બધી જ રીતે વાંચવો અને માણવો ગમે છે :

ક્યારેય ના બન્યો પ્રથમ અક્ષર હું નામનો,
બારાખડીમાં હોઉં છું 'બેદિલ' બની 'ણ' હું. (પૃ.૩૮)

સંગ્રહના મક્તાના શેર મોટાભાગે મૃત્યુ કે એવા જ ભાવની આસપાસ રચાયેલા જોવા મળે છે. ત્યારે ઉપરનો શેર અને બીજા આવા બેત્રણ શેર અપવાદરૂપ સુંદર બન્યા છે. મક્તાના શેરમાં મૃત્યુની વાત આવે અને તરત બરકત વિરાણી 'બેફામ' યાદ આવે. આમ જોવા જઈએ તો 'બેદિલે' ઘણી અસરોમાંથી બેદિલીપૂર્વક મુક્ત થવું પડશે, જેથી એમને એમનો ગઝલમાર્ગ મળે. આમ છતાં, આ જ ભાવને ઘૂંટતો એક મક્તા માણવા જેવો છે :

એણે હાથેથી ગંગાજળ મોંમાં મૂક્યું,
'બેદિલ' આંખોમાં ઝળઝળિયાં લઈને ચાલ્યાં. (પૃ.૧૨)

ગઝલસંગ્રહમાં પૃ.૧૬ ઉપરની 'ફક્ત પથ્થર હોય છે.'

હા, કમાણી ઉમ્રભરની ફક્ત પથ્થર હોય છે,
બાંધણી સૌની કબરની ફક્ત પથ્થર હોય છે.

પૃ. ૧૭ 'મા'

થઈ અજાણી શ્હેરમાં આવ્યા પછીથી મા,
આઠ આનાની ચબરખીમાં જ મળતી મા.

પૃ-૪૮ 'પ્રિયે'

હૂંફ તારી યાદની થોડીક જો મળશે પ્રિયે,
આંખમાં થીજી ગયેલો બર્ફ ઓગળશે પ્રિયે.

આ ત્રણ ગઝલો વાંચતા તેમનામાં રહેલા ગઝલકારના અસલી મિજાજનો પરિચય થાય છે. કવિને ૨૦૦૦ અને ૨૦૦૧ની સાલ જાણે ફળેલી છે. સંખ્યા અને સત્ત્વ બંનેની દૃષ્ટિએ આ બંને સાલમાં તેમણે વધારે ગઝલ રચેલી જોવા મળે છે. જો કે નવી રદીફ પ્રયોજવાના મોહમાં ક્યારેક 'શ્રીફળ વધેરું છું' જેવી રદીફ લઈ આવે છે ત્યારે ગઝલ માત્ર ટેવવશ લખાઈ ગયેલી જણાય છે. ગર્મ, શામિલ, દર્દસાઝમાં... આવા શબ્દ કે શબ્દપ્રયોગો ટાળ્યા હોત તો સારું લાગત.

ગુજરાતી ગઝલ આજે એટલા બધા હાથે અને એટલી બધી રીતે ખેડાઈ રહી છે કે કશી જ નવીનતા વગરની આદતવશ નીપજી આવેલી ગઝલો વધુ સંખ્યામાં જોવા મળે છે અને ત્યારે 'પગલાં તળાવમાં' એ ગઝલસંગ્રહની તાજગીભરી મથામણને ઉમળકાથી આવકારવાનું મન થઈ આવે છે. ગઝલ ચાહકોએ આ સંગ્રહ એક વાર વાંચવા જેવો છે. કવિનાં પગલાં વિસ્તરીને એમનો રાજમાર્ગ કંડારી લે તેવી શુભેચ્છાઓ.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

પ્રાપ્ત પ્રકાશનો

પરિચય ટ્રસ્ટ : (મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨)નાં પ્રકાશનો : *ગુજરાતી પ્રતિકાવ્યો* (હાસ્ય-વ્યંગ) લે. રતિલાલ બોરીસાગર, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ.૬. *છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુ સંગ્રહાલય* (કલા) લે. કલ્પના દેસાઈ, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૩૨, રૂ.૬. *ઈરાકના યુદ્ધ પછીનું વિશ્વ-રાજકારણ* (રાજકીય) : લે. દિનેશ શુક્લ, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૬. *સર્પસૃષ્ટિ* (સામાન્ય જ્ઞાન) લે. અજય મ. દેસાઈ, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૩૨, રૂ.૬. *યાજ્ઞવલ્ક્યનું તત્ત્વચિંતન* (ફીલોસોફી) લે. વિજય પંડ્યા, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૩૨, રૂ.૬. *વડીલોની સંભાળ* (સામાન્યજ્ઞાન) લે. ડૉ. પ્રજ્ઞા પૈ, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૩૨, રૂ.૬.

શબ્દલોક પ્રકાશન : (૧૭૬૦/૧, ગાંધી માર્ગ, બાલાહનુમાન પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો : *સપનાનાં સૂરજ આથમી ગયા* (ટૂંકીવાર્તાઓ) લે. પ્રીતેશ અમીન, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૫૨, રૂ.૭૫. *એકલતાનું આકાશ* (નવલકથા) લે. પ્રીતેશ અમીન, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૨૧, રૂ.૧૧૫.

રન્નાદે પ્રકાશન : (૫૮/૨, બીજે માળ, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો : *એક પળ* (ટૂંકીવાર્તાઓ) લે. તરૂલતા દવે, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૭૪, રૂ.૪૦. *નાદબ્રહ્મની સમીપે* (સંગીત વિષયક) લે. ઋષિકેશ પાઠક, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૧૦૦. *પ્રેમનું ઓજસ* (પ્રેરણાત્મક લેખો) લે. ફાધર વર્ગીસ પોલ, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૩૬, રૂ. ૯૦. *મહિલા અને માનવ અધિકારો* (સ્ત્રી વિષયક) લે. ડૉ. મફતલાલ પટેલ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૩, રૂ. ૧૫૦. *હમારી સલામ* (સર્જનાત્મક ગદ્ય પરના નિબંધો) : લે. લાભશંકર ઠાકર, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૯૬, રૂ. ૧૨૫. *રમત* (કાવ્યસંગ્રહ) લે. લાભશંકર ઠાકર, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૫૮, રૂ. ૪૦. *આ રસ્તો આકાશ સુધી જાય છે.* (સાહિત્યિક નિબંધો) લે. યશવંત ત્રિવેદી, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૧૨, રૂ. ૧૧૨. *અનામ આકાશ* (સાહિત્યિક નિબંધો) : લે. યશવંત ત્રિવેદી, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૦૪, મૂ. ૧૩૫. *રેલો અષાઢનો* (કાવ્યસંગ્રહ) લે. દીપક બારડોલીકર, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૫૫. *તલપ* (ગઝલસંગ્રહ) લે. એસ. એસ. રાહી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૫, રૂ.૬૦. *અપવાર્ય* (નાટ્યવિવેચન) : લે. રાજેન્દ્ર મહેતા, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૭૪, રૂ. ૧૮૦. *વૈશાખી શ્રાવણ* (ગઝલસંગ્રહ) : લે. રશ્મિ શાહ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૭, રૂ. ૬૫. *જ્વાળામુખી* (ત્રિઅંકી નાટક) : લે. પ્રજ્ઞા પટેલ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૪૫. *શિક્ષણની આરપાર* (પ્રેરણાત્મક નિબંધો) લે. ફાધર વર્ગીસ પોલ, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ.૭૦. *ચંપો અને ચમેલી* (ગુજ. માહિયા સંગ્રહય) લે. દીપક બારડોલીકર, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૪૫. *અજબ ચોર અજબ રાજા* (બાળવાર્તા સંગ્રહ) : લે. પોપટલાલા મંડલી, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૨, રૂ. ૪૪. *પાવગઢના પ્રવાસે* (પ્રવાસકથા) લે. પુરુષોત્તમ સોલંકી, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૩૫, રૂ. ૨૦. *સ્વપ્નાક્ષરી* (એકાંકીસંગ્રહ) : લે. લાભશંકર ઠાકર, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૭, રૂ. ૭૨. *કોરા કેનવાસનાં રેખાચિત્રો* (રેખાચિત્રો) : લે. સુમંત રાવલ, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૧૩૨. *ડાહીમાનો દીકરો અને બીજી વાતો* (બાળવાર્તાસંગ્રહ) લે. પુરુષોત્તમ સોલંકી, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૨, રૂ. ૪૪. *સોના પંખીડું* (સાહસ, શૌર્ય ને પરીકથા) : લે. પોપટલાલ મંડલી, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૪, રૂ. ૪૪. *જૂઈની સુગંધ* (ટૂંકીવાર્તાઓ) લે. રાજેન્દ્ર પટેલ, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૩૮, રૂ. ૭૫. *શોધ* (નવલકથા) લે. દક્ષા દામોદરા, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૮૪. *ધુમ્મસના વૃક્ષ* (નવલકથા) લે. રશ્મિ શાહ, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૫૦. *ક્ષિતિજે ઓગળતા પડછાયા* (નવલકથા) : લે. રશ્મિ શાહ, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ.૧૦૦. *પગલાં પાછળ પડછાયા* (નવલકથા) લે. સુમંત રાવલ, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૪૧૬, રૂ.૨૧૫. *ડાયા પશાની વાડી* (નવલકથા) લે. મોહન પરમાર, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૩૩૨, રૂ. ૧૭૬. *હું લજ્જા એક તરસ* (નવલકથા) લે. ગિરીશ ભટ્ટ, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૨૬, રૂ. ૧૧૫. *કાચી માટીનું ઘર* (નવલકથા) લે. જય ગજ્જર, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૩૨૮, રૂ. ૧૭૫. *કસક* (નવલકથા) લે. પૂજાભાઈ પરમાર, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૫૨. *ઈન્હેં ના ભૂલાના* (ફિલ્મી હસ્તી વિષયકઃ : લે. હરીશ રઘુવંશી, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, રૂ. ૧૬૦, રૂ. ૯૨. *શબ્દઠઠ્ઠા* (શાબ્દિક ઠઠ્ઠાચિત્રો) : લે. રજનીકુમાર પંડ્યા, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૯૦. *શ્રી સત્યનારાયણ વ્રતકથા* : ગઝલમાં (ધાર્મિક) : લે. મનહર દિલદાર, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૨૧, રૂ. ૭૦. *હેય હેય હાથી ભૈ* (બાળવાર્તા સંગ્રહ) લે. રમેશ ત્રિવેદી, ડબલ ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, રૂ. ૩૪, રૂ. ૨૮. *જોડકણાં રે જોડકણાં* (જોડકણાં) લે. રમેશ ત્રિવેદી, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૨૨, રૂ. ૩૦. *સસ્સાભૈ અને સોનપરી* (બાળકથા-કાવ્યસંગ્રહ) લે. રમેશ ત્રિવેદી, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૨૮, રૂ. ૩૬. *દાદીમાની ઉંદરડી* (બાળવાર્તાસંગ્રહ) : લે. રમેશ ત્રિવેદી, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૩૦, રૂ. ૩૫. *બુધિયાની હાસ્યકથાઓ* (બાળહાસ્યકથા)

લે. સાંકળચંદ પટેલ, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૫૧, રૂ.૫૨. *ભલો છોકરો ભોલુ* (બાળકથા) લે. સાંકળચંદ પટેલ, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૨, રૂ. ૧૬. *કબૂતરનાં બચ્ચાં લબુ-ઢબુ* (બાળવાર્તા) લે. સાંકળચંદ પટેલ, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૪, રૂ. ૧૫. *ખોટો ખટલો* (બાળવાર્તા) લે. સાકળચંદ પટેલ, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૪, રૂ. ૧૫. *ઉડણ ખટોલો* (અનુ. વાર્તા) મૂ.લે. હરદેવ ચૌહાણ, અનુ. સાંકળચંદ પટેલ, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૨૯, રૂ. ૩૫. *ચતુર ચિન્નુ અને ભૂખડું રીંછ* (અનુ. વાર્તા) મૂ.લે. હરદેવ ચૌહાણ, અનુ. સાંકળચંદ પટેલ, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૨૮, રૂ.૩૫. *ખિસકોલીનાં તોફાની બચ્ચાં* (અનુ. વાર્તા) મૂ.લે. હરદેવ ચૌહાણ, અનુ. સાંકળચંદ પટેલ, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૨૮, રૂ. ૩૫. *શૈશવનું ઓશીકું* (બાળકાવ્યો) લે. વિનોદ જાની, ડબલ ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૫૧, રૂ.૬૪. *ના ના કરતા હા હા કરતા* (બાળકાવ્યો) લે. ગુલામ અબ્બાસ 'નાશાદા' ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, રૂ. ૨૯, રૂ. ૩૬, *પતંગિયા* (બાળકાવ્યો) લે. જગદીશ ધનેશ્વર ભટ્ટ, ડબલ ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૩૪, રૂ. ૪૦, *ભલો ભડભાદર* (કિશોરકથાઓ) લે. જયંતિ ડી. શાહ, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૫૦, રૂ. ૫૬. *રણમાં તરાપો* (ગઝલસંગ્રહ) : લે. જગદીશ ધનેશ્વર ભટ્ટ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૮૦.

અન્ય પ્રકાશકોનાં પ્રકાશનો : બાળ આરોગ્યશાસ્ત્ર (આરોગ્ય) લે. ડૉ. આઈ.કે.વિજળીવાળા, પ્ર. કૃતિકા પી. શાહ, ૩૦૨, સિદ્ધચક્ર ફ્લેટ્સ, બ્લડ બૅંકની બાજુમાં, શ્રી કે. કે. એવન્યૂ, ભાવનગર - ૩૬૪ ૦૦૧. ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૩૬૨, રૂ. ૧૪૦. *પિકનિક* (બાળકાવ્યો) : લે. સુમિત ચૌહાણ, 'યક્ષ' પ્ર. પોતે, એ/૧૩, શિવશક્તિ સોસાયટી, કલિકુંડ, ધોળકા - ૩૮૭૮૧૦. ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૨૫. *શ્રી પ્રમાણયતત્ત્વાલોક (ધર્મ-આધ્યાતમ)* સં.પૂ. સાધ્વી શ્રી મહાયશશ્રીજી મ.સા. પ્ર. આ. ૐકારસૂરિ આરાધના ભવન, સુભાષચૉક, ગોપીપુરા, સુરત, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૩૧૨, રૂ.૧૦૦. *અસ્તિત્વનું પરોઢ* (ધર્મ-આધ્યાતમ) પ્ર. આ. ૐકારસૂરિ આરાધના ભવન, સુભાષચૉક, ગોપીપુરા, સુરત, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૩૧૬, રૂ.૭૦. *ડાયરીના પાનાં* (અંગતનોંધપોથી) લે. વિનોદ દલાલ, પ્ર. પોતે, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૨૨૫, કિંમત જણાવી નથી. *અઢળક* (ગઝલસંગ્રહ) લે. અગમ પાલનપુરી, પ્ર. પોતે, પરકોટા, દિલખુશ બાગ માર્ગ, પાલનપુર - ૩૮૫ ૦૦૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૪૪, રૂ.૧૦૦. *છળ* (સ્ત્રીપ્રધાન નવલિકાઓનો અનુવાદ) અનુ. નિરુપમા શેઠ, પ્ર. સંગીત ભવન ટ્રસ્ટ, ઇસ્માઇલ બિલ્ડિંગ, ફ્લોરા ફાઉન્ટન, મુંબઈ - ૪૦૦ ૦૦૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૮૫, રૂ.૧૦૦. *હિન્દુસ્તાની સંગીતમાં ગઝલગાયકી* (સંગીત) લે. ડૉ. પ્રેમ ભંડારી, અનુ. આશિત હૈદરાબાદી, પ્ર. ઈશિતા પબ્લિકેશન, એફ ૧૧૪/૧૧૫, પ્લેઝન્ટ પાર્ક, મીરા-ભાયંદર રોડ, મીરા રોડ (ઈ) જિ. થાણા, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૨૩૫, રૂ. ૧૫૦. *કંચન કાયા અને રોગની છાયા* (વૈદિક) લે. ડૉ. કિશોર ઠક્કુર, પ્ર. પોતે, કુશલ, આયુર્વેદિક ફાર્મસી, આરોગ્ય નિકેતન, રાવપુરા, બોદરા - ૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૫૦. *યોગ સાધના અને આરોગ્ય* (વૈદિક) લે. ડૉ. કિશોર ઠક્કુર, કુશલ, આયુર્વેદિક ફાર્મસી, આરોગ્ય નિકેતન, રાવપુરા, બોદરા - ૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૫૫. *કરમની કઠણાઈ* (હાસ્યલેખો) લે. જયંત ગાંધી, પ્ર. પ્રવીણ પ્રકાશન, લાભ ચૅમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૬૫. *લીલુડા લ્યો* (બાળકાવ્યો) લે. રતિલાલ સથવારા, પ્ર. પોતે, રતિલાલ સથવારા, સેક્ટર-૨૮, પંચરત્ન અપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૧૬૧/૬, ઘ-૬ પાસે, ગાંધીનગર - ૨૮ ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૪૮, રૂ.૩૦. *ગીતા સુગીતા કર્તવ્ય* (ગીતા પ્રવચન) : લે. ડૉ. રક્ષાબહેન પ્ર. દવે, પ્ર. પોતે, જીવન કૉટેજ, ૪૩૯, 'અજવાલ્ય', પ્રભુદાસ તળાવ ચોક, ભાવનગર-૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૮૨, રૂ.૧૫૦. *પગલાંની લિપિ* (ગીતગઝલસંગ્રહ) : લે. સુરેશ પરીખ, 'સ્નેહી', પ્ર. પોતે, બી/૪૧, ગ્રાન્ડ પારાડી, અપાર્ટમેન્ટસ્, ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૩૬, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૦૪, રૂ.૬૦. કાવ્યનો *સામાજિક ધર્મ* (વિવેચન) : લે. ડૉ. બીરુ પુરોહિત, પ્ર. પોતે, ૨૩-એ, રાધેકૃષ્ણનગર, મોતીબાગ માર્ગ, જૂનાગઢ - ૩૬૨૦૦૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૫, રૂ. ૧૨૫. *શ્રી હનુમાન ચાલીસા* (ધાર્મિક) આલેખન : ચેતના ગોહેલ, પ્ર. સંતોષ પરિવાર, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૫૨, કિંમત જણાવી નથી. *હસવું મરજિયાત છે* (હાસ્ય) લે. ડૉ. નલિની ગણાત્રા, પ્ર. પોતે, વિ. નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨, દેરાસર પાસે, ગાંધીરોડ, અમદાવાદ - ૧, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૧૮, રૂ.૬૦. *મા વ્હાલનો મહાસાગર* (મા વિષયક લેખો) : સં. ડૉ. ભાનુમતી શાહ, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન, નિશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૧૦૦. *કલમથી કાગળ સુધી* (કાવ્યસંગ્રહ) લે. ભરત ત્રિવેદી, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ - ૪૦૦ ૦૦૨, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. *શ્રીદાનોપદેશમાલા* (ધાર્મિક) સં. પૂ. સાધ્વીજી શ્રી રમ્યરેણુ, પ્ર. ઓમકારસૂરિ આરાધના ભવન, સુભાષચોક, ગોપીપુરા, સૂરત, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૪૦૯, કિંમત જણાવી નથી. ❒


❀કલાવાર્તા❀

પ્રતાપસિંહ જાડેજા

રાજકોટના પ્રતાપસિંહ જાડેજાને સૌરાષ્ટ્રમાં સૌકોઈ ઓળખે. રાજકોટથી પ્રકટ થતું 'ફૂલછાબ' તેમનું માધ્યમ. કલાની વાત સારા સૌરાષ્ટ્રને તે તેમની કૉલમ 'રંગ, રૂપ અને રચના' દ્વારા પહોંચાડે. વર્ષોથી લખે અને ચીતરે. કલા વિષેની ઊંચી કોટિની ભાષા દ્વારા મનનીય લેખો લખે, વ્યક્તિ પરિચયો આપે અને ફૂલછાબ તેમને પૂરતી જગા ફાળવે. ગુજરાતના કલાકારો વિષે તો એક પુસ્તક થાય એટલું લખ્યું છે. સમગ્ર ગુજરાતના કલાપ્રવાહને તેઓ આવરી લે છે. તેમનું સર્જન ત્રણ ભાગમાં વહેંચાયું છે : લેખન, વાર્તાચિત્ર અને સ્વાયત્ત ચિત્ર-સર્જન. દર રવિવારની વાર્તામાં સારી કોટિનું એક ચિત્ર આપે, જે વાર્તાચિત્ર ખરું પણ તેને સ્વતંત્ર રીતે માણી શકાય. આ સર્જક આજીવન શિક્ષક રહ્યા.

રાજકોટ તાલુકાના વેજા ગામમાં ૧૯૪૦ જૂન માસમાં એમનો જન્મ. પિતા ભાવસિંહજી ભજનો રચે. સર્જક પિતાએ પુત્રને તેના રસ્તે જવા દીધો. શાળાશિક્ષણ માટે તે રાજકોટ આવ્યા અને રાજકોટ તેમની કર્મભૂમિ બની. વિશાળ મિત્રવર્તુળ, જે રોજ સાંજે 'ફૂલછાબ'ને ઓટલે ભેગું થાય. તેમના કલાશિક્ષક શ્રી બળવંત જોષી અને હરિભાઈ ભટ્ટ હતા. ભણવામાં ઈન્ટર સાયન્સ કર્યું અને કલાક્ષેત્રે પ્રવેશવાનું મન થયું. ૧૯૬૨માં શરૂ થયેલ રાજકોટની કલાસંસ્થામાં જોડાયા, જેના રાહબર હતા કલાકાર રમેશભાઈ ભટ્ટ. તે શિલ્પી પણ હતા. તેમના માર્ગદર્શન નીચે આઠ વર્ષની તાલીમ લીધી. ૧૯૬૬માં ચિત્રકલાનો અને ૧૯૭૫માં શિલ્પનો ડિપ્લોમા મેળવ્યો. ૧૯૭૪માં આર્ટ માસ્ટર થયા ને પ્રથમ શ્રેણીમાં આવ્યા. પ્રગતિ છતાં રમેશભાઈએ સલાહ આપી કે, 'કૉલેજનું શિક્ષણ પૂરું કરો.' રમેશભાઈના આગ્રહથી 'પ્રાચીન ભારતીય સંસ્કૃતિ સાથે એમ.એ. કર્યું.

૧૯૭૨-૭૩નું વર્ષ તેમના જીવનમાં મહત્ત્વનું વર્ષ રહ્યું. કલાશિક્ષક તાલીમ માટે તેઓ અમદાવાદ શેઠ સી. એન. કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સમાં આવ્યા. પ્રથમ વર્ગમાં પ્રથમ પાસ થયા. શ્રી રસિકલાલ પરીખનું સાન્નિધ્ય ને શિક્ષણ મળ્યું. આ લખનાર અને છગનભાઈ મિસ્ત્રીનો પણ લાભ મળ્યો. શ્રી નાગજીભાઈ મૂળ સૌરાષ્ટ્રના, તેમનો પણ સ્પર્શ થયો. જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી. અભ્યાસકાળથી જ 'કુમાર' સાથે લગાવ. એમાં આવતાં ચિત્રો,



વેજા ગામને પાદર – જન્માષ્ટમીની સાંજ



સોંદરા ગામનો ચોરો

માટ રૂ. ૨૫૦ મળી રહે તેવી યોજના થઈ. તેમને આ ઉપરાંત નાનાંમોટાં પારિતોષિક મળ્યાં. ૧૯૬૫માં પરંપરાગત શૈલીના ચિત્ર માટે ગુજરાત રાજ્ય કલા પ્રદર્શનમાં ઈનામ મળ્યું. વિષય તળપદ હતો. 'આંબલી-પીપળી' કાલિદાસ શાહ કલા પારિતોષિક અને ક્રેમલીનનો અવૉર્ડ પણ મળેલો. આજે તેમની ઉંમર ૬૪ની છે. પ્રસન્ન વ્યક્તિત્વ અને એકધારી સર્જન-પ્રવૃત્તિ સાથે જીવે છે. છેલ્લા બે દાયકાથી 'ફૂલછાબ'માં લખે છે.

તેમનું ચિત્રકામ જોઈ સ્વ. ખોડીદાસ પરમારનું ધ્યાન ગયું અને ૧૯૬૯માં તેમના વિષે 'કુમાર'માં લખ્યું : 'નિજી પોતવાળા, પરંપરાને ચાહનાર એવા આકૃતિના સર્જક' તેમની સંવેદના સૌરાષ્ટ્રની તળપદ ભૂમિ છે. તેમનાં ચિત્રાંકનોમાં વિશેષતઃ લોકજીવન અને તળ પ્રકૃતિના ઓથારનું ચિત્રણ ભાવનામયતાથી થયું. સૌરાષ્ટ્રના શ્રી વૃંદાવન અને પ્રતાપસિંહ જાડેજા બંને કાળી શાહીથી કામ કરનાર ચિત્રકાર છે. શ્રી વૃંદાવન સાંપ્રત રૂપદર્શનની લઢણે અમૂર્તતા તરફ ચાલ્યા, જ્યારે શ્રી પ્રતાપસિંહ પ્રકૃતિ, માનવ, પશુપંખીનાં બાહ્ય રૂપને રેખાંકિત કરતા કમનીય આલેખક બન્યા. સરવાળે બંને સૌંદર્યદર્શી ચિત્રકારો છે. બંનેએ સૌરાષ્ટ્રને ચીતર્યું છે. બંનેનું સર્જન પણ વિપુલ છે.

લખાણો પ્રેરણારૂપ રહ્યાં. રૂપપ્રદ કલા અને કચ્છનું સંસ્કૃતિ દર્શન પુસ્તકો કલા અને સંસ્કૃતિને સમજવા સેતુરૂપ બન્યાં. પ્રતાપસિંહ હંમેશ સર્જન અને લેખનમાં વ્યસ્ત રહે. પત્ની તારાબહેન તેમની સાધનામાં ક્યાંય અવરોધ ન કરે. સામાજિક વ્યવહાર સંભાળે ને ઘરનો સમગ્ર ભાર ઉપાડે.

૧૯૩૭થી ૧૯૯૮ સુધી પૂરી નિષ્ઠાથી એક જ સંસ્થામાં શિક્ષણકાર્ય કર્યું. આઈ. પી. મિશન બહેનોની સંસ્થા. શ્રી અશ્વિનભાઈ વ્યાસની ભલામણથી આચાર્યા સ્વ. આર. ઓ. નીલે સ્વીકાર્યા. શ્રી પ્રતાપસિંહે કલાશિક્ષણ ઉપરાંત ૧૮ વર્ષ સુધી પુસ્તકાલય સંભાળ્યું. પુસ્તકોની આપ-લે ને જાતતપાસ પછી પુસ્તકો પણ ખરીદે. કલાના આનુષંગિક વર્ગો ચલાવે. એક કલાવૃંદની સ્થાપના કરી જે સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં મોખરે રહે. પછીના આચાર્યોએ પણ સહકાર આપ્યો. વર્તમાન પ્રિન્સિપાલ સ્નેહલતાબહેન દેસાઈ સુધી તેમણે સ્થાપેલી પ્રણાલીઓ ચાલું રહી.

તેમની સેવા અને સંનિષ્ઠાને પ્રતાપે ૧૯૯૪માં દસ હજારનો શ્રેષ્ઠ શિક્ષકનો 'શ્રી સુભદ્રાબહેન ચિ. શ્રોફ અવૉર્ડ' મળ્યો. લોકમેળા સમિતિનો 'શ્રેષ્ઠ કલાકાર અવૉર્ડ' સામાજિક પ્રદાન બદલ ૧૯૯૬માં મળ્યો. બીજી જોગવાઈ રૂપિયા હજાર પ્રતિવર્ષ તેમજ પુસ્તકો







એક ઐતિહાસિક વાર્તાનું પ્રસંગચિત્ર

ગામનો ચૉરો, રાસડાની રમઝટ, શેઠની હાટડી, વેલડું, કૂવાકાંઠો ને સૌરાષ્ટ્રની જાતિઓનાં પાત્રો ચીતરવામાં તેમણે મણા નથી રાખી. આમાં દસ્તાવેજી ચિત્રધારા છે ને પૂરતું કલાતત્ત્વ છે. એ રહે છે શહેરમાં પણ ગામ મનમાંથી ભૂંસાયું નથી. ધરતીની ફોરમ એમના ચિત્રનો મોટો ગુણ છે. ટિપ્પણી, ઢોલી, દાંડિયારાસ વગેરેનાં તેમનાં પાત્રો સચોટ છે. રવિભાઈ પછી આવું પાત્રાલેખન પ્રતાપસિંહે કર્યું.

'વેજાગામને પાદર' ચિત્રમાં તો અસંખ્ય પાત્રો છે. ગરબાના દૃશ્યમાં કેવી રમઝટ છે? તેમના ગામનું મંદિર, ખોરડાં કે વૃક્ષો ચીતરતાં તેમને થાક નથી. પાત્રછટા સાથે મુખભાવ પણ ખરા. આટલાં બધાં પાત્રો સાથે રચના કરવાની કુશળતા બહુ ઓછા કલાકારોમાં. તે સ્કૅચબુક હોય તો સ્કૅચ કરી લે બાકી તેમનું મગજ કેમરાની જેમ નોંધી લે. આ ઈશ્વરદીધી શક્તિ તેમને વરી છે. પ્રતાપસિંહ ગુજરાતના એક ઉત્તમ ઇલસ્ટ્રેટર છે એટલું જ નહિ, તેમણે શોભનશૈલીનાં ચિત્રો પણ કર્યાં છે. બંનેની શૈલી અલગ છે. ઇલસ્ટ્રેશનમાં તેઓ વાસ્તવિક રહ્યા છે, જ્યારે ચિત્રસર્જનમાં તળપદ વિષયો કે ઐતિહાસિક પ્રસંગો સાથે સુશોભન શૈલી દ્વારા અભિવ્યક્ત થયા છે.

શ્રી પ્રતાપસિંહ મુ. રવિભાઈ, રસિકભાઈ અને સોમાભાઈનાં તત્ત્વોને પામી એક નીજી શૈલી ઊભી કરી શક્યા છે. અલબત્ત, રંગમાં કામ કરવાનો સમય ઓછો મળ્યો છે. શ્રી ધીરજલાલ વોરા સાથેના પત્ર- વ્યવહારમાં તેઓ લખે છે, 'નોકરીધંધાને કારણે હું શહેરમાં રહું છું, એક ગામડિયો થઈને પ્રસંગોપાત્ત ગામડાંઓમાં જવાનું થાય જ, વ્યવહાર વ્યવહારની રીતે ચાલે, પણ મારું ધ્યાન આસપાસનું વાતાવરણ પીવામાં પરોવાય અને એટલે જ પૂર્વેના કોઈ સ્કેચ વિના મારી પીંછી અડાબીડ વીડમાંથી મારગ કાઢતી ચાલે છે.'

શ્રી રમેશભાઈ ગુજરી જતાં કલાવર્તુળ (રાજકોટનું) વિખેરાઈ ગયું હતું તે પણ તેમણે એક તાંતણે બાંધ્યું. રાજકોટમાં મગનલાલ ત્રિવેદીએ કરાચીથી આવી કલાનો પાયો નાખ્યો. સનત મહેતા તેમના સહકાર્યકર રહ્યા ને કલાની ઈમારત રચી. બળવંત જોષી, ભૂપત લાડવા, મનહર મકવાણા, શશિકાન્ત પરમાર, પ્રેમ નકુળ, પ્રભાતસિંહ બારહટ અને બીજા યુવાન ચિત્રકારો કામ કરે છે. પ્રતાપસિંહ સંવાહક રહ્યા છે. પ્રતિવર્ષ પ્રદર્શન કરે છે. છેલ્લે ડિસેમ્બર ૩૧, ૨૦૦૩ના રોજ પ્રાચીનથી અર્વાચીન સમાજ-પ્રદર્શન થયું. કેશોદ, ભાવનગર, રાજકોટ અને બીજાં સ્થળોએ વનમૅન શો કરેલા છે. ગ્રૂપ શો તો ઘણા. સવિશેષ તો ગુજરાતના પ્રથમ હરોળના અનેક લેખકોનાં પુસ્તકોમાં કામ કર્યું છે. ઝવેરચંદ મેઘાણી, ધામી, ગુણવંતરાય આચાર્ય, રઘુવીર ચૌધરી, પ્રિયકાન્ત પરીખ, અને ઘણાં.

સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિના ચિત્રો કરનાર વડીલ ચિત્રકારો વિદાય થયા. છેલ્લે ખોડીદાસ પરમાર પણ ગયા. પ્રતાપસિંહે તેમનો રેડિયો ઇન્ટર્વ્યૂ લીધેલો. રાજકોટના મિત્રો પ્રતાપસિંહને 'બાપુ'ના હુલામણા નામથી બોલાવે છે. હવે બાપુની જવાબદારી વધે છે. ગુજરાતને તેમના હાથે સવિશેષ રંગચિત્રો મળે. કલાનાં પુસ્તકો થાય તેવી શુભ કામના.

- નટુ પરીખ





કલાવૃત્ત

આર. કે. લક્ષ્મણનાં વ્યંગચિત્રો



પાબ્લો પિકાસો

ભારતના સુપ્રસિદ્ધ વ્યંગચિત્રકાર શ્રી આર. કે. લક્ષ્મણના નામથી કોઈ પણ સુશિક્ષિત વ્યક્તિ અજાણ ના હોઈ શકે. ખાસ કરીને આપણા દેશના પ્રમુખ અંગ્રેજી દૈનિકમાં આવતું તેમનું કટાક્ષચિત્ર 'ધ કૉમન મૅન' એક સામાન્ય માનવી, ખ્યાતમનામ બની ગયેલ છે. શ્રી લક્ષ્મણે મિલેનિયમ વર્ષની ઉજવણી દરમિયાન 'આ સદીના જાણીતા ચહેરાઓ' નામે એક સચિત્ર પુસ્તક પ્રકટ કરેલ છે. તેની પ્રસ્તાવનામાં તેઓ જણાવે છે કે, 'લોકો એકબીજાંને તેના બાહ્ય દેખાવ, ચહેરામહોરાથી ઓળખે છે. એ જ રીતે પત્રવ્યવહારમાં નામ-ઠામ લખતાં હોય છે. જ્યારે તેઓની યાદદાસ્તમાં લોકોના ચહેરાઓ ભુલાઈ જતા હોય છે. પણ તેમના વ્યક્તિત્વની ખાસિયતો યાદ રહી જતી હોય છે.' અત્રે શ્રી લક્ષ્મણના ઉપરોક્ત પુસ્તકમાંથી તેમણે દોરેલી કેટલીક ખાસ વ્યક્તિઓના ચહેરાઓ રજૂ કરેલ છે. જેમાં આ કટાક્ષ-ચિત્રકારની બેનમૂન કલાનો કસબ સુપેરે રજૂ થયેલો દેખાય છે.



અમેરિકાના પૂર્વપ્રમુખ બિલ ક્લીન્ટન



મધર ટેરિઝા



આચાર્ય રજનીશ

- ગજેન્દ્ર શાહ

*

૪૪મા રાજ્ય કલાપ્રદર્શનમાંની ચારેક ઈનામી કૃતિઓ

ગ્રાફિક વિભાગમાંથી કુલ છ કૃતિઓ ઈનામ પામી હતી. તેમાંથી અત્રે ચારેક કૃતિઓ પ્રકટ કરી છે. બે કૃતિઓ કલાકાર વિભાગની, બે કલાના વિદ્યાર્થી શ્રેણીની છે. તેના માધ્યમ છે વુડ કટ અને એચિંગ.

આ કલાપ્રકાર મૂળ ચાઈના અને જપાનનો છે. ૧૮૭૦-૮૦નો કાળ જપાનિઝમનો આવી ગયો. યુરોપમાં ઠેર ઠેર એશિયાઈ વસ્તુઓની માંગ ઊભી થઈ. ચાઈનીઝ સ્ક્રીન, વુડકટ પ્રિન્ટ્સ. ફેન્સ, પર્શિયન ગાલીચા, પૉટરી, કાપડ વગેરે 'માન્ચેસ્ટ આર્ટ ટ્રેઝર પ્રદર્શન ૧૮૫૭' પ્રદર્શનમાં આવી ઘણી ચીજો હતી.




ભટ્ટ આશાલી એચ.



રૂડ મીર્ચી-પટેલ મનીષા

વુડકટ પ્રિન્ટ્સ દ્વિપરિમાણી હતાં. રંગો તેજસ્વી, રંગોના સ્વાયત્ત સંબંધો. સમગ્ર અદ્યતન કલા પર આનો પ્રભાવ પડ્યો.



લોર્ડ ઑફ લાઇફ – પટેલ પાર્થીવ બી.

વિસ્લરે આવી ઘણી પ્રિન્ટ્સ તેના સંગ્રહ માટે ખરીદી. બ્લ્યૂ પૉટરી પણ. તેના ચિત્રોમાં ચાઈનીઝ સ્ક્રીન અને પૉટરી ઠેર ઠેર દેખાય છે. તેનાં સર્જનોમાં દ્વિપરિમાણ દાખલ થયું. સમય જતાં અદ્યતન કલા પૌરસ્ત્ય રસ્તે વળી.



ભેલાણી હિના આર.

- નટુ પરીખ

આવો, જાણીએ

→ કમ્પ્યૂટર ચલાવવા માટે માઉસની રચના ડગ્લાસ ગિલબર્ટ દ્વારા ૧૯૬૮માં થઈ.

*

→ ૧૯૫૮માં વિલિયમ હિજીન બૉથમ દ્વારા ન્યૂ યૉર્કમાં વિડિયો ગેમ્સ રમતની શોધ થઈ. પહેલી રમત ટેબલ ટેનિસની હતી તેને 'પોંગ' કહેવાય છે. તેને બજારમાં આવતા તથા તેના વેચાણના ઉત્પાદનને બનતા ૧૪ વર્ષ લાગી ગયાં.

*

→ ૨૧, ઑગસ્ટ ૧૯૫૫માં 'ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ'નું પ્રથમ પ્રકાશન લંડનમાં થયું.

કલાસ્મૃતિ

તસવીરકાર શ્રી રઘુરાય

ભારતમાં તસવીરકલા, ફોટોગ્રાફીનો ઈતિહાસ લગભગ ૧૫૦થી ૨૦૦ વર્ષનો ગણાય છે. ઈસ્ટ ઈન્ડિયા કંપની સરકારના તસવીરકારોએ આપણા દેશની તસવીરો ઝડપેલી. ત્યાર બાદ પંજાબના લાલા દિનદયાળ, તેમજ સીમલા, મુંબઈ અને કલકત્તાના ફોટો સ્ટૂડિઓનો ફાળો ફોટોગ્રાફીના વિકાસમાં મહત્ત્વનો ગણાય છે. ઉપરાંત, ભારત-પાકિસ્તાન વિભાજન દરમિયાન ભારતના પ્રવાસે આવેલા ફ્રાન્સના મહાન તસવીરકાર હેન્રિ કાર્ટીએર બ્રોંસોની તસવીરોએ ત્યારે ભારતના ઘણા તસવીરકારોને નવી પ્રેરણા આપી છે. આ સમયથી તસવીર-કલાએ નવું રૂપ ધારણ કર્યું તે, 'ફોટોજર્નાલિઝમ' તરીકે જાણીતું થયું. પોતાના સ્ટૂડિઓમાં બેસીને કે રાજા મહારાજા, જમીનદારોનાં ભવનોમાં જઈને ફોટોગ્રાફી કરવાને બદલે, રાજ્ય તેમજ રાષ્ટ્રમાં હરરોજ બનતા બનાવો તેમજ ચહલ-પહલ તથા ઉત્સવોને જાહેરમાં જઈને કૅમરામાં કંડારવાથી શરૂ થયું, જેનાથી દેશને ઉત્તમ પ્રકારના તસવીરકારો મળ્યા. તેમાં શ્રી રઘુરાયનું નામ આગળ પડતું ગણાય છે.



શ્રી રઘુરાયનો જન્મ પંજાબના એક નાના ગામડામાં સન ૧૯૪૨માં થયો હતો. અભ્યાસકાળ બાદ તેમના મોટાભાઈની પ્રેરણાથી તેમણે કૅમરા પકડ્યો અને તસવીરકલામાં ઝંપલાવ્યું. તેઓ નાનીમોટી, તસવીરકલાની સ્પર્ધાઓમાં પોતાની તસવીરો રજૂ કરવા લાગ્યા. નાનાંમોટાં પ્રમાણપત્ર, ઈનામો મેળવ્યાં. તેમનો ઉત્સાહ વધ્યો. આ તેમની શરૂઆત કહી શકાય. શ્રી રાય પ્રમાણમાં સરખી ઊંચાઈ, પાતળો દેહ અને તંદુરસ્ત શરીર હોવાથી દરેક પરિસ્થિતિમાં તસવીરો ઝડપવા માટે પોતાની જાતને ગોઠવી શકતા. શ્રી રાયના કહેવા પ્રમાણે, કોઈ પણ તસવીરકારના હાથમાં સાધારણ કે ઉત્તમ કોટીના કૅમરા હોય તેનાથી તસવીર-કલામાં કશો જ ફેર પડતો નથી. પણ તસવીરકારમાં દૃષ્ટિ, પળ પારખવાની સમજ, હિંમત અને ઝડપ ખૂબ જ જરૂરી હોય છે. હા ! આ સાથે તસવીરકારને મહત્ત્વનું પોતાના વિષયનું વૈજ્ઞાનિક જ્ઞાન હોવું તેટલું જ જરૂરી છે.



શ્રી રઘુરાય આજે ૬૨ વર્ષના છે. કહેવાય છે કે આ તસવીરકારે પોતાનાં સર્જનોથી ભારતીય તસવીરકલાની રજૂઆતની પદ્ધતિ જ બદલી નાખી છે. શ્રી રાય પોતાના કામ વિષે ઓછું બોલે છે. તેઓ કહે છે કે મારા કૅમરા અને તસવીરોને જ બોલવા દો. શ્રી રાયના પરિવારમાં પ્રથમ પત્નીથી એક દીકરો નામે નીતિન રાય છે જે પોતે એક સારા તસવીરકાર છે. બીજાં પત્ની ગુરુમીતથી પુરવી અને અવનિ નામની બે પુત્રીઓ છે. શ્રી રાય દુનિયાભરમાં પોતાના કામકાજને લીધે ભ્રમણમાં રહેતા હોવાથી જાતભાતની કલાત્મક વસ્તુઓનો સંગ્રહ તેમના ન્યૂ દિલ્હી ખાતેના રહેઠાણમાં જોવા મળે છે. ઉપરાંત તેઓ પોતાના બાગાયતના શોખ માટે પણ સારો સમય આપાતા હોય છે. ઘર તેમજ બાગને તેમની પ્રેરણામૂર્તિ, હેન્રિ કાર્ટીઅર બ્રોંસોની છબી અને તસવીરો તો હોય જ ! દરેક પ્રાન્તની ખાસિયતોવાળી કલાત્મક ચીજોના સંગ્રહવાળું, તેમનું નિવાસસ્થાન જોવાલાયક કહી શકાય.

શ્રી રાયને દુનિયાભરનાં સામયિકો, અખબાર, પુસ્તકો, ડોક્યુમેન્ટરી, ફિલ્મ વગેરેના પ્રચારનાં માધ્યમોમાં સ્થાન પ્રાપ્ત થયેલ છે. તેઓને મળેલાં ઈનામ, અકરામનો કોઈ તોટો નથી. શ્રી રાયની દેશના મહા-નગરોની જાણીતી કૃતિઓમાં સન ૧૯૮૩માં પ્રકટ થયેલ 'દિલ્હી', સન ૧૯૮૯માં પ્રકટ થયેલ 'કલકત્તા' નું સ્થાન છે. તેઓ હાલમાં મુંબઈ મહાનગર ઉપર શ્વેતશ્યામ તસવીરોવાળું દળદાર પુસ્તક તૈયાર કરી રહેલા છે.

શ્રી રાય વિશેનો એક ખાસ પ્રસંગ 'કુમાર'ના વાચકોને રોચક લાગશે. બે વર્ષ ઉપર ઉત્તર ભારતમાં ભરાયેલા મહાકુંભ મેળાની તસવીરો, ડોક્યુમેન્ટરી ફિલ્મ ઉતારવાનું કામ નૅશનલ જિઓગ્રાફિક મૅગઝીન સંસ્થાએ નક્કી કરેલ, જેના સુત્રધાર હતા શ્રી રઘુરાય. થોડાક મહિનાઓ પૂર્વે ભારતમાં ટેલિવિઝન ઉપર ઉપરોક્ત ચૅનલ દ્વારા એક કલાકના ઉપરોક્ત કુંભમેળાના અંશો દર્શાવવામાં આવેલા, જેમાં શ્રી રઘુરાયને જોવા તે એક લહાવો કહી શકાય. નાગાબાવાઓ વચ્ચે જવું, ચાલવું, ગાળો ખાવી, ચીપિયા અને ત્રિશૂલના માર પણ પડે, ટોપી પડી જાય, દોડવા જતાં પોતે માટીમાં પડે, વાંસડા કૂદવા પડે. તેમ છતાં કૅમરાની કરામત કરતા જાય. આવા પ્રસંગો જોવા મળે ત્યારે જ ખબર પડે કે દર્શકને પળવારમાં દેખાતી ઝલકોની પાછળ કેવો પરિશ્રમ પડેલો હોય છે ! શ્રી રાયના પુસ્તકોની તસવીરો મન ભરીને જોવા જેવી છે.

શ્રી રઘુરાયે છેલ્લાં ૪૦ વર્ષોથી પોતાનો કૅમરા વેગળો કર્યો નથી. અનેકવિધ રીતે પોતાની તસવીરકલાના કસબની કમાલ જગતને બતાવી રહેલા છે. ફોટોગ્રાફીને ઉત્તમ ચિત્રની કક્ષાએ પહોંચાડનાર શ્રી રઘુરાયને સલામે 'ક્લીક' કરીએ.

- ગજેન્દ્ર શાહ

પ્રાચીન વિદ્યાપીઠો
દેશાટન-૬૪



પ્રાચીન ભારતનાં લોકોએ વિકસાવેલી શૈક્ષણિક પદ્ધતિઓ આજના યુગમાં ક્યાંય જોવા મળે તેમ નથી. વખત જતાં હિન્દુ, બૌદ્ધ અને જૈન ધર્મનો ફેલાવો ઘણો થઈ ગયો. તેથી દેશમાં અનેક જગ્યાએ વિદ્યાપીઠો અસ્તિત્વમાં આવી, તેમાંની કેટલીક વિદ્યાર્થીઓ પાસેથી કાંઈ જ ફી લેતી નહિ. રાજ્ય તરફથી નિભાવ અર્થે દાન મળ્યા કરતું.

આજના પાકિસ્તાનમાં રાવલપિંડી શહેરની પશ્ચિમે ૩૫ કિલોમીટર દૂર જૂના ગાંધાર પ્રાંતમાં 'તક્ષશિલા' વિદ્યાપીઠમાં ૬૮ જેટલાં વિષયો શીખવવામાં આવતા. ઈ.સ.ની છઠ્ઠી સદીમાં હુણોએ આ પ્રદેશ પર આક્રમણ કર્યું અને આ વિદ્યાપીઠનો નાશ થયો.

'નાલંદા' વિદ્યાપીઠ બિહાર રાજ્યના પટણા જિલ્લામાં ખડગાંવ નામના ગામની પાસે આવેલું હતું. ઈસુની તેરમી સદીમાં બખ્તિયાર ખલજીએ આ વિદ્યાપીઠનો નાશ કર્યો. 'વલભી' પ્રાચીન કાળમાં પ્રસિદ્ધ વિદ્યાકેન્દ્ર હતું. ઈ.સ. ૭૮૮માં આરબોએ આ વિદ્યાપીઠનો નાશ કર્યો હતો. 'વિક્રમશિલા' વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. ઈ.સ. ૧૨૦૩માં બખ્તિયાર ખલજીના મુસ્લિમ લશ્કરે આ વિદ્યાપીઠનો પણ નાશ કર્યો હતો.

ઈ.સ. પૂર્વેના સાતમા સૈકામાં પૂર્વ ભારતના વારાણસીનું 'સારનાથમઠ' પ્રસિદ્ધ વિદ્યાકેન્દ્ર બન્યું હતું. ઈસુની પહેલી શતાબ્દીમાં હિન્દુ વિદ્યાના કેન્દ્ર તરીકે વારાણસીનો વિકાસ થયો હતો. ઈ.સ.ના અગિયારમા સૈકામાં ભારતમાં કાશ્મીર અને વારાણસી આ બે જ શિક્ષણકેન્દ્રો પ્રસિદ્ધ હતાં. - કા. વ. રામી



અમૃતકણી

એક તારો સ્વર મળે તો સાંભળું,
ક્યાંય પણ ઈશ્વર મળે તો સાંભળું.
સાદ ગોરંભાય છે શમણાં રૂપે,
પાછલી ઉમ્મર મળે તો સાંભળું.
એક વિતેલા સમયની વારતા,
નાનું સરખું ઘર મળે તો સાંભળું.

('કમળપૂજા'માંથી) - સુરેન ઠાકર 'મેહુલ'

'ઊઠો ! જાગો ! ધ્યેય પ્રાપ્ત કરો'

શિશિરભાઈએ તેમની કિશોરાવસ્થા દરમિયાન ઉપરોક્ત સૂત્રને કેન્દ્રમાં રાખીને એક નાનકડો હસ્તલિખિત અંક પ્રકટ કર્યો હતો. તેમનામાં ત્યારથી પોતાના જીવનની પ્રગતિનું આ સૂત્ર મંત્રરૂપ બની ગયું હતું. તેમનો જન્મ તેમના મોસાળ સોજા (તા. કલોલ)માં તારીખ ૧-૧-૧૯૨૭માં માતા પાર્વતીબહેન અને પિતા છગનલાલને ત્યાં થયેલો. મૂળ વતન ઉનાવા, પરંતુ પિતા કલકત્તા રહેતા હોવાથી તેમની બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થા ૧૯૪૦ સુધીની કલકત્તામાં પસાર થઈ. કલકત્તા જેવા મહાનગરમાં તેમના બચપણે ઘણા સંસ્કાર ઝીલ્યા. માતૃભાષા કરતાં હિંદી, બંગાળીનો સવિશેષ ઉપયોગ થતાં તેના ઉપર સહજ કાબૂ ધરાવતા હતા. બચપણથી જ તેમના ઘરમાં જાહેર સંસ્થા જેવું વાતાવરણ. પિતા બૅન્કમાં માનભરી નોકરી ધરાવતા, વળી ૧૯૩૦ની આસપાસ તેમણે ગુજરાતી સમાજની પ્રેરણા અને પ્રીતિ મેળવી 'ગુજરાત ક્લબ-કલકત્તા'ની સ્થાપના કરી.

શ્રી છગનલાલે અડધો ડઝન જેટલાં નાટકો - ભજવી શકાય તેવાં - લખ્યાં અને સ્વયં ભજવ્યાં. એવી જ રીતે ચાર-પાંચ અન્ય પુસ્તકોનાં પ્રકાશનો કર્યાં. એ બધાંની પાછળ સમાજસુધારણાનાં બીજ સ્પષ્ટ જોઈ શકાય છે. શિશિરભાઈએ પણ પિતાને પગલે લેખન, ગીત, નાટ્યકળામાં પદાર્પણ કર્યું. પરંતુ દેશમાં ગુલામીના કાળમાં આવા વિદ્યાર્થી માટે વિકસવાનાં ક્ષેત્રો અતિ મર્યાદિત હતાં. પોતાના કલાકાર આત્માને ગૂંગળાવી, દેશના નવસર્જનમાં ઉપયોગી થઈ પડે તે માટે એન્જિનીઅર બન્યા.



બૉમ્બે પોર્ટ ટ્રસ્ટના કામ દરમિયાન, દરિયા ઉપરના બાંધકામમાં દરિયાની ભરતી-ઓટના ઉછાળા અને માથે ધોમધખતા સૂર્યનાં પ્રખર કિરણોને ઝીલતા, પોતાની માતૃભૂમિના વિકાસમાં જેણે જેણે એમને જોયા તે સૌ તેમના મહેનતભર્યા પુરુષાર્થ ઉપર વારી જતા. પોતાના પરિવારને ઠરી ઠામ કરે ત્યાં અચાનક એમના વક્ષસ્થળ ઉપર સોપારી-શી કેન્સરની ગાંઠે દેખા દીધી. આવા રોગનું નામ પડતાં જેનાં ગાત્રો ગળી જાય તેવા જીવલેણ રોગ સામે તેઓ ૨૭ વર્ષ ઝઝૂમ્યાં. જરા સ્વસ્થતા આવતાં

તેમણે અમેરિકા જવાનો પણ નિર્ણય કરી દીધો. ત્યાં પૂરાં દસ વર્ષ રહ્યાં. ત્યાંના સમાજમાં ભારતીય સંસ્કાર અને રીતભાતથી જીવતાં તેમનાં પત્ની મનોરમાબહેને પણ કીર્તિ પ્રાપ્ત કરી.

શિશિરભાઈ ૧૯૪૦માં જ્યારે કલકત્તાથી પરત આવ્યા ત્યારે કેટલુંક સાહિત્ય પણ સાથે લેતા આવેલા. પોતાની શાળામાં તેઓ અંગત રીતે નોટમાં ૧૬ પાનના સફેદ કાગળ ઉપર એક સામયિક પ્રકટ કરતા. તેનું નામ હતું 'સ્વસ્તિક'. તેની સભ્ય ફી હતી બે પૈસા અને તેની શરત હતી, વાંચીને પાછું આપ્યા પછી પોતાનો અભિપ્રાય ટાંકવાનો. તેઓ બાળકોને પ્રિય એવી કટાક્ષવાર્તાઓ, જોડકણાં, ઉખાણાં, કોઈ એકાદ નાનું ચરિત્ર, વાર્તા જે સ્વયં પોતે સર્જી હોય - એવાં બધાંથી એનાં પાનાં ભરતાં.

તેઓ અમદાવાદમાં આવ્યા ત્યારે ૧૬ વર્ષની ઉંમર વટાવી ચૂક્યા હતા. અહીં અમદાવાદમાં તેમણે ત્રણેક નાની પુસ્તિકાઓ લખેલી. એમાં એક હતી 'શિખાઉવાચ' - ચોટલી બોલે છે. આ એક કટાક્ષ-પુસ્તિકા હતી. ધર્મના બધા કર્મકાંડો શિખાના વાળમાં સમાયેલ છે, તેમાંથી એક એક વાળ ઊભો થઈ, પોતાની ફરિયાદ કરે છે. બીજી પુસ્તિકાનું નામ હતું 'અંગારા' એટલે કે સજીવ અગ્નિનું પૂર્ણ દેદીપ્યમાન સ્વરૂપ. ત્રીજી એક પુસ્તિકા અમદાવાદના મિલ ઉદ્યોગ વિશે હતી. શિશિરભાઈએ જે પુસ્તિકા લખી તેનું મુખપૃષ્ઠ તેમણે પોતે જ કલાત્મક રીતે સજાવ્યું હતું. તેમાં મિલની ઊંચી ચીમનીઓ ધુમાડો ઓકે છે અને એ ધુમાડામાંથી બે...કા...રી એવી કાળી આકૃતિ સર્જાય છે. અને નીચે ઊભેલાં કારીગરનાં ટોળાં આશ્ચર્યથી જોઈ રહ્યાં છે !

૧૯૯૩માં, દસ વર્ષની નોકરી પછી તેમને નિવૃત્તિ મળી હતી અને આનંદપૂર્ણ દિવસો પસાર થતા હતા. ત્યાં ૧૯૯૮માં તેમને પ્રોસ્ટેટની તકલીફ ઊભી થઈ. અમેરિકામાં આરોગ્ય વિજ્ઞાન પણ ઘણું આગળ વધેલું. તપાસ કરતાં પ્રોસ્ટેટનું કૅન્સર માલૂમ પડ્યું. તે કંઈક કાબૂમાં આવ્યું. ત્યાં હવે કૅન્સર સમગ્ર શરીરમાં પ્રસરી ગયું હતું. ઘરનાં બધાંને લાગતું કે હવે ભાઈ માંદગી ખંખેરીને ઊઠી નહીં શકે. અંતે ૧૪ જુલાઈ, ૨૦૦૩ના રોજ એમણે દેહત્યાગ કર્યો. - મનુ પંડિત ('ઊઠો ! જાગો ! ધ્યેય પ્રાપ્ત કરો' પુસ્તિકાને આધારે : પ્રકાશક : જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર, મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮)

*

નવી ઍલોપથી દવાઓ

અમેરિકન મેડિકલ ઍસોસિયેશનના પ્રતિષ્ઠિત જર્નલમાં હમણાં એક ચોંકાવનારો અહેવાલ પ્રકટ થયો છે કે અમેરિકાના ફૂડ અને ડ્રગ ઍડમિનિસ્ટ્રેશન (એફડીએ) તરફથી જે નવી ઍલોપથી દવાઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે, તેમાંની ૨૦ ટકા દવાઓ જોખમી અને હાનિકારક હોય છે, જેનો ખયાલ રજિસ્ટ્રેશન પછી જ આવે છે, ત્યાં સુધી અનેક દર્દીઓ આ દવા લઈ ચૂક્યાં હોય છે.

અમુક ઍલોપથી દવાઓ એવી છે કે તેને બજારમાં મૂકવામાં આવે તેનાં સાત વર્ષ પછી તેની ૫૦ ટકા ગંભીર અસરોનો ખયાલ આવે છે. બાકીની ૫૦ ટકા હાનિકારક અસરોનો ખયાલ આવતા તો ક્યારેક દાયકાઓ પણ પસાર થઈ જતા હોય છે. બજારમાં મૂકવામાં આવેલી નવી દવાઓથી જે હાનિ થાય છે, તેમાં હૃદય, લીવર અને બોન મૅરોને થતું નુકસાન મુખ્ય છે. તેને કારણે સગર્ભા સ્ત્રીઓને થતાં નુકસાનનો ખયાલ પણ પાછળથી જ આવે છે.

અમેરિકાની 'હાર્વર્ડ મેડિકલ સ્કૂલ' અને 'પબ્લિક સિટીઝન' નામની સંસ્થાઓએ છેલ્લાં ૨૫ વર્ષમાં અમેરિકાની દવા બજારમાંથી પાછી ખેંચી લેવામાં આવેલી ૧૬ દવાઓનો અભ્યાસ કર્યો હતો. આ દવાઓ પૈકી અડધી દવાઓ તે બે વર્ષમાં જ પાછી લેવાની ફરજ પડી હતી. આ સંસ્થાના સંશોધકોએ ડૉક્ટરો રેફરન્સ માટે 'પીડીઆર' બુકનો ઉપયોગ કરે છે તેના ૧૯૭૫થી ૨૦૦૦ સુધીના થોથાંઓ ઉથલાવી એવી અનેક દવાઓ શોધી કાઢી છે, જેની હાનિકારક અસરોનો પાછળથી ખયાલ આવ્યો હતો.

અમેરિકામાં તો કોઈ પણ ડૉક્ટર હવે દર્દીને નવી દવા આપતી વખતે ખૂબ જ વિચાર કરે છે. એક અંદાજ મુજબ સપ્ટેમ્બર ૧૯૯૭ અને સપ્ટેમ્બર ૧૯૯૮ દરમિયાન જે પાંચ દવાઓ બજારમાંથી પાછી ખેંચી લેવામાં આવી તેનો ભોગ આશરે બે કરોડ દર્દીઓ બન્યાં હતાં, જે અમેરિકાની વસતિના આશરે દસ ટકા થાય છે.

એક બાજુ અમેરિકામાં નવી દવાઓ આરોગ્ય માટે કેટલી જોખમી છે તેની વિગતો બહાર આવી રહી છે તો બીજી બાજુ ભારતમાં કેન્દ્ર સરકારે અનેક ઍલોપથી દવાઓને ભાવનિયંત્રણમાંથી રાહત આપીને મલ્ટિનૅશનલ ડ્રગ કંપનીઓને ગરીબ દર્દીઓની લૂંટફાટ કરવા માટે મોકળું મેદાન કરી આપ્યું છે. ભારતમાં જે કુલ ઍલોપથી દવાઓ વેચાય છે તેની ૩૫ ટકા તો ડ્રગ પ્રાઇસ કન્ટ્રોલ ઑર્ડર (ડીપીસીઓ) હેઠળ આવે છે. આ ઑર્ડર હેઠળ ઈ.સ. ૧૯૯૬માં ૨૭૯ જીવનાવશ્યક દવાઓની યાદી તૈયાર કરીને તેના ભાવો અંકુશ હેઠળ રાખવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારે ઈ.સ. ૨૦૦૨માં એક નવી ફાર્માસ્યૂટિકલ નીતિ ઘડી આ બધી જ દવાઓને ડીપીસીઓમાંથી મુક્તિ આપી દેવાની કોશિષ કરી હતી. કર્ણાટકના કે.એસ.ગોપીનાથ નામના જાગ્રત નાગરિકે આ

ફેરફારને કર્ણાટક હાઈ કોર્ટમાં પડકાર્યો ત્યારે કોર્ટે સ્ટે ઑર્ડર આપી દીધો. કેન્દ્ર સરકારે આ ઑર્ડરને સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો ત્યારે સુપ્રિમ કોર્ટે આ નવા આદેશની ટીકા કરતા કહ્યુ હતું, 'સરકારે સમગ્ર પ્રજાના હિતોનો ખયાલ રાખવો જોઈએ અને માત્ર શ્રીમંતોના હિતોનો જ ખયાલ રાખવો જોઈએ નહીં.'

ભારતમાં ઍલોપથી દવાઓનું બજાર વાર્ષિક ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું છે. તેમાંથી ૧૩,૦૦૦ કરોડ રૂપિયાની દવાઓ કેન્દ્રસરકારના ડીપીસીઓ હેઠળ આવતી નથી એટલે સુપ્રિમ કોર્ટનો ચુકાદો તેને લાગુ પડતો નથી. આ દવાઓમાં બેફામ નફાખોરીની સરકારે છૂટ આપી દીધી છે.

ઈ.સ. ૨૦૦૨ની નવી ડ્રગ પૉલિસી મુજબ કેન્દ્ર સરકારે નૅશનલ ફાર્માસ્યૂટિકલ પ્રાઇસિંગ ઑથોરિટી (એનપીપીએ) નામની સંસ્થાની રચના કરી છે. ડીપીસીઓની કલમ ૧૦(બી) મુજબ સરકાર ધારે તો નૉન શિડ્યુઅલ્ડ ડ્રગ્સના ભાવોમાં પણ હસ્તક્ષેપ કરી તેને વધતા અટકાવી શકે છે. હવે એનપીપીએ દ્વારા એવું નક્કી કરવામાં આવ્યું છે કે કોઈ પણ નૉન શિડ્યુઅલ્ડ ડ્રગના ભાવમાં એક વર્ષના સમયગાળામાં ૨૫ ટકા જેટલો વધારો થશે તો તેઓ કોઈ જ દરમિયાનગીરી કરશે નહીં. અગાઉ આ મર્યાદા વીસ ટકાની હતી.

દવા-કંપનીઓ તરફથી ડૉક્ટરોને અને દર્દીઓને મૂર્ખ બનાવવા માટે દર વર્ષે હજારો નવી દવાઓ બજારમાં મૂકવામાં આવે છે, પણ મોટા ભાગની દવાઓ તો નવી બૉટલમાં જૂના દારૂ જેવી કે કાગડાની એકાવન ઊડ જેવી જ હોય છે. હાથી કમિશનના રિપોર્ટ મુજબ ભારત દેશમાં ૮૫,૬૦૦ જેટલી દવાઓ બજારમાં વેચાઈ રહી છે, જેમાંથી ૨૪૦ દવાઓ જ ખરેખર જરૂરી છે. આ દવાઓ પૈકી બે તૃતિયાંશ તો મલ્ટિનૅશનલ કંપનીઓ બનાવે છે.

અમેરિકાના એક અહેવાલ મુજબ ફૂડ ઍન્ડ ડ્રગ ઍડમિનિસ્ટ્રેશન (એફડીએ) તરફથી છેલ્લા એક દાયકામાં જેટલી નવી દવાઓને મંજૂરી આપવામાં આવી તેની ૧૫ ટકા જ હકીકતમાં નવી હતી. બાકીની ૮૫ ટકા દવાઓમાં તો જૂનાં રસાયણો અલગ અલગ પ્રમાણમાં ભેગાં કરી નવી દવા ઉપજાવી કાઢવામાં આવી હતી. આ અભ્યાસ એમ કહે છે કે નવી દવાઓ જૂની દવાઓ કરતાં હંમેશાં વધુ સારી અને ચડિયાતી હોય છે તેમ માની લેવું નહીં. તે વધુ જોખમી હોય તેવું પણ બની શકે છે.

અમેરિકાની નૅશનલ ઈન્ટિટ્યૂટ ફૉર હેલ્થકેર મૅનેજમેન્ટ નામની સંસ્થાએ તાજેતરમાં એક સંશોધન કર્યું, જે મુજબ ઈ.સ. ૧૯૮૯ અને ૨૦૦૦ની સાલ વચ્ચે એફડીએ તરફથી જે ૧૦૩૫ નવી ડ્રગ્સને મંજૂરી આપવામાં આવી તે પૈકી ૧૫૩ દવાઓમાં કંઈક નવું રસાયણ હતું અને તે દવા એફડીએના ધારાધોરણ મુજબ મહત્ત્વની દવા હતી. બાકીની આશરે એક હજાર જેટલી દવાઓ તો કેવળ નફો રળવા માટે જ બજારમાં ઠાલવવામાં આવી હતી.

અમેરિકાની પ્રજા દર વર્ષે ઍલોપથી દવાઓ પાછળ ૧૩૨ અબજ ડૉલરનો ખર્ચ કરે છે. આ પૈકી ૪૪ અબજ રૂપિયાનો ખર્ચ તેઓ જૂની દવાઓ પાછળ કરે છે. બાકીનો ખર્ચ તેઓ નવી દવાઓ પાછળ જ કરે છે. - શ્વેતા શાહ

('સમસ્ત મહાજન ફીચર્સ'માંથી ટૂંકાવીને)

*

સૂર્યનો ઊકળતો ગોળો ફાટી કેમ નથી પડતો ?

સૂર્ય ઊકળતા વાયુઓનો ગોળો છે ને તેના પેટાળમાં વાયુઓ એટલા બધા દબાણ હેઠળ છે કે આપણને પહેલો વિચાર આવે કે સૂર્ય ફાટી કેમ નથી પડતો ? આ જવાબ મેળવતા પહેલા તેના રૌદ્ર સ્વરૂપની એક ઝલક મેળવવી જોઈએ.

બીજા તારાની જેમ સૂર્યનું સ્વરૂપ પણ વિશિષ્ટ છે. તેની ઉપર પ્રમાણમાં પાતળા વાયુઓનું પડ છે. તેને આપણે તેજોમંડળ કહીએ છીએ. તેની જાડાઈ ૨૦૦ માઈલ છે. આથમતા કે ઊગતા સૂર્યની કોર આપણે જોઈએ છીએ તે આ તેજોમંડળ છે. તેની ઉપર તેજપ્રભા અથવા વર્ણમંડળ છે. અંગ્રેજીમાં તેને ક્રોમોસ્ફીઅર કહે છે.

તમે ઊકળતી ચાસણી સાથે સૂર્યને સરખાવી શકો. જેમ ઊકળતી ચાસણી કે દૂધમાં નીચેના બહુ ગરમ થરો ઉપર આવે છે અને ઉપરના ઓછા ગરમ થરો નીચે જાય તેમ સૂર્યમાં વાયુના બહુ ગરમ થરો અંદરથી બહાર આવે છે અને ઉપરના ઓછા ગરમ થરો અંદર જાય છે. આમ સૂર્યનો રાક્ષસી ગોળો સતત ઊકળતો રહે છે. તફાવત એટલો કે તે વાયુઓનો બનેલો ગોળો છે, તેની સપાટી ખદબદે છે, ઊકળે છે. તેના પેટાળમાં ભયંકર દબાણ છે. સૂર્યના પેટાળના વાયુઓ દર ચોરસ ઈંચે એક અબજ ટનનું દબાણ કરે છે. આથી અંદરના વાયુઓની ઘનતા સીસા કરતાં ૧૦ ગણી છે. એક ઘન ફુટ વાયુ વજનમાં સાડા ત્રણ ટન થાય !

સૂર્ય વાયુઓનો સળગતો ગોળો હોવાથી તેમાંથી અગ્નિશિખાઓ ભડભડે છે. તે અવકાશમાં લાખો માઈલ સુધી ફેલાય છે. ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે તેનું વર્ણમંડળ અને અગ્નિશિખાઓ જોઈ શકાય છે. વર્ણમંડળની ઉપર લાખો માઈલ સુધી તેજકિરણો પ્રસરે છે. તેને કોરોના કહે છે. ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે આ કોરાનાનું સૌંદર્ય જોઈ શકાય છે. તેનું ઉષ્ણતામાન તેજોમંડળ કરતાં ક્યાંય વધુ છે, એ એક આશ્ચર્ય છે. તેજોમંડળનું ઉષ્ણતામાન પાંચ હજાર અંશ સેન્ટિગ્રેડ છે

ત્યારે તેનાથી દૂર આવેલ કોરોના દસ લાખ અંશ સે. ઉષ્ણતામાન ધરાવે છે. સૂર્યના પેટાળમાં અતિશય ગરમી ધરાવતો પદાર્થ ઊઠીને કોરોના બને છે.

સૂર્યના પેટાળમાં આવું ભયંકર દબાણ હોવા છતાં સૂર્ય હાઈડ્રોજન બૉમ્બની જેમ એક ધડાકાથી ફાટી નથી જતો, એથી નવાઈ નથી લાગતી ? આપણા તારાવિશ્વમાં કેટલાક સૂર્ય આવી રીતે ફાટી ગયા છે પણ ખરા. પરંતુ સૂર્ય નાનો-મોટો થઈને અંદરથી દબાણ અને ઉષ્ણતામાનને બહાર ઊડી જવા દે છે. જેમ રંધાઈ રહેલા શીરામાં મોટા પરપોટા થાય છે, તેમાં ફાટ પડે છે અને ગરમ વરાળ નીકળી જતા પાછા બેસી જાય છે તેમ ! વળી, અંદરના અતિશય ગરમ અને દબાણવાળા વાયુ ઊકળતા ઉપર આવે છે અને વધારાની ગરમી તથા દબાણને ઊડી જવા દે અને પાછા અંદર જાય છે. આ રીતે સતત પ્રક્રિયા સૂર્યના ગોળમાં થતી રહેતી હોય છે. ('વિજ્ઞાનદર્શન'માંથી)

*

ભ્રમમાં રહેશો નહીં

આજકાલ અમુક આસન કે પ્રાણાયામ કરવાથી વર્ષોજૂનો રોગ ગણતરીના દિવસોમાં નાબૂદ થઈ જવાનો દાવો કરનારા યોગાચાર્યો અને યોગ-શિક્ષકો ઠેરઠેર જોવા મળે છે. એકસાથે હજારો લોકોને યોગ શીખવનારા કે ટી.વી. કેબલ દ્વારા યોગ શીખવનારાં ઘણાં લોકો પણ આવા બેફામ દાવાઓ કરતાં જોવા મળે છે. એવા મોટા મોટા દાવા કરનારાઓ માટે એટલું સારું છે કે આપણે ત્યાં અમેરિકા જેવી કાયદાપ્રણાલિ નથી. નહીં તો આવા મોટા અને ખોટા દાવાઓ કરી કરીને લોકોને ઉલ્લુ બનાવવા બદલ હજારો કેસ એમની ઉપર થઈ ચૂક્યા હોત અને કરોડોની સંપત્તિ કે વૈભવી આશ્રમો બનાવનારાઓના બધા પૈસા વળતર ચૂકવવામાં પૂરા થઈ ગયા હોત !

અમેરિકામાં યોગ શીખવાથી જમીનથી અધ્ધર બેસી શકાય કે પાણીમાં ચાલી શકાય એવું કહીને એક આધુનિક ગુરુએ એક શિષ્યને યોગ શીખવવાનું શરૂ કર્યું. શિષ્ય એવી ખાતરી માંગી કે શું હું યોગ શીખીને હવામાં જમીનથી અધ્ધર બેસી શકીશ ? ગુરુએ ખાતરી આપીને કહ્યું, 'જરૂર.' થોડાં વર્ષોના સઘન યોગાભ્યાસ પછી ગુરુ કે શિષ્ય કોઈ હવામાં અધ્ધર બેસી ન શક્યા ! શિષ્યે ગુરુ ઉપર લાખો ડૉલરનો છેતરપિંડીનો દાવો કરી દીધો જે કોર્ટે માન્ય રાખી ગુરુને બરાબરનો દંડ ફટકાર્યો. બે-ચાર દિવસમાં જ ડાયબીટિઝ જેવી કાયમી બીમારીને અમુક જાતના આસન કે પ્રાણાયામ દ્વારા સંપૂર્ણપણે મટાડી નાખવાનો હાસ્યાસ્પદ અને ખોટો દાવો કરનારા ભારતીય ગુરુઓ ભારતમાં જ આવી પોલમ્પોલ ચલાવી શકે છે. કેટલાંય લોકો બિચારાં પોતે કાયમી બીમારીમાંથી કાયમી છુટકારો મેળવી શકશે એવી આશામાં ને આશામાં આવી શિબિરોમાં જતા હોય છે અને થોડાં વર્ષે એમને સમજાય છે કે પોતે ઝાંઝવાનાં જળ પાછળ દોડી રહ્યાં છે ! કેટલાંય લોકો ખોટા પ્રચાર અને મોટી વાતોમાં આવી જઈને પોતાની દવાઓ બંધ કરી દે છે અને જ્યારે શુગર મપાય ત્યારે એમને ભાન થાય છે કે ડાયબીટિઝ મટાડવાનો દાવો કરનાર આસન-પ્રાણાયામ કરવાથી અને ચાલુ દવાઓ બંધ કરી દેવાથી ડાયબીટિઝ મટવાને બદલે વધી ગયો છે !

('આપણું સ્વાસ્થ્ય'માંથી)

*

વાળની સંભાળ માટે કેટલાંક સૂચનો

➜ અત્યંત જલદ શૅમ્પૂ વાપરશો નહીં. એનાથી વાળા ઝાંખા અને ખરબચડા બને છે.

➜ માથામાં લગાડેલું શૅમ્પૂ બરાબર ધોવાનું ચૂકશો નહીં.

➜ વાળને અતિશય ગરમી આપવી સારી નહીં. વાળને કુદરતી રીતે જ સુકાવા દો અથવા જો તમે હેર ડ્રાયર વાપરતા હો તો એને ઓછા તાપમાને ગોઠવો.

➜ વાળને ધોયા પછી ટુવાલ વડે થપથપાવીને સૂકવો, ઘસીઘસીને નહીં. આનાથી રોમકૂપને પણ ઈજા થતી અટકશે.

➜ ખારા કે ક્લોરિનયુક્ત પાણીમાં સ્નાન કર્યા પછી વાળને સ્વચ્છ પાણીમાં ધોઈ નાખો.

➜ વાળને ધોતાં પહેલાં જ એમાંની ગૂંચને કાંસકા કે બ્રશ વડે કાઢી નાખો. ભીના વાળ વધારે નરમ બનવાથી એમાંની ગૂંચ કાઢવા જતાં એ તૂટી જવાનો સંભવ રહે છે.

➜ વાળની વારંવાર કેમિકલ ટ્રીટમેન્ટ કરશો નહીં. એનાથી વાળ નબળા અને છિદ્રાળુ બને છે. - ('આપણું સ્વાસ્થ્ય'માંથી)

*

ઓછું ઊંઘો લાંબું જીવો

એક અભ્યાસનું તારણ છે માણસ માટે સરેરાશ ૭ કલાકની ઊંઘ પર્યાપ્ત છે. અભ્યાસમાં ઉંમર, આહાર, વ્યાયામ, અગાઉ થયેલી આરોગ્ય સમસ્યાઓ, ધૂમ્રપાન વગેરે પાસાઓને પણ ગણતરીમાં લેવામાં આવેલા છે. અને છતાં ૭ કલાકની ઊંઘ લાભ આપનારી જ જણાઈ છે. અભ્યાસ દરમિયાન કેટલીક વ્યક્તિઓને વચ્ચે વચ્ચે ક્યારેક અનિદ્રાના ટૂંકા ગાળાઓ આવતા હોવાની વિગત સાંપડી છે, પણ આયુષ્યરેખા પર એની કોઈ વિપરીત અસર જણાઈ નથી. પરંતુ એક ચોક્કસ તથ્ય આ અભ્યાસને અંતે બહાર આવેલું છે કે ઊંઘની ગોળી લઈને પોતાની નિદ્રાની જરૂરિયાત પૂરી કરનારા લોકોમાં મૃત્યુનું જોખમ વધે છે. - ('આપણું સ્વાસ્થ્ય'માંથી)

અનુસંધાન] કડિયાદરું : સૂરજના હસ્તાક્ષર [પૃ. ૪૦૯ થી

એક શિક્ષક માટે ગ્રંથાલયથી મોટું સ્મારક બીજું ક્યું હોઈ શકે ! માસ્તરસાહેબનો આખોય પરિવાર - એમનાં પુત્રો અને પુત્રવધૂઓ સમેત આ પવિત્ર પ્રસંગે - હાજર હતો. એમના ગુરુ કાશીગિરિજી પણ ઉપસ્થિત રહ્યા હતા. કડિયાદરાને 'ઇડર દેશની દીવાદાંડી'નું બિરુદ અપાવનાર ત્રિપુટી તે પાવનદાદા, છગનદાદા અને માસ્તરસાહેબ. મુંબઈમાં રસોઇયા તરીકે કામ કરતાં કરતાં કડિયાદરાના સપૂતોએ કેવાં કરવા જેવાં કામ કરી બતાવ્યાં છે એ જમાનામાં ! પાવનલાલના પુરુષાર્થની પરાકાષ્ઠા તો જુઓ : મૃત્યુ નજર સામે દેખાઈ રહ્યું હતું છતાં મુંબઈમાં કન્યાશાળાના લાભાર્થે નંખાયેલ નાટકનો કાર્યક્રમ આઘોપાછો ન થાય એની ખેવના કરતા આ ઋષિજન કડિયાદરામાં મરણપથારીએ પડ્યા પડ્યા મુંબઈ ખાતે કાર્યરત પુત્રને સંદેશો મોકલાવે છે : 'મારો દેહ પડવાની ચિંતા ન કરશો; કન્યાશાળાના કાર્યમાં રત રહેશો.' પાવનલાલ આટલા સંદેશા સાથે દેવલોક પામ્યા. એમના ચિરંજીવી છોટાલાલ પિતાનાં અંતિમ દર્શન ન પામી શક્યા. સં. ૧૯૭૦થી કડિયાદરામાં કન્યાશાળા ચાલે છે. આજે ૨૦૬૦નું વિક્રમસંવત વર્ષ ચાલી રહ્યું છે. છગનદાદાનું જીવન એક દંતકથા સમાન છે. એમણે કેળવણીના યજ્ઞમાં જાતને હોમી દીધી હતી. એમણે 'બાલુડો' અને 'શારદામૃત' જેવી પુસ્તિકાઓ આપીને દલપતશૈલીના ખ્યાત એવા કવિ અને કેળવણીકાર ઉપરાંત ગાંધીરંગે રંગાયેલા અદના લોકસેવકની કામગીરીથી અનોખો ત્રિવેણીસંગમ રચ્યો છે. 'શારદામૃત'ના નવા સંસ્કરણનું આ લખનારના હાથે લોકાર્પણ યોજીને કડિયાદરાવાસીઓએ એમના સંસ્કારગુરુનું નોખી ભાતનું તર્પણ કર્યું ! કડિયાદરાના આ ત્રિરત્ન દેશને એક જુદો જ સંદેશ આપી જાય છે. આપણે સૂત્ર લેખે જેની પોપટરટણા કરતા રહીએ છીએ તે - 'Think globally and act locally' - નો અહીં વર્ષો-પૂર્વે કેવો સુભગ વિનિયોગ થયો છે ! 'શારદામૃત' એટલાં વર્ષો-પૂર્વે રચાયું હોવા છતાં આજેય એટલું જ પ્રસ્તુત છે. એની એકે એક રચના હૃદયંગમ છે. સર્જકે એની રચનાનો હેતુ સ્પષ્ટ કરતાં લખ્યું છે : જે વયમાં ગરમ લાખમાં સિક્કાની પેઠે, સંસ્કારો બાળકના કુમળા મગજમાં બેસી જાય છે, તે વયમાં તેમને સુસંસ્કારોનું ભાન તેમની જ ભાષામાં અપાય એ જરૂરનું છે. તે દિશા તરફ આ અલ્પ પ્રયાસ છે, એમાં ઈશ્વર, માતાપિતાની સેવા, ગુરુભક્તિ, સારી સોબત, સારું વાંચન વગેરે બાબતો કવિતા તેમજ બોધપાઠરૂપે આપેલ છે. આચમન લેખે એક પદ પ્રસ્તુત કરું છું; એમની મોટાભાગની રચનાઓ 'શ્રી પ્રભુજીને વંદન કરો'-થી શરૂ થાય છે. જુઓ :

શ્રી પ્રભુજીને વંદન કરો,
માતપિતા ચરણે શિર ધરો.
નમો ગુરુજીને ધરી વ્હાલ,
શેઠ શ્રીમંતના હો ભલે બાળ.

છગનદાદાની આ શ્રદ્ધા કડિયાદરાના શિક્ષકોમાં અને વિદ્યાર્થીઓમાં અદ્યાપિ અકબંધ રહી શકી છે. કડિયાદરા જેવા નાનકડા ગામમાં કેળવણીનો પ્રકાશ પાથરનારા ઘરદીવડાઓને સંભારીને ગ્રામજનોએ પણ એક કરવા જેવું કામ કર્યું છે. પરંતુ હજી એ ત્રિપુટીનું થવું જોઈએ તેવું તર્પણ થવાનું બાકી જ છે. એ પ્રેરણાદીપોના અજવાળે મને રવીન્દ્ર પારેખનો શે'ર વંચાય છે :

મેઘધનુ માની ના ભૂંસો,
સૂરજના હસ્તાક્ષર છીએ... ☐

અનુસંધાન] તમારે કંઈ કહેવું છે ? [પૃ. ૪૧૩ થી

ભૂલમાં મારાથી પુછાઈ જતું, 'લેખ કેવો લાગ્યો ? કોઈ સૂચન ?' ઓહોહો ! એમને ઉચ્ચાસને બેસાડીને પેટ ભરીને પસ્તાતી. સલાહોના ગંજ ખડકાઈ જતા, નજરોથી વ્યંગબાણ છોડાતાં ને 'લખવા કરતાં વાંચો તો વધારે સારું. આમ કોઈને જબરદસ્તી હેરાન ન કરાય.' એમ કહી મને મચ્છરની માફક હડે હડે કરી મૂકતાં લોકો તો મારા કાચના દિલના ટુકડા નહીં, એનો ભૂકો જ કરી નાખતા !

માણસ અનુભવે ઘડાય એવું જાણવા છતાં પણ મને તો આટલા અનુભવો થવા છતાં ય હું તો એવી ને એવી જ... છું ! કંઈક નવું કામ હાથમાં લઉં, પૂરું કરું, ખુશ થાઉં કે પેલી... બધાંને પૂછવાની ખૂજલી ઊપડે ! તદ્દન ભોળી, ગરીબડી બનીને આશાભરી આંખે મીટ માંડી રહું કે, તેઓ મારા અરમાનોના ગઢમાં ગાબડું તો ઠીક, ગઢની દીવાલોને જ બૉમ્બ મૂકીને ધ્વસ્ત કરી નાંખે ! લોકો પણ કેટલા બેશરમ હોય છે ? આજે પાંડુ જેવો પાંડુ પણ મને હિંગના ધુમાડાથી બાળી ગયો ! એને મેં શું શું નથી ખવડાવ્યું ? ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ, મદ્રાસી (!), ઇટાલીઅન, અમેરિકન સિવાય પણ બધી વાનગીઓનાં મિશ્રણ કરીને પણ જાત-જાતની વાનગી ખવડાવી છે ! કદાચ એટલે જ એ આટલો એક્સપર્ટ થઈ ગયો હશે ? કે પછી પહેલી વાર જ પૂછ્યું એટલે કંઈ સમજ ન પડવાથી હલકું નામ હિંગનું દઈ દીધું ? જે હોય તે. આજ પછી ઍટ લીસ્ટ, પાડુંને તો કંઈ પણ ન પૂછવાની કસમ ખાઈ લીધી. મારે એટલું તો સમજવું જોઈએ કે, એણે મને કયે દિવસે પૂછ્યું, 'બેન, આજે કપડાં કેવાં ધોવાયાં ?' 'મેં ઝાડું ઠીક માર્યું છે ને ?' 'વાસણ ચીકણાં તો નથીને ?' કારણ કે એ સારી રીતે જાણે છે કે, મારો જવાબ શું હશે ! જો વગર પૂછ્યે હું એને રોજ રોજ ટોકતી હોઉં ને એના કામમાં માથું મારતી હોઉં તો પછી એ આવી તક છોડે ? એટલે સબસે બડી ચૂપ ! તમારું શું કહેવું છે ? ☐

અનુસંધાન] સંઘશાસિત પ્રદેશ : લક્ષદ્વીપ [પૃ. ૪૧૪થી

ઉદ્યોગ : ટાપુઓમાં શ્રીફળના રેસા કાઢીને તેનું રૂપાંતર કરવાનો ઉદ્યોગ મુખ્ય છે. કાથીનાં દોરડાં વગેરે બનાવવાનાં સાત કારખાનાં અને કાથીની વસ્તુઓનું ઉત્પાદન તથા નિર્દેશનનાં સાતે કેન્દ્રો અને ફાઈબર કર્લિંગનાં ચાર એકમો સરકાર તરફથી ચાલે છે. આ એકમો કાથીનાં દોરડાં, કાથીના રેસા, ચટાઈ વગેરે વસ્તુઓ બનાવે છે. જુદા જુદા ટાપુઓમાં કાથીમાંથી વિવિધ વસ્તુઓ ખાનગી કારખાનાંઓમાં પણ બનાવવામાં આવે છે.

વાહનવ્યવહાર : ટીપુ સુલતાન, ભારત સીમા અને દ્વીપસેતુ નામની સ્ટીમરો પ્રવાસીઓને ટાપુઓમાંથી કોચિન અને બેપોર બંદરો તરફ લઈ જાય છે અને લાવે છે. બીજી સ્ટીમરો ભારતની મુખ્ય ભૂમિમાંથી ટાપુઓમાં માલ ભરીને લાવે છે. અન્ય કેટલીક સ્ટીમરો ટાપુઓ વચ્ચે ફરે છે.

પ્રવાસ-કેન્દ્રો : આ ટાપુઓમાં મહત્ત્વના ઉદ્યોગ તરીકે પ્રવાસનનો વિકાસ થઈ રહ્યો છે. અગટ્ટી, બંગારામ, કાલાપાની, કવરતી, કડમાત, મિનિકોય વગેરે અગત્યનાં પ્રવાસ-કેન્દ્રો છે. પરવાળાના આ ટાપુઓની મુલાકાત લેવા વાસ્તે ભારતીય તથા વિદેશી પ્રવાસીઓએ સરકારની પરવાનગી લેવી આવશ્યક છે. કવરતીની ઉજરા મસ્જિદ, એન્ડ્રોટમાં હજર ઉબેદુલ્લાની કબર, એન્ડ્રોટમાં બૌદ્ધધર્મના પુરાતત્ત્વના અવશેષો અને મિનિકોયમાં આવેલ પ્રસિદ્ધ દીવાદાંડી જોવાલાયક સ્થળો છે.

તમે જાણો છો કે લક્ષદ્વીપ ભારતનો સૌથી નાનો સંઘશાસિત પ્રદેશ અને દેશનો એકમાત્ર પરવાળાના ટાપુઓનો સમૂહ છે ? તમે જાણો છો કે ખારાં પાણીનાં સરવરોમાંથી પરવાળાના ટુકડા લેવા અને યાદગીરીરૂપે સાથે લઈ જવા તે ગેરકાયદે છે ? તેથી તે ગુના માટે મોટી રકમનો દંડ ભરવો પડે છે. કાચના તળિયાવાળી હોડીમાં બેસીને પાણી નીચેની સમુદ્રની અદ્ભુત વનસ્પતિ અને જીવસૃષ્ટિ નિહાળવાની વ્યવસ્થા અહીં થઈ શકે છે. લક્ષદ્વીપનો બંગારામ બેટ દુનિયાના સહેલાણીઓનું આકર્ષણ છે. જગતનું મોટામાં મોટું એકાંત-સ્નાનાગાર અહીં છે. અહીં ફક્ત ૩૦ યુગલો માટેની જ વ્યવસ્થા છે. ☐

અનુસંધાન] આથમતાં અજવાળાં - ૨૬ [પૃ. ૪૨૨થી

ખાટલે', મૂળ સુખી માણસ માટે એ પ્રયોગ કામ લાગે. 'ખાટલો ભરવો' એટલે મૃત માણસની સજ્જા ભરવા વપરાતો પ્રયોગ છે.

ગરમીના દિવસો એટલે લગભગ નવરાશ. એ દિવસોમાં ખાટલા ભરવાનું કામ વધુ ચાલે. ચૈત્રમાં ખાટલા ભરાય. વૈશાખમાં લગ્નનો માહોલ બંધાય. જાનૈયાં આવે. નવા ખાટલે આડાં પડે. ખાટલાનો રિવાજ. ગામમાંથી ખાટલા ઊઘરાવી લાવીએ અને એક ખુલ્લી જગામાં આખી જાનને સુવાડીએ.

ઉનાળાના દિવસોમાં કોક લીમડા નીચે ખાટલો ઢાળી આડે પડખે થયા હોય. પાસે એક ટાઢી માટલી પડી હોય. જાણે સ્વર્ગ...! એમાંય પવનની લ્હેરખી અડે એટલે જાણે અલખ ઝુલાનાં આંદોલનો !! હવે તો કાથીના ભરેલા ખાટલા જ ક્યાં છે ? પહેલાં તો એવા ખાટલા ભરાય દાબી-દાબીને કે અંદર પાણી નાખો તો પણ ઝિલાય !! હવે તો ખાટલામાં વાણ જ નથી રહ્યું, ખાટલા છે ત્યાં પાટી આવી ગઈ છે અને ઘણે ઠેકાણે તો ખાટલાનું સ્થાન પેટીપલંગે કે પલંગે લઈ લીધું છે. ખાટલાનો આકાર રહ્યો છે પણ લાકડાની ઈસની જગ્યાએ લોખંડની પાઈપો ગોઠવાઈ ગઈ છે.

આજે તો ખાટલાનાં પોઢણ અને પેલાં નળિયાંનાં ઓઢણ સઘળે ઠેકાણે વિસરાતાં જાય છે. પણ જ્યારે આ બે પ્રવૃત્તિઓ ગામડામાં થતી હતી ત્યારે કારીગરી ગજબની હતી ! કારીગરનું ભલે મૂલ્ય ન થયું હો પણ કળા તો અમૂલ હતી જ. એ કારીગરી ભણવા-ભણાવવાની કોઈ નિશાળ કે યુનિવર્સિટી આપણે ત્યાં નથી. શું આપણને એની આવશ્યકતા નથી ? ગમે તે હો, ખાટલા ભરવા અને નળિયાં સંચારવાં એ બંને લોકકળાની પ્રવૃત્તિઓ જ છે. ☐

'કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે ઘટાડેલી કિંમતે

'આવો, શીખીએ અંગ્રેજી'

લેખક : ધનુભાઈ મહેતા

(સીધા 'કુમાર ટ્રસ્ટ'માંથી મંગાવનાર માટે જ આ રાહતદર છે.)

- 'કુમાર'માં નિયમિત હપ્તાવાર પ્રકટ થયેલી લેખમાળાના આ ગ્રંથની મૂળ કિંમત રૂ. ૧૬૦=૦૦. ખાસ ઘટાડેલી કિંમત રૂ. ૧૦૦=૦૦, પોસ્ટથી મગાવનારે રૂ. ૩૫ વધુ મોકલવા.
- રકમ ચેક/ડ્રાફ્ટ/ એમ.ઑ.થી મોકલી શકાશે. ચેક/ડ્રાફ્ટ 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ લખવો. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ વધુ મોકલવા.
- રૂબરૂમાં કાર્યાલયમાંથી આ ગ્રંથ રૂ. ૧૦૦માં મળી શકશે.

ચયનગ્રંથ સંપુટ-૨

મૂળ કિંમત રૂ. ૧૬૦ ખાસ ઘટાડેલી કિંમત રૂ. ૧૨૫ + રજિ. પોસ્ટના રૂ. ૩૫ વધુ મોકલવા.

- કાવ્યો (બૃહદ્ બુધ-કવિસંમેલનમાં પઠિત થયેલાં કાવ્યો) રૂ. ૨૫, સાદા બુકપોસ્ટથી રૂ. ૫ વધુ
- યોગાસનો (લે. દામુભાઈ શુક્લ) : રૂ. ૨૦ સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ
- પ્રસંગપરાગ : રૂ. ૧૫, સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ
- આરોગ્યસૂત્ર : રૂ. ૧૦, સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ

કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ ૩૮૦૦૦૧.

જગ સાથે ચાલું, જગની ને મારી ભવયાત્રા હો લાંબી,
દેહ ભલે માનવનો મારો, શાન-કાર્ય રહો માતંગી.

ગોવિન્દભાઈ

ચૂંટણી-પ્રચાર માટે વલ્લભભાઈને પ્રજા ઉદારતાથી નાણાં આપતી. ૧૯૩૫માં જે. આર. ડી. તાતાએ ફંડના બદલામાં માગણી કરી કે ઉમેદવારો નક્કી કરનાર સમિતિમાં એમનો એક માણસ હોય. સરદારે માગણીનો ઇન્કાર કરતાં પૂછ્યું : 'તમે તમારી કંપનીમાં અમારા કોઈ માણસને મૅનેજમેન્ટ કમિટીમાં મૂકશો ખરા ?' સાંભળીને તાતા ચૂંટણીફાળા માટેનો કોરો ચેક સરદારના હાથમાં વગરશરતે મૂકી દઈ સસ્મિત વિદાય થઈ ગયા.

*

જાણો છો કે પ્રાચીન ચીની કલાકારો કદી મહિલાના પગનું ચિત્રણ કરતા નહીં ?

*

ડાઇમેટ્રોન નામક જળચર પ્રાણીની પીઠ ઉપર ૪ ફુટ લાંબા કાંટા હોય છે.

*

પૃથ્વી પર દિવસ અને રાતની સ્થિતિ બદલાતી રહે છે અને પૃથ્વી એની ધરી પર સતત ફર્યા કરે છે એટલા માટે પૂરા વિશ્વમાં એકસરખો સમય રાખી શકતી નથી. આથી વિશ્વને જુદા-જુદા ભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું છે. દરેક ભાગનો અલગ-અલગ સમય છે; દરેક ભાગના અંતરને એક કલાક બરાબર માની લેવામાં આવે છે.

*



'હાથી' અક્ષરાંકનમાં 'હાથી'
(શિરીષ પરમાર)

> अविनाशी तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
> विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥
> આ સકળ જગતમાં જેણે વિસ્તાર કર્યો છે, તે તત્ત્વ અવિનાશી છે. તે અવ્યય વસ્તુનો કોઈ નાશ કરી શકતો નથી.
> \- ભગવદ્ ગીતા

ઈ.સ. ૧૯૩૫ની સાલમાં બસ્તર જિલ્લામાં જંગલી ભેંસોની સંખ્યા ૫૦૦, ઈ.સ. ૧૯૭૫માં ૧૦૦ અને ૧૯૯૮માં ફક્ત ૫૦ની જ હતી. હાલ તે લુપ્ત થવાની અણી પર છે.

*

લક્કડબાગ નામનું જંગલી પ્રાણી અન્ય પ્રાણીઓએ ખાઈને છોડી દીધેલો શિકાર ખાય છે. જાતે શિકાર કરવાની મહેનત નથી કરતું.

*

માડાગાસકરમાં લીમર વાંદરાઓની ૪૦ જાતો વસવાટ કરે છે. તેમની પૂંછડી મોટી અને પટાવાળી હોય છે. પ્રત્યેક લીમરની ગંધ જુદી હોય છે.

*

આદુનો રસ ગોળ સાથે લેવાથી કમળાના રોગમાં ફાયદો થાય છે.

*

દેશમાં પર્યાવરણના પ્રદૂષણને દૂર કરવા કાયદાકીય વ્યવસ્થા દ્વારા દેશભરમાં પર્યાવરણ અદાલતની સ્થાપના થશે. અત્યારે એટલા બધા પર્યાવરણસંબંધી કેસ થયા છે કે જેને કારણે એની સુનાવણી માટે જુદી અદાલત અને બૅન્ચની સ્થાપના કરવામાં આવશે. આને 'ગ્રીન બેન્ચ' કહેવામાં આવે છે. પર્યાવરણ એ સામાજિક સુરક્ષાનો અભિન્ન હિસ્સો હોવાથી આ અદાલતોને વિશેષ અધિકાર આપવામાં આવશે.



('સૌરાષ્ટ્ર સમાચાર'માંથી સાભાર)

*

એક ભિખારી મારી પાસે આવ્યો અને બોલ્યો, 'સાહેબ ! આ ગરીબ ભિખારી ને ચાર આના આપો.'

મેં કહ્યું, 'કંઈક વ્યવસ્થિત તો માંગ, ચાર આનામાં આવે છે શું ?'

ભિખારી કહે, 'હું માણસની ઔકાત જોઈને માંગુ છું.'

*

દાડમના દાણાના એક કપ જેટલા રસમાં એક ચમચી ખડી સાકરનો ભૂકો મિશ્ર કરી સવાર-સાંજ પીવાથી હૃદયના રોગોમાં ફાયદો થાય છે. ડાયબિટીઝવાળાંઓએ આ પ્રયોગ કરવો નહીં.

*

મનુષ્યનાં આંસુમાં સોડિયમ ક્લોરાઇડ પ્રાપ્ત થાય છે.

કલાકણિકા : આછા ઑલિવ લીલા રંગનું સુંદર સુરાપાત્ર, જે રોમના બેકફોર્ડમાંથી મળી આવ્યું હતું.

